परोपकारायसतांविभूतयः

श्रीवीर प्रभो रंतेवासी शिष्य रत्न श्रीमद्

धर्मदास गणिकृत

# ઉપદેશમાળા પ્રકરણ

[illegible] કરનાર

શાંત મૂર્તિ મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજીના

શિષ્ય શ્રીમત્ મુનિ કર્પૂરવિજયજી

ભવ્ય જીવોને શાંતિજનક [illegible]ામૃતનું

પાન કરાવવા નિમિત્તે

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ—મેસાણા

All Rights Reserved

અમદાવાદ

શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા સાંકળચંદ

હરીલાલે છાપ્યું.

સંવત ૧૯૬૫ વીર સંવત ૨૪૩૫ સને ૧૯૦૯

'કિંમત રૂ. ૦-૪-૦' ચાર આના.

શ્રી વિજય નેમિસૂરિ-જ્ઞાન શાળા
શાસન સમ્રાટ ભવન
[illegible]-ની વાડી, અમદાવાદ

# સૂચના.

પુસ્તકને જેમ તેમ જયાં ત્યાં રખડતું મુકવું નહિ, અશુદ્ધ હાથે પુસ્તકને અડકવું નહિ તેમજ ઉઘાડે મુખે પુસ્તક વાંચવું નહિ.

अनन्तपारं किल शब्द शास्त्रं ।
स्वल्पं तथायु र्बहवश्च विघ्नाः ॥
सारं ततो ग्राह्य मपास्य फल्गु ।
हंसै र्यथा क्षीर मिवाम्बु मध्यात् ॥ १ ॥

સાર—શબ્દ શાસ્ત્ર નિશ્ચે અનન્ત અપાર છે, આયુષ્ય અલ્પ છે અને વિઘ્નો અનેક છે; માટે રાજહંસો જળમાંથી દૂધ ગ્રહણ કરે છે તેમ અસાર વસ્તુને તજીને સાર માત્ર ગ્રહણ કરવો.

# વિજ્ઞપ્તિ.

આપણી જૈન કોમની દિનપ્રતિદિન થતી અવનતિનું મુખ્ય કારણ અજ્ઞાન છે. તે દુર કરવા અને સન્માર્ગે જોડાવાના હેતુ ભૂત જ્ઞાન છે. તેટલા માટે વિદ્વાન્ જનોની કેળવાયેલી કલમથી લખાએલા તથા પૂર્વના મહાન્ આચાર્યોના બનાવેલ ગ્રંથોના ગુર્જર ગીરામાં ભાષાનુવાદ કરેલા પુસ્તકો છપાવી તેને ઉદાર દીલના સખી ગૃહસ્થોની સહાયવડે મફત યા નજીવી કીંમતે તે ગ્રંથના ખપી જનોને આપવાનો અમારો પ્રયાસ આજ પાંચ વર્ષ થયાં ચાલુ છે.

અમારા પ્રયત્નને સજ્જનો તરફથી જેમ જેમ અનુમતિ મળી તેમ તેમ ઉદાર ગૃહસ્થોની સહાયતાનુસારે અમે અમારા પ્રયત્નને વધારતા ગયા અને તેના પરિણામે આ પંદરમું પુસ્તક અમોએ સુજ્ઞ જનોની સન્મુખ રજુ કર્યું છે. જેની કીંમત તેઓ પુસ્તકના વાંચન અને મનન દ્વારા જરૂર કરશેજ.

આ ગ્રંથ ઉપદેશ રસમય હોવાથી તેનું **ઉપદેશમાલા** નામ સાર્થક છે. ચરમ તીર્થંકર શ્રી વર્દ્ધમાન સ્વામિના સુશિષ્ય અવધિજ્ઞાનધારક **શ્રીમદ્ ધર્મદાસ** ગણીએ પોતાના સંસારીક પુત્ર **રણસિંહ કુમારને** પ્રતિબોધવા નિમિતે આ ગ્રંથ રચ્યો છે. તે સંબંધ જાણવાની જરૂર હોવાથી પ્રસ્તાવનાના અંતે ઉપોદ્ઘાતમાં રણસિંહ કુમારનું જે સંક્ષિપ્ત ચરિત્ર આપવામાં આવ્યું છે તે તરફ સહુ કોઇનું લક્ષ દોરિયે છીએ અને અમારો નમ્ર અભિપ્રાય જણાવિયે છીએ કે—

આ ગ્રંથની રચના એવી તો ઉત્તમ પ્રકારની કરવામાં

આવેલ છે કે તે વાંચનાર ગમે તે દર્શનનો હોય તો પણ તે ગુણગ્રાહક બુદ્ધિથી વાંચે તો તેમાંથી અપૂર્વ શાંત ગુણને પ્રાપ્ત કરી શકેજ.

આ ગ્રંથના ઉપદેશનું હરકોઈ ભવ્ય પ્રાણી યથાશક્તિ અનુકરણ કરી તદનુકુળ શુદ્ધાચરણ સેવશે, તે અનુક્રમે મોક્ષ ફળની પ્રાપ્તિ કરશે.

જે મહાત્માએ ઉત્તમ પુરૂષની પ્રસાદીરૂપ આ ગ્રંથની સરલ વ્યાખ્યા લખી આપી છે તે મહા પુરૂષનો શુદ્ધાંતઃકરણથી આભાર માનવા સાથે તેઓ ઉત્તરોત્તર પોતાના પ્રયત્નને આગળ વધારી જૈન કોમને વિશેષે આભારી કરશે. એમ ઇચ્છીએ છીએ.

દ્રવ્યની સહાય આપનારા ગૃહસ્થોનો આભાર માની તેવા ધનિકોને તેનું અનુકરણ કરવાને સાગ્રહ નમ્ર વિજ્ઞપ્તિ કરી અત્ર વિરમીયે છીએ. ઇતિ શમ્ સંવત્ ૧૯૬૫ ના શ્રાવણ પહેલા શુદી પૂર્ણિમા.

લિ. પ્રસિદ્ધ કર્તા.

# પ્રસ્તાવના.

"શાસ્ત્ર ઘણાં મતિ થોડલી. શિષ્ટ કહે તે પ્રમાણ." એ વૃદ્ધ વાકયને અનુસારે સ્પષ્ટ સમજી શકાય છે કે શાસ્ત્ર સમુદ્ર અથાગ અનંત અપાર છે, આપણી મતિ અલ્પ—સ્થૂલ છે; જેથી સંપૂર્ણ શાસ્ત્ર સમૂહને અવગાહવા તે અસમર્થ છે. તેથી સર્વ શાસ્ત્રના નિચોલરૂપે પરમ ઉપગારી જ્ઞાની પુરૂષોએ આપણા જેવા બાળજીવોના હિતને અર્થે અતિ સંક્ષિપ્ત રૂપમાં જે જે શાસ્ત્ર યોજના કરી છે, તે તે સર્વે તે પરમ પુરૂષોની મીષ્ટ પ્રસાદી આપણે અત્યંત આદરથી સ્વીકારવાની જરૂર છે.

પ્રસ્તુત ઉપદેશમાલા પ્રકરણ ચરમ તીર્થંકર શ્રી વર્દ્ધમાન પ્રભુના અંતેવાસી અવધિજ્ઞાની શીષ્યરત્ન શ્રી ધર્મદાસ ગણિ ક્ષમા શ્રમણે રચેલું છે. અને તે અતિ પ્રાચિન હોવા સાથે સદુપદેશના ભંડોલરૂપ હોવાથી અત્યંત ઉપકારક છે. તેથી સર્વ ભવ્ય જનોએ આ ગ્રંથનું અત્યંત આદર પૂર્વક શ્રવણ મનન તથા નિદિધ્યાસન કરવા વિશેષ કાલજી રાખવાની જરૂર છે.

ગ્રંથ કર્તાએ પ્રસ્તુત ગ્રંથ કેવા પ્રયોજનથી રચેલો છે, અને તે સર્વ ભવ્યજનોને કેટલો બધો ઉપકારક છે તે જાણવા માટે પૂર્વે થયેલા આચાર્ય શ્રી રત્નસિંહ સૂરિના એક મહાનુભાવ શિષ્યે છપ્પય છંદમાં કથાનુવાદરૂપે જે કથન કરેલું છે તે સરહસ્ય વિચારતાં જીજ્ઞાસુ વર્ગને સહજે જણાઇ જશે એવા હેતુથી અત્ર પ્રસંગોપાત પ્રથમ છપ્પો દાખલ કર્યો છે.

" વિજય નરિંદ જિણિંદ વીર હત્થિહિં વય લેવિણુ,
ધમ્મદાસગણિ નામિ ગામિ નયરિહિં વિહરઇ પુણુ;

નિય પુત્તહ રણસીહરાય પડિબોહણ સારિહિં,
કરઈ એસ ઉવએસમાલ જિણ વયણ વિયારિહિં;
સય પંચ ચ્યાલ ગાહા રયણમણિ કરંડ મહિયલિ મુણઉ
સુહભાવિ સુદ્ધ સિદ્ધંત સમ સવિ સુસાહુ સાવય સુણઉ. ૧

આ છપ્પય છંદનો ભાવાર્થ બાલજીવોના ઉપકારાર્થે જણાવવો ઉપયોગી જાણી સંક્ષેપથી નીચે પ્રદર્શિત કર્યો છે.

વિજય નામના નૃપતિ એકદા વૈરાગ્ય રંગથી પોતાનું હૃદય રંગાઇ જવાથી શ્રીવીર પરમાત્માની સમીપે મુનિયોગ્ય મહાવ્રત અંગીકાર કરી ગુરૂભક્તિ વિનય બહુ માનવડે શાસ્ત્ર રહસ્ય પામી મુનિ માર્ગને અપ્રમત્તપણે આરાધવા લાગ્યા. અનુક્રમે આચાર્ય પદવીને લાયક થવાથી તે પદને પામી તેઓ શ્રી **ધર્મદાસ ગણિ ક્ષમા શ્રમણ**ના નામે પ્રસિદ્ધ થઇ અનેક ગામ નગરને વિષે વિચરતા ભવ્યજનોને પ્રતિબોધવા લાગ્યા. અનુક્રમે અધ્યવસાયની વિશુદ્ધિથી અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તેમણે પોતાના પૂર્વ પુત્ર રણસિંહ કુમારને પ્રતિબોધવા માટે શ્રી જિનેશ્વર પ્રભુના પવિત્ર વચનાનુસારે ગુણમણિ રત્નના નિધાન જેવી '૫૪૦' ગાથાવડે આ ઉપદેશમાળા ગ્રંથની રચના કરી જે પોતાના સ્વભાવિક ઉજ્વળ ગુણોવડે જગતમાં પ્રસિદ્ધિને પામી છે. શુદ્ધ સિદ્ધાંત સદૃશ જાણી વિશુદ્ધ ભાવથી સહુ મોક્ષાર્થી સજ્જનો તેનો એકાન્ત હિતકારી લાભ ગ્રહણ કરો !

ઉપર પ્રસંગોપાત દાખલ કરેલા પહેલા છપ્પાની જેવા ઉપદેશમાળા અંતર્ગત યાવત્ કથાનુવાદના સર્વ છપ્પાઓનો સંગ્રહ જે અમને ખંભાતના ભંડારમાંથી મળી આવ્યો હતો તે જૂની ગુજરાતી અથવા પ્રાકૃત ભાષાની શોધ ખોળ કરવાના રસીક

જનોને માટે અથવા યાવત્ જિજ્ઞાસુવર્ગના હિતના માટે પ્રસ્તુત ગ્રંથ-વ્યાખ્યાના અંતે દાખલ કરેલ છે. તેમાં ખાસ ખુબી એ છે કે ગમે તેટલી મોટી કથાનો પણ એકેકજ છપ્પામાં બહુ સરસ રીતે સંક્ષેપથી સમાવેશ કરવામાં આવ્યો છે. ઉક્ત છપ્પાઓનું લખાણ રત્નસિંહસૂરીના કોઈ એક મહાનુભાવ શિષ્યે (જૈન ગ્રંથાવળીના અભિપ્રાય મુજબ) ૧૪ ચૌદમી સદીમાં કરેલું છે.

ઉપદેશમાળા કથાનક છપ્પા પછી શ્રી માનવિજય ગણિકૃત ગુરૂ તત્વપ્રકાશ રાસ દાખલ કરવામાં આવ્યો છે જે ખાસ મનન કરવા યોગ્ય છે.

આ ઉપદેશમાળા ગ્રંથને કોઇ પણ મોક્ષાર્થી માણસ મધ્યસ્થપણે મનનપૂર્વક વાંચે કે સાંભળે તો તેની વીજલીક અસર તેના ઉપર થયા વિના રહે નહી એવો તેમાં અપૂર્વ ચમત્કાર છે. ફક્ત જે ભારેકર્મી જીવ હોય તેનું મન જ તેનાથી દ્રવિત ન થાય; આત્માર્થી જનોનું હૃદય તો વૈરાગ્યરસથી દ્રવિત થયા વિના રહે જ નહીં.

ઉપોદ્‌ઘાતની સાથે સારભૂત હિત શિક્ષારૂપ ચિદાનંદજીના સવૈયા દાખલ કરેલ છે તે દરેક આત્માર્થી જીવોને વાંચી વિચારીને સાર ગ્રહણ કરવા યોગ્ય છે.

પ્રસ્તુત ગ્રંથના મહાત્મ્યનું દિગ્દર્શન કરાવી સકલ ભવ્ય જનોની આવા અપૂર્વ ગ્રંથનો સંપૂર્ણ અભ્યાસ કરવામાં અભિરૂચિ વધે એમ અંતઃકરણથી ઇચ્છી આ પ્રસ્તાવના પૂર્ણ કરૂં છું.

પ્રશમ સુખાર્થી.

સન્મિત્ર કર્પૂરવિજય.

# “ ઉપોદ્ઘાત. ”

**ઉપદેશ માળા વક્તવ્ય.**

તત્ત્વ જિજ્ઞાસુને સ્વાભાવિક રીતે જાણવાની ઇચ્છા થાય કે જૈન ધર્મનો મોક્ષ માર્ગ માટે શો સિદ્ધાન્ત છે ? જો કે ઉક્ત જિજ્ઞાસાને સંપૂર્ણ રીત્યા સંતોષ તો ત્યારે જ મળે કે જ્યારે જૈન માર્ગમાં વિદ્યમાન સંપૂર્ણ સાહિત્ય અવગાહવામાં આવે. સંપૂર્ણ સાહિત્ય અવગાહવા જેટલો અવકાશ અને પરિશ્રમ લેનાર બહુજ વિરલા નીકળે છે; અને જેઓ પવિત્ર આશયથી ઉકતકાર્ય કરવા મથન કરે છે તેઓ પરિશ્રમના પ્રમાણમાં પોતાની જિજ્ઞાસા તૃપ્ત પણ કરી શકે છે, એટલું જ નહિ પણ પોતાને તે દ્વારા થયેલો અનહદ આનંદ છૂપાવી શકતા નથી. જેથી તે અન્ય જિજ્ઞાસુ જનોને જૈનના અપૂર્વ આનંદદાયી સાહિત્ય પ્રતિ પોતાના સત્ય અભિપ્રાય જાહેર કરી અનેકશઃ આકર્ષે છે. જૈન સાહિત્યના અનેક અપૂર્વ ગ્રંથ રત્નો અપ્રસિદ્ધિમાં હોવાથી તેનું ખરૂં રહસ્ય ઘણા લોકોથી અજાણ્યું છે. એવા અજાણ લોકોને જૈન ધર્મની તેના પવિત્ર ફરમાનની કંઈક ઝાંખી આવે એવા સદ્ આશયથી પ્રેરાઇ ઉપદેશમાળા જેવા એક પ્રાચીન ગ્રંથ રત્નની યથામતિ સરલ વ્યાખ્યા કરી છે. આ વ્યાખ્યા કરતાં પૂર્વાચાર્યકૃત ટીકા ઉપર વિશેષ આધાર રાખવામાં આવ્યો છે. જો કે સંક્ષેપ રૂચિ જનોને માટે ઉકત વ્યાખ્યા બહુ ટુંકાવવામાં આવી છે, તોપણ ગ્રંથકારનો આશય તેમાં બનતા સુધી ઝળકી આવે તેટલો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**ગ્રંથકારનો સમય.**

આ ગ્રંથકાર ચરમ તીર્થંકર શ્રી વર્દ્ધમાન સ્વામીના અંતેવાસી શિષ્ય હોવાથી પ્રભુના સમકાલીન એટલે લગભગ ૨૪૦૦ ઉપરાંત વર્ષ પહેલાં થયેલા છે, એ વાત નિર્વિવાદ છે. તેમણે પ્રસ્તુત ગ્રંથ પોતાના સંસારિક પુત્ર રણસિંહ કુમારને પ્રબોધવા રચેલો હોવાથી તેમનું સંક્ષિપ્ત બ્યાન આપવું અત્ર પ્રાસંગિક છે.

# " श्रीमद्धर्मदासगणिना पूर्वपुत्र रणसिंह कुमारनुं संक्षिप्त चरित्र. "

શ્રીધર્મદાસ ગણિનું ગૃહસ્થપણાનું નામ વિજય રાજા હતું. તે પોતાના રાજ્યનું પાલન કરતા હતા તે સમયમાં એકદા તેની માનિતી રાણીને સગર્ભા જાણી, તેની શોકયે અમર્ષવડે પ્રસૂતિ સમયે અવતરનાર બાળકનો વિનાશ કરવા નિશ્ચય કર્યો; તેવે વખતે તક સાધી છળ પ્રપંચથી કોઇ મૃત બાળકને બદલામાં રાખી અવતરેલા બાળકને ત્યાંથી ઉપાડી કોઇ છુપી રીતે દાસી પાસે અંધ કૂપમાં નાંખી દેવા યોજના કરી. અવતરેલા બાળકના પુણ્ય યોગથી દાસીનું મન દ્રવિત થયું; તેથી તે બાળકને કૂવામાં નહિ નાંખતાં વસ્ત્રથી વેષ્ટિત કરી, કુપના કાંઠે ઉગેલા લીલા ઘાસમાં અનામત રાખી દાસી પાછી આવી. દાસીએ આવીને કહેલી હકીકતથી દુષ્ટ રાણી હવે પોતાને નિશ્ચિંત માનવા લાગી. વખત જતાં વાત ફૂટીને રાજાને કાને ગઇ; આ કારણથી રાજાને " ભવ વૈરાગ્ય " પ્રગટયો. અને તેણે વીરપ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી. જ્ઞાની અને અજ્ઞાનીમાં કેટલું અંતર રહે છે? તે આ વાતથી સહજ સિદ્ધ થાય છે. આ તરતના જન્મેલા બાળકને અતિ દિવ્યરૂપવાળો જોઇને ત્યાં ઘાસ લેવા માટે આવી ચઢેલો કોઇ કણબી પોતાના ઘેર લઇ ગયો; અને પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે "આ વન દેવતાએ પ્રસન્ન થઈ આપેલા આ બાળકને તું પુત્રની પેરે પાળજે"; તેણીએ પણ તે વાત બહુ હર્ષ સહિત સ્વીકારી; અને રણમાંથી મળી આવવાથી તે બાળકનું નામ "રણસિંહ" રાખ્યું. તે બાળક અનુક્રમે મ્હોટો થયો. ક્ષેત્ર રક્ષા માટે

જાય છે, તેની નજદીકમાં "ચિંતામણિ પાર્શ્વનાથ" નું એક ભવ્ય મંદિર છે; ત્યાં યાત્રા નિમિત્તે અનેક ભાવિક જનોને આવતા જોઇ એકદા કૌતુકાર્થે તે પણ ગયો. એટલામાં કોઇ બે વિદ્યાધર મુનિઓ યાત્રાર્થે આવેલા તે બાળકને યોગ્ય જાણી, નિરંતર પ્રભુના દર્શન કરવા ઉપદેશ કરવા લાગ્યા. તે મહાત્મા પુરૂષોના વચનથી તેણે પણ નિત્યપ્રતિ "નૈવેદ્યઢોકી" દર્શન કરવાનો નિયમ કર્યો. એકદા નદીમાં મોટું પૂર આવવાથી ત્રણ દિવસ સુધી ભોજન આવ્યું નહિ, ચોથે દિવસે ભોજન આવ્યું; ત્યારે તેમાંથી નૈવેદ્ય લઇ દર્શનાર્થે જાય છે; એટલે શ્રી પાર્શ્વનાથને અધિષ્ટાયક યક્ષ તેની પરીક્ષા કરવા સિંહનું રૂપ ધારણ કરી દ્વારની મધ્યમાં બેઠો. તે જોઇ હિંમતથી "રણસિંહે" સિંહનાદ કર્યો, તેથી તે અંતર્ધાન થઇ ગયો. દર્શન કરી સ્વસ્થાને આવી જમવા બેસે છે; એવામાં કોઇ તપસ્વી મુનિ આવી ચડયા. તેને ભાવથી દાન દેતો જોઈ યક્ષ તુષ્ટામાન થઇ પ્રગટ રૂપ ધારી તેને કહેવા લાગ્યો કે "રણસિંહ" તારા સત્વથી હું પ્રસન્ન છું, માટે કાંઇક વર માગ ? રણસિંહે કહ્યું કે તમારો તેવોજ આગ્રહ હોય તો મને વિશાળ રાજ્ય આપો! યક્ષે તેને તે વરદાન આપ્યું તેથી રણસિંહ કુમાર વિશાળ રાજ્યનો સ્વામિ થયો. તેવું મહદ્ રાજ્ય પામીને ચિંતામણી પાર્શ્વપ્રભુની વિશેષે ભક્તિ કરવા લાગ્યો, અને રામચંદ્ર જેવી નીતિથી પ્રજાનું રક્ષણ કરવા લાગ્યો. એમ કરતાં કેટલોક કાળ સુખસમાધિમાં વ્યતીત થયો. કદાચિત્ દૈવયોગે કોઇ અણઘટતો બનાવ જોઇ ભયભ્રાંત થઇ ન્યાય માર્ગને તજીને અન્યાય માર્ગે ચાલવા લાગ્યો. હવે વિજયરાજા કે જેણે સ્ત્રી તથા સાળા સાથે વૈરાગ્યથી દિક્ષિત થઇ ગુરૂ ભક્તિથી અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું,

( અત્રે જે ધર્મદાસ ગણિ ક્ષમાશ્રમણના નામથી ઓળખાય છે.) તેણે પ્રત્યક્ષ જ્ઞાનવડે "રણસિંહ કુમારનું" ચરિત્ર જાણી તેને પ્રતિ બોધવા માટે "૫૪૦ ગાથા યુક્ત" આ પ્રસ્તુત ઉપદેશમાળા પ્રકરણનું નિર્માણ કરી અમૃત વચન વડે તેને પ્રતિ બોધિત કર્યો. અને જે બનાવથી તેણે ન્યાય માર્ગને તજીને અન્યાય માર્ગ આદર્યો હતો; તેનો ઉંડો મર્મ સમજાવી તેને ન્યાયના માર્ગમાં પુનઃ સ્થાપિત કર્યો. ત્યારથી એવા ઉપકારી પ્રકરણનો તે પ્રતિદિન અભ્યાસ કરવા લાગ્યો, જેના પ્રભાવે તે શ્રાવકની મર્યાદા સારી રીતે પાળી, ઉત્તમ રીત્યા પ્રજાનું પાલન કરી, સ્વપૂત્રને રાજ્યધૂરા સોંપી અંતે દશવિધ યતિ ધર્મનું આરાધન કરવા ભાગ્યશાળી થયો. ગુણ મણિના ભંડાર સમાન આ ગ્રંથનો સર્વ ભવ્ય જનો લાભ લઇ શીઘ્ર મોક્ષાધિકારી થાઓ ! એવી અંતર આશિષ આપી આ સંક્ષિપ્ત ચરિત્ર સહ ઉપોદ્‌ઘાત સમાપ્ત કરૂં છું; ઇતિશમ્.

લેખક સન્મિત્ર કર્પૂર વિજય.

## सारभूत हित शिक्षारूप.

### શ્રી ચિદાનંદ સવૈયા તેઈસા.

ધીર વિના ન રહે પુરૂષારથ નીર વિના તરષા નહિ જાવે,
ભૂપ વિના જગ નીતિ રહે નહિ રૂપ વિના તન શોભા ન પાવે;
દીપ વિના રજની નવિ ફીટત દાન વિના ન દાતાર કહાવે,
જ્ઞાન વિના ન લહે શીવ મારગ ધ્યાન વિના મન હાથ ન આવે. ૧
પંથીક આય મિલે પંથમે ઇમ હોય દિનોંકા હુયે જગ મેલા,
નાહિ કિસીકા રહા ન રહેગા કોન ગુરૂ અરૂ કોનકા ચેલા;
શ્વાસા તો છીજત સુણ એસેજ્યું જાત વહી જેસા પાણીકા રેલા,
રાજ સમાજ પડાહી રહે સહુ હંસા તો આખર જાત એકેલા. ૨
ભૂપકા મંડણ નીતિ વહે નીત રૂપકા મંડણ શીલ સુજાણો,
કાયાકા મંડણ હંસ ચહે જગ માયાકા મંડણ દાન વખાણો;
ભોગીકા મંડણ હે ધનથી પુનિ જોગીકા મંડણ ત્યાગ પિછાણો,
જ્ઞાનીકા મંડણ જાણ ક્ષમા ગુણ ધ્યાનીકા મંડણ ધીરજ જાણો. ૩
એક અનિષ્ટ લગે અતિ દેખત એક લગે સહુકું અતિ પ્યારા,
એક ફિરે નિજ પેટકે કારણ એકકે હોય લખકોટિ આધારા;
એકનકું પનહિ[1] નહી પાવત એકનકે શિર છત્ર જ્યું ધારા,
દેખ ચિદાનંદ હે જગમે યુંહિ પાપ અરૂ પુન્યકા લેખાહિ ન્યારા. ૪
પાપ અરૂ પુન્યમે ભેદ નહી કછુ બંધનરૂપ દોઉ તમે જાણો,
મોહની માત અરૂ તાત દોહુ કો જ્યું મોહમાયા બળવાન વખાણો;
બેડી તો કંચન લોહમયિ દોઉ યા વિધ ભાવ હિયે નિજ આણો,
હંસ સ્વભાવકું ધારકે આપણો દોઉથી ન્યારો સ્વરૂપ પિછાણયો. ૫

---

૧ મોજડી, પગરખાં.

પૂજત હે પદપંકજ તાકે જ્યું ઇંદ નરિંદ સહુ મિલિ આઇ,
ચાર નિકાયકે દેવ વિનૈયુત કષ્ટ પડે જાકું હોત સહાઇ;
ઉરધ ઓર અધોગતિકી સબ વસ્તુ અગોચર દેત લખાઇ,
દુર્લભ નાહિ કછુ તિનકું નર સિદ્ધિ સુધ્યાન મચિ જિન પાઇ. ૬
જાણુ અજાણુ દોઉમે નહીં જડ પ્રાણી ઐસા દુર્વીદગ્ધ[૧] કહાવે,
વિરંચ[૨] સમાન ગુરૂ જો મિલે તોહિ વ્યાલ[૩] તણી પેરે વાંકોહિ જાવે;
જાણુ વિના એકાન્ત ગહે સબ આપ તપે પરકું જ્યું તપાવે,
વાદવિવાદ કહા કરે મૂરખ વાદ કીયે કછુ હાથ ન આવે. ૭
વેલુકું પીલત તેલ લહે નહી તુપ[૪] લહે નહી તોય[૫] વિલોયા,
સિંગકું[૬] દોહત દૂધ લહે નહી પાન લહે નહીં ઓખર બોયા[૭]
બાઉલ બોવત અંબ લહે નહી પુન્ય લહે નહીં પારકો તાયા[૮],
અન્તર શુદ્ધતા વિણુ લહે નહી ઉપરથી તનકું નિત ધોયા. ૮

ઇતિ.

---

૧ અર્ધદગ્ધ, મૂર્ખ. ૨ બ્રહ્મા. ૩ સર્પ. ૪ ઘી. ૫ જળ. ૬ શીંગડાં. ૭ ઉષર ક્ષેત્રમાં વાવેલું હોય તો. ૮ અન્યને સંતાપ્યાથી.

# अनुक्रमणिका.


| નંબર. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મંગલા ચરણાદિ. | ૧ |
| ૨ | ધર્મશાસ્ત્ર સાંભળતી વખતે કેવી નમ્રતા જોઇએ. | ૨ |
| ૩ | ધર્મ ગુરૂના મુખ્ય ગુણોની ગણત્રી | ૩ |
| ૪ | સાધ્વીઓને રાખવી જોઇતી નમ્રતા | ૪ |
| ૫ | વૃદ્ધ સાધ્વીએ પણ નવ દીક્ષિત્ સાધુનો વિનય શા માટે કરવો ? તેનાં કારણ | ૫ |
| ૬ | ધર્મ કર્મમાં લોક દેખાડો કરવાની કંઇ જરૂર નથી | ૬ |
| ૭ | સાધુના વેષનું વજન | ૬ |
| ૮ | ભાવ પ્રમાણે ફળ | ૬ |
| ૯ | અભિમાનથી થતી ખુવારી | ૭ |
| ૧૦ | વૈરાગ્ય ઉપદેશ | ૭ |
| ૧૧ | સામાન્યતઃ સાધુની સમતા | ૯ |
| ૧૨ | કર્મની વિચિત્રતા | ૧૧ |
| ૧૩ | સાધુજનોની નિર્લોભતા. | ૧૧ |
| ૧૪ | અર્થ અનર્થનું કારણ થાય છે. | ૧૨ |
| ૧૫ | અંતરંગ તપનું મહાત્મ્ય | ૧૨ |
| ૧૬ | સ્વચ્છંદતાના માઠાં ફળ | ૧૪ |
| ૧૭ | નિઃશલ્ય થઇ સદ્‌ગુરૂ સમીપે આલોચના કરવાનું ફળ | ૧૬ |
| ૧૮ | અમર્ષ અથવા ઇર્ષા અદેખાઇ નહિ કરવા વિષે | ૧૬ |
| ૧૯ | કુશિષ્યનાં લક્ષણ. | ૧૭ |
| ૨૦ | સુસાધુનાં લક્ષણ | ૧૯ |
| ૨૧ | અજ્ઞાન કષ્ટ કરવામાં અલ્પ ફળ છે તે બતાવે છે. | ૧૯ |
| ૨૨ | જગતમાં જ્ઞાનીનીજ બલિહારી છે | ૧૯ |
| ૨૩ | રાગી દોષને દેખી શકતો નથી | ૧૯ |
| ૨૪ | શિષ્યોની શોભા વિનય વૃત્તિમાંજ છે. | ૨૧ |

૨૫ ગુરૂ પ્રભાવ .... .... .... .... ... ૨૪
૨૬ વ્રત રક્ષા. .... .... .... .... .... ૨૪
૨૭ ધર્મનું ફળ. .... .... .... .... .... ૨૫
૨૮ નિત્યા વાસ અથવા એક સ્થાને સ્થાયીપણા વિષે. .... ૨૬
૨૯ ગૃહસ્થના પરિચયથી થતી હાનિ વિષે. .... .... ૨૭
૩૦ ગ્રહણ કરેલાં વ્રતમાં કરવી જોઇતી દૃઢતા વિષે. .... ૨૮
૩૧ માઠા અધ્યવસાયથી થતા અનર્થ વિષે. .... .... ૩૦
૩૨ પ્રમાદ આચરણ તજવા વિષે. .... .... .... ૩૧
૩૩ વિષય કષાયને વશ થએલા સાધુ સંયમથી ભ્રષ્ટ થાય છે. ૩૨
૩૪ વિશેષતઃ સાધુની સમતા-સહન શીલતા..... .... ૩૩
૩૫ સાંસારિક સ્નેહ કેવો કૃત્રિમ અને અનર્થકારી છે. ? ૩૫
૩૬ મુનિ માર્ગ .... .... .... .... .... ૩૬
૩૭ ગુરૂ કુળ વાસના ફાયદા.... .... ... ... ૩૭
૩૮ સાધુએ સ્ત્રી જનોનો પરિચય સર્વથા તજવા વિષે.... ૩૮
૩૯ સંત-સુસાધુ જનોનો વિનય કરવાનું ફળ... ... ૩૯
૪૦ ધર્મહીન કુગુરૂથી દૂર રહેવા વિષે. ... ... ૪૦
૪૧ પરિણામની વિચિત્રતા વિષે. ... ... ... ૪૧
૪૨ પુનઃ સાધુની સમતા. ... ... ... ... ૪૨
૪૩ પાપનું ફળ. ... ... ... ... ... ૪૩
૪૪ ધર્મ આચરણમાં થતી ઉપેક્ષા. ... ... ... ૪૩
૪૫ આત્માનેજ દમવો સારો છે. ... ... ... ૪૫
૪૬ વિષય લોલુપતાનાં વિરસ ફળ ... ... ... ૪૬
૪૭ હીણાચારી સાથે રહેતાં થતાં નુકશાન. ... ... ૫૧
૪૮ ભવભીરૂ શિથિલાચારીનું લક્ષણ... ... ... ૫૨
૪૯ ગૃહસ્થ એવા શ્રાવકનો માર્ગ. ... ... ... ૫૩
૫૦ સુશિષ્યની ફરજ. ... ... ... ... ૫૫

૫૧ કર્મની અકળ ગતિ. ... ... ... ... ૫૬
૫૨ હિત ઉપદેશ ... ... ... ... ... ૫૯
૫૩ નિકટ ભવીનાં લક્ષણ. ... ... ... ... ૬૫
૫૪ આત્મહિત સાધવામાં ઉપેક્ષા કરવાથી થતો અનર્થ... ૬૬
૫૫ પાંચ સમિતિનું સંક્ષિપ્ત સ્વરૂપ... ... ... ૬૮
૫૬ ક્રોધાદિ ચાર કષાય ... ... ... ... ૬૯
૫૭ હાસ્યાદિક દોષ તજવા વિષે ... ... ... ૭૦
૫૮ આગમ માર્ગના અજાણને આપદા ... ... ૭૧
૫૯ ગારવ ત્રિક ... ... ... ... ૭૧
૬૦ ઇંદ્રિયો જિતવા વિષે ... ... ... ... ૭૨
૬૧ આઠ મદનો ત્યાગ કરવા વિષે ... ... ... ૭૨
૬૨ નવ બ્રહ્મ ગુપ્તિ અથવા બ્રહ્મચર્યની રક્ષા વિષે. ... ૭૩
૬૩ સ્વાધ્યાય ધ્યાન સંબંધી ઉપદેશ ... ... ... ૭૪
૬૪ વિનય ગુણ આદરવા ઉપદેશ ... ... ... ૭૫
૬૫ યથાશકિત દેહ દમનરૂપ તપ કરવા ઉપદેશ. ... ૭૬
૬૬ સંયમ યતના અધિકાર ... ... ... ૭૭
૬૭ સંયમ માર્ગમાં યથાશક્તિ ઉદ્યમ કરનારનેજ હિત છે... ૮૨
૬૮ ધર્મ ઠગને પાછળથી પસ્તાવું પડે છે ... ૮૨
૬૯ વિરાધક અને આરાધક સાધુનાં સ્થાનક ... ... ૮૩
૭૦ આજ્ઞા રહસ્ય ... ... ... ... ૮૪
૭૧ યોગ્યા યોગ્યા વિચાર ... ... ... ... ૧૧૧
૭૨ ઉપદેશ માળાનું ફળ ... ... ... ૧૧૩
૭૩ ઉપસંહાર અથવા છેલ્લા બે બોલ... ... ... ૧૧૩
૭૪ ઉપદેશમાળા કથાનક છપ્પા ... ... ... ૧૧૫
૭૫ ગુરૂ તત્ત્વ પ્રકાશરાસ ... ... ... ... ૧૪૧

श्रीमद् धर्मदासगणि विरचित.

# उपदेशमाळा प्रकरण.

## सरल–व्याख्या.

### मंगला चरणादि.

ઇંદ્રોએ અને રાજાઓએ અર્ચેલા એવા ત્રિલોકી ગુરૂ શ્રી જિનેશ્વર ભગવાનને નમસ્કાર કરીને ગુરૂ મહારાજના ઉપદેશ મુજબ આ ઉપદેશ માળા ગ્રંથની હું વ્યાખ્યા કરૂં છું. ૧

જગતના મુગટ રૂપ શ્રી રૂષભદેવ ભગવાન અને ત્રણે લોકમાં તિલક સમાન શ્રી વીર ભગવાન જયવંતા વર્તો ! એ જ એક તો ત્રિભુવનપ્રકાશક દિનમણિ ( સૂર્ય સમાન ) છે અને બીજા જગત માત્રના લોચન રૂપ છે. ૨

રૂષભદેવ ભગવાન વર્ષદિન સુધી અને વર્ધ્ધમાન વીર પ્રભુ માસ સુધી આહાર પાણી વિના આ પૃથ્વી ઉપર વિચર્યા એ પ્રમાણે યથાશકિત આત્માર્થી સાધુઓએ વિચરવું. ૩

જેમ ત્રણે જગતના નાથ એવા શ્રી વીર પ્રભુએ નીચજને કરેલા અનેક ઘોર ઉપસર્ગો સહન કર્યા તેમ સર્વ સાધુ નિર્ગ્રંથો- એ પણ સમતા પૂર્વક સહન કરવા. ૪

કલ્પાન્ત કાળના પવનથી જેમ મેરૂ પર્વત ડગતો નથી તેમ હજારો ગમે પ્રાણાન્ત ઉપસર્ગોથી પણ વીર ભગવાન ડગ્યા નહીં. પ્રભુનું એવું અદ્‌ભૂત ચરિત્ર સાંભળીને સજ્જનોએ વિશેષે સાવધાન થવું. ૫

## धर्म शास्त्र सांभळती वखते केवी नम्रता जोइये ?

મંગળમૂર્તિ મહા વિનયવાન્ અને સંપૂર્ણ શ્રુત જ્ઞાની વીર પ્રભુના પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામી જેમ સર્વ વાતને જાણતા છતાં પણ ભગવાન જે જે ભાવ પ્રકાશતા તે તે સર્વે ભાવોને અત્યંત પ્રેમ પૂર્વક સાંભળતા પણ મનમાં લગારે ગર્વ આણતા નહી, તેમ સકળ શ્રોતાજનોએ વર્તવું. ૬

જેમ રાજા મહારાજાની આજ્ઞાને પ્રજાજનો અથવા મંત્રિ- લોકો માથે ચડાવી પ્રમાણ કરે છે તેમ શ્રોતા જનોએ ગુરૂમ- હારાજના મુખમાંથી નિકળેલાં પ્રમાણિક વાકય બે હાથ જોડીને પ્રમાણ જ કરવાં જોઈયે. ૭

ગુરૂ કેવા હોય! જેમ દેવ સમુદાયને ઇંદ્ર આનંદદાયી છે, ગ્રહ અને તારાગણને વિષે જેમ ચંદ્ર આનંદદાયી છે પ્રજા ગણને જેમ રાજા આનંદદાયી છે તેમ સાધુ સમુદાયને ગુરૂ મ- હારાજ આનંદદાયી હોય છે. ૮

રાજા બાળ વયમાં હોય તો પણ જેમ પ્રજા તેનો પરા- ભવ કરતી નથી તેમ ગુરૂ મહારાજ વયમાં લઘુ હોય તો પણ તેમને આગળ કરીને સાધુઓ વિચરે છે. ૯

# धर्म गुरुना मुख्य गुणोनी गणत्री

१ प्रतिरुप—અર્થાત્ જેમની મુદ્રા દેખીને ગૌતમ પ્રમુખ મહામુનિયોનું સ્મરણ થઇ આવે.

૨ तेजस्वी—અર્થાત્ જેમના તેજ પાસે પાખંડી લોકો કેવળ અંજાઇ જાય એવા પ્રતાપી.

३ जुगप्रधानागम—અર્થાત્ જેમની હોડે વર્તમાન સમયમાં કોઇ આવે નહિં એવા જ્ઞાની.

૪ मधुर वाक्य—એટલે જેમની વાણી દૂધ-સાકરથી કે મધથી પણ મીઠી હોય જેથી તે શ્રોતાજનોને બહુ જ પ્યારી લાગે.

૫ गंभीर—ગમે તેવી મર્મની વાતને જીરવી શકે તેવા ગુણ રત્નોથી ભરેલા સાગર જેવા.

૬ धृतिमान्—ધીરજવાન્ અથવા સંતોષવાન્.

૭ उपदेशपर—એટલે ભવ્ય સત્વોને સદુપદેશ વડે શુદ્ધ અને સરલ એવો મોક્ષ માર્ગ બતાવવામાં તત્પર

૮ अपरिश्रावी—આલોચના લેનારે પોતે પ્રકાશેલાં અકૃત્યને કોઇની પાસે પ્રગટ નહિ કરે એવા.

૯ सौम्य—ચંદ્રની જેવા શીતળ સ્વભાવી શાન્ત પ્રકૃતિવાળા.

૧૦ संग्रहशील—ગચ્છના હિતને માટે જોઈતાં ઉપકરણોનો સંગ્રહ કરી મૂર્છા રહિત તેનો સદુપયોગ કરનાર.

૧૧ अभिग्रह माति—વિધ વિધ પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ,

અને ભાવ ભેદે' અભિગ્રહ ધારવાવાળા.

૧૨ अविकत्थणो—સ્વપ્રશંસા કે પરનિંદાદિકને નહિ કહેનાર ધર્મ વ્યાપારમાં જ સાવધાન રહેનાર.

૧૩ अचपल—જેણે મન વચન અને કાયાની ચપળતા નિવારી છે એવા સ્થિરતાવંત.

૧૪ प्रशान्त हृदय—જેમનું હૃદય ક્રોધાદિક કષાયની કલુષતાથી વિશેષે મુક્ત થયું છે એવા ૧૦-૧૧

શુદ્ધ ધર્માચાર્યમાં ઉપર કહેલા ગુણો અવશ્ય જોઈયે.

જિનેશ્વર ભગવાન્ ભવ્ય જીવોને મોક્ષ માર્ગ બતાવીને પોતે અજરામર પદને પામ્યા તેથી વર્તમાન સમયે સકળ શાસન ધર્માચાર્યોના આધારે ચાલે છે. ૧૨

## " साध्वीओने राखवी जोइती नम्रता. "

દધિવાહન રાજાની પુત્રી સાધ્વી ચંદનબાળાને સહસ્રગમે રાજ પુત્રાદિકો માર્ગમાં જતાં માન આપતા હતા તોપણ તે સાધ્વીજી મનમાં લગારે ગર્વ કરતાં નહિ એમ સમજીને કે એ સર્વ ચારિત્ર ધર્મનો જ પ્રભાવ છે. એવી રીતે ડહાપણથી સ્વસંયમ માર્ગમાં વિચરતાં હતાં. ૧૩

ચારિત્રમાં સ્થિર કરવાની બુદ્ધિથી ગુરૂમહારાજની આજ્ઞાવડે પોતાના ઉપાશ્રયે આવેલા એક દિવસના દીક્ષિત દ્રુમક સાધુની સન્મુખ આવી ચંદનબાળા સાધ્વીજીએ નવ દીક્ષિત સાધુને બહુ માનપૂર્વક વંદન કરી બે હાથ જોડી સન્મુખ ઉભા રહી પધારવાનું પ્રયોજન પૂછ્યું. એવા પ્રકારનો વિનય સર્વ

સાધ્વીઓએ રાખવો જોઇએ. ૧૪

સો ૧૦૦ વર્ષની દીક્ષિત સાધ્વીએ આજના નવ દીક્ષિત સાધુનો પણ વિનય સન્મુખગમન, વંદન અને નમસ્કાર વિગેરેથી સાચવવો કહ્યો છે. ૧૫

## वृद्ध साध्वीए पण नव दीक्षित साधुनो विनय शा माटे करवो ? तेनां कारण.

ધર્મ પુરૂષથી પેદા થયેલ છે, પુરૂષ રત્ને ઉપદિશ્યો છે, ધર્મમાં પુરૂષની પ્રધાનતા છે અને લોકમાં પણ પુરૂષ વડો ગણાય છે તો સર્વોત્તમ ધર્મમાં તે વિષે કહેવુંજ શું ? ૧૬

## लौकिक दृष्टांत बतावे छे.

એકદા બનારસી નગરીમાં સંબાધન નામના રાજાને એકહજાર રૂપવંતી કન્યાઓ હતી તોપણ તે કન્યાઓ પિતાની નષ્ટ થતી રાજ્યલક્ષ્મી બચાવી શકી નહિ કિંતુ માતાના ઉદરમાં રહેલા એકલા અંગવીર્ય પુત્રે તે રાજ્યલક્ષ્મીને નષ્ટ થતી બચાવી લીધી. ૧૭-૧૮.

## ( शीरीते बचावी ?–

તે જાણવા ઇચ્છા હોય તો જુવો તેની ટીકા. )

ઘણી પણ સ્ત્રીઓ વિદ્યમાન છતાં જેના ઘરમાં પુરૂષ વિદ્યમાન નજ હોય તેના ઘરની સઘળી મીલકત રાજપુરૂષો લઇ જાય છે. ( આવો રીવાજ પ્રથમ વધારે પ્રચલિત હતો. ) ૧૯

## धर्म कर्ममां लोकदेखाडो करवानी कंइ जरूर नथी.

કંઇ પણ સુકૃત આત્મસાક્ષિક કરવુંજ શ્રેયકારી છે તો તે (સુકૃત) અન્યજનોને બહુપેરે જણાવવાથી શો ફાયદો ? ૧ આત્મસાક્ષિક સાધના કરવાના સંબંધમાં ભરત ચક્રવર્તી અને પ્રસન્નચંદ્ર રાજર્ષિનાં દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. વિશુદ્ધ ભાવનાના યોગે તેમનું કલ્યાણ થયું છે. ૨

## " साधुना वेषनुं वजन. "

અસંયમ સેવનાર સાધુનો વેષ પણ અપ્રમાણજ છે. શું વેશ બદલો કરનારને ખાધેલું વિષ નહિ મારશે ? ૨૧

સામાન્ય રીતે તો વેશ ધર્મનું રક્ષણ કરે છે 'હું દીક્ષિત છું' એમ વેશવડે માણસ શંકા પામે છે. જેમ ઉન્માર્ગે ચાલતાં રાજા રૈયતનું રક્ષણ કરે છે તેમ વેશ પણ સાધુને ઉન્માર્ગે ચઢી જતાં બહુધા અટકાવે છે. ૨૨

## भाव प्रमाणे फळ.

આત્મા શુભ પરિણામમાં વર્તે છે કે અશુભ પરિણામમાં વર્તે છે તે આત્મા જ જાણે છે બીજો કોઈ જાણી શકતો નથી. કેમકે બીજાની ચિત્તવૃત્તિને જાણવી મુશ્કેલ છે, માટે જેમ આત્માને સુખકારી થાય તેમ વિવેકથી આત્મલક્ષ્યપૂર્વક ધર્મકરણી કરવી યોગ્ય છે. આત્મલક્ષ વિનાની ઉપયોગશુન્ય કરેલી કરણી નિષ્ફળ પ્રાયઃ થાય છે. માટે હરેક ધર્મકરણી જેમ બને તેમ સાવધાનપણેજ કરવાની જરૂર છે. ૨૩

જે જે સમયે જીવ જેવા જેવા શુભાશુભ ભાવમાં વર્તે છે તે તે વખતે તેવા શુભાશુભ કર્મનો બંધ તે કરે છે. ૨૪

## अभिमानथी थती खुवारी.

જો મદ કરવાથી ધર્મ પ્રાપ્ત થતો હોત તો શીત, તાપ અને વાયરાથી વ્યાહત એવા બાહુબલીને એક વર્ષપર્યંત આહાર પાણી રહિત ક્લેશ પામવો પડત નહિ. ૨૫

શ્રી ગુરૂમહારાજની હિતશિક્ષા વિના સ્વચ્છંદપણે સ્વકપોલ કલ્પિત વર્તનવડે શી રીતે પરભવનું હિત થઇ શકે? આત્માર્થી જનોએ તો અવશ્ય ગુરૂનું આલંબન લેવુંજ જોઇએ. ૨૬

અહંકારી, કૃતઘ્ન, અવિનીત, ગર્વિષ્ટ અને અનમ્ર પુરૂષ સાધુ જનમાં નિંદાપાત્ર અને લોકમાં પણ હેલના યોગ્ય થાય છે. ૨૭

## " वैराग्य उपदेश "

કેટલાક હળુઆ કર્મી જનો સનત્કુમાર ચક્રીની પેરે અલ્પ ઉપદેશથી પણ બુઝે છે, ફક્ત શરીરમાં તત્કાળ મહારોગ ઉત્પન્ન થયાનું દેવોએ ચક્રીને કહ્યું હતું ૨૮,

જ્યારે ૩૩ તેત્રીસ સાગરોપમ પ્રમાણ શાતા લહેરીમાં રહેનાર અનુત્તર વિમાનવાસી દેવને પણ મનુષ્યભવમાં આવી અવતરવું પડે છે, તેવા સુખી દેવને પણ ગર્ભાવાસનાં દુઃખ મનુષ્યભવમાં અવતરી વેઠવાં પડે છે તો પછી વિચારી જોતાં સંસારમાં શાશ્વત સુખ કયું છે? એકે નથી. ૨૯.

જે સુખના અંતે દુઃખ રહેલું હોય તેને સુખ જ કેમ કહેવાય? જેના અંતે જન્મમરણ કરવાં પડે તેને સુખ કહેવું

જ યુક્ત નથી. ખરૂં સુખ તે કે જે અક્ષય અને અખંડ છે એ. વું સુખ તો કેવળ મોક્ષસ્થાનમાં જ રહેલું છે. ૩૦

કેટલાક ભારે કર્મી જીવો બ્રહ્મદત્ત ચક્રવર્તી અને ઉદ રાજાના મારક અભવ્યની પેરે અનેક પ્રકારના ઉપદેશવડે પ્રતિ. બોધ્યા છતાં પણ બુઝતા નથી. ૩૧

હાથીના કાનની જેવી ચંચળ રાજ્યલક્ષ્મીના મોહથી મૂઢ થયેલા માનવીઓ સ્વકર્મમળના ભારથી નરકાદિક અધોગતિને જ પામે છે. ૩૨

કરેલાં પાપકર્મ સદ્દગુરૂની સમીપે કહેવાં પણ બહુ કઠણ થઇ પડે છે, જેમ પલ્લિપતિએ ભગવાનને ગુપ્તરીતે પૂછયું કે ભગ. વાન ! ‘ જા સા ’ એટલે ‘ જે હતી એજ ’ ત્યારે ભગવાને ઉત્તર આપ્યો કે “ સા સા ” અર્થાત્ ‘ તે એજ ’ જે તારા મનમાં છે. આવી ગૂઢ શમસ્યા કરવાનું કારણ એ જ છે કે જીવને પોતાનાં કરેલાં પાપ પ્રકાશવાં બહુ મુશ્કેલ છે, એમ સમજીને શાણા માણસોએ પાપથી દૂર જ રહેવું. ૩૩.

પોતાનીજ ભૂલ કબૂલ કરીને નમ્રતા ધારણ કરનારી મહા- સતી મૃગાવતીને ખરેખર કેવળજ્ઞાન ઉપન્યુ તેમ ગુરૂ સમક્ષ આત્માર્થી સાધુ સાધ્વીએ વર્તવું જોઇયે. ૩૪.

સરાગ સંયમમાં વર્તતો કોઈ સાધુ સર્વથા કષાયરહિત છે એમ શું કહી શકાશે? નહિં જ પરંતુ દુર્વચનાદિકવડે ઉદિત થયેલા કષાયને જે યત્નથી રોકી રાખે એટલે તેનું માઠું ફળ બેસવા ન પામે એવી કાળજી રાખી સંયમની રક્ષા કર્યા કરે તેને મુનિ સમજવો. ૩૫

કટુક એવા કષાય તરૂનાં ' ફૂલ અને ફળ ' બંને વિરસ છે. ફુલવડે કુપિત છતો પરનું અનિષ્ટ કરવા ધ્યાવે છે અને ફળ વડે તો તેવા પાપને સાક્ષાત્ સેવે છે. ૩૬

કોઇ હલુઆકર્મી જીવ છતા ભોગનો ત્યાગ કરે છે, અને કોઇ ભારે કર્મી જીવ અછતા ભોગની પણ ઇચ્છા કરે છે, વળી કેટલાક સુલભ બોધી જીવો તો પારકા દષ્ટાંતથી જેમ જંબૂકુમારને દેખીને પ્રભવો ચોર પ્રતિબોધ પામ્યો તેમ પ્રતિબોધ પામીજાય છે. (જો કે પ્રભવો ચોર તો જંબૂકુમારના ઘરમાં ચોરી કરવા ગયો હતો પરંતુ દૈવવશાત્ સ્ત્રીઓ સાથે થતો જંબૂકુમારનો સંવાદ સાંભળીને તેનું મન વૈરાગ્યથી દ્રવિત થઇ ગયું હતું અને જંબૂકુમાર સમીપે ભાગ્યવશાત્ ધર્મોપદેશ સાંભળી અંતે તેણે સપરિવાર પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી.) ૩૭

અરે! પરમ ઘોર કાર્યને કરનારા ચિલાતિ પુત્ર જેવા રૌદ્ર પરિણામી જીવ પણ પ્રવર ધર્મના પ્રભાવથી પ્રતિબોધ પામેલા દીસે છે. (સુસમા નામની કન્યાનું હરણ કરી છેવટ શિરચ્છેદ કરીને નાશી જતાં માર્ગમાં ઉભેલા ધ્યાનસ્થ મુનિને ધર્મનું સ્વરૂપ પૂછવાથી તે મુનિએ બતાવેલા ઉપશમ વિવેક અને સંવર નું ચિંતવન કરતો તે પ્રતિબોધ પામી ત્યાં જ ધ્યાનસ્થ રહી કઠણ પરીસહને સહી દેવલોકમાં ગયો. એવા પણ ઘાતકીનું ઠેકાણું પડયું એ પ્રગટ રીતે ધર્મનો જ પ્રભાવ સમજવો.) ૩૮

## ' साधुनी समता '

પિતાના અતિ સુખી ઘરમાં પેદા થયેલા ઢંઢણ કુમારે દીક્ષા લીધા બાદ ભૂખ તૃષા એવી રીતે સમતાથી સહન કરી

કે તે તેને સફળ થઇ, અને અંતે કેવળજ્ઞાન પામી તે મોક્ષ પદ પામ્યો. ૩૯

શુભ રસયુક્ત ભોજન, રમણિક ઉપાશ્રય કે બાગ બગીચાદિકમાં આસક્તિ કરવા સાધુનો અધિકાર નથી. ફક્ત ધર્મકાર્યોમાં જ તેમનો અધિકાર છે. તપોધન એવા સાધુજનો તપ જપ સંયમ સેવનમાં જ તત્પર રહે. ૪૦

મહા ભયંકર એવી અટવીમાં અથવા રાજ વિગ્રહાદિ ભયંકર સ્થાનમાં પણ મુનિજનો નિર્ભયસ્થાનકમાં હોય તેમ શરીર–પીડા અર્થાત્ ક્ષુધાદિક પરીસહ સહન કરે પરંતુ સંયમ વિરૂદ્ધ કામ ન કરે. ૪૧

યંત્રવડે પીલ્યા છતાં પણ ખંધકસૂરિના શિષ્યો ક્રોધને વશ થયા નહિં ઉલટા ઉપસર્ગ કરનારના ઉપર કરૂણાવાન્ થયા. એવી રીતે પરમાર્થવેદી તત્ત્વજ્ઞાની પુરૂષો સદા ક્ષમાગુણને જ ધારે છે. પ્રાણાન્ત કષ્ટમાં પણ તે પોતાનું બગાડતા નથી. શુદ્ધ નિષ્ઠાથી ગમે તેવા વિષમ સંયોગોમાં પણ સંયમ માર્ગને સાધે છે. ૪૨

જિનેશ્વર ભગવાનનાં વચનામૃત સાંભળવાવડે જેમણે સકર્ણપણું સાર્થક કર્યું છે અને આ ઘોર સંસારનું સ્વરૂપ સારી રીતે જાણ્યું છે તેવા મુનિરાજ ખંધકસૂરિના શિષ્યોની જેમ અજ્ઞાની જીવોએ કરેલી દુષ્ટ ચેષ્ટાઓને સહન કરે એમાં શું આશ્ચર્ય છે? ૪૩

આ જૈન શાસનમાં ધર્માચરણનો વિચાર કરતાં કુળની પ્રધાનતા નથી. હરિકેશબલનું કયું ઉત્તમ કુળ હતું? હલકા કુળના છતાં વૈરાગ્યયુક્ત તપ જપ સંયમનું સેવન કરવાથી દેવો

પણ વશ થઇને તેમની સેવા ભક્તિમાં તત્પર થયા તો બીજા મનુષ્યાદિકનું તો કહેવુંજ શું ? તેથી અત્ર સદાચારની જ શ્રેષ્ટતા કહી છે. (ઉચ્ચકુળમાં અવતરી અનાચાર સેવનાર જનો નરકાદિક અધોગતિમાં જ જાય છે અને નીચ કુળમાં ઉત્પન્ન થયા છતાં શ્રેષ્ટ આચરણ સેવનાર સજ્જનો સદ્‌ગતિના જ ભાગી થાય છે એ રહસ્ય સમજવાનું છે.)

## ' कर्मनी विचित्रता. '

દેવ, નારક, કીટ, પતંગ અને મનુષ્ય વેશને કર્મવશાત્ જીવ ધારે છે, તેમજ રૂપવાન્, કદ્રૂપ, સોભાગી, અને દુર્ભાગી પણ થાય છે. વળી રાજા, રંક, ચંડાળ, વેદપાઠી, સ્વામી, દાસ, પૂજ્ય, ખળ, નિર્ધન તેમજ ધનવાન્ પણ તેજ થઇ શકે છે. ૪૫-૪૬

મનુષ્ય મરીને મનુષ્ય જ થાય એવો અહિં કોઇ નિયમ નથી, જીવ જેવાં જેવાં શુભાશુભ કર્મ કરે છે તેવાં તેવાં ફળ તે પામે જ છે. તેથી જૂદા જૂદા આકારવાળા વેશને ધારણ કરીને જીવ નટનીપેરે આ સંસારચક્રમાં પરિભ્રમણ કર્યા કરે છે. ૪૭

## ' साधुजनोनी निर्लोभता. '

રૂપ લાવણ્યાદિક ગુણોથી ભરેલી રૂકમિણી નામની પોતાની કન્યા કોટિગમે દ્રવ્ય સાથે ધન સાર્થવાહ શ્રીવયરસ્વામીને અત્યંત આદરથી અર્પણ કરતો હતો. પરંતુ વયરસ્વામી તેમાં લોભાયા નહિ. એવી રીતે સકળ સાધુ સમુદાયે નિર્લોભી રહેવું જોઇયે. ૪૮

સ્ત્રી, નગર, સૈન્ય, વાહન, અને લક્ષ્મીભંડાર વિગેરે બહુ

પ્રકારની લાલચોથી લલચાવ્યા છતાં શ્રેષ્ઠ મુનિયો તેની ઇચ્છા કરતા જ નથી. ૪૯

## ' अर्थ अनर्थनुं कारण थाय छे. '

છેદન, ભેદન, આફ્ત, આયાસ ( અર્થ ઉપાર્જતાં કરવો પડતો પ્રયાસ ) કલેશ ભય, વિવાદ, મરણ, ધર્મભ્રંશ અને અસમાધિ એ સર્વ વાનાં અર્થથી સંપજે છે. ૫૦

સેંકડો ગમે દોષોનું મૂળ જાણીને પૂર્વ મુનિશ્વરોએ વર્જેલું તેમજ દીક્ષા સમયે વમી દીધેલું અનર્થકારી વિત્ત જો તું મૂર્છાવડે સંગ્રહે છે તો પછી વ્યર્થ તપ શામાટે કરે છે ? વિવેકશુન્ય કામ કરવાથી તો કેવળ કાયકલેશ માત્ર ફળ થવાનું. દ્રવ્ય સંચય સાધુને કેવળ દૂષણકારી જ છે, તેથી સાધુ શિઘ્ર સંયમભ્રષ્ઠ થાય છે. ૫૧

વધ, બંધન, મારણ વિગેરે વિધ વિધ કદર્થના પૈકિ પરિગ્રહ રાખતાં કઇ કઇ કદર્થના સંભવતી નથી ? અપિતુ સર્વે સંભવે છે. એમ છતાં જો પરિગ્રહ રાખવા લલચાય છે તો સાધુ–ધમ માત્ર પ્રપંચરૂપ થાય છે. અર્થાત્ દ્રવ્યસંચયથી કેવળ વેશવિડંબના થાય છે. પરિગ્રહ ધારી સાધુ કદાપિ સંતોષરૂપ અમૃતને ચાખવા શક્તિમાન્ થઇ શકતો નથી. ૫૨

## ' अंतरंग तपनुं माहात्म्य. '

નંદિષેણનું કયું ઉત્તમ કુળ હતું ? ફક્ત ઉત્તમ પ્રકારના ચારિત્રવડે જ તે વિશાળ એવા હરિવંશ કુળનો વસુદેવ નામે પિતામહ થયો. ગમે તેવા કુળમાં કરેલી ઉત્તમ કરણી જ ભવાંતરમાં હિતકારી થાય છે. ૫૩

વિદ્યાધરોની અને રાજાઓની પુત્રીઓ સહર્ષ સ્પર્ધાવડે વસુદેવને વરતી હતી તે સર્વ તપનું જ ફળ સમજવું. ૫૪.

યાદવ કુળમાં ઉત્પન્ન થયેલા કૃષ્ણ વાસુદેવના લઘુ બાન્ધવ શ્રીગજસુકુમાલ મુનિએ પોતાના સંયમ માર્ગમાં એવી ક્ષમા રાખી કે જેથી તે શીઘ્ર મોક્ષપદ પામ્યા; સોમિલ નામના અધમ બ્રાહ્મણે તેના માથા ઉપર લીલી માટીની પાળ બાંધી તેમાં બળતા અંગારા ભરી ભારે મોટો ઉપસર્ગ કર્યો પરંતુ સમતા રસમાં ઝીલી શુકલ ધ્યાનથી સર્વ કર્મનો ક્ષય કરી તે પરમ શાંતિને પામ્યા; તેવી રીતે અન્ય આત્માર્થી સાધુઓએ સમતા રસમાં ઝીલી પોતાના આત્માને સત્ય શાન્તિનો રસ ચખાડવાનો સતત અભ્યાસ કરવો યુકત છે. ૫૫

રાજકુળમાં ઉત્પન્ન થયા છતાં જન્મ જરા અને મરણના દુઃખથી ભયભીત થયેલા સાધુઓ નીચ કુળમાં ઉત્પન્ન થયેલા નાદાન નોકરના પણ દુર્વચનાદિકને સહન કરી લે છે. એવી રીતે ક્ષમાયુકત સંયમને સર્વ સાધુજનોએ પાળવો જોઇએ. ૫૬

કુલીન પુરૂષો જેમ પ્રથમ પ્રણમે છે તેમ અકુલીન પ્રણમતા નથી. તમે ચક્રવર્તી સાધુ છો તેથી તમારે વધારે નમ્ર થવું જોઇએ એ પ્રમાણે નવદીક્ષિત સાધુએ સ્પષ્ટપણે ચક્રવર્તિ સાધુને કહ્યું તો પણ તે ચક્રવર્તી સાધુ જરા પણ કુપિત થયા નહિ, પરંતુ પોતાની ભૂલ વિચારીને બહુ માનપૂર્વક નમ્રતાથી સાધુજનોને નમી પડયા. એવી રીતે ગુણગ્રાહીપણે સકળ સાધુજનોએ વર્તવું જોઇયે. ૫૭ ૫૮,

સર્વ અકાર્યથી નિવર્ત્યા એવા સંત સુસાધુજનોને ધન્ય છે, જેમ સ્થુલભદ્ર મુનિશ્વરે ખડ્ગ ધારા જેવું તીક્ષ્ણ અને દુ-

ષ્કર વ્રત પાળ્યું તેમ ધૈર્ય યુક્તપણે વ્રત પાળનાર મુનિવરોને અમારો નમસ્કાર થાઓ. ૫૯

જેમ સામાન્ય પાંજરામાં પૂરેલો સિંહ ખડ્ગમય પાંજરામાં પૂરવા માટે લઇ જવાતો સામા ધરેલા ભાલા વિગેરેના ભયથી ખડ્ગના પાંજરામાં પૂરાવું પણ પસંદ કરે છે, તેમ દેહ પંજરમાંથી મુક્ત થઇ નિર્વિષય સુખને ઇચ્છતા મુનિવરો વિષય કષાયરૂપ ભાલાની તીક્ષ્ણ અણીઓથી ડરીને તપરૂપ પાંજરામાં રહેવું પસંદ કરે છે. તપવડે સંયમની અને સંયમવડે અહિંસાની રક્ષાપૂર્વક વૃદ્ધિ થાય છે. એ પ્રમાણે યત્નપૂર્વક સેવવામાં આવતી અહિંસા શુદ્ધ ધર્મની પુષ્ટિ કરી આત્માને અજરામરપદ પ્રતિ પમાડે છે. તેથી હરેક આત્માર્થી જનોએ અહિંસા ધર્મની રક્ષા અને વૃદ્ધિ નિમિત્તે પૂર્વોક્ત તપ અને સંયમને સારી રીતે સેવવાની જરૂર છે. સંયમથી નવા આવતા કર્મનો રોધ થઇ શકે છે ત્યારે તપથી જુના પુરાણા કર્મનો પણ ક્ષય થઇ શકે છે. આવી રીતે સકળ બાધક કર્મનો સર્વથા ક્ષય થતા આત્માનો સહજ શુદ્ધ નિરૂપાધિક અહિંસક સ્વભાવ સંપૂર્ણ રીત્યા પ્રગટે છે. એવો સંપૂર્ણ શુદ્ધ આત્મા દુનીયામાં કેટલો ઉપકાર કરી શકે છે તે તીર્થંકર મહારાજ પ્રમુખ વીતરાગી પુરૂષોના ચરિત્રો ઉપરથી સારી રીતે સમજી શકાય છે. એમ સમજીને તેવા સમર્થ પુરૂષોના પવિત્ર પગલે ચાલવા સહુ કોઇ આત્માર્થી જનોએ યથાશક્તિ અવશ્ય ઉદ્યમ કરવો. ૬૦

## ‘ स्वच्छंदतानां माठांफळ. ’

જે કોઇ મિથ્યાભિમાનવડે સદા ગુરૂનું વચન અપ્રમાણ

કરી હિતોપદેશને ગ્રહતો નથી તેને ગુરૂના હિતકારી વચનનો અનાદર કરી ઉપકોશાના ઘરે ગયેલા તપસ્વી સાધુની જેમ પાછળથી પશ્ચાત્તાપ કરવો પડે છે. હિતસ્વી ગુરૂમહારાજનાં હિત વચનોનો પ્રથમ આદર કરવો એ વિનીતશિષ્યનું મુખ્ય કર્તવ્યછે, તેથી જે વિમુખ રહે છે તે સન્માર્ગથી વિમુખ જ છે. ૬૧.

મેરૂપર્વત જેવા મોટા મહાવ્રતોનો જીવિત પર્યંત નિર્વાહ કરવાને ઉજમાળ થયેલા સાધુને સ્ત્રીજનોનો અત્યંત પરિચય થયે છતે ઉપર કહ્યા મુજબ ઉભય-ભ્રષ્ટ થવાનો પ્રસંગ આવે છે તેથી સકળ મુમુક્ષુ જનોએ સ્ત્રિઓનો પરિચય તજવો જરૂરનો છે ૬૨

કોઇ કાઉસગ્ગ ધ્યાની, મૌનધારી, લોચકારી, વલ્કલધારી કે આકરી તપશ્યા કરનાર કોઇ હો, પરંતુ અબ્રહ્મ-મૈથુન વિષય સુખની પ્રાર્થના કરતો કોઇ બ્રહ્મા પણ મને રૂચતો નથી. વિષય સુખના આશી સાધુપણાનો દંભ રાખી ગમે તેટલો કાયક્લેશ સહે તે નિષ્ફળ છે. કેમકે તેનો ક્લેશ પાયાવિનાનો છે. ૬૩

દુઃશીળ જનોના દુષ્ટ સંસર્ગમાં આવી ગયા છતાં અને પાપમિત્રોએ પ્રેર્યા છતાં અથવા સ્ત્રી આદિકે અબ્રહ્મસેવવાને આગ્રહ કર્યા છતાં જો એવું અકાર્ય કરે નહીં તો જ તેનું ભણ્યું ગણ્યું કે મુણ્યું પ્રમાણ છે, અને તોજ આત્માને ચેતાવ્યો, એ પ્રમાણ છે. કહ્યું છે કે-विकार हेतौ सति विक्रियन्ते, येषां न चेतांसि त एव धीराः અર્થાત્ વિષય વિકાર પેદા થાય એવાં કારણ સાક્ષાત્ મળ્યાં છતાં જે વિકાર પામે નહીં તે જ ખરેખર ધીર, વીર, અને ગંભીર છે એમ સમજવું. ૬૪

## 'निःशल्यथइ सद्गुरु समीपे आलोचना करवानुं फळ'

*ગીતાર્થ ગુરૂ મહારાજની પાસે પડદો ખોલીને પ્રગટ રીતે સર્વ પાપની આલોયણા લેનાર આરાધકપણું પામે છે. પણ આપ મતિ થઇ આલોચના નહિ કરનાર અથવા શલ્ય રાખીને આલોયણા લેનાર આરાધક થઈ શકતો નથી. નિઃશલ્યપણે પાપશુદ્ધિ કર્યા વિના સ્વકલ્યાણ થઇ શકવાનું નથી. ૬૫

## "अमर्ष अथवा इर्षा अदेखाइ नहिं करवा विषे"

સદ્દગુરૂજી કેવળ ગુણનાજ પક્ષપાતી હોવાથી કોઇ ગુણવંત શિષ્યની પ્રશંસા કરે તો અન્ય શિષ્યોએ તેની અદેખાઇ કરવીજ નહિ. એમ છતાં અદેખાઈ કરનાર ગુરૂની [1]આશાતના કરે છે. **કોશ્યાને પ્રતિબોધી શ્રી સ્થુલી ભદ્ર મુનિ** જ્યારે ગુરૂ સમીપે પધાર્યા ત્યારે ગુરૂ મહારાજે તેને દુષ્કર દુષ્કરકારક કહીને વધાવી લીધા હતા એ વાત અન્ય સાધુઓને ઈર્ષા આવવાથી રૂચિ નહિં. આવી રીતે બીજા સાધુઓએ કુબુદ્ધિ કરવી નહિ. તેવે વખતે સમતા રાખીને સદ્દગુણનુંજ ગ્રહણ કરવું. ૬૬

કર્મ બંધનના ક્ષય ઉપશમથી પ્રમાદ રહિત આચરણ સેવવાથીજ જીવ શોભાને પામે છે એમ જાણતાં છતાં પરના ગુણ દેખીને અદેખાઇ કેમ કરાય? મુળ ગુણ તથા ઉત્તર ગુણ સંપન્ન છતાં અન્ય ગુણવંત મુનિની પ્રશંસા સહન કરી ન શકે તે **પીઢ અને મહાપીઢ** રૂષિની પેરે પરભવમાં હાનિ પામે છે. ૬૭ ૬૮

---

* તત્ત્વવેદી.

૧ અવગણના.

જે અહોનિશ પરનિંદા કર્યા કરે છે, આઠ પ્રકારના મદનું શેવન કરે છે, અને અન્યની સંપદા દેખી દીલમાં દાઝે છે, એવો કષાય કલુષિત જીવ સદાય દુઃખી છે. ૬૯

લડાઇ ફિસાદ કરવાની ટેવ હોવાથી શ્રી સંઘ તરફથી તિરસ્કાર પામેલા સાધુને દેવ ગતિમાં પણ શુભ સ્થાન મળતું નથી તો મોક્ષ ગતિનું તો કહેવું જ શું! ૭૦

જો કોઇ લોક વિરૂદ્ધ કામ કરે તો તે અનાચાર સેવનથી સ્વયં દુઃખી થાય છે. એવા અકાર્ય કરનારને દુનીયામાં ઉઘાડો પાડનાર પરાયા દુઃખે ફોગટ દુઃખીયો થાય છે. અર્થાત્ પરનિંદા વર્જ્ય છે. ૭૧

તપ જપ સંયમ સંબંધી દુષ્કર કરણી કરનાર સાધુને પણ આ પાંચ વાનાં ગુણરહિત કરી નાંખે છે. ૧, આત્મ સ્તુતિ (સ્વ ઉત્કર્ષ) ૨, પરનિંદા ૩, રસ લોલુપતા ૪ કામ રાગ અને ૫ ક્રોધાદિક કષાય એ પાંચે વાનાં ત્યજવાથી જ સુખ થાય છે. ૭૨

પરનિંદા કારક જે જે વચનો વડે પરને દૂષણ દે છે, તે તે દોષને તે પામે છે. પરનિંદાકારી પાપીનું મુખ પણ દેખવા લાયક નથી. ૭૩.

## कुशिष्यनां लक्षण.

સ્તબ્ધ (અવિનીત) છિદ્રપ્રેક્ષી, અવર્ણવાદી, આપમતિ (સ્વેચ્છાચારી) ચપળસ્વભાવી વક્ર અને ક્રોધમુખી શિષ્યો કેવળ ગુરૂ મહારાજને ઉદ્વેગકારક બને છે. ૭૪

જેને ગુરૂ મહારાજ ઉપર ભક્તિભાવ નથી. અંતરનો

પ્રેમ નથી ગુરૂબુદ્ધિ નથી. તેમજ જેને ભય લજજા કે સ્નેહ નથી એવા ગુણહીન શિષ્યને ગુરૂકુળવાસથી શો ફાયદો થાય. ૭૫

જે શિક્ષા દેનાર ગુરૂ ઉપર રોષ કરે, સામાન્ય રીતે શિખામણ આપવાથી મનમાં ખેદ લાવે અને ગુરૂના કોઇ પણ કામમાં આવે નહિ તે શિષ્ય નહિ પણ ગુરૂને કેવળ આળ રૂપ જ છે. ૭૬

## " सु साधुनां लक्षण "

સુ સાધુ કેવા હોય ? તે શાસ્ત્રકાર કહે છે. દુર્જન લોકોએ કરેલા અપરાધથી શાંત પ્રકૃતિવાળા સુ સાધુઓ કોપ કરતા નથી. અપકર્ણન, ચાડી, તિરસ્કાર, અસંબધ્ધ ભાષણ તેમજ કઠોર ભાષણ વડે કરાંને સુ સાધુ પુરૂષો દુર્જનો ઉપર કોપતા નથી પરંતુ મનમાં કરૂણાદિક ભાવને ધારે છે. ૭૭

પૂજા સત્કારને પ્રાપ્ત થયેલા મુનિયો પરનું અપમાન કરતા નથી, તેમજ પરને ઠગતા નથી. સુખ દુઃખને સમભાવે ભોગવી તેને ક્ષય કરવાને માટે નિજસ્વભાવમાં રમનાર મુનિ સાગરની જેવા ગંભીર હોય છે. રત્નાગર સરખા મુનિ સ્વમર્યાદા મુકતાજ નથી. ૭૮

નમ્ર, સ્વભાવ રમણી ( શાંત સ્વભાવી ) હાસ્ય પ્રહાસ્ય રહિત, વિકથાથી દૂર રહેનાર અને અસંબદ્ધ વચનને નહિ ઉચ્ચારનાર મુનિ વગર પૂછયા તો બોલતાજ નથી, મુખ્ય વૃત્યા તો મૌન ભાવને જ ધારણ કરે છે. જરૂર જણાતાં મુનિયો કેવો જલ્પ કરે છે. તે કહે છે ૭૯

મધુર, નિપુણતાવાળું થોડું, પ્રસંગને લગતું, ગર્વ રહિત સત્કારવાળું અને પ્રથમ બુદ્ધિબળથી વિચારી રાખેલું એવું

ધર્મયુકત સત્ય ભાષણ સાધુઓ કરે છે પ્રાણાંતે પણ અધર્મ વચનને તો ઉચ્ચારતા જ નથી. ૮૦

## "अज्ञान कष्ट करवामां अल्प फळ छे ते बतावे छे"

**તામલી તાપશે** સાઠ હજાર વર્ષ સુધી ૨૧ વાર જળથી ધોએલા અન્નના આહારથી પારણું કરીને છઠ છઠ તપ કર્યા પરંતુ નદીના અણગાળેલા અને સચેત જળમાં અન્ન ધોવાથી થતા જીવ ઘાતના અજ્ઞાનપણાથી તેવા તપથી તેને દેવગતિરૂપ અલ્પ ફળજ મલ્યું. ૮૧

ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરનાર તેમજ હિંસક શાસ્ત્રનો ઉપદેશ દેનાર ગમે તેટલો દુષ્કર તપ કરે તોપણ અ. જ્ઞાન કષ્ટકારી હોવાથી તેમને અલ્પમાત્ર ફળ મળે છે. ૮૨

## जगतमां ज्ञानीनीज बलिहारी छे

જીવા જીવાદિક સર્વ તત્ત્વને યથાસ્થિત સર્વજ્ઞ વચન અ-નુસારે જે મહાનુભાવ જાણે છે, સત્યપણે સદ્દહે છે, અને નિઃશંશયપણે હેયોપાદેયના વિવેકથી આદરે છે, એવા જીન વચનના રહસ્યને જાણવાવાળા સત્પુરૂષોજ અન્ય અજ્ઞાની લોકોના દુર્વચનોને સહન કરે છે કેમકે તત્ત્વ દ્દષ્ટિથી તે માન અપમાનને સમ ગણે છે. એમ બતાવે છે. ૮૩

## " रागी दोषने देखी शकतो नथी "

જે જેને રૂચે છે તે તેને ગુણ યુકત જ દીસે છે. સામામાં રહેલા દોષ તેનાથી દેખાતા નથી. વાઘણ પણ પોતાના બચ્ચાંને શાંત અને ભદ્રક જ લેખે છે. તો અન્યનું તો કહેવું જ શું? ૮૪

"વૈરાગીને સંસાર ખારો લાગે છે તેથી તે મોક્ષ સાધન અનુકૂળ ક્રિયા કરવા સાવધાન થઇ વર્તે છે" એમ જણાવે છે.

મણિ કનક અને રત્નાદિક સંપદાથી ભરપૂર ભુવનમાં પણ મારી ઉપર અનેરો સ્વામી વિદ્યમાન છે, એમ જાણીને શ્રી **શાલિભદ્ર કુમાર** કામભોગથી વિરક્ત થઇ ગયો. ૮૫

જે સ્વાધીનપણે તપ સંયમને સેવતા નથી તેમને અન્ય ભવમાં પુણ્ય કરીને અવતરેલ પ્રાણીનું અવશ્ય દાસપણું કરવું પડે છે. ૮૬

સુંદર સુકુમાલ અને સુખ શીલ એવા શાલિભદ્ર કુમારે વૈરાગ્યથી દીક્ષા ગ્રહણ કરી વિવિધ તપવડે દેહને એવો તો શોષવી નાંખ્યો કે જ્યારે પોતાના ઘરે પારણા નિમિત્તે પધાર્યા ત્યારે તેને કોઈએ પિછાન્યા પણ નહિ. ૮૭

**અવંતિ સુકુમાલ** મુનિનું દુષ્કર અને રૂવાડાં ખડાં કરે એવું આશ્ચર્યકારી ચરિત્ર સાંભળીને કોને વૈરાગ્ય ન ઉપજે! શ્રીઆર્યસુહસ્તીસૂરી મહારાજ એકદા નલિનીગુલ્મ અધ્યયન ગણતા હતા તે સાંભળી જાતિસ્મરણ જ્ઞાન પામી ગુરૂ સમીપે દીક્ષા ગ્રહણ કરી મહાકાલ નામના શ્મશાનમાં જઇ કાઉસ્સગ ધ્યાને રહી તેમણે એવો અઘોર પરિસહ સહન કર્યો કે સમાધિપૂર્વક કાળ કરીને એકજ રાત્રીમાં નલીનીગુલ્મ વિમાનમાં ઉત્પન્ન થયા ત્યાંથી અનુક્રમે મનુષ્ય જન્મ પામીને મોક્ષ પદને પ્રાપ્ત થશે. ધન્ય છે એવા મુનિવરને ૮૮

સદ્વિવેકિ સાધુઓ સર્વ સંસારિક સંબંધને તિલાંજલિ દઇને સંયમને અર્થે પ્રાણને પણ તજે છે. સુવિહિત સાધુઓ પ્રાણાંતે પણ સંયમને તજતા નથી. પ્રાણને પણ ત

જીને તે સંયમનું જ રક્ષણ કરે છે એવા અણગારોનેજ ધન્ય છે. ૮૯

એકાગ્ર મનથી એક દિવસ પણ સંયમને પાળનાર સાધુ જો કદાચ મોક્ષ પદ પામી ન શકે તો સ્વર્ગ ગતિ તો અવશ્ય પામે જ. એક દિવસનું ચારિત્ર પણ ભાગ્ય યોગેજ પ્રાપ્ત થાય છે એમ સમજી પ્રમાદ રહિત સાવધાન પણે ચારિત્રને આરાધવા યત્ન કરવો યુક્ત છે. ૯૦

**મેતાર્ય મુનિના** મસ્તકને લીલી વાધરડી વિંટવાથી તેમના લોચન નીકળી પડયાં તોપણ તેમણે લગારે કોપ કર્યો નહિ. જ્યારે મેતાર્ય મુનિ સોનીના ઘરે ભિક્ષાર્થે ગયા ત્યારે તેનાં સોનાનાં જવલાં કોઇ પંખી ગળી ગયો તે સંબંધી મુનિને પૂછતાં પંખીની કરૂણાથી મુનિ મૌનજ રહ્યા તેથી સોનીએ તેનેજ ચોર માની લઈ લીલી વાધરથી બાંધ્યાં પ્રાણાંત કષ્ટ પામ્યા છતાં મુનિ જરા પણ કોપ્યા નહિ. પરમ સમતા રસમાં ઝીલતા થકા મુનિ મોક્ષ પદને પામ્યા એવી અનુપમ સમતા યોગેજ શીઘ્ર આત્મ કલ્યાણ સધાય છે. બલિહારી છે એવા મુનિવરની. ૯૧

જો કોઇ બાવના ચંદનથી શરીરને લેપી જાય અથવા વાંસલાથી શરીરને છોલી જાય, કોઇ આવીને સ્તુતિ કરે અથવા તો નિંદા કરે તોપણ મહા મુનિયો સર્વત્ર સમભાવીજ હોય.

## ' शिष्योनी शोभा विनय वृत्तिमांज छे. "

ગુરૂ મહારાજના વચનનો યથાર્થ આદર કરનારા સિંહગિરિ સૂરિના શિષ્યોનું કલ્યાણ હો! જ્યારે ગુરૂ મહારાજે ફરમાવ્યું કે અમારી ગેરહાજરીમાં તમને વયરમુનિવાંચના

આપશે ત્યારે તે સાંભળીને સર્વ સુશિષ્યોએ ગુરૂવચન આદરથી માન કર્યું. કોઈએ મનમાં વિપરીત ચિંતવન કર્યું નહિ કે આ બાલ સાધુ અમને સર્વ સાધુઓને શી રીતે વાચના આપી શકશે ? ૯૩

જો ગુરૂ મહારાજ શિષ્યને પોતાની આંગળી વડે સર્પના દાંત ગણી લેવાનું કહે તોપણ શિષ્યે ગુરૂ વચનને પ્રીતિથી માન્ય કરવું. એમ સમજીને કે તેનું પ્રયોજન ગુરૂમહારાજ કેવળ જાણે છે. ગુરૂ મહારાજ તો શિષ્યોનું એકાંત હિતજ ઈચ્છે છે. ૯૪

કવચિત્ કારણ વિશેષને પામી ગુરૂ મહારાજ કાળા કાગડાને શ્વેત કહે તો તે વાત તેમજ માનવી અને વિચારવું કે એમ કહેવાનું કાંઇ પણ કારણ હશેજ તેથી ગુરૂજી એમ કહે છે. ૯૫

જે શુદ્ધ અંતઃકરણથી ગુરૂ મહારાજના વચનને ગ્રહણ કરે છે, તેને તે ઔષધની પેરે પરિણામે સુખદાયી થાય છે, ૯૬

ગુરૂ મહારાજની આજ્ઞા અનુસારે ચાલનારા, વિનયવંત, ક્ષમાવંત, નિત્ય ભકિતવંત, અને ગુરૂકુળ વાસી એવા સુશીલ મુનિયોને ધન્યવાદ છે એના સુશિષ્યોજ જૈનશાસનને દીપાવી શકે છે. ૯૭

સુવિનીત શિષ્યોનો આંહી પ્રત્યક્ષ જસવાદ બોલાય છે તથા મરણ પછી પણ પરભવમાં ધર્મની પ્રાપ્તિ સુખે થઈ શકે છે અને અવિનીત અથવા દુર્વિનીત શિષ્યોનો અહીં પ્રત્યક્ષ અપવાદ અપયશ થાય છે અને ભવાંતરમાં ધર્મહીનપણું પ્રાપ્ત થાય છે. ૯૮

વૃદ્ધ અવસ્થાના કારણથી અથવા શરીરમાં ગ્લાનિના કાર-

ણુથી એક સ્થાને સ્થિર રહેલા ગુરૂનાં છિદ્ર ખોળી જે કુશિષ્ય દત્તની પેરે તેનો પરાભવ કરે છે, તે પ્રગટ અવિનીતપણું છે. વૃદ્ધ અવસ્થામાં જંઘા ક્ષીણુ થઇ જવાથી એક આચાર્ય રહેવા યોગ્ય વસતિ ( ઉપાશ્રયમાં ) નવ ભાગ કલ્પીને માસ કલ્પની મર્યાદા પાલતાં થકાં રહેતા હતા. એકદા દત્ત નામનો એક શિ· ષ્ય સ્થાનાંતરથી આચાર્યને વાંદવા આવ્યો, ગુરૂને એકના એક સ્થાનમાં દેખી અન્ય ઉપાશ્રયમાં ઉતર્યો. પછી તે ગુરૂનાં અનેક રીતે છિદ્ર જોવા લાગ્યો. ગુરૂ તો એકાંત ભકતવત્સલ હતા તેથી ઉપકાર કરવામાંજ તત્પર રહેતા. એવા પરોપકાર શીલ ગુરૂની આશાતના કરવાથી શાસન દેવીએ કુપિત થઈ તે કુ· શિષ્યને શિક્ષા કરી, ગુરૂનું મહાતમ પ્રગટ કર્યું. તેથી શિષ્ય ઠેકાણે આવ્યો.

ધર્મગુરૂ ઉપર ભક્તિરાગ **સુનક્ષત્ર** અને **સર્વાનુભુતિ** મુનિવરોની પેરે દ્દઢ જોઇએ. તેમણે પ્રાણ ત્યાગ કર્યો પણ ગુરૂ પરાભવ સહ્યો નહિ. એકદા શ્રમણ ભગવંત શ્રી મહાવીર દેવે સર્વ શિષ્ય સમુદાયને ફરમાવ્યું કે અત્ર **ગોશાળો** ગુસ્સે થઇને આવે છે તેથી તમે સર્વે દૂર જઇ રહો. પ્રભુ આજ્ઞા મુજબ સર્વે શિષ્યો ત્યાંથી દૂર જઇ રહ્યા. અનુક્રમે ગોશાળે આવીને ભગવંત સમીપે વિપરીત ભાષણ કરવા માંડયું. તે નહિ સહન થઇ શકવાથી ઉક્ત બંને મુનિયો અનુક્રમે આવી ગોશાળાને પ્ર· ત્યુત્તર આપવા લાગ્યા. તેથી પ્રકુપિત થઇને તેજોલેશ્યા મુકી ગોશાળે તે બંને મુનિયોને ભસ્મીભૂત કર્યા. પરંતુ સાચા ભકિત ભાવથી મરીને તે બંને ઉત્તમ પ્રકારના વૈમાનિક દેવો થયા. એ અકૃત્રિમ ભકિતનુંજ ફળ સમજવું. ૧૦૦

પૂર્વ પુન્યથી પ્રેરિત થયેલા ભવ્ય જીવો કે જેમનું જલદી કલ્યાણ થવાનું છે તે સદ્‌ગુણ નિધાન એવા ગુરૂને ઈષ્ટદેવની પેરે સેવે છે. ૧૦૧

## " गुरु प्रभाव. "

અનેક પ્રકારના દુઃખ હર્તા અને સુખ કર્તા સદ્‌ગુરૂ **કેશી ગણધર**ની પેરે પ્રગટ પરોપકાર શીલ સમજવા. પાપકર્મથી નર્કમાં જવાને લાયક એવા નાસ્તિક મતિ **પ્રદેશી** રાજા સ્વર્ગગતિમાં ગયા તે મહાનુભાવ એવા આચાર્ય મહારાજનોજ પ્રભાવ જાણવો. ૧૦૨–૩

ધર્મમય અતિસુંદર હેતુ યુકિતવડે શિષ્યોના મનને ખીલવતા થકા આચાર્ય મહારાજ તેમને સંયમમાં જોડે છે. ૧૦૪

## " व्रतरक्षा. "

કાલિકાચાર્ય મહારાજે શરીરની મૂર્છા તજીને દુષ્ટ એવા **દત્ત**ની સમીપે નિર્ભયપણે સત્ય ભાષણ કર્યું, જયારે દત્તે આવીને ઉદ્ધતપણે યજ્ઞનું ફળ પુછયું ત્યારે આચાર્ય ભગવંતે નિર્ભયપણે હિંસામય યજ્ઞનું નર્કાદિક ફળ બતાવવાથી તે બહુજ કુપિત થયો. આચાર્યને મારવા તેણે નિશ્ચય કરી ફરી પુછયું કે એ વાતની કંઇ નિશાની બતાવો? સાતમે દિવસે તારા મુખમાં વિષ્ટા પડશે એમ જણાવ્યાથી અત્યંત કોપાયમાન થઇને અંતેઉરમાં જઇ રહ્યો, આઠમા દિવસની ભ્રાંતિથી સાતમે દિવસેજ નાગી તલવારથી આચાર્યને હણવા માટે અશ્વવાર થઇને શ્વાસભર જતા માર્ગમાં પડેલી વિષ્ટા ઘોડાના પગના ડાબલાથી

ઉછળી તેનાજ મુખમાં પડી. તેના મનમાં ખાત્રી થઇ. મૂળ (પ્રથમના) રાજાના અનુચરોએ પકડીને તેને ભુંડા હાલે માર્યો અને આચાર્ય મહારાજનો યશવાદ સર્વત્ર પ્રસર્યો, સત્ય સર્વત્ર જયવંતુ વર્તે છે એમ સમજી સત્યવ્રતનું સર્વ રીતે રક્ષણ કરવું. ૧૦૫

ઉપદેશક થઈને જે વસ્તુસ્વરૂપને યથાર્થ સ્ફુટ પ્રગટ પણે કહે તો નથી તે **મરીચી**ની પેરે સંસારસમુદ્રમાં બુડે છે. પ્રથમ વૈરાગ્યથી મરીચી રૂષભદેવ ભગવાનની પાસે દીક્ષા લીધા પછી કર્મવશાત્ દીક્ષા તજીને ત્રિદંડિક થઈને પણ ભવ્યજીવોને યથાર્થ ઉપદેશ દેતો હતો. એકદા કપિલ નામના કોઇ કદાગ્રહીએ તંત લીધાથી તેણે કહ્યું કે 'હે કપિલ એ મુનિયો પાસે ધર્મ છે તેમજ મારી પાસે પણ છે' એ ઉત્સૂત્ર ભાષણથી સંસાર વધાર્યો. ૧૦૬

અનેક પ્રકારના અનુકૂળ અથવા પ્રતિકુળ પરિષહ અને ઉપસર્ગને સાધુઓ સમભાવથી સહન કરે છે. પણ પોતાના વ્રત નિયમને વિરાધતા નથી એવા મુનિયોની બલિહારી છે. ૧૦૭

## "धर्मनुं फळ"

આત્મહિતકારી કાર્ય કરનાર કરાવનાર અને અનુમોદનાર **બલભદ્ર મુનિ** દાનદાતા **રથકાર** અને દાન દાતારની અનુમોદના કરનાર **મૃગલા**ની પેરે સદ્ગતિનાજ ભાગી થાય છે. ૧૦૮

બલભદ્ર મુનિ દુષ્કર તપસ્યા કરતા હતા. દુર્ધર તપના પ્રભાવે હિંસારી જાનવરો પણ દયાર્દ્ર થઇ ગયા હતા. એક મૃગલો મુનિનો ભક્ત બની ગયો હતો. ગિરિ ઉપર રહી તપસ્યા કરનાર બલભદ્ર મુનિના પારણા વખતે તે મૃગલો પ્રથમ

આસપાસ તપાસ કરી તે મુનિને જે સ્થળે નિર્દોષ આહાર પાણી મળી શકે એવું સ્થાન સંજ્ઞા કરીને અથવા આગળ ચાલીને બતાવતો હતો. એકદા માસ ખમણના પારણે જે સ્થળે એક રથકાર જંગલમાં ખપ યોગ્ય કાષ્ટ લેવાને આવ્યો હતો ત્યાં લઇ ગયો. વૃક્ષની એક મોટી શાખા કાપતાં ભોજનનો અવસર થઇ જવાથી તે શાખાને કાપવી અધુરી મૂકીને રસોઇ કરવા લાગ્યો હતો. રસોઇ તૈયાર કર્યા બાદ ભોજન જમવા બેસતાં મનમાં વિચાર કરવા લાગ્યો. કે ભાગ્યવશાત્ કોઇ સુપાત્ર મળી જાય તો તેને અન્નપાણી આપીને ભોજન કરૂં એમ વિચારે છે. એવામાં તે મૃગ સહિત મુનિ ત્યાં પધાર્યા. રથકાર હર્ષભર મુનિને દાન દેવા લાગ્યો છેઃ—

મૃગલો દાનની અનુમોદના કરી રહ્યો છે. એવામાં અર્ધી કાપેલી વૃક્ષ શાખા દૈવવશાત્ તૂટીને મુનિ, રથકાર અને મૃગલા ઉપર પડી. ત્રણે સમભાવથી મરણ પામી પાંચમા દેવલોકમાં સાક્ષાત્ દેવપણે જઇ ઉપન્યા. એવીજ રીતે કોઈ પણ ધર્મ કરણી કરનાર, કરાવનાર તેમજ અનુમોદનાર સદ્ગતિ પામે છે. ૧૦૯

પ્રથમ પૂરણ શેઠે અતિ દુષ્કર તપ ચિરકાળ સુધી કર્યો હતો તે તપ જો જીવ રક્ષાપૂર્વક કર્યો હોત તો તેથી ભારે લાભ પ્રાપ્ત કરી શક્ત. અજ્ઞાન તપથી દેવગતિ રૂપ અલ્પ માત્ર ફળ મળ્યું ૯

## “ नित्या वास अथवा एक स्थाने स्थायीपणा विषे ”

જો કોઈ પુષ્ટ કારણે એકજ સ્થાને સ્થાયી રહેવું પડે તો સંયમ માર્ગમાં સારી રીતે સાવધાનપણે વર્તવું, જેથી ગૃહસ્થના ચિર પરિચયથી રાગદ્વેષાદિક દોષ થવા પામે નહિં. જેવી રીતે

વૃદ્ધ અવસ્થાદિક કારણુને લીધે શ્રી સંગમાચાર્યને સ્વસંયમમાં સાવધાનપણે એકસ્થાને રહેલા દેખીને દેવતા પણુ તેમની સેવા કરવા લાગ્યા, એવી રીતે કાળજીથી સંયમ પાળનારની બલિહારી છે. પ્રમાદરહિત પણે સંયમ પાળનાર સુખે છેડા સુધારી શકે છે. ૧૧૦

નિષ્કારણુ એકજ સ્થાને રહેતાં મોહ મમત્ત્વ યોગે દુનિયાદારીની પેરે સંસાર વ્યવહાર કરનાર સાધુ કલિ–કલેશ, રાગ દ્વેષાદિક દોષોથી શી રીતે બચી શકે ? પ્રમાદશીલ સાધુ ઉક્ત દોષોથી બચી શકે નહિં ૧૧૧

અરે ! જીવહિંસા વિના ઘર વિગેરેનું સમાર કામ શી રીતે થઇ શકે ? અને જે જીવહિંસા કરીને એવાં કામ કરે છે તે પ્રગટ અસંયતપણું છે. સુવિહિત સાધુને એવાં કામ કરવાં છાજેજ નહિં ૧૧૨

## " गृहस्थना परिचयथी थती हानि "

ગૃહસ્થોના થોડાપણુ પરિચયથી શુદ્ધ મુનિને લેપ લાગે છે, તો બીજાનું તો કહેવુંજ શું ? એકદા કોઇક નિમિત્તીયાએ નિમિત્ત જોવાને કેટલાક બાળકોને બીવડાવ્યાં, તે બિધેલા બાળકો જ્યાં વારત્તક મુનિ છે ત્યાં આવ્યાં. મુનિએ કહ્યું કે બચ્ચાંઓ બીશો માં. તમારે કંઈ બીવાનું કારણુ નથી. તમે નિર્ભય રહો. એવાં મુનિનાં વચન સાંભળી નિમિત્તિયાએ રાજા પાસે નિમિત્ત ભાખ્યું કે આપને પણુ ભય પામવાનું કંઇ કારણુ નથી. એથી તે રાજાએ સહજમાં ચંડપ્રદ્યોતન રાજાનો પરાભવ કર્યો. એકદા ચંડપ્રદ્યોતનને ઉક્ત નિમિત્ત સંબંધી

માલમ પડવાથી તેણે વારત્તક મુનિને લોક સમક્ષ હાસ્યપૂર્વક કહ્યું કે હે નૈમિત્તિક મુનિ ! તમને નમસ્કાર ! મતલબકે ગૃહસ્થ સંબંધી આટલા અલ્પ પરિચયથી હાનિ થઇ તો વિશેષ પરિચયનું તો કહેવુંજ શું ? વધારે પરિચયથી તો મુનિને અવશ્ય-હાનિ થાયજ છે. ૧૧૩

વધારે પરિચયથી સ્ત્રીઓ સાથે સંબંધ વિશ્વાસ, સ્નેહ અને કામભોગ વિગેરે અનર્થ પરંપરા સંભવે છે. તેથી તપ સંયમનો સર્વથા લોપ થઈ જાય છે. વળી ગૃહસ્થોના પરિચય-વડે જ્યોતિષ નિમિત્ત પ્રમુખ અનેક પ્રકારના પાપોપદેશ કરવા કરાવવા તથા અનુમોદવાનું બને છે. તેથી પણ સાધુના તપ સંયમનો ક્ષય થાય છે. ૧૧૪–૧૫

જેમ જેમ સાધુ ગૃહસ્થનો પરિચય કરતો જાય છે તેમ તેમ ક્ષણે ક્ષણે તે વધતો જાય છે. અનુક્રમે તે પરિચય એટલો બધો વધી જાય છે કે તે પછી રોકી શકાતોજ નથી. અંતે સાધુ સંયમથી ભ્રષ્ટ થઇ જાય છે. ૧૧૬

જે સાધુ પિંડ વિશુદ્ધિ પ્રતિલેખન અને પ્રતિક્રમણાદિક ઉત્તમ ગુણોનો ત્યાગ કરે છે તે અલ્પ સમયમાંજ પંચ મહાવ્રતાદિક મૂળ ગુણોનો પણ નાશ કરે છે. જેમ જેમ સાધુ પ્રમાદને સેવતો જાય છે તેમ તેમ કષાયોવડે તેની કદર્થના થતી જાય છે. માટે પ્રથમથીજ **પાણી પહેલાં પાળ** બાંધવાની પેરે ગૃહસ્થના પરિચયથી દૂર રહી પ્રમાદ આચરણ પરીહરી, તપ જપ સંયમ સાધનમાં સદા સાવધાન થઇ રહેવું. ૧૧૭

## “ ग्रहण करेलां व्रतमां करवी जोइती दृढता विषे ”

જે મહાનુભાવ વ્રત નિયમને દૃઢ નિશ્ચયથી ગ્રહણ કરે છે

અને પ્રાણાંત સુધી શુરવીરપણે તેનું પાલન કરે છે તે ચંદ્રાવતંસક રાજાની પેરે સ્વહિત સાધી શકે છે. ચંદ્રાવતંસક રાજાએ એકદા મનથી પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી રાત્રીમાં દીવો બુઝાશે નહિં ત્યાં સુધી મારે કાઉસ્સગ્ગધ્યાને રહેવું. એવી દૃઢ પ્રતિજ્ઞા કરીને તે કાઉસ્સગ્ગધ્યાને ઉભા રહ્યા. રાજાજી અંધારે શી રીતે રહી શકશે એમ વિચારી દાસી બાલિકાએ નવું નવું તેલ પૂરીને આખી રાત સુધી દીપક જલાવી રાખ્યો. છતાં લેશમાત્ર ધ્યાનથી ચુકયાવિના તે શરીરની સુકુમારતાથી આયુષ્ય સમાપ્ત કરી સ્વર્ગે સધાવ્યા. ૧૧૮

જે સાધુ ક્ષુધા તૃષા શીત તાપ વિગેરે વિવિધ પરીસહ ઉપસર્ગને સમભાવે સહન કરે છે તે સાધુ તપ સંયમને સુખે સાધી શકે છે. કાયર થઇ પ્રમાદ આચરણ કરનાર તપ સંયમને નિષ્ફળ કરે છે. ૧૧૯

ધર્મરહસ્યને જાણનારા ગૃહસ્થ પણ ગ્રહણ કરેલાં વ્રત નિયમમાં દૃઢ રહે છે તો નિગ્રંથ મુનિનું તો કહેવુંજ શું? અત્ર સંબંધે કમલામેલાનું હરણ કરાવી તેનું પાણીગ્રહણ કરનાર સાગરચંદ્રનું દૃષ્ટાંત લક્ષમાં રાખવું—નભઃસેનને અપાયેલી કમલામેલાનું સ્વરૂપ ચિત્રમાં આલેખી નારદે સાગરચંદ્રને બતાવવાથી તે તેમાં આસક્ત થયો. તેથી તે સર્વત્ર કમલાનેજ જોવા લાગ્યો. સાંબકુમાર એકદા હાસ્યથી તેની આંખો દબાવી તેની પુંઠે ઉભો રહ્યો, તો સાગરચંદ્ર તેને કમલામેલા માની લઇ કમલામેલા! મૂકી દે. (૨) એમ બોલવા લાગ્યો. સાંબે કહ્યું કે હું કમલામેલા નથી

પણ કમલામેલા છું. એમ જાણી સાગરચંદ્રે કહ્યું કે એમજ છે તો આપ મને કમલામેલા મેળવી દ્યો. સાંબે વિદ્યાબળથી વિવાહકાળે તેનું હરણ કરી ઉદ્યાનમાં લાવી તેની સાથે તેનો હસ્તમેળાપ કરાવી તેનો મનોરથ પૂર્ણ કર્યો. આથી નભઃસેન સાગરચંદ્ર સાથે વૈરભાવ રાખવા મંડયો. એકદા શ્રી નેમીશ્વર પ્રભુની દેશના સાંભળી સાગરચંદ્ર અણુવ્રતને આદરી ગાઢ વૈરાગ્યથી સ્મશાનભૂમિ સમીપે કાયોત્સર્ગ કરીને રહ્યા છે. એવામાં નભઃસેને તેને દૈવવશાત્ દેખી મરણાંત ઉપસર્ગ કર્યો, તેને સમભાવે સહન કરી સાગરચંદ્ર સ્વર્ગે સધાવ્યો. શ્રાવક છતાં પણ વ્રતમાં કેવી દૃઢતા? ૧૨૦

કામદેવ શ્રાવકની ઈંદ્રે કરેલી પ્રશંસાને નહિ માનતા કોઇ દેવે વિવિધ પ્રકારના ભયંકર રૂપોવડે કામદેવને વ્રત નિયમથી ચલાયમાન કરવા પ્રયત્ન કર્યા છતાં તે લેશમાત્ર ચલાયમાન થયો નહિ. શ્રાવક છતાં વ્રત નિયમમાં કેવી નિશ્ચળતા? ૧૨૧

## माठा अध्यवसायथी थता अनर्थ विषे.

ઇચ્છિત ભોગને અણુભોગવતા છતાં મનના માઠા પરિણામથી કઇક મૂઢાત્મા અધોગતિને પામે છે. જેમ એક ભિક્ષુક નગરીમાં ભિક્ષા અણુપામતો કોઇ પર્વત સમીપે ઉજાણી કરવા આવેલા લોકો પાસે ભિક્ષાર્થે ભમવા લાગ્યો, ત્યાં પણ દૈવયોગે ભિક્ષા નહિ મળવાથી અત્યંત કોપ પામી તે સર્વ લોકોને ચુરી નાંખવા પર્વત ઉપર ચઢી એક મોટા પથ્થરને દોડવતાં તેનાથી પોતેજ ચુર્ણીભૂત થઇ નર્કમાં ગયો. એ મહા માઠા પરિણામનું પ્રત્યક્ષ ફળ મળ્યું. ૧૨૨

## "प्रमाद आचरण तजवा विषे"

લાખો ગમે ભવમાં દુર્લભ અને જન્મ જરા મરણ નિવારક એવા **જિનવચન**માં હે ભવ્યો ! અનાદર ન કરો. વિષય કષાય અને વિકથાદિક પ્રમાદાચરણ તજીને હે ભવ્યો ! તેમાં આદર કરો. ૧૨૩

જો જિન વચનમાં શ્રદ્ધા ન આવે અને શ્રદ્ધા આવ્યા છતાં વૈરાગ્ય ન જાગે પણ વિષયસુખમાં જ રતિ પડે તો તે રાગદ્વેષાદિકનો જ દોષ જાણવો ૧૨૪

સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રાદિક અનેક સદ્દગુણોનો નાશ કરનાર અને મહા દુઃખદાયક એવા રાગદ્વેષાદિક દોષોનો સૂક્ષ્મ બુદ્ધિજનોએ દૂરથીજ ત્યાગ કરવો. ૧૨૫

ગમે એવા કોપેલા કટ્ટા સમર્થ શત્રુ નુકશાન કરી ન શકે તેટલું નુકશાન એ રાગદ્વેષાદિક દોષોને નહિ દબાવવાથી થાય છે. ૧૨૬

એ રાગદ્વેષાદિક દોષોને સેવવાથી શરીર અને મનને ખેદ થાય છે, દુનિયામાં અપવાદ થાય છે, સદ્દગુણોનો લોપ થાય છે, અને પરલોકમાં પણ અનેક પ્રકારની આપદાઓ ખડી થાય છે. ૧૨૭

અહો ધિક્કારની વાત છે કે રાગદ્વેષનાં અતિ કડવાં ફળ જાણતા છતાં પણ મૂઢ જીવો તે દોષોને સેવ્યાજ કરે છે. ૧૨૮

જો રાગદ્વેષ ન હોત તો દુઃખ કોણ પામત. સુખથી ચકિત કોણ થાત ? અને અક્ષય અવ્યાબાધ એવા મોક્ષસુખથી બેનશીબ કોણ રહેત ? એ કલ્પિત સુખ દુઃખના કારણિક તથા સાચા સુખમાં અંતરાય કરનાર આ રાગદ્વેષાદિક દુષ્ટ દોષોજ છે.

# "विषय कषाय ने वश थएला साधु संयमथी भ्रष्ट थाय छे."

અભિમાની, ગુરૂથી પ્રતિકુળ વર્તનાર, અનાચારી, ઉન્માર્ગવર્તી એવા કુશિષ્યો ગોશાળાની પેરે મિથ્યા કાય કલેશ સહન કરે છે. નિરંતર કલહ અને ક્રોધ કરનાર, અપ શબ્દ બોલનાર તથા વિવાદ કરનાર તેમજ સદા ક્રોધથી ધમધમતો એવો સાધુ નિરર્થક સંયમ સેવે છે. કષાય કલુષિત સાધુની સંયમ કરણી નિષ્ફળ થાય છે. ૧૩૧

જેમ દાવાનળ ક્ષણવારમાં સમસ્ત વનને બાળીને ભસ્મ કરે છે, તેમ ક્રોધાદિક કષાયને વશ થએલો સાધુ પણ ક્ષણવારમાં સંયમ કરણીનો નાશ કરે છે. જો સંયમની સફળતા ચાહે તો સાધુ યોગ્ય ક્ષમા મૃદુતાદિક દશવિધ યતિ ધર્મને યથાર્થ રીતે આદરવો જોઈએ, તે વિનાની કષ્ટ કરણી ફોક થાય છે. ૧૩૨

જો કે શુભાશુભ પરિણામની તરતમતા મુજબ ન્યુનાધિક કર્મબંધ થાય છે, તોપણ વ્યવહાર માત્રથી આવી રીતે કહ્યું છે કે ૧૩૩.

કોઇને કર્કશ કઠોર વચન કહેવાથી એક દિવસના તપ સંયમનો લોપ થાય છે. કોઇની નિંદા–હીલના કરવાથી એક માસના તપ સંયમનો ક્ષય થાય છે. કોઇને શ્રાપ દેવાથી એક વર્ષના તપ સંયમનો નાશ થાય છે અને કોઇને હણવાથી સકળ સંયમ પર્યાયનો ક્ષય થાય છે. ૧૩૪

જો કોઇને જીવથી મારે તો સર્વ સંયમનો ક્ષય કરી પાપ કર્મ બાંધે છે. એવી રીતે અત્યંત પ્રમાદ આચરણથી જીવ સંસારચક્રમાં ભમ્યાં કરે છે. ૧૩૫

# " साधुनी समता–सहनशीलता. "

અજ્ઞાની લોકોએ કરેલા આક્રોશ, તર્જના, તાડના, અપમાન અને ઉપસર્ગને ભવભીરૂ મુનિઓ દઢપ્રહારી સાધુની પેરે સારી રીતે સહન કરે છે. મનમાં લગારે ખેદ ધારતા નથી. પ્રથમ અન્યાય માર્ગે લોકોને ભારે ત્રાસ આપનાર દઢ પ્રહારી અંતે સંસારથી વૈરાગ્ય પામી, મહાવ્રત અંગીકાર કરી નિશ્ચળપણે કાઉસગ્ગ ધ્યાને રહ્યો. પૂર્વના વૈરને સંભારી સંભારીને લોકો તેને બહુ ઉપસર્ગ કરવા લાગ્યા. છ મહિના સુધી સર્વ ઉપસર્ગોને સમભાવે સહન કરીને અંતે તે અક્ષયપદ પામ્યો. એવી રીતે આત્માર્થી સાધુએ સમતા ધારવી જોઇએ. ૧૩૬

વળી સહસ્રમલ્લ સાધુની પેરે મુનિયો સમતાને ધારે છે. નીચ લોકોએ કરેલાં અડપલાંથી મનમાં ખેદ કરી મુનિયો તેમની સામા થતા નથી. શ્રાપ આપનારને સામો શ્રાપ આપતા નથી, અર્થાત્ આક્રોશ કરનારની સામા આક્રોશ કરતા નથી. યાવત્ મરણાંત ઉપસર્ગને પણ સમભાવથી સહન કરે છે. પૂર્વે કાલસેન નામના કોઇ રાજશત્રુને જીવતો બાંધીને રાજાની સમક્ષ આણવાથી સહસ્રમલ્લ ઉપર પ્રસન્ન થઇ તે રાજાએ તેને ઘણો ગિરાસ આપ્યો હતો. અન્યદા સુદર્શનાચાર્ય સમીપે ધર્મદેશના સાંભળી વૈરાગ્યથી તેણે જૈનદીક્ષા અંગીકાર કરી. એકદા તે મુનિને દેખી નભસેને તેના પરિવારને ઉશ્કેરી મુનિની કદર્થના કરાવી. મારા નિમિતે આ બાપડા જીવો દુર્ગતિમાં જાશે એમ કરૂણાર્દ્ર દીલથી વિચારતા તે મુનિ સમભાવે મૃત્યુ પામી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉપન્યા. ત્યાંથી મનુષ્યભવ પામી મોક્ષે

જશે. એવી રીતે મોક્ષાર્થી મુનિએ સદા સમતારસમાં લીન રહે છે. ૧૩૭

દુર્જન લોક સંત સાધુજનોને જે વચનબાણ મારે છે તે તેમને ક્ષમારૂપી ઢાલ આગળ ધરવાથી વાગતા નથી. સાધુઓ સિંહવૃત્તિને ધારણ કરીને ચાલે છે તેથી શુરવીરપણે કર્મશત્રુને હણવાજ તત્પર રહે છે પણ શ્વાનની પેરે કાયર થઈને જેની તેની ઉપર કોપતા નથી. ૧૩૮

જો શ્વાનને પથ્થર માર્યો હોય તો તે પથ્થરનેજ કરડવા દોડે છે અને સિંહને જો બાણ મારવામાં આવે તો તે બાણને નહિ છેડતાં બાણ કયાંથી આવ્યું અને કોણે માર્યું તેનો વિચાર કરી બાણ મારનારને પકડી ઠાર મારે છે. એવી રીતે જ્ઞાની વિવેકી પણ પૂર્વકૃત કર્મનું સ્વરૂપ વિચારી તે કર્મનોજ ક્ષય કરવા પ્રયત્ન કરે છે. સુખ દુઃખના નિમિત્તમાત્ર ઉપર રાગદ્વેષ કરતા નથી. ૧૩૯

દુઃખની વખતે જ્ઞાની વિચારે છે કે મેં પ્રથમ ભવમાં એવું સુકૃત કર્યું હોત તો ગમે તેવો સમર્થ પુરૂષ પણ મારો પરાભવ કરી શકત નહિ. અત્યારે અન્ય ઉપર કોપ કરવાથી શો ફાયદો થવાનો છે? એમ સમજી ધૈર્ય ધારીને જ્ઞાની પુરૂષ સમભાવનેજ અંગીકાર કરે છે. ૧૪૦

ખંધક મુનિ ઉપર અનુરાગ (સ્નેહભાવ) થી તેના પિતા શ્વેતછત્ર ધરાવતા હતા પરંતુ તે મુનિ સ્નેહપાશમાં પડયા ન હતા. ૧૪૧

પિતા માતા પુત્ર અને પ્રિય સ્વજનોનો સ્નેહ અત્યંત ગ-

હન જાણીને મોક્ષાર્થી મુનિઓ તજી દે છે. સ્નેહને સંકલેશકારક સમજી સમતાવંત સાધુઓ તેને આદરતાજ નથી. ૧૪૨

સંસારનું સ્વરૂપ જેણે યથાર્થ જાણ્યું નથી તે તો સ્વજનોના સ્નેહપાશમાં પડી જાય છે. પરંતુ જેણે સંસારનું સ્વરૂપ સારી રીતે જાણી લીધું છે એવા સાધુ પુરૂષો તો રાગદ્વેષથી દૂર રહી સમભાવ ધારે છે. ૧૪૩

## " संसारिक स्नेह केवो कृत्रिम अने अनर्थकारी छे ?

તે બતાવે છે–માતા, પિતા, ભાઇ, ભાર્યા, પુત્ર, મિત્ર, સ્વજનો, પણ આ લોકમાં પ્રત્યક્ષ રીતે અનેક પ્રકારના ભય અને ખેદને ઉત્પન્ન કરે છે. ૧૪૪

માતા પોતાનો ધારેલો અર્થ પાર ન પડે તો પુત્રનો પણ પ્રાણ હરે છે. વિષયસુખમાં અંધ બનેલી ચુલણી માતાએ બ્રહ્મદત્ત ( ચક્રી ) ના પ્રાણ હરવા લાક્ષાગૃહ કરી તેને સળગાવી દીધો હતો. જયારે માતા પણ કામાંધ બની પુત્રના પ્રાણ લેવા તત્પર થાય તો અન્યનું તો કહેવુંજ શું ? એમ સમજી સંસારના સ્વાર્થી સ્નેહમાં વિશ્વાસ નજ કરવો. તેમાં વિશ્વાસ કરી બેસનારા ઠગાઇ બેસે છે. ૧૪૫

રાજ્યના લોભથી અંધ બની પિતા પુત્રને પણ ત્રાસ આપે છે. કનક કેતુરાજા પોતાના પુત્રોના અંગોપાંગ અનેક રીતે છેદાવી નાંખતો હતો, એવી બુદ્ધિથી કે તે રાજ્યને લાયક રહે નહિં. ૧૪૬

જેમ ભરત બાહુબળીને હણવા દોડ્યો તેમ તુચ્છ સ્વાર્થને માટે ભાઇ પણ સ્વબંધુને મારવા દોડે છે. એવા સ્વાર્થને ધિક્કાર છે. ૧૪૭

વિષય વિકારથી વિહ્વલ બનેલી ભાર્યા પણ પોતાના પતિના પ્રાણ અપહરે છે. રાજ્યકુળમાં પેદા થયેલી સૂરીકંતા સ્ત્રીએ પણ પોતાના પતિ પ્રદેશીને હણી નાંખ્યો તો અન્યનું કહેવુંજ શું ? ૧૪૮

રાજ્યના લોભથી જેમ કોણિકે પોતાના પિતાનો નાશ કર્યો તેમ સ્વાર્થઅંધ પુત્રો પોતાના પિતાના પણ પ્રાણ લેછે. ૧૪૯

સ્વાર્થી મિત્રો આપણા સ્વાર્થને સાધીને જેમ ચાણુકયે પર્વતરાજાનો ઘાત કર્યો તેમ મિત્રદ્રોહ કરીને મિત્રને મારે છે.

પ્રથમતો પર્વત રાજાની સહાય લઇને ચાણુકયે, નંદરાજાનો પરાજય કર્યો. પણ પાછળથી રાજ્યનો ભાગ આપવો ન પડે એવી સ્વાર્થબુદ્ધિથી વિષકન્યા સાથે પર્વતરાજાનો સંબંધ કરાવી તેને માર્યો. ૧૫૦

સ્વજન–સંબંધી લોકો પણ પોતાનો સ્વાર્થ બગડતો હોય તો તે પ્રસંગે રાતા પીળા થઇ જાય છે. જેમ પરશુરામે અને સુભુમચક્રવર્તીએ સર્વ ક્ષત્રિયોનો અને બ્રાહ્મણોનો ક્ષય કર્યો, તેમ અન્ય સ્વજન સંબંધી આશ્રી પણ સમજવું. ૧૫૧

## " मुनिमार्ग "

કુળ, ગ્રહ, સ્વદેશ, ક્ષેત્ર સ્વજનાદિક સ્થાને પ્રતિબંધ રહિત વિચરતા મુનિવરો આર્યમહાગિરિ મહારાજની પેરે કોઇની સહાય ઇચ્છે નહિં. જીન કલ્પનો વિચ્છેદ થયા છતાં આર્ય મહાગિરિજી મહારાજ આર્ય સુહસ્તીને સ્વસાધુ સમુદાય ભળાવીને જિનકલ્પી સાધુની પેરે વિચર્યા હતા. ૧૫૨

રૂપથી, યૌવન વયથી, કળાથી, સારી કન્યાઓથી, અને સુખ સંપદાથી ઉત્તમ મુનિયો જંબૂકુમારની પેરે લોભાતા નથી.

જંબુકુમારે ૯૯ ક્રોડ સોનૈયાની સાહેબી, તથા સુંદર રૂપવંતી આઠ કન્યાઓનો ભર યૌવનમાં એક સાથે ત્યાગ કરી સંયમ માર્ગ અંગીકાર કર્યો હતો. ૧૫૩

ઉત્તમ કુળમાં ઉત્પન્ન થએલા, અને રાજકુળમાં પણ મુગટ સમાન એવા મુનિવરો **મેઘકુમારની** પેરે સારણા વારણાદિકને અથવા નાની વસતિ હોવાના કારણથી મુનિયોના પાદસ્પર્શાદિકને સહન કરે છે. શ્રેણિક રાજાના અતિ સુકુમાર પુત્ર મેઘકુમારે વીરપ્રભુની દેશના સાંભળી વૈરાગ્યથી દીક્ષા લીધી. સ્થળસંકોચાદિકના કારણથી જતા આવતા મુનિઓના ચરણ સ્પર્શનાદિકથી મેઘમુનિ પ્રથમ તો ખેદ પામ્યા. પરંતુ પછી વીરપ્રભુએ પૂર્વભવનો વ્યતિકર કહેવાથી જાતિસ્મરણજ્ઞાન પામી ચારિત્રમાં સ્થિર થઇ સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. એવી રીતે અન્ય મુનિયોએ પણ ચારિત્રમાં સ્થિર થાવું. ૧૫૪

## " गुरुकुळवासना फायदा "

ગુરૂકુળ વાસમાં રહેતાં કવચિત્ સ્થળસંકોચાદિકથી અન્યોન્ય સંઘટ્ટ થાય, વિષયસુખ સેવાય નહિં, પરિસહ સહન કરતાં શરીરમાં પણ પીડા થાય, તેમજ ગુરૂ મહારાજને આધીન રહી સારણા, વારણા, ચોયણા અને પડીચોયણાદિક સહન કરવાં પડે. ૧૫૫

ગુરૂકુળવાસને તજી એકાકી રહેનાર સ્વચ્છંદચારી સાધુ શી રીતે સંયમ પાળી શકે ? અથવા કાર્યાકાર્યનો વિવેક શી રીતે રાખી શકે ? નિરંકુશતાથી એકાકી સાધુ સંયમ સાચવી શકે નહિં. ૧૫૬

વળી એકાકીને સૂત્ર અર્થની પ્રાપ્તિ, તથા શંકા સમાધાન શી રીતે થાય ? સંયમથી સ્ખલિત થતાં તેને ઠેકાણે કોણ લાવે ? તેમજ વિનય, વૈયાવચ્ચ તથા મરણાંત આરાધનાનો લાભ શી રીતે મળે ? સ્વચ્છંદ મતિવાળા સાધુઓ ઉત્તમ લાભથી બે નશીબ રહે છે. વિનય વૃત્તિથી ગુરૂકુળવાસમાં વસતાં સર્વ લાભ મળે છે. ૧૫૭

એકાકી સાધુ પિંડ વિશુદ્ધિ ( નિર્દોષ આહાર પાણી ) કરી શકે નહિં. એકાકી સાધુને જ્યાં ત્યાં સ્ત્રીજનોનો ભય રહેલો છે. પરંતુ ગુરૂકુળવાસમાં તો બહુ સાધુ મધ્યે વસતાં લજ્જાથી પણ અકાર્ય સેવી શકાય નહિં. ગુરૂકુળવાસમાં રહેતાં ઘણા ફાયદા છે. ૧૫૮

વડીનીતિ, લઘુનીતિ, વમન, પિત્તપ્રકોપ અને વિશુચિકાદિક કારણથી બેભાન થએલો એકાકી સાધુ માર્ગમાં જતાં કદાચ જળપાત્ર પાડી નાંખે અને તેથી શાસનની લઘુતા થાય. ૧૫૯

એક દિવસમાં શુભાશુભ પરિણામ જીવના બહુવાર થાય છે. એકાકી સાધુ કવચિત્ અશુભ પરિણામને પામી ખોટા અવલંબનથી ચારિત્ર થકી ચૂકે છે. તેવે વખતે તેને ઠેકાણે લાવે કોણ ? ૧૬૦

એવાં એવાં અનેક કારણોથી સર્વ જીનોએ એકાકી રહેવાનો નિષેધ કર્યો છે. વળી દેખાદેખી એકાકી વિહાર વધતો જાય છે. સ્થવીર કલ્પનો ભેદ થાય છે અને અનેક જનોને શંકા ઉપજે છે. એકાકી રહેનાર સાધુ અપ્રમાદી હોય તોપણ તે કવચિત્ કૂડાં નિમિત્તને પામી જોતાં જોતાંમાં તપ સંયમને હારે છે. ૧૬૧

## " साधुए स्त्रीजनोनो परिचय सर्वथा तजवा विषे "

વેશ્યા, વૃદ્ધ કન્યા, પતિ વિરહિણી, બાળ વિધવા, પરિવ્રાજિકા, કુલટા, નવતરૂણી, તેમજ વૃદ્ધ સ્ત્રી, વિટ સહિત અને ઉદ્ભટ રૂપવાળી નારી દેખી થકી મોહને ઉત્પન્ન કરે છે એમ સમજી આત્મહિત ઇચ્છનાર સાધુપુરૂષો તેમનો દૂર થકી ત્યાગ કરે છે. ૧૬૨-૬૩

તત્ત્વજ્ઞાની અને તત્ત્વશ્રદ્ધાન યુક્ત છતાં અત્યંત વિષયસુખના રાગને વશ થઈને સત્યકી વિદ્યાધરની પેરે મોહથી વિહ્વલ બની જીવ ભવસંકટમાં પડે છે. ૧૬૪

## " संत सुसाधु जनोनो विनय करवानुं फळ "

નિર્મળ તપ સંયમને સેવનારા સાધુજનો પ્રત્યે પૂજા, પ્રણામ, સત્કાર, સન્માન કરવામાં તત્પર રહેનાર પુરૂષ કૃષ્ણ વાસુદેવની પેરે પૂર્વે બાંધેલા અશુભ કર્મને પણ શિથિલ કરી નાંખે છે. જેમ શ્રી નેમીશ્વર પ્રભુના ૧૮ હજાર મુનિયોને બહુ માનપૂર્વક વાંદતાં તેણે સાતમી નર્કયોગ્ય કર્મદલને તોડી ત્રીજી નર્કયોગ્ય કર્યા. નિર્મળ સમકિત ઉપાર્જ્યું તથા તીર્થંકર નામ કર્મ બાંધ્યું. ૧૬૫

સાધુ મુનિરાજના સન્મુખ જવાથી, તેમને વંદન નમસ્કાર કરવાથી, અને સુખ સમાધિ પૂછવાથી ઘણા કાળનાં કર્મ પણ ક્ષણ વારમાં ક્ષય પામે છે. એવો મહિમા સંત સુસાધુ જનોને સદ્ભાવથી નમસ્કાર કરવાનો છે. ૧૬૬

કેટલાક શિષ્યો સુશીલ, ધર્મ રૂચિવાળા, અને અત્યંત

સજ્જન હોવાથી ગુરૂ મહારાજને સુખશાંતિ ઉપજાવે છે. જેમ ચંડરૂદ્ર આચાર્યને નવા દીક્ષિત શિષ્યે સમાધિ ઉપજાવી તેમ સુશિષ્યો ગુરૂ મહારાજને સમાધિ ઉપજાવે છે. ગુરૂ મહારાજ શિષ્ય પ્રત્યે કવચિત્ કારણવશાત્ તાડના તર્જના કરે તો તેથી સુશિષ્યો ખેદ નહિં કરતાં પ્રસન્ન ચિત્તથી ગુરૂ મહારાજની સેવા બજાવે છે, એવી નમ્ર વૃત્તિવાળા શિષ્યો ગુરૂ મહારાજના વિનયથી ચંડરૂદ્ર આચાર્યના શિષ્યોની પેરે કેવળ જ્ઞાનાદિક સંપદા પામીને મુક્તિ કમલાને વરે છે. એવા સુશિષ્યોની વિનયવૃત્તિથી ગુરૂ મહારાજ પણ મોટો લાભ મેળવે છે. ૧૬૭

## " धर्महीन कुगुरुथी दूर रहेवा विषे "

કવચિત્ વિજયસેનસૂરીના શિષ્યોએ સ્વપ્નામાં હાથીના બચ્ચાઓથી પરિવરેલા એક ભુંડને દેખી તે વાત ગુરૂમહારાજને નિવેદન કરી. ગુરૂમહારાજે કહ્યું કે કોઇક અભવ્ય ગુરૂ સુશિષ્યોથી પરિવરેલો અત્ર આવશે. એવીજ રીતે બન્યું. પરીક્ષા કરવા માટે રાત્રી સમયે લઘુશંકા કરવાના સ્થાને કોલસા પથરાવ્યા. લઘુ શંકા કરવા જતાં તે સ્થાને કોલસા ઉપર નિઃશંકપણે તે અભવ્ય આચાર્ય ચાલ્યા ગયા. અને અન્ય સુશિષ્યો તો જીવની ભ્રાંતિથી પાછા નિવર્તી આવ્યા. પ્રભાતે સર્વ વૃત્તાંત સુશિષ્યોને જણાવ્યો તેથી તેમણે તેવા ધર્મહિન ગુરૂનો ત્યાગ કર્યો. અનુક્રમે તે અભવ્ય આચાર્ય ભયંકર ભવસમુદ્રમાં ભમતો એકદા ઉંટપણે ઉપજ્યો. ઘણાભારથી પીડિત થતાં તે ઉંટને રાજપૂત્ર તરીકે અવતરી સ્વયંવર નિમિત્તે આવેલા પૂર્વભવના શિષ્યોએ જાતિસ્મરણજ્ઞાનથી જાણી દેખી કરૂણાવડે તેને તેવા

દુઃખથી મુક્ત કર્યો અને તે રાજપૂત્રો વૈરાગ્યયુક્ત ચિત્તથી દિક્ષા ગ્રહણ કરી, સ્વહિત સાધવા લાગ્યા. ઉંટ તરીકે ઉત્પન્ન થયેલો શ્રદ્ધાહીન કુગુરૂ અનંત સંસારમાં પરિભ્રમણ કરશે. એવા કુગુરૂથી દૂરજ રહેવું હિતકારી છે શ્રદ્ધા અને ચારિત્રહીન કુગુરૂનું જ્ઞાનમાત્ર નિષ્ફળજ છે. ૧૬૮-૬૯

## " परिणामनी विचित्रता विषे "

પુદ્‌ગલાનંદી અને ભવાભિનંદીજીવો સંસારમાં થતી વિવિધ વિડંબનાને લેખતા નથી. તેમજ કેટલાક હલવા કર્મી જીવ તો પુષ્પચૂલાની પેરે સહજમાં પ્રતિબોધ પામી જાય છે. સ્વપ્નગત દેખેલા સ્વર્ગ અને નરકના સ્વરૂપ માત્રથી પુષ્પચુલા વિષયસુખથી વિરક્ત થઇ અર્ણિકાપુત્ર આચાર્ય સમીપે દીક્ષા ગ્રહણ કરી કેવળજ્ઞાનાદિક સંપદાપામી મુક્તિગામી થઇ. ૧૭૦

જે વૃદ્ધ અવસ્થામાં પણ પ્રતિબોધ પામી અખંડ તપસંયમને આરાધે છે. તે અર્ણિકાપુત્રની પેરે અલ્પકાળમાં અક્ષય સુખને સાધે છે. અર્ણિકાપુત્ર આચાર્ય નાવ વડે ગંગા નદીને ઉતરતાં પૂર્વ વૈરી દેવે કરેલા ઉપસર્ગને સમભાવે સહન કરતા કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. ૧૭૧

જેમ દુઃખિઓ માણસ વિષયભોગને તજે છે તેમ સુખિઓ માણસ તજી શકતો નથી એમ કહેવું અસત્ય છે. ચિકણાં કર્મથી ખરડાએલ સુખિઓ કે દુઃખિઓ વિષયસુખને તજી શકતો નથી. ભોગ તજવામાં સુખીપણું કે દુઃખીપણું કંઈ કામનું નથી, હળવા કર્મીપણું હોય તોજ વિષયભોગ છૂટી શકે છે. ૧૭૨

હળવા કર્મીપણાથી જેમ ચક્રવર્તી ક્ષણ માત્રમાં ષટ્ ખંડનું રાજ્ય તજી દેછે, તેમ ભારે કર્મીપણાથી એક દુર્બુદ્ધિ નિર્ધન ભિખારી ભિક્ષા માગીલાવવાના રામપાત્રને પણ તજી શકતો નથી. ૧૭૩

## "साधुनी समता."

કીડીઓએ ચિલાતિપુત્ર મુનીની કાયા ચાલણીની જેવી કાણી કરી. તોપણ તે મુનિયે તેમના ઉપર લગાર કોપ કર્યો નહિ. સુસિમા કન્યાનું હરણ કરીને નાસતા ચિલાતી પુત્રની પછવાડે કન્યાના કુટુંબિઓ આવી પહોંચવાથી કન્યાનું મસ્તક છેદીને આગળ ચાલતાં તેણે એક વિદ્યાધર મુનિને ધ્યાનસ્થ દેખી કહ્યું કે-મને ધર્મ બતાવ નહિ તો તારૂં મસ્તક છેદી નાંખીશ.' ઉપશમ વિવેક અને સંવર એ ત્રણ પદ ઉચ્ચરી મુનિ આકાશ માર્ગે ઉડી ગયા; એ ત્રણ પદોનો અર્થ યથાર્થ વિચારી તે પોતે સર્વ ઉપાધિને તજી તે સ્થળેજ ધ્યાનમાં નિશ્ચળ થઇ રહ્યો. રૂધિરના ગંધથી આવી ચોટેલી કીડીઓએ મુનિનું શરીર ચાલણી જેવું સછિદ્ર કર્યું. પણ મુનિ ધ્યાનથી ચલાયમાન થયા નહિ. અઢી દિવસ સુધી અખંડ ધ્યાન રાખી તે મુનિ સ્વર્ગે સધાવ્યા. અન્ય મુનિઓએ પણ ધ્યાનમાં એવી દ્રઢતા કરવી. ૧૭૪

જે મુનિ પ્રાણાંતે પણ કીડી ઉપર કોપ કરવા ઇચ્છતા નથી તે અન્ય મનુષ્યાદિક ઉપર તો કોપ કરેજ કેમ? દોષ રહિત માર્ગે ચાલનાર મહામુનિઓ કોઇને કદાપિ પરિતાપ કરતા નથી. ૧૭૫

પાપના કટુક ફળને સારી રીતે જાણનારા સાધુઓ અજ્ઞાની

અવિવેકી પાપી અને પરિતાપકારી જનોની ઉપર પણ અહિત બુદ્ધિ ધારતા નથી. ૧૭૬

## " पापनुं फळ. "

વધ, મારણ, મિથ્યા કલંક દેવું, પરદ્રવ્યનો વિનાશ કરવો. વિગેરે પાપ એકજ વાર કરવાનું જઘન્ય ફળ દશ ગણું સમજવું. ૧૭૭

પરંતુ ઉપર કહેલાં પાપ તિવ્રતર દ્વેષથી કરવામાં આવે તો તેનું શતગણું, સહસ્ત્રગણું, ક્રોડગણું, ક્રોડાક્રોડગણું અથવા તેથી પણ અધિક કટુક ફળ ભોગવવું પડે છે. ૧૭૮

## " धर्म आचरणमां थती उपेक्षा "

કેટલાક મુગ્ધમતિ જનો, મરૂદેવી માતાનું આલંબન લઇને કહે છે કે જેમ તે મરૂદેવી માતા તપ સંયમ સંબંધી કઠણ કરણી કર્યા વિનાજ મુકિતપદ પામ્યાં, તેમ અમે પણ પામશું. તેવું બોલી ધર્મસાધનમાં ઉપેક્ષા કરવી એ આત્માને ઠગવા બરોબર છે, એ દ્રષ્ટાંત આશ્ચર્યભૂત છે. એવી નિર્મળ ભાવના આવવી પણ મુશ્કેલ છે. બહુધા અભ્યાસ યોગેજ સિદ્ધિ સંપજે છે. ૧૭૯

પૂર્વભવના અભ્યાસ બળથી આ જન્મમાં કવચિત્ કંઇક નિમિત્ત પામીને વિષયભોગથી વિરકત થઇ તત્કાલ સ્વયમેવ દિક્ષા લઇ પ્રત્યેકબુદ્ધો સુખે મોક્ષપદ પામે છે. એવા આલંબનથી આત્મ સાધનમાં ઉપેક્ષા કરવી યોગ્ય નથી. કિંતુ વિશેષે સાવધાન થઇ ધર્મ અભ્યાસજ કરવો યોગ્યછે કેમકે આ જન્મમાં

જો ઉત્તમ ધર્મ બીજ વાવ્યાં હશે તો ભવિષ્યમાં ઉત્તમ ફળના અધિકારી થઇ શકાશે. તેથી ગમે તેવાં બાનાં કાઢી ધર્મ કરણીમાં આળસ કરવી કોઈ રીતે ઉચિત નથીજ ૧૮૦

કોઇ નિર્ધન માણુસ કદાચિત્ રત્નાદિકનો નિધાન પામ્યા છતાં પ્રમાદથી તેનું આરાધન ન કરે તો તેથી ભ્રષ્ટ થાય છે તેમ પ્રત્યેક બુદ્ધાદિકની રૂદ્ધિ ઇચ્છતો છતો જો કોઇ કાયરતા કરી ધર્મકરણી કરે નહિં અથવા ધર્મકરણી તજી દે તો તે કદાપિ આત્મહિતને સાધી શકે નહિં. ૧૮૧.

સસક અને ભસક નામના સાધુઓની બેન સુકુમાલિકાના થયેલા હાલ સાંભળીને મોક્ષાર્થી સાધુએ મરણાંત સુધી રાગાદીક વિકારને વશ થવું નહિંજ. એકદા સસક અને ભસક નામના બંને ભાઇઓએ દીક્ષાગ્રહણ કરી. તે અનુક્રમે ગીતાર્થ થયા. સુકુમાલિકા નામની પોતાની બેનને પ્રતિબોધી તેમણે દીક્ષા આપી. પરંતુ તે સાધ્વી અત્યંત રૂપવંતી હોવાથી કામાંધજનો તેની કેડે લાગતા હતા. ૧૮૨

તે વાત જાણી સાધ્વીએ બહાર જવું આવવું બંધ કર્યું તો પણ ઉપાશ્રયના મુખ આગળ સાધ્વીનું રૂપનિહાળવા કામીજનો આવી ઊપદ્રવ કરવા લાગ્યા. તેથી આચાર્ય મહારાજની આજ્ઞાપામી, બંને સાધુ ભાઇઓ તેના શીલની રક્ષાર્થે ચોકી કરવામાં લાગ્યા. આવી વિટંબના જાણી સાધ્વીએ અનશન કર્યું. તે સાધ્વીને મૂર્છિત્ અવસ્થામાં મૂએલી સમજી. સાધુઓ તેનું ઉચિત કરીને સ્વસ્થાનકે ગયા. સાધ્વીતો શીતળ પવનના યોગે સચેત થઇ ત્યાં આવેલા કોઈ સાર્થવાહે તેવી અવસ્થામાં સહાય કરવાથી તે તેના સાથમાં રહેવા લાગી. ગૃહસ્થની સાથે

રાગ બંધાયાથી તે સાધ્વી ચારિત્ર થકી ચૂકી. સાર્થવાહની ગૃહિણી થઇ. એકદા તે તેના બંને સાધુ ભાઇઓ તેના આંગણે આહાર પાણીને માટે આવ્યા. તેમને શંકા પડવાથી તેની હકીકત પૂછતાં સાચી વાત જણાઇ આવી. તેથી તેમણે સાર્થવાહને સમજાવી બેનને પુનઃ દીક્ષા દીધી. રાગાદિક વિકારનું એવું સ્વરૂપ સમજી સાધુ પુરૂષોએ સદા ચેતતા રહેવું, જેથી પાછળથી પશ્ચાત્તાપ કરવો પડે નહિં–૧૮૨.

## "आत्मानेज दमवो सारो छे."

ખર (ગર્દભ), કરભ (ઉંટ), તુરંગ (અશ્વ) વૃષભ (બળદ) અને મદોન્મત્તહાથી પણ યુક્તિથી વશ થઇ શકે છે; પરંતુ સ્વેચ્છાચારી, એવો આપણો આત્મા વશ થઇ શકતો નથી. ૧૮૩

તપસંયમ વડે આત્માને સ્વાધીનપણે દમી લેવો સારો છે નહિંતો પરાધીનપણે વધ બંધનાદિક વડે દમાવું તો પડશેજ. ૧૮૪

બીજી ખટપટ કરતાં આત્માનેજ દમવો યુક્ત છે કેમકે તે બહુ કષ્ટથી દમાય છે. આત્મા દમ્યો છતો આ લોક પરલોકમાં સુખી થાય છે. ૧૮૫

સદા રાગાદિક દોષ સહિત જીવક્લિષ્ટ અધ્યવસાય યુક્ત છતો સ્વેચ્છાચારીપણાથી વિષયકષાયાદિક યોગે થતી હાનિને પણ દેખી શકતો નથી. સુત્કળપણાથી જીવનું બહુજ બગડે છે. ૧૮૬

જીવને સુગંધિ દ્રવ્યથી, અર્ચ્યો છતો, ગુણ સ્તુતિવડે સ્તવ્યો છતો, વસ્ત્ર અલંકારથી પૂજ્યો છતો, બહુમાન કરવાવડે

સત્કાર્યો છતો, મસ્તક નમનવડે પ્રણમ્યો છતો અને આચાર્યાદિ પદવી દેવાવડે સન્માન્યો છતો, મૂઢપણાથી તે એવું કામ કરે છે કે જેથી પોતાનું સ્થાનજ ફેડી નાંખે છે. અર્થાત્ અલ્પ સુખને માટે બહુ સુખને હારી જાય છે. બાહ્ય આડંબરમાં મુંઝાયાથી ખરૂં સુખ હારી જાય છે. ૧૮૭

બહુ ફલદાયી શીલવ્રતાદિકને હણી જે મૂર્ખ સુખની ઇચ્છા કરે છે. તે દુર્બુદ્ધિ કોટી મૂલ્યથી કાંગણીને ખરીદે છે. ૧૮૮

મન ગમતાં સુખ ઈચ્છા મુજબ જીંદગી પર્યંત ભોગવ્યાં છતાં જીવને સંતોષ વળતો નથી. પરંતુ તૃષ્ણાની વૃદ્ધિ થતી જાય છે. ૧૮૯

જેમ સ્વપ્ન અવસ્થામાં અનુભવેલું સુખ જાગૃત અવસ્થામાં જણાતું નથી. તેમ અતીત કાળમાં ભોગવેલું સુખ પણ સ્વપ્નવત્ થઇ જાય છે. એમ સમજી સર્વ વિષય સુખનેતુચ્છ કલ્પિત અને ક્ષણિક માની વૈરાગ્ય લાવી આત્મદમન કરવુંજ ઉચિત છે. ૧૯૦

## " विषय लोलुपतानां विरस फळ "

મથુરામાં મંગુનામના આચાર્ય રસ લોલુપતાથી સ્થિર વાસ રહ્યા. અંતે ત્યાંથી કાળ કરીને તે નગરની ખાઇ પાસે યક્ષ મંદિર અધિષ્ઠાયક તરીકે ઉપન્યા. પશ્ચાતાપ કરતો તે જક્ષ મંદિર સમીપે નીકળતા મુનિયોને પોતાની હકીકત જણાવી બોધ કરતો હતો કે ગૃહવાસને તજી દિક્ષા લઇને રસગારવ, રિદ્ધિગારવ અને શાતાગારવને વશ થઇ મેં જૈન ધર્મનું આરાધન કર્યું નથી. તેથી આવી મારી દશા થઇ છે. તમે સર્વ સાધુઓ સાવધાન થઇ સંયમ પાળજો. ૧૯૧–૯૨

શિથિલાચારવડે સર્વ આયુષ ક્ષીણ થયે છતે ધર્મરૂપ સંબંધ વિના હું શું કરૂં ? હવે મને ઘણો શોચ થાય છે. પણ શોચ કરવા માત્રથી વળે શું ? ૧૯૩

લક્ષ ગમે ભવમાં દુર્લભ જિન ધર્મ પામીને પણ સ્વચ્છંદ આચરણથી હાઇતિ ખેદે જીવને અનેક પ્રકારની જાતિ તથા યોનિમાં ભમવું પડશે, ૧૯૪

વિષયકષાયાદિક પ્રમાદને વશ થઇને સંસારિક કાર્યમાં ઉજમાળ થયેલો જીવ વિવિધ પ્રકારના સંયોગ વિયોગ અથવા જન્મ મરણનાં દુઃખથી ડરતો નથી કેમકે પુનઃ પુનઃ તેવાં દુઃખદાયિ કારણોને સેવ્યાંજ કરે છે. તેમજ ઇંદ્રિય સંબંધી સુખથી સંતોષ પણ પામતો નથી. કેમકે વિષય સુખની નવનવી ચાહના કરતો જાય છે. અને પરમાનંદકારક અતીંદ્રિય મોક્ષ સુખદાયી સાધનથી વિમુખજ રહે છે. ૧૯૫

જો સ્વાધિનપણે તપ સંયમ સેવવાનો ઉદ્યમ કરવામાં ન આવે તો, પાછળથી પશ્ચાતાપ કરવા માત્રથી વિશેષે ફાયદો થઈ શકે નહિ. કેમકે શ્રેણિક રાજાપણ પશ્ચાતાપ કરતો છતો નર્કમાં જ ગયો ૧૯૬

લક્ષ જીવાયોનિમાં ભ્રમણ કરતાં જીવે જેટલા દેહ ધારણ કરી કરીને તજી દીધાં, તેનાં અનંત ભાગના દેહથી પણ ત્રિભુવન સંપૂર્ણ ભરાય જાય તો સંપૂર્ણ ધારણ કરેલા દેહ પ્રમાણનું તો કહેવુંજ શું ? ૧૯૭

નખ, દાંત, માંસ, કેશ અને હાડકાનો હિસાબ કરીએ તો મેરૂ પર્વત સરખા અનંતા ઢગલા થાય તોય પાર ન આવે. ૧૯૮

સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતા જીવે જે જે આહાર આરોગ્યા તેનો હિસાબ કરે તો હિમવંત, મલય અને મેરૂગીરિ તથા અસંખ્ય દ્વિપ સમુદ્રથી પણ અધિક પ્રમાણવાલા ઢગ થાય. ૧૯૯

તૃષાતુર થઇ જીવે ભ્રમણ કરતાં જે જળ પીધાં તેનો હિસાબ કરીએ તો તે સર્વ કુવા તળાવ નદી સમુદ્રમાં પણ ન માય. ૨૦૦

બાળપણમાં જે જે સ્તનપાન કર્યાં તેનો હિસાબ કરિયે તો તે સમસ્ત સમુદ્રના જળથી પણ અધિક થાય. કેમકે ભવચક્રમાં ભ્રમણ કરતાં જીવે અનંત વાર નવનવા દેહને ધારણ કરીને મૂકયા. ૨૦૧

જીવે અનેક પ્રકારના કામ ભોગ અનંતીવાર પ્રાપ્ત કર્યા છતાં અજ્ઞાનતાથી આ અપૂર્વ સુખ છે એમ મૂઢ આત્મા માની લેછે. ૨૦૧

જીવ જાણે છે અને પ્રત્યક્ષ દેખે છે કે આ સર્વ ભોગ સામગ્રી અને સંપદા ધર્મનુંજ ફળ છે તોપણ અત્યંત મૂઢ મનવાળા જનો પાપકર્મમાંજ રમે છે. ૨૦૩

જન્મ જરા અને મરણ સબંધિ દુઃખને જીવ જાણે છે તેમજ મનમાં વિચારે છે તોપણ મહા મોહાંધતાથી મૂઢજનો વિષય સુખથી વિરક્ત થતા નથી. કોઇ વિરલા મોક્ષગામી જનોજ સંતોષવૃત્તિને ધારણ કરે છે. ૨૦૪

જીવ જાણે છે કે મરવું તો છેજ અને નહિં મરતાને પણ જરા વિણાસે છે. તોપણ જીવ પરભવથી ડરતો નથી મોહનું એવું ગુઢ ચરિત્ર છે કે જીવને મિથ્યાભ્રમમાં નાંખી પાપમાં રક્ત કરે છે. ૨૦૫

બેપગા, ચારપગા, બહુપગા, અપગા, સધન અને નિર્ધન માત્રને કાળ સદા ખેદરહિત ખાઇ જાય છે. કાળ કોઇને છોડતો નથી. ૨૦૬

સર્વ કોઇને અવશ્ય મરવું પડશેજ. પરંતુ મરણનો મુકરર દિવસ જીવ જાણતો નથી, તેથી તે મોતના મુખમાં રહ્યો છતો આશાપાશમાં બંધાઇને સ્વહિત સાધી શકતો નથી. ૨૦૭

જીવિત સંધ્યા રંગ સમાન છે. જળ તરંગ જેવું તેમજ ડાભના અગ્રે રહેલા બિંદુ જેવું અથિરછે અને જોબન વય નદીના વેગ જેવી ચપળ છે. તો પણ પાપ કર્મમાં રક્ત થયેલો જીવ બુઝતો નથી યાને ચેતતો નથી અને અહિત આચરે છે. ૨૦૮

સ્ત્રી જઘનાદિક જે જે અશુચિ સ્થાન છે અને જેને દુગંછનિક જાણીને જીવ લાજે છે તે તે અશુચિ અને દુગંછનિક સ્થાનની કામાંધ જનો અભિલાષા કરે છે. એ મોહમૂઢ જનોની પ્રગટ પ્રતિકુળ વૃત્તિ છે. ૨૦૯

સર્વ દુઃખને પેદા કરનાર મહાદુઃખદાયિ અને પરસ્ત્રી ગમનાદિક સર્વ દોષોનો પ્રવર્તક દુષ્ટ કામ ગ્રહજ છે. એ દુષ્ટ કામ ગ્રહથી જગત માત્ર પરાભવને પામ્યું છે. ૨૧૦

જે કામાંધ બની વિષય સેવે છે તેને તૃપ્તિ થતી નથી. શરીર બળ હારે છે, વીર્યહીન થાય છે, ચિત્તમાં ઉદ્વેગ થાય છે, તેમજ સ્વચ્છંદ આચરણથી ક્ષયરોગ પ્રમેહ અને ચાંદી વિગેરે અનેક રોગ ઉત્પન્ન થાય છે. ૨૧૧

જેમ ખાજ રોગથી પીડિત માણસ ખાજને ખણતાં થતાં

દુઃખને સુખ માને છે. તેમ મોહમૂઢ માનવો કામ ભોગમાં થતી વિડંબનાને સુખ માને છે. કામાંધજીવ વિષય સુખનેજ સારભૂત માને છે. ૨૧૨

જ્ઞાની વિવેકી મહાત્માઓ વિષયને હાલાહલ ઝેર માને છે. વિષયરૂપ ઉગ્ર ઝેરનું પાન કરનાર પ્રાણી તેના ભયંકર પરિણામથી અનંત દુઃખને પામે છે. મહા માઠા પરિણામથી મરી દુર્ગતીમાં જઇ પડે છે. ૨૧૩

એવી રીતે પાંચે ઈંદ્રિઓના વિકારથી અથવા હિંસાદિક યુક્ત મલીન પરિણામથી ક્ષણે ક્ષણે કર્મ મળનો સંચય કરી ચારગતિ રૂપ સંસાર ચક્રમાં મોહમૂઢ જનો પરિભ્રમણ કરેછે. ૨૧૪

જે જિન વચનને રૂચિથી સાંભળતા નથી, તેમજ સાંભળીને પ્રમાદ કરે છે, તે કમનસીબ જનો પારાવાર સંસારમાં ભમશે. ૨૧૫

બહુ પ્રકારે ધર્મ ઉપદેશ માટે પ્રેર્યા છતાં મિથ્યા દૃષ્ટિ અધમ જનો કવચિત્ ધર્મ ઉપદેશ સાંભળે છે. પણ પૂર્વ નિકાચિત કર્મ બંધના કારણથી વિવેક આદરી ધર્મ સાધન કરી શકતા નથી. ૨૧૬

હિંસાદિક પાંચ આશ્રવ તજીને તથા અહિંસાદિક પાંચ સંવર સેવીને અથવા પાંચે ઇંદ્રિયોનો સચોટજય કરીને સર્વ કર્મ મળથી મુક્ત થઇ મુમુક્ષુ જનો સર્વોત્તમ મોક્ષપદને પામ્યા છે અર્થાત્ પ્રમાદ રહિત ધર્મ કરણી કરનાર ભવ્યજનોજ પરમપદને પામે છે. ૨૧૭

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ દર્શન ( તત્ત્વ શ્રદ્ધાન ) અને સ-

મ્યગ્ આચરણ, તપ સંયમ સમિતિ, ગુપ્તિ, પ્રાયશ્ચિત, ઇંદ્રિય દમન, ઉત્સર્ગ, અપવાદ તથા અનેક પ્રકારના અભિગ્રહ ધારવા વડે કરીને તેમજ સમજીને શ્રદ્ધા સહિત સદાચરણ સેવવામાં સાવધાન રહેવાથી અને નિર્દોષ આહાર પાણીની ગવેષણા કરવાથીજ મુમુક્ષુ જીવો ભવ સમુદ્રને તરી શકે છે. એવા અપ્રમાદી મુનિનોજ મનુષ્ય જન્મ પ્રવ્રજ્યા વડે સફળ થાય છે. ૨૧૮-૧૯

પરંતુ જે ગૃહવાસ તજીને પુનઃ પાપ આરંભમાં આસક્ત થાય છે, ત્રસ સ્થાવર જીવોનો વધ કરે છે. પરિગ્રહ રાખે છે, એવા અસંયતી ગૃહવાસ તજ્યા છતાં કેવળ વેશ વિડંબનાજ કરે છે. ૨૨૦

શાસ્ત્ર વિરૂદ્ધ આચરતાં જીવ અતિ ચિકણાં કર્મ બાંધે છે, સંસાર ભ્રમણ વધારે છે અને માયા મૃષાવાદને સેવેછે. ૨૨૧

## " हीणाचारी साथे रहेतां थतुं नुकसान "

જે હીણાચારી સંબંધી આહારપાણી વસ્ત્રાદિક ગ્રહણ કરે તો વ્રતનો લોપ થાય અને સાથે રહેતાં ન ગ્રહે તો શરીર ટકે નહિં. એમ વ્રત લોપના કારણથી હીણાચારીથી દૂર રહેવુંજ યુક્ત છે. કેમકે હીણાચારી સાથે આલાપ, સંલાપ સહવાસ, વિશ્વાસ, પરિચય અને લેવડ દેવડ નહિ કરવાની સર્વ જીનેશ્વર ભગવાનની મજબૂત આજ્ઞા છે. ૨૨૨-૨૩

હીણાચારી સાથે રહેતાં અન્યોઅન્ય વાર્તાલાપથી તથા હાસ્ય પ્રહાસ્યથી ધ્યાન થકી ચુકી સાધુ દીવાના જેવો થઈ જાય છે. ૨૨૪

લોકમાં પણ માઠી સોબત કરનાર ઉદ્ભટ વેશધારી, અનિષ્ટ વ્યસન સેવનાર અને પ્રમાદી હીણાચારી અવશ્ય નિંદાપાત્ર થાય છે. ૨૨૫

હીણાચારી હમેશા શંકાતો રહે છે, પાપ પ્રગટ થઇ જવાના ભયથી ડરતો રહે છે, સર્વ તરફથી પરાભવ પામે છે, ઉત્તમ પુરૂષોમાં અળખામણો થાય છે અને છેવટે પણ દુર્ગતિ પામે છે. ૨૨૬

ભીલની પાસે વસનાર અને તાપસો પાસે વસનાર પોપટના બે બચ્ચાંની વાત સાંભળીને આત્માર્થી સાધુએ દુષ્ટ હીણાચારીની સોબત તજીને ચારિત્ર પાત્ર મુનિનીજ સોબત કરવી. કેમકે જેવી સોબત તેવી અસર થાય છે. ૨૨૭

## " भवभीरु शिथिलाचारीनुं लक्षण "

ચારિત્ર પાત્ર મુનિ મૂળ ઉત્તર ગુણમાં શિથિલતા ધરનાર સાધુને દીક્ષા પર્યાય વિગેરે કારણને લીધે વંદન કરવા જાય તો તત્વજ્ઞ ભવભીરૂ, સાધુ તે સુવિહિત મુનિને વંદન કરતાં નિવારે અર્થાત્ મૂળ ઉત્તર ગુણવિના તેને વંદાવે નહિ. ૨૨૮

સુવિહિત સાધુને વંદાવતાં શિથિલાચારી પોતાના સન્માર્ગથી ભ્રષ્ટ થાય છે, કેમકે તે મૂઢ પોતે સાધુના તથા ગૃહસ્થના ઉભય માર્ગથી ભ્રષ્ટ છે એમ મિથ્યાભિમાનથી જાણી શકતો નથી. ૨૨૯

## " गृहस्थ एवा श्रावकनो मार्ग. "

સુશ્રાવક પ્રાતઃકાલ, મધ્યાહ્નકાળ અને સાયંકાળ ચૈત્યવંદન

કરે. જીનમંદિરમાં ધુપ, પુષ્પ અને સુગંધિ દ્રવ્યોવડે જીનવર દેવની પૂજા કરવામાં ઉજમાળ રહે. ૨૩૦

જૈનધર્મમાં એક નિશ્ચયથી નિશ્ચળ રહે, વીતરાગ દેવવિના અન્ય દેવને માને નહિ. તેમજ પૂર્વાપર વિરોધયુક્ત કુદર્શનમાં રાચે નહિ. સારી રીતે તત્ત્વ પરીક્ષાપૂર્વક ધર્મ આરાધન કરે. ૨૩૧

કુદર્શનીને વિવિધ રીતે ત્રસ સ્થાવર જીવોની વિરાધના કરતા દેખીને ઇંદ્રાદિક દેવોવડે પણ સ્વધર્મથી ચલાયમાન ન થાય. ૨૩૨

સુસાધુ જનોને બહુ માનપૂર્વક વંદન કરે, સ્વસંશય પૂછે, તેમની સેવા ચાકરી શાસ્ત્ર શ્રવણ કરે, શાસ્ત્ર ભણે અને યોગ્ય જનોને ધર્મ ઉપદેશ પણ આપે. ૨૩૩

શીલવ્રત પાળવામાં દૃઢ રહે, પોષધ પ્રતિક્રમણ અસ્ખલિતપણે કરે, તેમજ મધ, મદિરા, માંસ તથા વડ ઉંદુબરાદિક પાંચે પ્રકારનાં ફળ તથા રિંગણ વિંગણ મહુડાદિક અનેક પ્રકારના ફળનો ત્યાગ કરે. અભક્ષ્ય અનંતકાયનું ભક્ષણ નજ કરે. ૨૩૪

પંદર પ્રકારના કર્માદાનના વ્યાપારથી દૂર રહે, વ્રત પચ્ચખાણ કરવામાં સદા ઉજમાળ રહે, ધન ધાન્યાદિક વસ્તુનું પ્રમાણ કરે અને કદાચ તેમાં ભૂલ પડે તો તેનું પ્રાયશ્ચિત ગ્રહણ કરે. ૨૩૫

જીનેશ્વર ભગવાનના જન્મ-દિક્ષા-જ્ઞાન અને નિર્વાણ સ્થાનમાં જઇ બહુમાનથી વંદન કરે. તેમજ દેવગુરૂની જોગવાઇ રહિત સ્થાનમાંબીજો ગમે તેટલો લાભ થતો હોય તોપણ જીનમતમાં અનુરક્ત શ્રાવક વસે નહિ. ૨૩૬

કુદર્શનીને પ્રણામ, પર સમક્ષ ગુણોત્કીર્તન, સ્તવના, ભક્તિરાગ, સત્કાર સન્માન, પાત્રબુદ્ધિથી દાન અને વિનય કરવો વર્જે. ૨૩૭

પ્રથમ સુવિહિત સાધુને આદરપૂર્વક નિર્દોષ અન્નપાનાદિક દઇને પછી પોતે ભોજન કરે. જો એવા સુપાત્રનો યોગ ન બને તો દિશાલોક કર્યા પછી પોતે ખાનપાન કરે. ૨૩૮

જ્યાં સુધી કોઇ દેશ કાલાદિકમાં કંઇ પણ મુનિને કલ્પે એવી ચીજ મુનિને દીધી ન હોય ત્યાં સુધી ખરા શ્રાવક તે આરોગે નહિ. ૨૩૯

સાધુને માટે રહેવા લાયક સ્થાનક, પાટ પાટલા, આહાર, પાણી, ઓષધ, ભેષજ અને વસ્ત્ર પાત્રાદિક કદાચ બહુ ધનાઢ્ય ન હોય તો થોડામાંથી થોડું અવશ્ય દેવાનો ભાવ રાખે. ૨૪૦

સંવચ્છરી, ચઉમાસી અને અઠ્ઠાઇ વિગેરે પર્વ દિવસોમાં જિનવર પૂજા તથા તપ જપ કરવા સારી રીતે ઉજમાળ રહે. ૨૪૧

સાધુ તથા ચૈત્ય (જિનમુદ્રા) સાથે શત્રુભાવ રાખનારને તથા અવર્ણવાદ બોલનારને, તથા જૈનશાસનનું અહિત કરનારને સર્વ શકિતથી નિવારે, શાસનની કોઇ રીતે હેલના થવા દે નહિ. ૨૪૨

જીવહિંસા, અસત્ય ભાષણ, ચોરી અને પરસ્ત્રી ગમનનો સુશ્રાવક સર્વદા ત્યાગ કરે. અવ્રતીપણે રહેવું પસંદ કરે નહિ. ૨૪૩

અનંતી તૃષ્ણાને વધારનાર અપરિમિત પરિગ્રહનો એમ સમજીને ત્યાગ કરે કે તે બહુ દોષકારી તથા નર્કાદિક દુર્ગતિનું મૂળ છે. ૨૪૪

દુર્જનોની સોબત તજીને સાધુ પુરૂષોની સોબત સુશ્રાવક સદા આદરે. પરનિંદાનો પરીહાર કરે અને સર્વજ્ઞ દેશિત શુદ્ધ નિષ્કષાય ધર્મનો આદર કરે. રાગદ્વેષને તજીને સમતા ભાવનો સ્વીકાર કરે. ૨૪૫

જે શ્રાવકો તપ નિયમ અને શિલાદિક સદ્ગુણ સહિત હોય તેમને સ્વર્ગ અને મોક્ષ સુખ સંપાદન થવાં દુર્લભ નથી. ૨૪૬

## " सुशिष्यनी फरज. "

કવચિત્ ગુરૂ મહારાજ પ્રમાદ વશ થઇ ધર્મથી સ્ખલિત થઇ જાય તો તેને પણ સુશિષ્યો વિનયયુકત મિષ્ટ વચનોથી જેમ સેલગ સૂરિને પાંથકમુનિએ ઠેકાણે આણ્યા તેમ ઠેકાણે આણે છે. સેલગસૂરિ એકદા રોગગ્રસ્ત થયાથી સ્વપુત્રના આગ્રહથી ઔષધ ઉપચારને માટે રહ્યા. અનુક્રમે રોગ મુકત થયા. પરંતુ રસ લોલુપતાદિક પ્રમાદથી વિહાર કરતા ન હતા. પાંથક શિવાય સર્વ શિષ્યો અવસર વિચારી અન્યત્ર વિહાર કરી ગયા. પાંથક ગુરૂ મહારાજની ઈચ્છા અનુસાર સેવા ચાકરી કરતો સાથેજ રહ્યો. એકદા પ્રમાદ વશ પડેલા ગુરૂને વંદન કરતાં તે જાગૃત થઇ રોષથી સ્વનિદ્રામાં અંતરાય કરવાનું કારણ પૂછવા લાગ્યા તો પાંથકે નમ્રતાપૂર્વક ક્ષમા માંગી કહ્યું કે ક્ષામણા ખાંમતાં મેં આપનો ચરણ-સ્પર્શ કર્યો. તેમાં આપને અશાતા ઉપજી હોય તે માફ કરશો. એવાં નમ્ર અને મિષ્ટ વચનથી ગુરૂ મહારાજે તરત ઠેકાણે આવી સંયમમાં સાવધાન થઇ પ્રમાદ તજી અન્યત્ર વિહાર કર્યો. ૨૪૭

# " कर्मनी अकळ गति "

નિરંતર દિવસે દિવસે દશ દશ અથવા તેથી પણ અધિક જનોને પ્રતિબોધે એટલી શક્તિ નંદિષેણ મુનિની હતી, અર્થાત્ એવી લબ્ધિ તેમને હતી કે જેથી દશ કે અધિક મનુષ્યોને પ્રતિબોધી દીક્ષિત કરીં શકતા. તોપણ તેમને સાધુ વેષ તજીને વેશ્યાને ઘેર રહેવાનો વખત આવ્યો.-ત્યાં પણ રહેતાં છતાં નિરંતર દશ દશકે તેથી અધિક જનોને ઉપદેશ આપી સંયમ રસીક કરતો હતો. એકદા એક ન્યૂન રહ્યો અર્થાત્ દશમા માણસને પ્રતિબોધ લાગ્યો નહિં. તેવામાં ભોજનને માટે અધીરી થઇને વેશ્યાએ કહ્યું કે આજે તો દશમા આપ પોતેજ થાઓ. એ વચન સાંભળી નંદિષેણ પોતેજ વેશ્યાનો સંગ તજી પુનઃ દીક્ષિત થયો ૨૪૮

બદ્ધ, નિધત્ત, નિકાચિત અને સ્પૃષ્ટ એવા અનેક પ્રકારના કર્મ મેલના યોગે મલીન થયેલો આત્મા જાણતો છતો વિષય કષાય અને વિકથાદિક દુઃખદાયિક પ્રમાદમાં મુંઝાઈ જાય છે. બદ્ધકર્મ કલુષિત જળ જેવું અથવા દોરાથી બાંધેલા સોયોના સમૂહ જેવું, નિધત્તકર્મ દૃઢ બંધનથી બાંધેલું અને નિકાચિત કર્મ અત્યંત આકરૂં તથા સ્પૃષ્ટ કર્મ તો વસ્ત્ર ઉપર ચોટેલી રજ જેવું શિથિલ સમજવું. ૨૪૯

નિકાચિત કર્મને યોગે કૃષ્ણ વાસુદેવ વસ્તુ તત્ત્વને જાણતો છતો અને પાપ કરણી માટે પશ્ચાતાપ કરતો છતો પણ સ્વહિત સાધી લેવાને સમર્થ થઈ શકયો નહિં. સ્વહિત સાધી લેવું કંઇ સહેલ નથી. ૨૫૦

**એકહજાર વર્ષ સુધી વિશાળ ચારિત્ર કરણી કર્યા છતાં અંતે કિલષ્ટ પરિણામને ધારણ કરનાર પ્રાણી કુંડરીક મુનિની પેરે મલીનતાને પામે છે. ૨૫૧**

તેમજ કઇક મહાનુભાવો **પુંડરીક** મહા મુનિની પેરે સંયમધુરાને ધારણ કરી અલ્પ કાળમાંજ આત્મહિત સાધી લે છે.–પુંડરીક અને કંડરીક બંને બંધુ રાજપૂત્રો હતા. એક સદ્‌ગુરૂ પાસે દેશના સાંભળી પ્રતિબોધ પામી પુંડરીકે લઘુ બાંધવ કંડરીકને કહ્યું કે હું હવે દિક્ષા ગ્રહણ કરીશ અને રાજ્યધુરાને તમે ધારણ કરો. કંડરીકે કહ્યું જે મનેજ દિક્ષા લેવાની અનુમતિ આપો. ઘણા આગ્રહથી પુંડરીકે સંમતિ આપી. પુંડરીક પોતે ઉદાસીન ભાવથી રાજ્યને પાળે છે. અને કંડરીક મુની સંયમને અતિચાર રહિત પાળતા અંત પ્રાંત આહારવડે સ્વદેહ ધારણ કરે છે. કવચિત્ શરીરમાં વ્યાધિ થઇ આવવાથી પુંડરીકના આગ્રહથી તે ઔષધ ઉપચારને માટે રોકાયા. અનુક્રમે શરીર નિરોગી થયું. પણ પ્રમાદને વશ થઇ વિહાર આદિ સંયમ કરણીમાં શિથિલ થઈ ગયા. બહુ યુક્તિથી સમજાવવા વડે કંડરીકે વિહારતો કર્યો. પરંતુ પરિણામ બગડવાથી પુનઃ વિષય વાસના જાગી તેથી તે પુનઃ પાછા આવ્યા. તેની ખબર પુંડરીકને પહોંચી. એકદમ પુંડરીકે આવીને કંડરીકને આવાગમનનું કારણ પૂછયું તો તેણે પોતાની ખરી હકીકત જાહેર કરવાથી પુંડરીકે તેનોજ વેશ ગ્રહણ કરી તેને રાજ્યધુરા સોંપી દીધી; સંયમ તજીને આવવાથી કંડરીક પ્રતિ સર્વ અભાવો જણાવવા લાગ્યા. તેથી તેમને શિક્ષા કરવા તેની ઇચ્છા થઇ. પરંતુ એકાએક વ્યાધિગ્રસ્ત થવાથી અત્યંત કિલષ્ટ પરિણામથી

તે મરીને સાતમી નર્કે ગયો. અને પુંડરીકમુનિ ચઢતે પરિણામે સદ્ગુરૂ સમીપે આવી ચારિત્ર ગ્રહણ કરી અતિ વિશુદ્ધ ભાવથી તપ જપ સંયમની આરાધના કરવા લાગ્યો. તપના પારણે અંત પ્રાંત આહાર વાવરવાથી શરીરમાં એકાએક પીડા થઇ આવી. તે સર્વ પીડાને સમભાવે સહન કરી પુંડરીક મુનિ અલ્પ કાળમાંજ મરણ પામી અનુત્તર વિમાનમાં જઇ ઉપન્યા. ત્યાંથી એક મનુષ્ય અવતાર ધારણ કરી નિર્મળ ચારિત્રને પાળી તે મુક્તિ કમળાને વરશે. ૨૫૨

મલીન પરિણામથી ચારિત્રને ડોળી નાંખ્યા પછી પુનઃ ચારિત્રની શુદ્ધિ કરવી દુષ્કર છે. તોપણ જે કોઇ શુભ અવસર પામીને પાછળથી ઉદ્યમ કરે તો કવચિત્ સ્વશુદ્ધિ કરી શકે. ૨૫૩.

પરંતુ જે સંયમ ગ્રહીને તેને અનેક પ્રકારના અતિચારાદિ દોષથી અથવા અનાચારથી ખંડિત કરે છે, તે સુખલંપટ થયા પછી ઠેકાણે આવવો મુશ્કેલ છે. મન ભંગ કરી સુખશીલ થયેલા જીવથી સંયમ શુદ્ધિ માટે ઉદ્યમ થવોજ દુષ્કર છે. ૨૫૪

ચક્રવર્તી સ્વરાજ્યને સુખે તજી શકે છે. પણ શિથિલાચારી શિથિલાચારને તજતો નથી. ૨૫૫

નર્કમાં ગયેલા શશી રાજાએ મોહવશાત્ આવેલા ભાઇને પૃથ્વી ઉપર પડેલા પોતાના મૃત કલેવરની બહુ પેરે કદર્થના કરવા કહ્યું. પરંતુ ભાઇએ જવાબ દીધો કે હવે તે મૃત કલેવરની કદર્થના કરવાથી શું વળે વારૂ ? જો પ્રથમ મારી શિખામણ માનીને સ્વાધિનપણે દેહનું દમન કર્યું હોત તો હે બંધુ ! આવી નર્ક સંબંધી વિડંબના વેઠવી પડત નહિં. ૨૫૬

એવી રીતે સંયમ લઇને સ્વર્ગમાં ઉત્પન્ન થયેલા સૂરરાજાએ નર્કમાં પડેલા ભાઇને કહ્યું. ૨૫૭

## " हित उपदेश. "

હે ભવ્યજનો જયાં સુધી જીવિત અવશિષ્ટ છે, જયાં સુધી થોડો પણ ચિત્તમાં ઉત્સાહ છે ત્યાં સુધીજ આત્મહિત સાધી લેવું શકય છે. નહિં તો પછી શશી રાજાની પેરે પસ્તાવું પડશે. ૨૫૮.

ચારિત્ર ગ્રહણ કરીને જે સંયમ કરણીમાં શિથિલતા કરે છે તે સાધુ આ લોકમાં નિંદાપાત્ર થાય છે અને પરલોકમાં દુર્ગતિ પામી દુઃખી થાય છે. શિથિલાચારીને ઉભય લોકમાં હાની થાય છે. ૨૫૯

જે બાપડા જિન વચનને જાણતાજ નથી તે શોચવા યોગ્યજ છે. પરંતુ જે જિન વચનને જાણતા છતાં પ્રમાદવશ પડી તે મુજબ વર્તતા નથી તેવા પામર જીવો તો વિશેષે શોચવા યોગ્ય છે. ૨૬૦

જે મૂઢજનો જિન વચનને જાણ્યા છતાં તે જાણપણું નિષ્ફળ કરે છે અર્થાત્ જે વિષય કષાયાદિક પ્રમાદને વશ પડી પોતાનું જાણપણું નિષ્ફળ કરે છે, તેમનું એવું વિપરીત વર્તન થાય છે કે તેમને ધનનો નિધાન દેખાડીને તેમની આંખોજ ફોડી નાંખી હોય ! એવી રીતે હતભાગ્યો કંઇ પણ જ્ઞાનનું ફળ મેળવી શકતા નથી. ૨૬૧

ઉંચી કે વધારે ઉંચી, મધ્યમ હીણી કે વધારે હીણી એમ જેવી ગતિમાં જીવને જવાનું હોય છે તેવીજ કરણી કરવી

તેને સૂઝે છે. તેથીજ કહેવત છે કે " જેવી ગતિ એવી મતિ " ૨૬૨

જે છડે ચોક ગુરૂમહારાજનો પરભવ કરે છે, સમતાવંત સાધુનો અનાદર કરે છે, ક્ષણે ક્ષણે મનમાં રોશ લાવે છે અને જેને ધર્મકરણી કરવી કડવી લાગે છે; તેને દુર્ગતિમાં જવાનોજ વિચાર છે. ૨૬૩

શરીર સંબંધી અને મન સંબંધી અનેક પ્રકારના દુઃખ પામવાના ભયથી મુનિજનો જ્ઞાનરૂપ અંકુશવડે રાગરૂપ હાથીને દમે છે. આધિવ્યાધિ અને અનેક પ્રકારની ઉપાધિ ઉત્પન્ન કરનાર રાગ દ્વેષાદિ દોષોને દૂર ટાળવાને મુનિજનો સતત પ્રયત્ન કરે છે. ૨૬૪

સદ્ગતિનો માર્ગ બતાવનાર, જ્ઞાન ચક્ષુને આપનાર ધર્માચાર્યને નહિં દેવા યોગ્ય એવું શું છે ? એવા સદ્ગુરૂને સર્વસ્વ સમર્પણ કરવા લાયક છે. જેમ ભક્તિવંત ભીલે શિવશંકરને સ્વચક્ષુ સમર્પણ કરી તેમ શુદ્ધ દેવગુરૂપ્રતિ સહુ કોઇએ ભકિત ભાવ રાખવો.—જંગલમાં રહેલા શિવમંદિરમાં શિવની સેવા કરવા એક ભોળો બ્રાહ્મણ નિરંતર ચંદનાદિક દ્રવ્યો લઇને આવતો હતો. એક ભીલ્લ પણ ત્યાં આવી નિરંતર બનતી સેવા બજાવતો હતો. તે ભિલ્લની અંતરંગ ભકિત જોઇને ભોળાનાથ તુષ્ટમાન થયા. તે વાત જાણીને બ્રાહ્મણના મનમાં રોષ આવ્યો, તેથી તેણે શિવજીને ઓલંભો દીધો. શિવજીએ કહ્યું તે ભિલ્લની અંતરંગ ભક્તિ છે. તારે જોવું હોય તો તને કાલે બતાવીશ પ્રભાતે શિવજીએ ત્રીજું લોચન અંતર્ધાન કર્યું. તે દેખી બ્રાહ્મણ વિલોપાત કરવા લાગ્યો. થો-

ઊંવાર વિલેપાત કરીને વિરમ્યો. એટલામાં ભિલ્લ આવ્યો. તેણે શિવજીની ચક્ષુ નહિં દેખવાથી ખાલી વિલેપાત નહિં કરતાં બાણુવડે સ્વચક્ષુ નીકાળીને તે શંકરને ચોડી દીધી. ઉકત દૃષ્ટાંત સાંભળીને સર્વ ભકિતવંત ભવ્યોએ સુદેવ ગુરૂ પ્રતિ શુદ્ધ ભકિત ભાવ દાખવવા કંઇ પણ ન્યુનતા રાખવી નહિ. ૨૬૫

સિંહાસન ઉપર બેઠેલા ચંડાલની પાસે જેમ શ્રેણિક રાજાએ આદર પૂર્વક ઉભા રહીને વિદ્યા માટે યાચના કરી તેમ શ્રુતજ્ઞાન મેળવવાને માટે મુનિજનોનો વિનય સાચવવો જરૂરનો છે—એકદા એકદાંડીયા મહેલ વાળા બગીચામાંથી એક ચંડાળે પોતાની સ્ત્રીનો ગર્ભ દોહદ પૂરવાને માટે અકાળે આમ્રફળ વિદ્યાના બળથી ચોરી લીધાં. તે ચોરને અભય કુમારે સ્વબુદ્ધિ બળથી પકડી આણ્યો ત્યારે શ્રેણિક રાજાએ તેને મોતની શિક્ષા ફરમાવવાથી અભયકુમાર મંત્રીશ્વરે રાજાને કહ્યું કે પ્રથમ તેની પાસેથી વિદ્યા ગ્રહણ કરી લેવી ઉચિત છે. રાજાએ તેને વિદ્યા આપી દેવાનો હુકમ કરવાથી તે સિંહાસન ઉપર બેઠેલા રાજાને વિદ્યા આપવા લાગ્યો. પરંતુ વિનય રહિત વિદ્યા માંગવાથી તે વિદ્યા આવી નહિ. તેથી અભયકુમારે કહ્યું કે મહારાજ આપ સિંહાસનથી ઉતરી વિદ્યા આપનારને સિંહાસન ઉપર સ્થાપી વિનયપૂર્વક વિદ્યા માંગશો તો તે તત્કાલ આવશે. એવી રીતે સવિનય વિદ્યા માંગવાથી તે તત્કાળ પાપ્ત થઇ. જ્યારે લૌકિક વિદ્યા માટે પણ એટલા વિનયની જરૂર છે, તો લોકોત્તર વિદ્યા પ્રાપ્ત કરવા માટે કહેવુંજ શું ? ૨૬૬

કોઈ એક નાપિત પાસેથી વિદ્યા પ્રાપ્ત કરીને એક સંન્યાસી લોકમાં પૂજા સત્કાર પામતો હતો. પરંતુ પ્રસંગોપાત

કોઈએ તે વિદ્યા કયાંથી પ્રાપ્ત કરી એ હકીકત પૂછતાં સ્વવિદ્યા ગુરૂનું નામ ગોપવવાથી તે પ્રતિષ્ઠાહિન થયો એવી રીતે ધર્મ ગુરૂનું નામ ગોપવનાર અહિકુ કલ્યાણ હોવાથી ધિક્કારપાત્ર છે. ૨૬૭

જન્મ મરણુથી પીડાતા એક પણુ જીવને જે જૈનધર્મ પમાડે છે તે સર્વ જીવલોકમાં અમારી પડહો વગાડવા જેવો લાભ ઉપાર્જે છે. કેમકે જૈનધર્મને સમ્યગ્ રીતે પામ્યાથી તે અનંતા જન્મમરણુથી બચી જાય છે. તત્ત્વજ્ઞ અને તત્ત્વ ઉપદેશકની બલિહારી છે. ૨૬૮

અનેક ભવ સુધી કોટિ ગમે ઉપગાર કરે તોપણુ સત્યધર્મ દાતા ગુરૂનો બદલો વળી શકતો નથી. સમકિત દાતા ધર્મ ગુરૂનો ઉપગાર દુનીયામાં સર્વથી ઉત્કૃષ્ટ છે. ૨૬૯

સમકિત રત્ન પ્રાપ્ત થયે છતે નર્ક તિર્યંચ ગતિ મટી જાય છે. અને દેવતા સંબંધી મનુષ્ય સંબંધી તથા મોક્ષ સંબંધી સુખ સ્વતઃ આવી મળે છે. સમકિતવંત મોક્ષનો અધિકારી છે. ૨૭૦

મિથ્યામતનો નાશ કરવાવાળું સમકિત રત્ન જેના હૃદયમાં પ્રગટયું છે, તેનું લોક પ્રકાશક જ્ઞાન અને ચારિત્ર મોક્ષને માટે જ થાય છે. અર્થાત્ સમકિત વિનાનું જ્ઞાન અને ચારિત્ર નકામું છે. ૨૭૧

તત્ત્વ પરીક્ષા કરીને જેણે તત્ત્વ શ્રદ્ધાન કર્યું છે, જ્ઞાનવડે જેણે તત્ત્વ સ્વરૂપ સારી રીતે પિછાણ્યું છે અને જે નિરંતર પરભાવથી વિરમી સ્વભાવમાંજ રમણ કરે છે, એવી રીતે રત્ન-

ત્રયીનું સમ્યગ્ આરાધન કરનાર અવશ્ય સ્વહિત સાધી શકે છે. ૨૭૨

જેમ મૂળ સૂત્રનો તાણો શ્વેત છતાં પાછળના ખરાબ વાળથી વસ્ત્રની શોભા વિણસે છે તેમ પ્રથમ સમકીત નિર્મળ છતાં પાછળથી વિષય કષાયાદિક પ્રમાદયોગે સમકિત મલીન થઇ જાય છે. ૨૭૩

જે ૧૦૦ વર્ષના આયુષ્યવાળા જીવ એક સાગરોપમ પ્રમાણ નર્કગતિ અથવા દેવગતિ સંબંધી આયુષ્ય બાંધે છે. તેને દિવસે દિવસે સહસ્ર કોટિ ગમે પલ્યોપમ પ્રમાણ તે તે ગતિનો બંધ આવે છે. ૨૭૪

જે જીવ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ દેવગતિનું આયુષ્ય બાંધે છે. તે દિવસે દિવસે અસંખ્યાત ક્રોડ વર્ષનો બંધ કરે છે. ૨૭૫

એવીજ રીતે નર્કગતિનો બંધ જાણીને સુજ્ઞ જીવ સર્વજ્ઞ દેશિત જૈનધર્મમાં એક નિમેષ માત્ર પણ પ્રમાદ કેમ કરી શકે ? ૨૭૬

**દેવલોકમાં જેવાં દિવ્ય છત્ર સિંહાસનાદિક અલંકાર છે, મુકુટાદિક આભુષણ છે. નિર્મળ રત્નમય ઘર છે, રૂપ સૌભાગ્ય છે અને અતિ અદ્‌ભુત ભોગ સામગ્રી છે, તેવાં અત્ર મનુષ્ય લોકમાં કયાંથી હોય ? ૨૭૭**

દેવલોકમાં દેવતાઓને જે સુખ છે તેનું વર્ણન ગમે તેવો પંડિત જિહ્વાવડે સેંકડો ગમે વર્ષ સુધી કરે તોપણ તેનો પાર પામી શકેજ નહિ એવાં દિવ્ય સુખમાં દેવો મગ્નરહે છે. ૨૭૮

તેમજ નર્કગતિમાં જે અતિ આકરાં અને કડવાં દુઃખ

છે તે દુઃખને ક્રોડો વર્ષ સુધી વર્ણવતાં પણ કોણ પાર પામી શકે ? ૨૭૯

અતિ સખ્ત અગ્નિનો તાપ સહવો, કરવત જેવાં પત્રવાળાં શામલી નામના વૃક્ષથી નીચે પડવાનાં દુઃખ સહવાં, તલવારની ધાર જેવાં તીક્ષ્ણ દુઃખદાયી સ્થાનમાં અહીં તહીં પરવશપણે ફરવા સંબંધી, વતરણી નદિમાં સ્નાન કરવા સંબધી અને સેંકડો ગમે શસ્ત્રોવડે ભોંકાવા સંબંધી જે જે કદર્થના નર્કના જીવો પામે છે તે તે સર્વ અધર્મ અનીતિ અન્યાય આચરણના ફળ છે. ૨૮૦

વળી લાત, અંકુશ અને પરોણાની આર મારવા સંબંધી તથા સેંકડો ગમે વધ બંધનાદિક સંબંધી જે તીખાં દુઃખ તિર્યંચ ગતિમાં જીવને અનુભવવાં પડે છે. તે પૂર્વજન્મમાં સ્વાધીનપણે ધર્મ સેવનારને સહવા પડતાં નથી. ૨૮૧

મનુષ્ય ગતિમાં પણ જીવિત પર્યંત સંક્લેશ, નામમાત્ર વિષયસુખ, સેંકડો ગમે ચોરાદિક ઉપદ્રવો અને નીચજનોના આક્રોશ પણ સહન કરવા પડે છે તેથી મનુષ્ય લોકમાં પણ સુખ નથી. ૨૮૨

વળી હેડમાં પૂરાવું, વધ, બંધન, વિવિધ વ્યાધિ, ધન હરણ, મરણાદિક કષ્ટ અને ચિત્ત સંતાપ વિગેરે વિડંબનાઓ મૃત્યુ લોકમાં છે. ૨૮૩

તથા ચિંતા સંતાપવડે અને દુષ્ટકર્મ જનિત દારિદ્ર, રોગાદિવડે અત્યંત ખેદને પામેલા જીવો મનુષ્ય જન્મ પામ્યા છતાં કંઇ પણ સુકૃત કર્યા વિનાજ મરણ પામે છે. ૨૮૪

દેવલોકમાં દિવ્ય આભરણોવડે સુશોભિત શરીરવાળા દેવ-

તાને પણ ત્યાંથી મરવું પડે છે, તે તેમને મહા દુઃખરૂપ લાગે છે. ૨૮૫

એવાં દિવ્ય વૈમાનિક સુખને સાક્ષાત્ પામીને પુનઃ તે સર્વ રૂદ્ધિને તજી ચાલ્યા જવું પડશેજ એમ વિચારી તેમનું હૃદય ફૂટી જતું નથી તે હૃદયની કઠીનતા બતાવે છે. ૨૮૬

ઈર્ષા, વિષાદ, મદ, ક્રોધ, માયા અને લોભાદિક મનના વિકારોવડે દેવતા પણ પરાભવ પામેલા છે તો તેમને તત્ત્વથી સુખ કયાંથી હોય ? ૨૮૭

એવી રીતે પ્રચુર દુઃખમય સંસારોચ્છેદક સર્વજ્ઞ દેશિત સદ્ધર્મને સદ્ગુરૂ સમીપે જાણીને આત્મ કલ્યાણ સાધવાને ઉજમાળ થયેલા સત્પુરૂષોની પેરે જાગૃત થવાને બદલે સ્વહિત સાધનમાં જીવ કેમ ઉપેક્ષા કરે છે ? શુદ્ધ દેવગુરૂ અને ધર્મતત્ત્વને યથાર્થ જાણ્યા બાદ તેમનું આરાધન કરવામાં પ્રમાદ કરવો અત્યંત અનુચિત છે. અરે ? એવો કોણ મૂર્ખ હોય કે સ્વામીપણું તજીને દાસપણું આદરે ? સર્વ સુખદાયી સર્વજ્ઞ દેશિત સદ્ધર્મનો અનાદર કરી જે વિષય કષાયાદિક પ્રમાદ સેવવામાંજ તત્પર રહે છે તે સદ્ગતિનો અનાદર કરી દુર્ગતિનીજ ચાહના કરે છે. ૨૮૮

## निकट भवीनां लक्षण.

આ સંસારરૂપ કારાગૃહમાં અનેક પ્રકારના કર્મબંધનથી જેનું મન ઉદ્વિગ્ન થયેલું છે. અર્થાત્ આ સંસાર બંધનથી હું શી રીતે છુટીશ ? એવી વિચારણા અહોનિશ કરનાર તે નિકટભવી છે. ૨૮૯

જે જીવ થોડાજ વખતમાં જન્મ મરણાદિકનો અંત કરી મોક્ષગતિને પામવાનો હોય તે વિષય સુખમાં રાચે નહિ અને આત્મ સાધનમાં સર્વ શક્તિનો ઉપયોગ કરવા ચૂકે નહિ. ૨૯૦

## आत्महित साधवामां उपेक्षा करवाथी थतो अनर्थ.

દૈવ વશાત્ શરીરમાં તાકાત હોય અથવા ન હોય પણ મનની ધીરજ બુદ્ધિબળ અને ચિતના ઉત્સાહના પ્રમાણમાં ઉદ્યમ નહિ કરીશ તો બળ અને કાળનો શોચ કરતાં ચિરકાળ પર્યંત બેસી રહેવું પડશે. પ્રાપ્ત સામગ્રીમાં સંતોષ નહિ માનવાથી કંઈ પણ હિત સાધન કરી શકાશે નહિ. આગળ જતાં સામગ્રીયોગે સાધશું એમ ધારી બેસી રહેનારને ભવિષ્યમાં પણ પુરૂષાર્થ વિના તેવી સામગ્રી મળવાનોજ સંભવ નથી. તો પછી હિત સાધનનું કહેવુંજ શું? ૨૯૧

વર્તમાનકાળમાં જૈનધર્મ પામીને પણ જે તેનું આરાધન કરતા નથી અને અમને ભવાંતરમાં જૈનધર્મની પ્રાપ્તી થજો એવી પ્રાર્થના કરે છે તેને તે જન્માંતરમાં શી રીતે મળી શકશે?

અત્ર જૈનધર્મને સાક્ષાત્ પામ્યા છતાં વિષય કષાયાદિક પ્રમાદવશ વર્તીપણાથી જે તેનો અનાદર કરે છે તેને તે જન્માંતરમાં પ્રાપ્ત થઇ શકતો નથી. પ્રાપ્ત સામગ્રીનો યથાશકિત લાભ લેનાર પ્રાણીને પરભવમાં પણ તે સુખ પ્રાપ્ત થઈ શકે છે. ૨૯૨

સંઘયણ કાળ અને બળની હાનિ, દુઃખમઆરો તથા રોગાદિકનાં બાનાં કાઢીને નિરૂદ્યમી લોકો વ્રત નિયમની સુખદાયી શૈલીનો ત્યાગ કરી બેસે છે, આવા પ્રમાદી લોકો સ્વપરનો વિનાશ કરે છે. ૨૯૩

## " संयम मार्गमां यतना राखवानीज जरुर छे, "

દિન પ્રતિદિન કાળ પડતો આવે છે, તેમજ દ્રવ્ય ક્ષેત્ર અને ભાવની પણ હાનિ થતી હોવાથી સંયમ સાધવાને જોઈયે તેવાં અનુકુળ ક્ષેત્રો મળતાં નથી તેથી લાભાલાભ વિચારી યતનાથી સંયમનું પાલન કરવું. યતના કરતાં છતાં સંયમ–શરીરનો લોપ થતો નથી. ૨૯૪

સુવિહિત સાધુએ સદા સમિતિ પાળવામાં સાવધાન રહેવું. કષાય, ગારવ, ઇંદ્રિય અને મદનો જય કરવો. બ્રહ્મચર્યની સારી રીતે રક્ષા કરવી. પંચવિધ સ્વાધ્યાય કરવો, પંચવિધ વિનય સેવવો. યથાશકિત બાર પ્રકારનો તપ કરવો. ઉક્ત બાબતમાં અવશ્ય ઉપયોગ રાખવો. ૨૯૫.

## " पांच समितिनुं संक्षिप्त स्वरुप. "

માર્ગમાં ચાલતાં ધુંસરા પ્રમાણાંતરે દૃષ્ટિ રાખી પગલે પગલે ચક્ષુવડે ભૂમિને શોધતા સંકલ્પ વિકલ્પ રહિત અને ઉપયોગ સહિત વર્તતા મુની ઇર્યાસમિતિવંત કહેવાય છે. ૨૯૬

ભાષાસમિતિવંત મુનિ કાર્ય પ્રસંગે નિર્દોષ ભાષાજ બોલે, પણ પ્રસંગ વિના કંઇ બોલે નહિ, અને વિકથાદિક પ્રમાદનો સર્વથા પરિહાર કરે. જેથી સંયમની હાનિ થાય એવું વચન તે વદે નહિ. ૨૯૭

પિંડ એષણા પૈકી ૪૨ દોષો અને ભોજન સંબંધી પાંચ દોષોને શોધનાર સાધુ એષણા સમિતિવંત કહેવાય છે એવી જતના વિનાનો સાધુ કેવળ પેટભરો અથવા વેષ વિડંબક કહેવાય છે. ૨૯૮

પહેલા ચક્ષુવડે તપાસી પછી રજોહરણાદિક વડે પ્રમાર્જના કરી જે મુનિ કોઈ પણ વસ્ત્ર પાત્રાદિકને લે મૂકે છે તે મુનિ **આદાન ભંડ નિક્ષેપણા સમિતિવંત** કહેવાય છે. ૨૯૯

વડીનીતિ, લઘુનીતિ મુખ શરીર કે નાસિકાનો મળ તથા વસ્ત્રાદિક ઉપર ચઢી ગયેલા વિવિધ જંતુઓને વિવેકથી નિર્દોષ સ્થળમાં પરઠવનાર સાધુ **પારિષ્ઠાપનિકા સમિતિવંત** કહેવાય છે. ૩૦૦

## " क्रोधादिक चार कषाय. "

ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોગ, ભય અને દુગંછા એ સર્વે પ્રત્યક્ષ કલેશનાં કારણભૂત અનર્થકારી છે. ૩૦૧

ક્રોધ, કલહ, ખાર, પરસ્પર મત્સર, ખેદ, અકળાશ, અધીરજ, તામસભાવ, સંતાપ, તિરસ્કાર, નિભ્રંછન, આપખુદી, પૃથક્વાસ, અને કૃતનાશ એ સર્વે દ્વેષના પર્યાયો છે. તે વડે ઘણા આકરાં ચિકણાં કર્મ બંધાય છે. ૩૦૨–૩૦૩

માન, મદ, અહંકાર, પરપરિવાદ, આત્મઉત્કર્ષ, પરપરાભવ, પરનિંદા, ઇર્ષા–અસૂયા, હેલના નિરૂપકારિપણું, અકડાશ અવિનય અને પરગુણ આચ્છાન એ સર્વે અભિમાનના પર્યાયો પ્રાણીને સંસારમાં રઝળાવે છે. ૩૦૪–૩૦૫

માયા,–કપટ છાનુંપાપ, કૂડ–કપટ, ઠગબાજી, સર્વત્ર અવિશ્વાસ ( અણબનાવ ) પરન્યાસાપહાર ( થાપણમોસો ) છળ, છદ્મ, મંત્રભેદ, ગૂઢાચારિપણું, ( કુટિલમતિ ) અને વિશ્વાસઘાત એ સર્વે માયાના પર્યાયો પ્રાણીને ક્રોડો ગમે ભવભયમાં નાંખે છે. ૩૦૬–૩૦૭

લાભ, અતિસંગ્રહશીલતા, કિલષ્ટતા, અતિમમત્વ, કૃપણતા, ( ખાવા પીવા ભોગવવા યોગ્ય વસ્તુ છતાં અત્યંત લોભથી તેનો અપરિભોગ ) સડી વિણસી વસ્તુ ખાવા પીવાથી રોગોત્પત્તિ, મૂર્છા, અતિ ઘણો ધનનો લોભ, અને સદા લોભ ભાવના એ સર્વે તૃષ્ણાના પર્યાયો મહા ભયંકર ભવ સમુદ્રમાં ડૂબાડે છે. ૩૦૮–૩૦૯

ઉક્ત સર્વ કષાય વિકારોથી જે મહાનુભાવ દૂર રહે છે તેણેજ આત્માને યથાર્થ ઓળખ્યો છે એવો નિષ્કષાય આત્મા મનુષ્યોને માનસિક અને દેવતાઓને પણ પૂજનિક થાય છે. ૩૧૦

જે દુર્બુદ્ધિ પ્રચંડ ઝેરી દાઢાવાળા ભયંકર સર્પનો સ્પર્શ કરે છે તે તેથી વિનાશ પામે છે. ક્રોધ પણ એવો ભયંકર છે. ૩૧૧

જે કોઇ મદોન્મત્ત થયેલા કૃતાંત કાળ જેવા વનહસ્તીને પકડી રાખે છે તેને તે ચૂર્ણ કરી નાંખે છે. એવોજ ભયંકરમાનહસ્તી છે. ૩૧૨

જે કોઇ વિષવેલીમય મહાવનમાં સામા પવને પેસે છે તે તેના ઝેરી પવનના સ્પર્શ અને ગંધવડે તત્કાળ મરણ પામે છે. માયારૂપી વિષવેલી પણ એવીજ ભયંકર છે. ૩૧૩

મચ્છ, મગરમચ્છ અને ગ્રાહાદિક જળ જંતુથી ભરેલા મહા ભયંકર સાગરમાં પ્રવેશ કરે છે તે મરણાંત સંકટને સાક્ષાત્ અનુભવે છે. લોભ સમુદ્ર પણ એવો અત્યંત ભયંકર છે.

જ્ઞાનાદિક અથવા ક્ષમાદિક ગુણો અને અજ્ઞાનાદિક અથવા ક્રોધાદિક દોષોનો વિવેક સારી રીતે જાણ્યા છતાં જો જનો દોષનો ત્યાગ ન કરે તો તે ભારે કર્મીપણાને લીધેજ સમજવું ૩૧૫

# "हास्यादिक दोष तजवा विषे."

અટ્ટ હાસ્ય ( ખુલ્લે મુખે હસવું ), ઠઠ્ઠા મશ્કરી, સામાન્ય હાસ્ય, હાસ્ય ગર્ભીત કાવ્યાલંકાર, રતિ, કંદર્પ કે પરનું ઉપહાસ્ય સાધુ પુરૂષો કરે નહિ " હસતાં બાંધ્યાં કર્મ, રોતાં છૂટે નહિ " એમ તે સમજે છે. ૩૧૬

રખે મને શીત તાપાદિક પીડા થાય એવી સંભાળ સાધુ રાખે નહિ, મારૂં શરીર કેવું સુંદર છે અથવા મજબૂતકે નિર્બળ છે તેનો તપાસ કરવા આદર્શ વિગેરે દેખે નહિ, તપસ્યાથી કંટાળે નહિં, આપ વખાણ કરે નહિં, તેમજ ગમે તેટલો લાભ મળે તોપણ હર્ષ પ્રકર્ષ કરે નહિં. ૩૧૭

ઉદ્વેગ, ધર્મધ્યાન વિમુખતા, અરતિ, ( અત્યંત ઉદ્વેગ ) ચિત્ત–ક્ષોભ અને અનેક પ્રકારે ચિત્તની ચપળતા સુવિહિત સાધુને શા માટે હોય ? ૩૧૮

શોક, સંતાપ, અધીરજ, અત્યંત શોકજન્ય ક્ષોભ, વૈમનસ્ય, મંદ સ્વરથી રૂદન અને દીર્ઘ સ્વરથી રૂદન મુનિ માર્ગથી વિરૂદ્ધ છે. ૩૧૯

ભય, સંક્ષોભ, વિષાદ, ચાલતા પંથને તજી સિંહાદિ ભયથી અન્ય પંથે ચાલવું, વૈતાલાદિકથી ડરી જવું, તથા ભયથી બીજાને માર્ગ બતાવવો અથવા કુદર્શનીના માર્ગનું કથન કરવું એ દૃઢ ધર્મીને અનુચિત છે, પંથભેદ વિગેરે તો જીન કલ્પી મુનિ આશ્રી સમજવું. ૩૨૦

અત્યંત મલીન પદાર્થો દેખી મનમાં દુગંછા, મૃત કલેવરાદિ દેખી ઉદ્વેગ અને અશુભ વસ્તુને દેખી આંખ ફેરવી નાંખવી, એ સુસંયમવંતને ઉચિત નથીજ. ૩૨૧

ઉક્ત કષાય નોકષાય વિગેરે દોષો તજવા યોગ્યજ છે એમ પ્રસિદ્ધ જીનવચનને જાણ્યાં છતાં તેમાં મુંઝાઇ તેને તજી શકે નહિ એ કર્મનું પ્રબળપણું જણાવે છે. ૩૨૨

સ્થાન: શેઠ હઠીસિંહની વાડી, અમદા

## " आगम मार्गना अजाणने आपदा. "

જેમ જેમ શ્રવણ માત્રથી બહુ શ્રુત થયો હોય, તેવાજ લોકમાં પ્રિય થઇ પડયો હોય, મૂઢ શિષ્યોના પરિવારથી પરિવરેલો હોય અને સિદ્ધાંત માર્ગમાં અનિપુણ હોય તેમ તેમ તે શાસનનો શત્રુ છે એમ સમજવું. કેમકે તેનાથી શાસનની ઉલટી લઘુતા થવા પામે છે ૩૨૩

## " गारव त्रिक. "

પ્રવર વસ્ત્ર પાત્ર આસન અને ઉપગરણો આશ્રી મમતાથી મૂઢ સાધુ માને કે આ મારી દોલત છે, તેમજ હું આટલા બધા સાધુ સાધ્વી વિગેરેનો નાયક છું એમ માનનાર રૂદ્ધિ-ગારવવાન્ છે. ૩૨૪

રસ ગારવમાં ગૃદ્ધ થયેલો સાધુ અરસ વિરસ કે લુક્ષ ભોજન જેવું સ્વભાવિક મળી જાય તેવું લેવા ઈચ્છતો નથી. પરંતુ રસકસવાળું સ્નિગ્ધ અને મન ગમતું ભોજન ગવેષતો ફરે છે. ૩૨૫

શાતાગારવ યુક્ત સાધુ શરીરની શોભા કરે છે, તથા કામળ, શયન, આસન અને વાહન વિગેરેનો વધારે પ્રસંગ રાખે છે. શરીરને કંઇ પણ કષ્ટ પડે એવાં કામથી તે સદંતર દૂર રહેતો ફરે છે. ૩૨૬

## " इंद्रियो जीतवा विषे. "

ઇંદ્રિયોને વશ પડેલા જીવોના તપનો, કુળનો અને પ્રતિષ્ઠાનો લોપ થાય છે, વિષયાસક્ત થયેલા જીવની પંડિતતા પલાયન કરી જાય છે. તેને અનિષ્ટ માર્ગે વળવું પડે છે અને રણસંગ્રામ વિગેરે વિવિધ આપદાઓ ભોગવવી પડે છે. ૩૨૭

તેથી સંયમધારી સાધુ વીણા મૃદંગાદિકના શબ્દોમાં રક્ત થાય નહિં, મનોહરરૂપ દેખીને પુનઃ તે જોવાની લોલુપતાથી જોવે નહીં, તેમજ સુંદર ગંધરસ અને સ્પર્શમાં મૂર્છિત નહિ થતાં મુનિ માર્ગમાં સદા નિશ્ચળ રહેવા પ્રયત્ન કરે છે. ૩૨૮

યત્નપૂર્વક ઇંદ્રિયોનો જય કરવો જરૂરનો છે. અર્થાત્ ઇષ્ટાનિષ્ટ વિષયમાં પ્રવૃત્તિ કરતાં થતા રાગ દ્વેષાદિક વિકારોનો સર્વથા નાશ કરવા અત્યંત ચીવટ રાખવી. અહિતકારી કાર્યમાં પ્રવર્તતી ઇંદ્રિયોને અટકાવી હિતકારી કાર્યમાંજ જોડવી. સ્ત્રી સંબંધી મનોહર રૂપાદિક અવલોકન, પર નિંદાદિક શ્રવણ વિગેરે અહિત માર્ગમાં જતી ઇંદ્રિયોને અટકાવી; પરમ શાંત રસમય જીનબિંબાવલોકન, જીનવચન શ્રવણાદિક હિત માર્ગમાં પ્રવર્તાવવા અહોનિશ ઉપયોગ રાખવો જરૂરનો છે. કેમકે અહિત માર્ગ પ્રવૃત્તિથી અપવાદ તથા સંસાર ભ્રમણ અને અહિત માર્ગથી યત્નપૂર્વક નિવર્ત્તી હિત માર્ગમાં પ્રવૃત્તિ કરવાથી યશવાદ સાથે સંસાર બંધનથી મુક્ત થઇ આત્મા અવિનાશીપદ પામે છે. ૩૨૯

## " आठ मदनो त्याग करवा विषे. "

જાતિમદ, કુળમદ, રૂપમદ, બળમદ, વિદ્યામદ, તપમદ,

લાભમદ અને ઐશ્વર્યમદથી મદોન્મત્ત થયેલા જીવ સંસારમાં પરિભ્રમણ કરતાં અનેકવાર એજ વસ્તુ અનિષ્ટ પ્રકારની પામે છે. મદ કરનાર પ્રાણી અવશ્ય અધોગતિને પામે છે. ૩૩૦

ઉત્તમજાતિ, પ્રધાનકુળ, મનોહરરૂપ, મોટી ઠકુરાઇ, ઘણું-બળ, ઘણીવિદ્યા અને તપ કરવાની શક્તિ અને લક્ષ્મી પેદા કરવાની શક્તિ પામીને જે તે વડે અન્ય જનોની હેલના કરે છે, તે સંસાર ચક્રમાં અનંતીવાર નીચ સ્થાનને પામે છે. એમ સમજી મદનો ત્યાગ કરવોજ ઘટે છે. ગમે તેવું દુષ્કર ચરિત્ર પાળતો છતો સાધુ જો જાતિમદ કે કુળમદ વિગેરે કરે તો તે મેતાર્ય મુનિ તથા હરિકેશબળ સાધુનીપેરે પાછળથી સીદાય છે. ૩૩૧-૩૩૨-૩૩૩.

## " नवब्रह्मगुप्ति अथवा ब्रह्मचर्यनी रक्षा विषे. "

મન વચન અને કાયાને કાબુમાં રાખનાર, શાંત જીતેંદ્રિય અને નિષ્કષાયી ( કષાય રહિત ) મુનિ જે નવબ્રહ્મગુપ્તિને સાવધાનપણે સાચવે છે, પ્રમાદ રહિત તેનું પાલન કરે છે, તે નીચે મુજબ છે.

૧, સ્ત્રી, પશુ, અને પંડગ ( નપુંસક ) વિગેરે કામાંધ જનોવડે સંકીર્ણ સ્થાનમાં વાસો વસે નહિં, પણ નિર્દોષ એવા એકાંત સ્થાનમાં સંયમનું પાલન કરતા છતાં રહે. ॥

૨ સ્ત્રી સંબંધી રૂપ શૃંગારની કથા અથવા કેવળ સ્ત્રીઓની સમક્ષ ધર્મ કથન પણ કરે નહિ.

૩ સ્ત્રી સેવિત શય્યાદિક ઉપર બે ઘડી પહેલાં બેસે નહિ.

૪ સ્ત્રી સંબંધી અંગોપાંગને સરાગ દૃષ્ટિથી નીરખી જોવે નહિ ૩૩૪.

૫. પૂર્વે ગૃહસ્થપણે મોહને વશ થઇ કરેલી કામ ક્રીડાને કદાપિ પણ સંભારે નહિ.

૬ સ્ત્રી જન સંબંધી વિરહ વિલાપાદિક અથવા અતિ નિકટ સ્થાનમાં કામાસક્ત થયેલી સ્ત્રીઓના નુપૂર વિગેરેના શબ્દો કાન દઇને સાંભળે નહિ.

૭ અતિ સ્નિગ્ધ (રસકસ યુક્ત) ભોજન પુષ્ટ કારણ વિના કરે નહિ.

૮. લુક્ષ ભોજન પણ-પ્રમાણ રહિત લોલુપતાથી કરે નહિ. ૩૩૫.

૯. શરીરની શોભા સ્નાન વિલેપન અથવા સુશોભિત વસ્ત્રો વડે શ્રૃંગાર સજે નહિ જેથી સ્વપરને કામ ઉન્માદ જાગે એવા કોઇ પણ પ્રકારના અનાચરણથી બ્રહ્મચારી સાધુ સદંતર દૂર રહે ૩૩૬

ગુહ્ય ચિન્હ (અવાચ્ય સ્થાન) સાથળ;ચહેરો,કાખ,અને વક્ષ સ્થળ તથા સ્તનાંતર કવચિત્ કથંચિત્ જોવામાં આવી જાય તો તે તે સ્થળથી દૃષ્ટિને સાધુએ તરત પાછી ખેંચી લેવી; પણ ત્યાં દૃષ્ટિ ઠેરાવવી નહિ. અથવા સ્ત્રીની દષ્ટિ સાથે દૃષ્ટિ મેળવવી નહિ ૩૩૭

## "स्वाध्याय ध्यान संबंधी उपदेश."

શાસ્ત્ર સંબંધી વાચના પૃચ્છના પરિવર્તના અનુપ્રેક્ષા અને ઉપદેશ રૂપ પંચવિધ સ્વાધ્યાયમાં મગ્ન રહેનાર મહા પુ-

રૂપના ધ્યાનની શુદ્ધિ થાય છે. તેમજ તેથી સર્વ પરમાર્થને તે સારી રીતે જાણી શકે છે સ્વાધ્યાયમાં વર્તનાર ક્ષણે ક્ષણે. વૈરાગ્ય દશાને પ્રાપ્ત થાય છે. ૩૩૮

ધ્યાનસ્વાધ્યાયવેદીને ઉર્ધ્વ લોક, અધોલોક અને તિર્છા લોક સંબંધી; નારક, જ્યોતસી, વૈમાનિક તેમજ સિદ્ધ ભગવાન યાવત્ સર્વ લોકા લોક સંબંધી ભાવ પ્રત્યક્ષ જેવા ભાસે છે. ૩૩૯

નિરંતર તપસંયમ પાળતો છતો જે સ્વાધ્યાય ધ્યાનથી વિમુખ રહે છે એવો આળસુ સુખ શીલ સાધુ જ્ઞાનના અભાવથી સાધુ પદને લાયક ઠરતો નથી. આત્માને તારવા માટે સમ્યગ્ જ્ઞાનનુ મુખ્ય આલંબન છે. ૩૪૦

## "विनय गुण आदरवा उपदेश."

જૈન શાસનનું મૂળ વિનય છે. વિનય ગુણથી અલંકૃત હોય તેજ સાધુપદને લાયક થઇ શકે છે. વિનય ગુણ રહિતને સંયમ તથા તપ શી રીતે હોય? નજ હોય. કેમકે મૂળ વિના શાખાદિક સંભવેજ નહિ. વિનયવંત જગતમાં શોભા પામે છે, તેમજ યશ કીર્તિ પ્રાપ્ત કરી શકે છે. પણ વિનય રહિત જીવ કદાપિ સ્વકાર્ય સિદ્ધિને સાધી શકતોજ નથી એમ સમજી સર્વ ગુણના વશીકરણ ભૂત વિનય ગુણનું આરાધન કરવા અવશ્ય ચીવટ રાખવી ૩૪૧–૩૪૨

## "यथाशक्ति देह दमनरुप तप करवा उपदेश."

જેમ જેમ શરીર ખમી શકે અને પ્રતિ લેખન પ્રમુખ નિત્ય કરણી કરવામાં કંઇ ખામી પડે નહિ. અર્થાત્ નિત્ય નિ·

ચમો પણ સુખે પચી શકે તેવી જ રીતે ઈચ્છા નિરોધ પૂર્વક દેહ દમન કરવા પ્રયત્ન કરવો. એથી અત્યંત કર્મનો ક્ષય થશે, દેહ અને આત્મા ભિન્ન છે એવી અધ્યાત્મિક ભાવના જાગશે, તેમજ ઇંદ્રિયોનું પણ દમન થશે. ૩૪૩.

## "संयम यतना अधिकार."

જો સાધુ પડિમાદિક દુષ્કર કરણી ન કરી શકાય તો પછી સાધુ યોગ્ય સંયમ યતના કરવામાં કેમ પ્રમાદ સેવાય છે? ૩૪૪.

પ્રાણાંત કષ્ટ પ્રાપ્ત થયે છતે તો સદોષ આહાર ગ્રહણરૂપ અપવાદ પણ સેવન કરે, પરંતુ શરીરે કંઇ પણ હરકત નહિં છતાં પ્રમાદ શીલ થઈ અપવાદ સેવે તો સંયમ શી રીતે જળવાય? ૩૪૫

શરીરમાં કાંઇ વ્યાધિ પેદા થયો હોય તે સહન કરવા સામર્થ્ય હોય અને તે સહન કરતાં સંયમ કરણીમાં સ્ખલના ન આવતી હોય તો સાધુએ તે વ્યાધિની [1]પ્રતિ ક્રિયા કરવી નહિ અને તે સહન કરી શકાય નહિ અથવા સંયમ કરણીમાં હાનિ પહોંચતી હોય તો સાધુએ તેનો યોગ્ય ઉપચાર પણ કરવો. ૩૪૬

નિરંતર જૈન શાસનની શોભાને વધારનાર અને ચારિત્ર માર્ગ પાળવામાં ઉજમાળ એવા અપ્રમત્ત મુનિની સેવા ભકિત કરવામાં કોઇ રીતે પ્રમાદ કરવો નહિ. સંત સેવાથી શીઘ્ર આત્મ કલ્યાણ સધાય છે. ૩૪૭.

સંયમ માર્ગમાં શિથિલ છતાં વિશુદ્ધ પ્રરૂપણાવંત જ્ઞાનાધિક સાધુની પણ સેવા હિત બુદ્ધિથી કરવી ઉચિત છે. તેમજ

---

૧ ઔષધ ઉપચાર.

શાસનની હેલના નહિ થવા દેવા માટે પાસથ્થાદિકની પણ [1]અવસર ઉચિત સેવા સુસાધુ કરે છે, રોગાદિક પ્રસંગે અવસર ઉચિત વર્તવાનું કારણ એવું છે કે અન્ય મુગ્ધ જનોને એમ વિચારવાનો અથવા માનવાનો અવકાશ ન મળે કે આ લોકો પરસ્પર મત્સરી છે ૩૪૮.

વેશ વિડંબક સાધુ સચેત જળનું પાન કરે છે, તેમજ સચેત ફળ ફૂલનો ઉપભોગ કરે છે; સદોષ આહાર લે છે, અને ગૃહસ્થ યોગ્ય આરંભ સમારંભાદિક પાપ કાર્યો મોકળાશપણે કરે છે. ૩૪૯

એવા અનાચાર સેવવાથી તે અત્ર લોકે પ્રત્યક્ષ હેલના પામે છે અને પરભવમાં પણ સન્માર્ગથી બેનસીબ રહે છે. જૈન શાસનની પ્રભાવના ઉન્નતિ કરવી એ સમકિત પામ્યાનું સાર છે. એવી ઉન્નતિ આત્માર્થી મુનિવરોથીજ થઇ શકે છે, પરંતુ સં-યમ માર્ગમાં કર્મયોગે શિથિલ થયા છતાં જે ભવભીરૂપણાથી આત્મ નિંદાપૂર્વક આત્માર્થી મુનિઓની સદ્દભૂત સ્તુતિ કરે છે તે વિશુદ્ધ પ્રરૂપણાદિકથી શાસનની પ્રભાવના કરનાર હોવાથી પ્રશસ્ય છે. ૩૫૦

જે પોતે ગુણહીન છતો ગુણ સમુદ્ર મુનિરાજની હોડ ક-રવા જાય છે અને સુસાધુજનોની હેલના કરે છે, તેનું સમકિત-બીજ બળી ગયું છે એમ સમજવું. ૩૫૧

જીન શાસનમાં અત્યંત ભાવિત મતિવાળા દૃઢ સમકિત વંતને કોઇ શિથિલાચારી સાધુ અથવા શ્રાવક પ્રતિ પણ ઉચિત

---

૧ માંદગી પ્રમુખ કારણે.

સાચવવા દ્રવ્ય ક્ષેત્રકાળ ભાવ અપવાદાદિક કારણે પ્રવૃત્તિ કરવી જરૂરની છે. ૩૫૨

સુવિહિત સાધુઓ પાસત્થા, અવસન્ન, કુશીલ, સંસકત અને યથાછંદીને ઓળખી તેનાથી સાવધાનપણે દૂર રહે છે. ૩૫૩

**" પાસત્થાદિક હીણાચારીનાં લક્ષણ "** ગોચરીના ૪૨ દોષ ટાળે નહિં. ધાત્રીદોષ અને શય્યાતર પિંડને તજે નહિં. વારંવાર વિગઇનું ભક્ષણ કરે. તેમજ સંગ્રહ કરી રાખેલી વસ્તુ ખાય. સૂર્ય ઉદયથી સૂર્યાસ્ત સુધી ખાધા કરે. વારંવાર આહાર આરોગે મંડલીની સાથે ભોજન ન કરે તેમજ આળસવડે ભિક્ષા નિમિત્ત પોતે જાય નહિં. ૩૫૪–૩૫૫

સત્ત્વ હીન થઇ કેશનો લોચ કરે નહિ,કાયોત્સર્ગ કરતાં લાજે, શરીરનો મેલ ઉખેડી દૂર કરે, માર્ગમાં પગરખાં પહેરી ચાલે અને કારણ વિના કેડે ચોલપટ્ટો બાંધે. ૩૫૬

અમુક ગામ, દેશ અને કુળ મારા છે એવો ખોટો મમત્વ રાખે. બાજોઠ અને [1]ફલકનો અકાળે વર્ષાકાળ વિના ઉપભોગ કરવાનો પ્રતિબંધ રાખે ગૃહકાર્ય અથવા ભોગ ચિંતનમાં આસક્ત રહે અને પરિગ્રહ રાખી ફરે છતાં હું નિગ્રંથ સાધુ છું એમ લોકને જણાવે. ૩૫૭

નખ દાંત,કેશ અને રૂંવાડાને સમારે ગૃહસ્થના પેરે ઘણા જળથી હાથ પગ વિગેરે ધોવે, પલંગ પાથરી શયન કરે અને પ્રમાણ રહિત સંથારાનો ઉપયોગ કરે, અર્થાત્ શયનાસનમાં ઘણી જ મોકળાશ રાખે ૩૫૮

---

૧, પાટીયું.

આખી રાત્રી [૧]પ્રમાણ નિર્ભર કાષ્ટવત્ મૂર્છિતપણે અચેતનની પેરે સૂઇ રહે પણ સ્વાધ્યાય ધ્યાન કરે નહિ. અંધારે રજોહરણવડે ભૂમિ પ્રમાર્જન કર્યા વિના વસતિમાં પેસે તેમજ પેસતાં નિસ્સીહી અને નિસરતાં આવસ્સહી કહે નહિ ૩૫૯.

માર્ગમાં ચાલતાં [૨]વિજાતીય પૃથ્વીને સંક્રમતાં પગપ્રમાર્જે નહિ, ધુંસરા પ્રમાણ દૃષ્ટિ રાખી જયણાથી ચાલે નહિ, તેમજ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિની વિરાધના કરતાં મનમાં શંકા આણે નહિ. નિશુકતાથી અહીં તહીં હરે ફરે. ૩૬૦

મુખવસ્ત્રિકાની પણ પડિલેહના કરે નહિં તો અન્યવસ્ત્રોનું તો કહેવુંજ શું ? દિવસે કે રાત્રે સ્વાધ્યાય કરેજ નહિ. રાત્રે સુતાં મોટા શબ્દ કરે. કોઇની સાથે કલહ કલેશ કરે, અતિ તુચ્છ સ્વભાવને ધારણ કરે અને ગચ્છનો ભેદ અર્થાત્ ગચ્છમાં વિષાદ કરવામાં તત્પર રહે એવી માઠી પ્રવૃત્તિ કરે. ૩૬૧

બે ગાઉ ઉપરાંતથી આણેલું અથવા ભીક્ષા ગ્રહણથી ત્રણ પહોર ઉપરાંત રાખેલું ભોજન કરે, તેમજ કોઇએ નહિ દીધેલું એવું અશનાદિક અથવા ઉપકરણ સૂર્યોદય થયા પહેલાં પણ ગ્રહે. ૩૬૨

ગુર્વાદિકને લાયક અથવા ખાસ કારણે ઉપયોગી એવા સ્થાપના કુળમાં કારણ વિના આહાર અર્થે જાય. પાસથ્થાદિક સાથે સોબત કરે. નિરંતર માઠું ધ્યાન ધ્યાવે. તથા પુંજવા પ્રમાર્જવાનો ખપ કરે નહિ. ધસમસતો ચાલે. રત્નાદિક સાધુનો પરાભવ કરે. પરાઇ નિંદા કરે, કઠોર વચન બોલે તથા વિકથા કરવામાં કુશળતા દાખવે. ૩૬૩-૩૬૪

વિદ્યા, મંત્ર, યોગ (ચુર્ણ) અને ઔષધ ઉપચાર કરે, ભૂતિ કર્મ કરે તથા લેખશાળા અને નિમિત્ત જ્ઞાનથી આજીવિકા ચ-

---

૧ પર્યંત. ૨ જુદી જાતની.

લાવે તેમજ આરંભ પરિગ્રહુમાંજ અહોનિશ આસકત રહે. ૩૬૫

કારણ વિના ઇન્દ્રાદિકનો અવગ્રહ માગે. દિવસે શયન કરે. સાધ્વીએ આણેલો આહાર વિગેરે ભોગવે. અને સ્ત્રીના આસન ઉપર બેસે. વડીનીતિ, લઘુનીતિ મુખમળ અને નાસિકાનો મળ જયાં ત્યાં વિવેક રહિત નાખે. સંથારા તથા ઉપધિ ઉપર બેસીને પ્રતિક્રમણ કરે. ૩૬૬-૩૬૭

માર્ગમાં ચાલતાં પ્રાસુક (અચેત) જળ ગવેષણાદિકરૂપ જતના રાખે નહિ, પગરખાં વાપરે, પગરખાં વિના શકિત છતાં ચાલે નહિ, તેમજ સ્વપક્ષ અને પરપક્ષમાં પ્રત્યક્ષ અપમાન થાય એવા ક્ષેત્રમાં ચતુર્માસ છતાં વિચરે. ૩૬૮

દૂધ સાકર વિગેરે પદાર્થનો મેળાપ કરીને કારણ વિના અત્યંત આરોગે, ખાતાં શુભાશુભ વસ્તુનાં વખાણ તથા નિંદા કરે, રૂપબળ વધારવા નિમિત્તે વિવિધ વસ્તુ ખાય તથા જયણા નિમિતે રજોહરણ પણ રાખે નહિ. ૩૬૯

સંવચ્છરી, ચઉમાસી અને પાક્ષિક દિવસે અઠ્ઠમ છઠ અને ચોથ ભકત ( ઉપવાસ આદિક ) સુખ શીલતાથી કરે નહિ. તેમજ માસ કલ્પની મર્યાદાથી નવકલ્પી વિહાર કરે નહિ. ૩૭૦

નિત્ય પ્રતિ એકજ ઘરથી આહાર પાણી ગ્રહણ કરે. તેમજ ગૃહસ્થ સંબંધી કથા કરતો એકલોજ રહે, પાપોપદેશકારી શાસ્ત્રનો અભ્યાસ કરે, તેમજ લોક રંજનાર્થે ક્રિયા કરે. ૩૭૧

દુષ્કર કરણી કરનારની હેલના કરે, મૂર્ખપણે શુદ્ધ માર્ગને ગોપવે તથા સુસાધુ જયાં વિચરતા ન હોય એવા ક્ષેત્રમાં સુખ શીલતાથી ફરતો ફરે ૩૭૨.

મુખ ખોલીને મોટા શબ્દથી ગાય અને હસે, તેમજ પરને હસાવે, ગૃહસ્થ યોગ્ય કાર્યની ચિંતના કરે અને શિથિલા-

ચારીને વસ્ત્રાદિક દે, તેમજ તેની પાસેથી લે. ૩૭૩

આજીવિકા અર્થે ધર્મ કથા ભણે અને ઘરેઘરે તે કહેતા ફરે. ગણત્રી કરતાં ઉપગરણો પ્રમાણથી અધિક રાખે ૩૭૪

લઘુનીતિ તથા વડી નીતિ કરવા સંબંધી [1]બાધા રાત્રે થાય તો તેને માટે દિવસ છતાંજ નજદિક તથા દૂર યથાયોગ્ય ભૂમિને શોધી રાખવી જોઇયે તેમ શોધી રાખે નહિ ૩૭૫.

[2]સંવિજ્ઞ ગીતાર્થ એવા આચાર્યને આપમતિથી તજીદે તથા ગુરૂ મહારાજની આજ્ઞા વિના કંઇ પણ લે અથવા દે ૩૭૬

જે શય્યાદિક ઉપગરણો ગુરૂ મહારાજના કામમાં આવતાં હોય તે પોતેજ વાપરે તેમજ અવિનીત ગર્વિત તથા લુબ્ધ છતો ગુરૂ મહારાજની હેલના કરવા પ્રવૃત્તિ કરે ૩૭૭.

ગુરૂ, તપસ્વી, રોગી, નવદીક્ષિત, બાળ અને વૃદ્ધ સાધુ ઓથી સંકીર્ણ ગચ્છનું કંઇ પણ કાર્ય કરે નહિ તેમ પૂછે નહિ. કેવળ નિર્ધ્વંસ પરિણામ યુક્ત આજીવિકા અર્થે વેશ વિડં-બના કરે ૩૭૮.

જયણાથી માર્ગે ચાલવું. નિસ્સીહી પૂર્વક સ્વાધ્યાય સ્થ-ળમાં પેસી પુંજી પ્રમાર્જીને સ્વાધ્યાય કરવો. ૪૨ દોષ રહિત આહાર ગવેષી લાવીને તે સમભાવથી વાપરવો. મળ મૂત્રાદિક નિ-ર્દોષ સ્થળે વિવેકથી કરવા અને વધી પડેલા અથવા અશુદ્ધ આહાર પાણી ઉપગરણ વિગેરેને વિવેકથી પરઠવવાં એ સર્વ આ ચાર વિચારને યથાર્થ જાણે નહિ. તેમજ કદાચ જાણે તોપણ નિઃશુક પરિણામથી તે આદરે નહિ ૩૭૯

સ્વચ્છંદપણે ગમનાગમન શયનાદિક કરતો, જ્ઞાનાદિક ગુણ

---

૧ શંકા, પીડા. ૨ ભવભીરૂ.

રહિત અનેક જીવોનો સંહાર કરતો છતો સ્વમતિ કલ્પિત આ-ચરણ સેવતો થકો ગમે ત્યાં (રણના રોઝની પેરે) ભટ-કયા કરે ૩૮૦.

જૈન માર્ગને અણજાણતો અત્યંત ગર્વિત છતો સ્તબ્ધપણે જ્ઞાનવિજ્ઞાન રહિત છતાં સહુ કોઇને પોતાથી ન્યૂન લેખે. ૩૮૧

ગુરૂ પરતંત્રતા તજીને સ્વચ્છંદતાથી મોજમાં આવે તેમ કરતો ફરે અને ગૃહસ્થોની મધ્યે ભોજન કરે એ વિગેરે પાસથ્થાદિક હીણાચારી સાધુઓનાં લક્ષણ કહ્યાં છે. ૩૮૨.

## "संयम मार्गमां यथाशक्ति उद्यम कनारनेज हित छे"

શરીર રોગ ગ્રસ્ત થઇ જવાથી અથવા દેહ જરાવડે જા-જરૂં થઇ જવાથી અથવા શરીરનો બાંધો શિથિલ હોવાથી સં-યમ સંબંધી સકળ કરણી કરવા જેવું શાસ્ત્રનું ફરમાન છે તેવું કદાચિત્ યથાર્થ રીતે પાળી ન શકાય, તોપણ યથાશકિત ઉદ્યમ સેવી કપટ વૃત્તિને તજી તનમનથી બની શકે તેટલી સંયમ માર્ગની સેવા કરનાર સાધુ પદને લાયક ઠરે છે. સ્વશક્તિ છુપા-વ્યા વિના સરલ સ્વભાવીપણે તનમનથી સંયમ માર્ગની સેવા કરનાર પણ ધન્ય કૃત પુન્ય છે ૩૮૩-૮૪.

## "धर्म ठगने पाछळथी पस्तावुं पडे छे"

આળસુ, ઠગ, અભિમાની, કૂડાં આલંબન લેવાવાળા અને અતિ પ્રમાદી છતાં જે મનમાં માને કે હું સંયમવંત સાધુ છું. ૩૮૫.

એવો કપટી સાધુ માયા મોસનામના ૧૭ મા પાપસ્થાનક

ને સેવી મુગ્ધ જનોને વિવિધ કુડ ચેષ્ટા વડે વશ કરી મિથ્યા પાશમાં પાડે છે અને ત્રિગ્રામવાસી ધૂર્ત તપસ્વીની પેરે અંતે પશ્ચાતાપ પામે છે. કોઇ એક અતિ ધૂર્ત બ્રાહ્મણ ચોર લોકોને મળી ગયો અને તેમને કહેવા લાગ્યો, કે હું સાધુનો વેષ ધારણ કરી આસપાસના ત્રણ ગામના મધ્યમાં રહું; તમે ત્યાં સર્વત્ર મારી પ્રશંસા કરો, તેથી લોકો સહેજે વશ થશે અને એમ વિશ્વાસ બેસાડી આપણે સુખે ચોરી કરી શકશું. ચોરોએ એવીજ રીતે તેની પ્રશંસા શરૂ કરવાથી લોકો તે ધૂર્ત સાધુની સમીપે આવી તેનો આદર સત્કાર કરવા લાગ્યા. તેમજ તેનું બહુમાન કરી તેને પોતાના પોતાના ગામમાં લાવી ભોજન કરાવી પોતાનું સર્વસ્વ વિશ્વાસ પૂર્વક બતાવવા લાગ્યા. એ સર્વ વસ્તુ લક્ષમાં રાખી રાત્રી સમયે પૂર્વલા સંકેતિક ચોરો સાથે આવી તે વિશ્વાસુ મુગ્ધ જનોનું દ્રવ્ય ચોરી લાવવા તેણે શરૂઆત કરી, આથી દિનદિન દ્રવ્ય હાનિ થવાથી લોકમાં કોલાહલ મચી ગયો. બહુકાળ વીત્યે છતે એક ચોર પકડાયો. તેને સખ્ત માર પડતાં તેણે સર્વ હકીકત યથાસ્થિત કહી, તેથી તે સર્વ ચોરોનો લોકોએ વિનાશ કર્યો અને તે ધૂર્તને બ્રાહ્મણ જાણીને જીવતો મૂકયો પણ તેની આંખો કાઢી લીધી. તેથી તે મહાવેદનાથી દુઃખી થતો અને લોકો વડે નિંદાતો છતો ભૂંડા હાલે મરીને દુર્ગતિ પામ્યો. એવી રીતે જાણી જોઇને ધર્મ ઠગાઇ કરનારના એવાજ હાલ થવાના. ૩૮૬

## "विराधक अने आराधक साधुनां स्थानक"

૧ આપમતિથી એકાકી રહેવાપણું ૨ જ્ઞાનાદિકથી વિમુખ

રહેવાપણું ૩. સ્વચ્છંદાચારિપણું ૪ નિયત સ્થાનવાસીપણું અને પાંચમું શિથિલાચારસેવવાપણું. સાધુ જેમ જેમ, તેમાંથી અધિક નિમિતોને સેવે તેમ તેમ અધિક વિરાધકપણું પામે. ૩૮૭

૧ ગુરૂકુળ વાસમાંજ વસવાપણું ૨ સમ્યક્ જ્ઞાનાદિકનો અભ્યાસ કાયમ રાખવાપણું ૩ ગુરૂ મહારાજની આજ્ઞાને વશવર્ત્તી રહેવાપણું ૪ અનિયતસ્થાનવર્તીપણું ( અપ્રતિબદ્ધ વિહાર કરવાપણું) અને ૫ સમ્યક્ ક્રિયાકાંડમાં દત્તચિત્તપણું એમાંથી જેમ જેમ અધિક સારાં નિમિત્ત સેવે તેમતેમ અધિક આરાધકપણું સંભવે છે. ૩૮૮

નિર્મમ ( મમત્વ રહિત ) અને નિરહંકારી છતા જ્ઞાન દર્શન અને ચારિત્રમાં ઉપયોગ યુક્ત સાધુ કારણ વિશેષથી એક ક્ષેત્રમાં રહ્યા છતાં પૂર્વ સંચિત કર્મનો ક્ષય કરે છે. ૩૮૯

ક્રોધ, માન, માયા અને લોભ રહિત તેમજ [1]જીત પરિસહ એવા ધીર સાધુ વૃદ્ધાવસ્થામાં એક સ્થાને પણ રહ્યા છતા ઘણા કાળના કર્મનો ક્ષય કરે છે. ૩૯૦

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને યથાર્થ પાળનારા તથા તપ સંયમમાં સદા સાવધાન રહેનારા એવા મુનિયો કારણ વિશેષે એક સ્થળે સેંકડો વર્ષ પર્યંત રહેતા છતાં આરાધક કહ્યા છે. ૩૯૧

## "आज्ञारहस्य."

ઉપરલી હકીકત ઉપરથી એમ સમજી શકાય છે કે સર્વથા આમ કરવુંજ અથવા આમ નજ કરવું, એમ એકાંત વિધિ

---

૧ સુખ દુઃખમાં અડોલ વૃત્તિવાળા.

નિષેધ જીનશાસનમાં નથી. તેથી લાભાકાંક્ષી વણિકની પેરે લાભાલાભ વિચારીને કરવા યોગ્ય કરવું અને તજવા યોગ્ય તજવું. ભવભીરૂ ગીતાર્થ મુનિયો સમયજ્ઞ હોવાથી લાભાલાભને વિચારીનેજ સ્વકર્તવ્ય કર્મ કરે છે તેથી એવા ભવભીરૂ ગીતાર્થ ગુરૂનુંજ શરણ કરવું યોગ્ય છે. ૩૯૨

સર્વજ્ઞ નિરૂપિત ધર્મમાં માયા જાળ નથી, લોકવંચના નથી, તેમજ જન રંજનાર્થે કંઇ કહેલું નથી, પરંતુ ધર્મ વચન સ્ફુટ, પ્રગટ, કપટ રહિતઅને નિઃસંશય મોક્ષ પ્રદાયી છે એમ સમજ ? ૩૯૩

વળી શુદ્ધ ધર્મમાં મિથ્યાડંબર નથી. તેમજ એવી પણ સરત નથી કે તું મને આ દ્રવ્યાદિક દે તો હું તુજને આટલું કરી આપું. અન્ય દર્શનીમાં જેમ છળ પ્રપંચાદિ દેખાય છે તેવા છળ પ્રપંચ શુદ્ધ **ધર્મમાં** નહિં હોવાથીજ તે **જૈનધર્મ** સર્વત્ર નિર્દોષ છે. ૩૯૪

મુનિ માર્ગમાં વર્તતા સાધુઓ બે પ્રકારના હોય છે. કોઇ આગમના અજાણ અર્થાત્ અગીતાર્થ હોય છે અને કોઇ પદસ્થ અર્થાત્ જ્ઞાનદર્શન અને ચારિત્રની સંપદાથી અધિક હદ પામેલા એવા આચાર્ય ઉપાધ્યાય કે સ્થવીરાદિક હોય છે. આ પ્રમાણે જ્ઞાનાદિક ગુણ યુક્ત પુરૂષાદિક તેમજ અન્ય પદાર્થો પણ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવની અપેક્ષાથી ચાર પ્રકારે હોય છે. ૩૯૫

**ચારિત્રાચાર** મૂળ ગુણ વિષયક અને ઉત્તર ગુણ વિષયક એમ બે પ્રકારનો છે. તે બેમાં પણ મૂળ ગુણ વિષયક ચારિત્રાચાર છ પ્રકારનો છે. ૧ અહિંસા, ૨ સત્ય, ૩ અસ્તેય, ૪ બ્રહ્મચર્ય, ૫ અસંગતા ( મૂર્છા રહિતપણું ) અને ૬ રાત્રીભોજન ત્યાગ. તેમાં પ્રથમ અહિંસા પાંચ સ્થાવર અને ત્રસચતુષ્ક સં-

બંધી હિંસાના ત્યાગથી નવ પ્રકારે છે. બાકીના સત્યાદિક મૂળ ગુણો તો ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય ભેદથી ત્રણ પ્રકારના અથવા દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ ભેદથી ચાર પ્રકારના છે અને ઉત્તર ગુણો તો પિંડ વિશુદ્ધિ પ્રમુખ અનેક પ્રકારના છે. તેમાં દર્શનાચાર અને જ્ઞાનાચારના આઠ આઠ ભેદ સુપ્રસિદ્ધ છે. સર્વજ્ઞ દેશિત સર્વ સદાચાર સારી રીતે જાણીને તેને અતિચારાદિ દોષ રહિત આરાધવા પ્રયત્ન કરવો એજ સાર છે અન્યથા જ્ઞાન શૂન્યની કરણી અંધવત્ અનર્થકારી થાય છે. તેથી શાસ્ત્રકાર ભાર દઈને ગીતાર્થ ગુરૂનું દઢ આલંબન લેવા ફરમાવે છે. અને તેથી વિરૂદ્ધ વર્તનારના કેવા હાલ થાય છે; તે બતાવે છે. ૩૯૬-૩૯૭

જે અજ્ઞ-અગીતાર્થ છતો તપ જપ સંયમસેવે છે; અથવા એવાજ અજ્ઞ અગીતાર્થને ગુરૂ ધારી તેની નિશ્રાએ જે તપ જપ કરે છે; અથવા સાધુ સાધ્વી રૂપ ગચ્છનું પાલન કરે છે તે ( સર્વજ્ઞ આજ્ઞા વિરૂદ્ધ વર્તવાથી ) અનંત સંસાર ભ્રમણ કરે છે. ૩૯૮

અત્ર શિષ્ય આશંકા કરે છે કે તપ જપ સંયમ યુક્ત છતાં ગચ્છનું પાલન કરનાર અગીતાર્થ સાધુ અનંત સંસાર કેમ પરિભ્રમણ કરે? ગુરૂમહારાજ તેનો ઉત્તર આપે છે. ૩૯૯

આગમતત્વનો અજાણ અજ્ઞઅગીતાર્થ સાધુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પુરૂષ પ્રતિસેવના ઉત્સર્ગ તથા અપવાદને જાણી શકતો નથી. તે વિના સંયમ ક્રિયાની સફળતા શી રીતે થાય? ૪૦૦

વળી અગીતાર્થ સાધુ યથાસ્થિત દ્રવ્યને ન જાણે, કલ્પ્યાકલ્પ્ય ( સંયમવંતને ખપે ન ખપે એવી ) વસ્તુને ન જાણે,

તેમજ કઇ વસ્તુ કોને લાયક છે એમ યથાસ્થિત જાણી ન શકે તો ચારિત્ર શી રીતે સફળ થાય ? ૪૦૧

વળી તે સંયમ અનુકુળ ક્ષેત્રને ન જાણે. માર્ગમાં ચાલતાં વસ્તિ વિનાના સ્થાને તથા જનાકુળ દેશમાં કરવા યોગ્ય શાસ્ત્રોક્ત કર્તવ્ય કર્મ ન જાણે. સુભિક્ષ દુર્ભિક્ષ કાળ યોગ્ય કલ્પ્યાકલ્પ્ય વિવેક ન જાણે અર્થાત્ કાળના સ્વરૂપને યથાર્થ ન જાણે. ૪૦૨

તેમજ, તે અગીતાર્થ રોગી તથા નીરોગી અવસ્થા યોગ્ય સામાન્ય કારણે તથા વિશિષ્ટ કારણે લેવા યોગ્ય અને સમર્થ તથા અસમર્થ શરીરવંતને તેમજ વસ્તુ અવસ્તુને ન જાણે. ૪૦૩

આ કુટ્ટીકા, દર્પ, પ્રમાદ અને કલ્પ્યરૂપ ચાર પ્રકારની પ્રતિસેવનાને તથા તદ્યોગ્ય પ્રાયશ્ચિત્તને ન જાણે. ૪૦૪

જેમ કોઇ ચક્ષુરહિત અને માર્ગનો અજાણ માણસ મહાભયંકર અટવી મધ્યે માર્ગ ભ્રષ્ટ થયેલા માણસોને માર્ગે ચઢાવવાનો ફાંકો રાખે તે પોતેજ માર્ગને નહિં જાણતો તથા અંધ છતો બીજાને માર્ગે ચઢાવવા સમર્થ થઇ શકે ? ૪૦૫–૪૦૬

એવીજ રીતે જીન વચનરૂપ ભુવન પ્રકાશક દીપક અથવા ચક્ષુ રહિત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ઉત્સર્ગ અને અપવાદાદિકને નહિ જાણતો એવો અગીતાર્થ શી રીતે આત્મહિત સાધી શકે ? અથવા એવા અગીતાર્થની નિશ્રાવંત સાધુ પણ શી રીતે સ્વહિત સાધી શકે અથવા તો તેવો અગીતાર્થ અનેક બાળગ્લાન વૃદ્ધ અને પ્રાઘુર્ણક ( પાહૂણા ) સાધુવડે વિશાળ ગચ્છનું શી રીતે પાલન કરી શકે ? ૪૦૭–૪૦૮

સૂત્ર સિદ્ધાંતમાં આવી રીતે કહ્યું છે કે જે જ્યાં પ્રાય-

શ્ચિત ઘટેજ નહિ ત્યાં પ્રાયશ્ચિત આપે અર્થાત્ નિર્દોષને પ્રાયશ્ચિત્ત ( દંડ ) આપે અને પ્રાયશ્ચિત યોગ્યને પ્રાયશ્ચિત્ત ન આપે અથવા ન્યૂનાધિક આપે, તો તે પ્રાયશ્ચિત્ત આપનારને સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ કરવારૂપ મોટી આશાતના લાગે છે. ૪૦૯

આજ્ઞા ભંગરૂપ આશાતના કરવાથી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે અને આશાતના વર્જવાથી સમકિત રત્નની પ્રાપ્તિ થાય છે અર્થાત્ જીન આજ્ઞાને યત્નથી આરાધનાર સુખે બોધી રત્નને પામી શકે છે. પરંતુ સ્વેચ્છાચારીપણે આજ્ઞા ભંગરૂપ મોટી આશાતના કરનારને ચિરકાળ પર્યંત ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. ૪૧૦

ઉપર બતાવેલા દોષો આગમ રહસ્યના અજાણ એવા અગીતાર્થને સ્વયં સ્વતંત્રપણે તપ જપ કરતાં થકાં સંભવે છે. તેમજ અગીતાર્થની નિશ્રા એ વર્તનારને, સ્વયં અગીતાર્થ છતાં ગચ્છ ચલાવનારને તથા અગીતાર્થને ગચ્છ સોંપનારને પણ (તેવાજ દોષ ) સંભવે છે. ૪૧૧

જે સાધુ અગીતાર્થ હોવાથી જનમાર્ગને યથાર્થ જાણ્યા વિના જ્યાં ત્યાં વિચરવા ઇચ્છે છે તે સેંકડો ગમે દોષોને સેવતો છતો પોતે સમજી શકતો નથી. એવો અજ્ઞ સાધુ શી રીતે આત્મહિત કરી શકે ? વ્રતમાં લાગેલાં દૂષણ સંબંધી આલોચના દિનરાત કરવાની પદ્ધતિ જે વિધિવત્ આદરે નહિ તે સદોષ સાધુ ગુણમાં આગળ વધી શકે નહિં. ૪૧૨–૪૧૩

[1]અલ્પ શ્રુત સાધુ જો કે સારી બુદ્ધિથી અતિ દુષ્કર તપ સં-

૧ જ્ઞાનહીના.

યમ સેવે તોપણ તેથી તે કષ્ટરૂપ ફળને પામે. કેમકે આજ્ઞારહિત આપ મતિથી કરેલી ગમે તેટલી કઠણ ક્રિયા પણ મોક્ષ ફળ આપી શકે નહિ. ૪૧૪

શાસ્ત્ર રહસ્યના અજાણ છતાં કેવળ સૂત્ર માત્રથી વિશેષ સમજ પામ્યા વિના ઉપલક કરણી કરવા ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ તે અજ્ઞાન કષ્ટરૂપ ગણાય છે. ૪૧૫

જેમ કોઇએ બતાવેલા માર્ગના વિશેષને અણજાણતો વટેમાર્ગુ માર્ગમાં ભૂલો પડી ખેદ પામે છે તેમ આગમ રહસ્ય પામ્યા વિના સૂત્ર માત્રથી ઉપલક કરણી કરનાર આશ્રી પણ સમજવું. અર્થાત્ સુબુદ્ધિથી પણ આજ્ઞા શુન્ય કરેલી કરણી ફોગટ છે. ૪૧૬

કલ્પ્યા કલ્પ્ય, એષણા અનેષણા, ચરણ કરણ ( મૂળ ઉત્તર ગુણ ) સંબંધી તથા નવા દિક્ષિત સંબંધી અને પ્રાયશ્ચિત સંબંધી વિધિ તેમજ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ સંબંધી સમગ્ર વિધિને અણજાણતો.–૪૧૭

વળી લઘુ દીક્ષા અને વડીદીક્ષા વિધિ, સાધ્વી પ્રતિપાલન વિધિ અને સમગ્ર ઉત્સર્ગ અપવાદ માર્ગને અણજાણતો સાધુ શી રીતે આત્મહિત સાધી શકે ? ૪૧૮

ગુરૂ શિષ્યના [1]ક્રમથીજ જનોવડે ગ્રહાતાં બહુ પ્રકારના શિલ્પ શાસ્ત્રાદિક સમ્યક્ જાણી શકાય છે. અર્થાત્ વિનયપૂર્વક બહુ માનથી ગ્રહણ કરવામાં આવતાં શાસ્ત્ર સફળ થાય છે. પણ સ્વબુદ્ધિ માત્રથી ગુરૂ આમ્નાય રહિત દૃષ્ટિગોચર કરેલાં શાસ્ત્ર ફળીભુત થતાં નથી. ૪૧૯

---

૧ ઉચિત મર્યાદા પાળવાથી.

જેમ તપ સંયમ સંબંધી ઉપાયનો જાણ પુરૂષ ચિત્ત શુદ્ધિરૂપ ખરો ઉદ્યમ કરી શકે તેમ ફકત દેખાદેખી સામાચારી સેવનાર માણસ આત્મકલ્યાણનો ખરો ઉપાય જાણ્યા વિના શી રીતે ચિત્ત શુદ્ધિ કરવારૂપ સફળ ઉદ્યમ સેવી શકે ? ૪૨૦

શિલ્પ-કળા અને શાસ્ત્રોને જાણતો છતો જે તેનો સદુપયોગ કરે નહિં તે તેનું ફળ પામી શકે નહિ. એવીજ રીતે પ્રમાદ વશ થઇ જે શાસ્ત્ર વિહિત ક્રિયા કરતા નથી તેમનું જાણપણું નિષ્ફળ છે. ૪૨૧

કઇક સાધુઓ રસ ગારવ, રિદ્ધિ ગારવ અને શાતા ગારવના પ્રતિબંધથી સંયમ અનુષ્ઠાનમાં મંદ ઉત્સાહવંત છતાં વિષય કષાય વિકથાદિક દોષ વિઘ્નોથી પરિપૂર્ણ એવા પ્રમાદ અરણ્યમાં પેસે છે. ૪૨૨

સંયમ કરણીમાં ન્યુન છતા શુદ્ધ પ્રરૂપણાવડે શાસનની પ્રભાવના કરનાર બહુ શ્રુતની બલિહારી છે. અર્થાત્ દુષ્કર કરણી કરનાર અલ્પ શ્રુત કરતાં યથાશક્તિ કરણી કરનાર ભવભીરૂ ગીતાર્થ અધિક છે. ૪૨૩

સમ્યગ્ જ્ઞાનયોગે ચારિત્રની પ્રાપ્તી થઇ શકે છે, માટે [1]જ્ઞાનાધિકનું જ્ઞાન પૂજાય છે, પરંતુ જેમાં જ્ઞાન કે ચારિત્ર ક્રિયામાંથી એકે ગુણ નથી તેનું શું પૂજાય ? ૪૨૪

ચારિત્ર ( ક્રિયા ) શુન્ય જ્ઞાન નિરર્થક છે. સમકિત વિના સાધુવેશ નિષ્ફળ છે. અને દયા શુન્ય તપસ્યા ફોગટ છે. ૪૨૫

જેમ ચંદનના ભારને વહન કરનાર ગધેડો કેવળ ચંદનના

---

૧ અધિક જ્ઞાનવંતનું.

ભારનેજ વહે છે પણ વિલેપન શીતળતાદિક તેના ફળને પામતો નથી, તેમ ચારિત્ર ક્રિયા શુન્ય જ્ઞાની પણ કેવળજ્ઞાનનોજ ભાગી છે. અર્થાત્ લોકમાં ફકત જ્ઞાની કહેવાય છે, પરંતુ ચારિત્ર શુન્ય હોવાથી મોક્ષ સુખ મેળવી શકતો નથી માટે જ્ઞાનયુકત ચારિત્રનું આરાધન કરવા સતત કાળજી રાખવી જરૂરની છે. એજ મોક્ષનો અમોઘ ઉપાય છે. એ વડેજ પૂર્વ મહા પુરૂષોએ આત્મહિત સાધ્યું છે. ૪૨૬

જે નિઃશુકતાથી પ્રગટપણે પાપને સેવે છે અને જીવરક્ષા કરવામાં તથા ગ્રહણ કરેલાં વ્રત પાળવામાં ઉપેક્ષા કરી ધર્મની લઘુતા કરાવે છે તેનું સમકિત નિર્બીજ છે એમ સમજવું. ૪૨૭

જે ચરણ કરણ ( મૂળ ગુણ તથા ઉત્તર ગુણ ) રહિત છતો [1]માસ ક્ષમણાદિક દુષ્કર તપસ્યા કરે છે તે એક મૂર્ખની પેરે કેવળ કાયકલેશ કરે છે. અર્થાત્ દુષ્કર તપસ્યા કરવા કરતાં અહિંસાદિ મહાવ્રતોનું પાલન કરવું તથા ચિત્તની શુદ્ધિ અર્થે શાસ્ત્ર વિહિત માર્ગનું સેવન કરવું વધારે શ્રેયકારી છે. એવી સંયમ યુકત તપસ્યા અધિક લાભ ભણી થાય છે. તે વિના કેવળ તપસ્યા કલેશરૂપ થાય છે. જેમ એક મૂર્ખ આદર્શ ( આરીસા ) વડે ભરી ભરીને તલ વેચી તેના બદલામાં તેજ આદર્શવડે ભરીને તેલ લેતો લાભના બદલે ઉલટો તોટો પામ્યો તેમ વિવેક શૂન્ય સંયમ કરણીની અવગણના કરી કાયા કલેશ કરનાર સમજવો. ૪૨૮

---

૧ એક માસ પર્યંત ઉપવાસ.

સર્વ જીવની આત્મવત્ રક્ષા કરવાથી અને મહાવ્રતોનું યથાવિધિ પાલન કરવાથી સાધુ ધર્મ હોઈ શકે છે. એવી સાધુ ધર્મ યોગ્ય કરણીનોજ અનાદર કરવામાં આવે તો પછી ધર્મ શાનો? ૪૨૯

જેણે લિંગ (સાધુ વેષ) લઈને સર્વ જીવની દયાનોજ ત્યાગ કર્યો તે દિક્ષિત પણ નથી અને ગૃહસ્થ પણ નથી. કેમકે તે સાધુ ધર્મથી પણ ચૂકયો છે અને ગ્રહસ્થ યોગ્ય દાન ધર્મથી પણ ચુકયો છે. ૪૩૦

જેમ કોઇ અમાત્ય રાજાની કૃપાથી સર્વ અધિકારને પામ્યો છતો રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો વધ બંધન અને સર્વસ્વ હરણરૂપ મોટી શિક્ષાને પામે છે. તેમ આત્મવત્ સર્વ જીવની રક્ષા કરવા નિમિત્તે મહાવ્રતો ગ્રહણ કરવારૂપ મહા અધિકારને પામી સ્વેચ્છાચારથી જે તેનું ખંડન કરે છે તે સમકિત રત્નને હારી મહા વિંડબના પાત્ર થાય છે અર્થાત્ પ્રમાદને વશ પડી ચાર ગતિમાં પરિભ્રમણ રૂપ પરમ કષ્ટને પામેછે ૪૩૧-૩૨

એમ સમક્તિ રત્નને ગમાવી નાંખી સ્વ અપરાધ સદૃશ શિક્ષા ને પામતો અનંત કાળ પર્યંત સંસાર સમુદ્રમાં દુઃખી થાય છે. ૪૩૩

જે ભાગ્યહીન જીવે પોતાનાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર છંડયાં તેને અન્ય જીવ ઉપર પણ કરૂણા નથી એમ સમજવું ૪૩૪

સર્વ જીવ નિકાયના શત્રુ ભૂત અને લિંગ માત્રને ધારણ

કરનાર સંયમ ભ્રષ્ટ જનો અત્યંત [1]અસંયમ જન્ય પાપ મળથી પોતાના આત્માને મલીન કરે છે ૪૩૫

સંયમ માર્ગથી વિમૂખ રહેનારને સાધુ વેશથી કંઇ ફાયદો નથી, ખોટો ઘટા ટોપ રચવાથી કંઇ પણ હિત થઇ શકવાનું નથી. શું પોતાની મેળે છત્ર ચામરાદિક ઘટા ટોપ રચવા માત્રથી કોઇ રાજા હોઇ શકે ? નહિ જ ખાલી ઘટાટોપ તો ઉલટો દુઃખદાયી થાય છે અર્થાત્ ગુણ વિના સાધુ વેશ કેવળ હાંસી પાત્ર થાય છે ૪૩૬

જે આગમ રહસ્યનો જાણકાર છતો મૂળ ઉત્તર ગુણોને સારી રીતે સેવે છે અર્થાત્ સંયમ કરણીમાં સદા સાવધાન રહે છે તે ખરેખર સાધુની ગણત્રીમાં ગણાય છે ૪૩૭

અજ્ઞાન ક્રોધાદિક અનેક દોષ યુક્ત ચપળ સ્વભાવી સાધુ ઘણી કષ્ટ ક્રિયા કરતો છતો આત્માનું કંઇ પણ હિત કરતો નથી ૪૩૮.

આ જગતમાં કેટલાક જીવોનું મરણ શ્રેયકારી છે, કેટલાકનું જીવિત શ્રેયકારી છે, કેટલાકનું મરણ અને જીવન બંને શ્રેયકારી છે. અને કેટલાકનું મરણ અને જીવન બંને દુઃખદાયી છે, કેટલાક જીવોને પરલોક હિતકારી છે, કેટલાકને આ લોક હિતકારી છે, કેટલાકને આલોક અને પરલોક બંને હિતકારી છે. અને કેટલાકને આ લોક અને પર લોક બંને દુઃખદાયી છે. પ્રસંગે દર્દુર દેવનો અધિકાર જાણવા યોગ્ય છે.—

એકદા વીરપ્રભુ રાજગ્રહી નગરીના ઉદ્યાનમાં સમવસર્યા

૧ સંયમ વિરૂદ્ધ વર્તનથી ઉપજતા.

હતા. શ્રેણિકરાજા સમસ્ત પરિવાર સાથે લઇ પ્રભુને વંદન કરવા જતો હતો. વાટમાં એક [1]દર્દૂર કૂદતો કૂદતો પ્રભુના દર્શન માટે ઉતાવળથી જતો હતો. કોઇ એક ઘોડાથી તે ચગદાઇ શુભભાવ યોગે મરી દેવપણે ઉત્પન્ન થયો. અવધિ જ્ઞાનથી સ્વવૃત્તાંત જાણી તે પ્રભુના સમવસરણમાં આવ્યો ' શ્રેણિક રાજા દૃઢ સમકિતવંત છે ' એવી ઇંદ્રે પ્રશંસા કરેલી જાણી તેની પરીક્ષા કરવા માટે એક કોઢીયાનું રૂપ કરી તે દેવ કોઇ અશુચિ દ્રવ્યોવડે પ્રભુની પૂજા કરતો દેખાયો. વળી પ્રભુને છીંક આવ્યે છતે ' તમે મરો ' શ્રેણિકને છીંક આવ્યે છતે તેને તમે જીવો ' અભય કુમારને છીંક આવ્યે છતે તેને તમે મરો યા જીવો ' અને કાલિકસૂરિ કસાઇને છીંક આવ્યે છતે તેને ' તું ન મર ન જીવ ' એમ તે દેવે કહ્યું. પ્રભુને ' તમે મરો ' એમ કહેવાથી શ્રેણિકને ઘણોજ રોષ આવ્યો અને તેને શિક્ષા કરવા પોતાના માણસોને તેણે હુકમ આપ્યો. પરંતુ તે દેવ હોવાથી હાથમાં આવ્યો નહિં. બીજે દિવસે રાજાએ તેનો સર્વ અધિકાર પ્રભુને પૂછયો. ભગવાને યથાસ્થિત વાત કહેવાથી તેના મનનું સમાધાન થયું, વળી શ્રેણિકે, તે દેવે કરેલી અશુચિ દ્રવ્યથી પૂજા તથા તેણે ઉચ્ચરેલાં વચનો આશ્રી પૂછવાથી ભગવાને કહ્યું કે તેણે તો બાવના ચંદનવડે પુજા કરી હતી અને 'અમને તમે મરો' એમ કહ્યું તે એવી બુદ્ધિથી કે આપ વહેલાં મોક્ષમાં પધારો. આ શરીર વિગેરે મોક્ષમાં જતાં વિઘ્નભૂત હોવાથી એમ કહ્યું છે. વળી તુજને 'તમે જીવો' એમ કહ્યું તે એવી બુદ્ધિથી કે અત્ર જીવશો ત્યાં સુધી ઠીક છે. પછી નર્કમાં જઇ દુઃખ ભો-

---

૧ દેડકો.

ગત્વું પડશે. અભય કુમારને 'તમે મરો યા જીવો' એમ કહ્યું તે એવી બુદ્ધિથી કે તેને જીવતાં પણ ધર્મ આરાધનથી સુખ છે અને મરણ પછી પણ દેવગતિનું સુખ મળશે. તેમજ કસાઈને કહ્યું કે તું 'નમર અને ન જીવ' તે એવી બુદ્ધિથી કે જીવતો છતો તે અનેક જીવોનો સંહાર કરી મહા પાપ ઉપાર્જશે અને મૂવા પછી તે સાતમી નર્કે જશે, ત્યાં અનંત દુઃખ દાવાગ્નિમાં અહોનિશ પચાશે. આવાં પ્રભુનાં બોધકારી વચન સાંભળી શ્રેણિક અત્યંત ખુશી થયો. બીજી ગાથાનું કંઈક સમાધાન તો ઉપરલો સવિસ્તર અધિકાર લક્ષમાં આવવાથી સહજે થઇ શકે છે. વળી તેનો વધારે ખુલાસો શાસ્ત્રકાર આગળ પોતેજ કરે છે. ૪૩૯–૪૪૦

પંચાગ્નિ તાપ વિગેરે અનેક કષ્ટ કરણી કરતાં જીવ હિંસામાં આસકત એવા અવિવેકી તપસ્વી તાપસો વિગેરેને અત્ર પ્રત્યક્ષ સુખના અભાવે આલોકતો સુખદાયી નથીજ. ફક્ત કષ્ટ કરણીયોગે સ્વર્ગાદિક સુખની પ્રાપ્તિ થવાથી પરલોકજ સુખદાયી છે. ૪૪૧

નર્કાદિક નીચ ગતિમાં યોગ્ય કરણી કરનાર નરપતિ પ્રમુખને અત્ર આ મનુષ્ય લોકમાં પ્રત્યક્ષ રાજ્યાધિકાર સંબંધી સુખ ભોગવવાથી જીવિત શ્રેયકારી છે અને રોગાદિક અનેક દુઃખાક્રાંત શરીર છતે પ્રશસ્ત ધ્યાનથી નિર્મળ થનાર જીવનું મરણ શ્રેયકર છે. ૪૪૩

તપ જપ સંયમને સારી રીતે સેવનાર સત્પુરૂષોનું જીવિત અને મરણ બંને શ્રેયકારી છે કેમકે વધારે જીવનથી તે વધારે

ગુણ પેદા કરી શકે છે અને મરણ પછી પણ અવશ્ય સદ્દગતિ પામે છે. ૪૪૪

જીવ હિંસાદિક પાપકર્મ કરનારનું મરણ અને જીવન અંને દુઃખદાયી છે કેમકે મૂવા છતા નર્કમાં પડે છે અને જીવતા છતા અનેક જીવોનો સંહાર કરે છે. ૪૪૫

કાલસૌકરિક કસાઇના પુત્ર **સુલસની** પેરે જેણે મોક્ષ માર્ગ સારી રીતે જાણ્યો છે તે પોતાને મરણ જેટલું દુઃખ થાય તોપણ પરજીવને મનથી પણ પીડા ઉપજાવવાને ઇચ્છતા નથી. અભય કુમાર મંત્રીશ્વર પાસે ધર્મનું સ્વરૂપ સમજી તેમાં નિશ્ચળ બુદ્ધિ રાખનાર **સુલસને** તેના પિતાના મરણ પછી તેના સ્વજનોએ મળીને કહ્યું કે સ્વકુળ પરંપરાગત ધંધો કરીને હવે તું સ્વકુટુંબનું પાલન કર. વળી તું કસાઇનો ધંધો કરવાથી પાપ લાગશે એવો ડર રાખીશ નહિ. કેમકે તે પાપ અમે સઘળા ભાગે પડતું વહેંચી લેશું, એમ ખોટી દલીલ કરનાર તે મુર્ખ સ્વજનોને સમજાવવા તેણે કુવાડો પગ ઉપર પડતો મુકી પોકાર કરી મુકયો, કે ધાઓ ધાઓ મને ઘણી વ્યથા થાય છે. સહુ કોઇ ભાગે વહેંચી લ્યો, એમ કહ્યાથી તે સહુ મૌન થઇ રહ્યા અને સુલસ સારી રીતે શ્રાવક યોગ્ય કરણીમાં દ્રઢ ટેકથી પૂર્વની પેરે વર્તવા લાગ્યો. એવી રીતે કુટુંબી જનોની ખોટી ખુશામત નહિ કરતાં સ્વકર્તવ્ય કર્મમાં દ્દઢ ટેકથી વર્ત્યા કરવું એજ હિતકર છે. ૪૪૬

જેમ કોઇ મૂર્ખ ગાય ઘોડા હાથી પ્રમુખને લાયક સઘળો શણગાર સજ્જ કરી રાખે સર્વ સામગ્રીને સંચય કરે પણ એક

ગાય સરખી પણ પાસે હોય નહિ તે કેવું હાસ્યજનક ગણાય ? ૪૪૭

તેમ વસ્ત્ર પાત્ર દંડક પ્રમુખ સંયમની સકળ સામગ્રીનો કોઇ મમતાથી સંચય કરે પણ જે માટે તે સામગ્રી રાખવાની છે તે જયણાનો લગારે ખપ કરે નહિ તે પણ મૂર્ખની જ ગણત્રીમાં ગણાય છે અને જગતમાં હાંસીપાત્ર થાય છે. ૪૪૮

અરિહંત ભગવંત કોઇનું કિંચિત્ હિત કે અહિત કરતા કે કરાવતા નથી અર્થાત્ કોઈના હાથ ઝાલીને બલાત્કારથી કંઈ કરતા કે કરાવતાં નથી પ્રભુ તો કેવળ સાક્ષીરૂપે રહે છે ૪૪૯

જીનેશ્વર ભગવાન સ્વકર્તવ્ય સમજીને ભવ્યજનોને હિતોપદેશ દે છે તે મુજબ વર્તિને ભવ્યજનો ઉત્તમ પ્રકારનાં દેવતાઇ સુખ પામે છે. તો મનુષ્ય સંબંધી સુખનું કહેવુંજ શું ? ૪૫૦

મુગટ અને કુંડલાદિક દિવ્ય આભૂષણને ધારણ કરનાર શક્ર પણ જીનોપદેશથી સૌધર્મ ઇંદ્રની પદવી પામ્યો. ૪૫૧

દિવ્ય રત્નાદિકથી વિભૂષિત ૩૨ લક્ષ વિમાનની મહાવિભુતિ સૌધર્મેન્દ્ર પામ્યો, તે હિતોપદેશનુંજ ફળ સમજવું. ૫૫૨

ભરતચક્રવર્તી ઇંદ્રસમાન મહારૂદ્ધિ આ મનુષ્યલોકમાં પામ્યો તે જીનેશ્વર પ્રભુની ઉત્તમ દેશનાનો પ્રભાવ સમજવો. ૪૫૩

અમૃત સમાન સુખદાયી જીન વચનામૃતનો સ્વાદ લઇ ભવ્ય જનોએ જરૂર સ્વહિત કરી લેવું અને અહિતથી અવશ્ય પાછું ઓસરવું. જગહિતકારી જીનવાણી સાંભળવાનું એજ સાર છે. ૪૫૪

સમજીને સ્વહિત કરનાર કોને માન્ય ન થાય? અને અહિત આચરનાર કોને અપ્રિય ન થાય? ૪૫૫

જે ભાગ્યશાળી ભવ્ય તપ જપ સંયમાદિક વડે સ્વહિત સાધે છે તે દેવતાની પેરે પૂજાય છે અને મંગળકારી દ્રવ્યની પેરે મનાય છે. અર્થાત્ સિદ્ધાર્થ કે (સર્ષપ) ની પેરે તેની આજ્ઞા મસ્તકે [1]વહાય છે. ૪૫૬

જ્ઞાનાદિક ગુણથી પ્રધાન એવા સમગ્ર ગુણશાળી ભગવાન શ્રીવીર પ્રભુ સમીપે સર્વ ઇંદ્રો આવીને મસ્તક નમાવતા, એ ઉત્તમ પ્રકારના જ્ઞાન અને ચારિત્રનોજ પ્રભાવ સમજવો. ૪૫૭

ચોરી, શઠતા, કૂડ, કપટ અને પરસ્ત્રીગમનાદિક મહાપાપ મતિવાળા જનોનું હૃદયજ ફૂટેલું સમજવું કેમકે તે ઉભય લોકમાં દુઃખદાયી કામ કરે છે અને લોકો પણ તેની ઉપર કરડી નજર કરી કહે છે કે "આ પાપી છે" 'આ અદૃષ્ટ કલ્યાણ છે. ૪૫૮

જ્યારે તૃણ અને કાંચન, લોષ્ટ અને રત્નમાં સરખી બુદ્ધિ થાય ત્યારે લોભ તૃષ્ણાનો વિચ્છેદ થયો સમજવો. ૪૫૯

નિન્હવગચ્છના નેતા જમાલીએ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને જીન આજ્ઞા મુજબ સ્વહિત સાધ્યું હોત તો તે નિંદાપાત્ર થાત નહિ. મિથ્યાભિમાન (હઠકદાગ્રહ) વડે 'કરેમાણે કરે' એવાં વીર વચનને ઉત્થાપી જમાલી જગતમાં બહુજ નિંદાપાત્ર થયો. પ્રભુના જમાઈ એવા જમાલીએ વૈરાગ્યથી રાજ્યને તૃણવત્ તજી સંયમ ગ્રહ્યું હતું તેમજ તે ઘણીજ કઠણ ક્રિયા

---

૧ વહન કરાય.

કરતો હતો તોપણ સર્વજ્ઞ પ્રભુની આજ્ઞાથી વિપરીત પ્રરૂપણા કરવાથી તેને સંસારમાં ઘણુંજ પરિભ્રમણ કરવું પડશે, એમ સર્વ આશ્રી તે સમજવું. ૪૬૦

ઇંદ્રિય કષાય, ગારવ અને મદ વિગેરે પ્રમાદ આચરણવડે નિરંતર કલુષ અધ્યવસાય યોગે જીવ પ્રતિસમય ઘણાં ચીકણાં કર્મ બાંધે છે તેથી તેના માઠા વિપાકનો વિચાર કરી પૂર્વોકત પ્રમાદાચરણથી પ્રયત્નપૂર્વક વિરમવું ઘટે છે. ૪૬૧

પરપરિવાદ રસિકતા અને કંદર્પ વિષય ભોગવડે સંસારી જીવ વારંવાર અરતિ વિનોદ અને પરપરિતાપાદિક કર્યા કરે છે, એજ રાગદ્વેષાદિક વિકારો જીવને સંસારભ્રમણના પુષ્ટ કારણ છે. ૪૬૨

લૌકિક રૂષિઓ તથા કુલિંગિઓ અનેક પ્રકારના પાપ આરંભમાં આસકત થયા છતાં ઉભયથી ભ્રષ્ટ થયા સમજવા. કેવળ દીનવૃત્તિથી સ્વઉદર પૂરણ કરવા જગતમાં તે સ્વજીવન ગાળે છે. ૪૬૩

અહિંસા વ્રતના ઉપાસકે કોઇ પણ જીવની હિંસા કરવી નહિ અર્થાત્ રાજા કે રંક ગમે તે હોય તેની ઉપર સમદ્રષ્ટી રાખવી, અભયદાન વ્રતીએ કદાપિ પણ નીચને લાયક કઠોરતા કરવી નહિં. સર્વત્ર અમૃતદ્દિષ્ટથી જોવાનો સદા અભ્યાસ રાખવો. ૪૬૪

" આ પુરૂષાર્થહીન છે " અશકત છે એમ કહી ક્ષમાવંત સમભાવી જીવની નીચજનો હેલના કરે છે. પરંતુ તેથી સમતાવંત જીવ પોતાની ઉત્તમ વૃત્તિ તજી દેતા નથી એમ સમજીને

કે દૂધમાં પોરા જોવા જેવું કામ દુર્જનો કરતાજ રહે છે, વળી કોઇ દેવતાદિકને વાઘના રૂધીરથી બલિદાન દેતા નથી. પણ બાપડા બકરાદિક ગરીબ જીવની બલિ આપે છે. ૪૬૫

ક્ષણમાત્રમાં જીવને અનેક પ્રકારના વાત પિત્ત અને કફના વિકારો અથવા ધાતુ અને રસના વિકારો પ્રગટ થાય છે એમ વિચારી ધર્મસાધન યોગ્ય જે દુર્લભ સામગ્રી મળી છે તેનો લાભ લઇ લેવા બનતો પ્રયત્ન કરવો પણ પ્રમાદ સેવવો નહિં. કેમકે એવી શુભ સામગ્રી પુનઃ પુનઃ મળવી મુશ્કેલ છે. ૪૬૬

પંચેંદ્રિયપણું, મનુષ્યપણું આર્યદેશમાં ઉત્પત્તિ, ઉત્તમ કુળમાં જન્મ, સંત સમાગમ શાસ્ત્ર શ્રવણ, તત્ત્વરૂચિ (ધર્મશ્રદ્ધા), શરીર આરોગ્યતા અને દીક્ષા (વ્રત) ગ્રહણ ઉત્તરોત્તર દુર્લભ છે. ૪૬૭

આયુષ્યના અંતે શરીરના અંગોપાંગ શિથિલ થઇ જાય છે અને જ્યારે દેહ,પુત્ર, કલત્રાદિક તજીને જવાની તૈયારી થાય છે ત્યારે જીવવિવેકી જનોને કરૂણા ઉપજે એવી રીતે પશ્ચાતાપ કરે છે કે હા ઇતિખેદે સર્વોત્તમ એવું સર્વજ્ઞ શાસનને પામ્યા છતાં વિષય લવની લોલુપતાવડે પ્રમાદથી મેં કંઇ પણ આત્મહિત સાધ્યું નહિં. હવે મારી શી દશા થશે ? મેં એક પણ એવું સુકૃત સંચ્યું નથી કે જેની સહાયથી હું ભવાંતરમાં સુખી થઇ શકું. છતી સામગ્રીને વ્યર્થ ગમાવી દેનાર એવા મંદભાગ્ય જીવને પરભવ જતાં કોનો આધાર? ૪૬૮-૪૬૯

શુળ, વિષ, સર્પ, વિસૂચિકા, જળ, શસ્ત્ર અને અગ્નિ પ્રમુખ ઉપઘાતવડે જીવ ક્ષણ માત્રમાં દેહનો ત્યાગ કરી નાંખે છે. શરીરની એવી ક્ષણભંગુર સ્થિતિ હોવાથી જે સાવધાન થઇ

આત્મહિત સાધી લે છે તેને પાછળથી પશ્ચાતાપ કરવો પડતો નથી. ૪૭૦

જે સાધુ સારી રીતે તપ સંયમને સેવે છે, ઉત્તમ ગુણોનો સારી રીતે અભ્યાસ કરે છે અને ઉત્તમ પ્રકારના વ્રત નિયમોને અડગ રીતે પાળે છે; એવા સદ્‌ગતિગામીને ચિંતા કરવાનું શું કારણ છે? ૪૭૧

**માસાહસ પક્ષીની** પેરે કેટલાક લોકો બીજાને પ્રગટ રીતે શિખામણ આપે છે પણ ભારે કર્મીપણાથી તે મુજબ પોતે પાળી શકતા નથી. વાઘના મુખમાં પેસી તેમાં રહેલી માંસની પેશી લઇ આવી એક પક્ષી કોઇ વૃક્ષ ઉપર બેસી બીજાને શીખામણ દેવા લાગ્યું કે કોઈ સાહસ કરશો નહિં. એમ કહી ફરી ફરીને માંસના લોભથી સૂતેલા વાઘના મુખમાં રહેલા માંસને લેવા જતાં તે વાઘ જાગી ઉઠવાથી ક્ષણવારમાં તેનું ભક્ષણ કરી ગયો. એવી રીતે બીજાને શિખામણ આપે અને પોતે અવળે રસ્તે ચાલે તેની પણ એવીજ દુર્દશા થવાની. ૪૭૨

ગ્રંથાર્થ વિસ્તાર અને પરમાર્થને પણ જાણીને ભારે કર્મીપણાથી તે મુજબ નહિ વર્તવાથી કંઇપણ સ્વપરહિત સાધી નહિં શકતાં સકળ ચેષ્ટા નટવત્ કરીને જીવ ઉલટું અહિત કરે છે. ૪૭૩

નાટકીયા જે વૈરાગ્યની વાતો કરે છે તેથી અનેક જનોને વૈરાગ્ય ઉપજે છે એવી રીતે ગ્રંથાર્થ જાણીને શઠ લોકો માયાજાળ રચીને મુગ્ધ જનોને વશ કરવા પ્રયત્ન કરે છે. એવી માયા યુકત ચેષ્ટા કરનારનું કદાપિ હિત થઇ શકતું નથી. પણ માયાજાળને તજી સરલ સ્વભાવ રાખી ઉચિત પ્રવૃત્તિ કરવામાંજ

હિત છે. ૪૭૪

વિવેકવંત મનમાં એમ વારંવાર વિચારે કે હું શી રીતે આત્મહિત કરૂં ? અર્થાત્ સ્વહિત સાધવાનો ઉપાય વારંવાર વિચારે અને જે શુભ અનુષ્ઠાન કરાય છે તે કેવી રીતે, કેવા ભાવથી કરાય છે તેનો ઉપયોગ રાખ્યા કરે એવી ખેવના રાખનાર સ્વહિત કરી શકે. ૪૭૫

શિથિલ પરિણામથી, અનાદરથી, પર વશપણાથી તેમજ સ્વેચ્છાચારથી વર્તતાં પ્રમાદશીલ જીવને સંયમ શી રીતે સિદ્ધ થાય ? ૪૭૬.

જેમ ચંદ્રમા કૃષ્ણ પક્ષમાં ક્ષીણ થતો જાય છે તેમ પ્રમાદી સાધુ પણ દિનદિન ગુણમાં ક્ષીણ થાય છે, અને દીક્ષિત છતાં કિલષ્ટ અધ્યવસાયથી નિષિદ્ધ વસ્તુની વાંછા કરતો છતો વાંછિત વસ્તુને પામી શકતો નથી તેથી તે ઉભય ભ્રષ્ટ થયો છતો બંને ભવ બગાડે છે. ૪૭૭

ભય અને ત્રાસ પામ્યાથી સ્વદોષને છૂપાવનાર તથા સેંકડો ગમે છાનાં અને પ્રગટ પાપને સેવવાથી લોકમાં અવિશ્વાસને ઉત્પન્ન કરનાર સાધુ નિંદ્ય જીવિતને વહે છે એવા નિંદ્ય જીવિતથી એકાંત અહિતનીજ વૃદ્ધિ થાય છે. ૪૭૮

જે દિવસ, પક્ષ, માસ કે વર્ષ શુન્ય ગાળ્યા તે કેવળ નકામા છે. ફકત જેમાં મૂળ તથા ઉત્તર ગુણોનું અતિચાર રહિત આરાધન કરવામાં આવ્યું છે તેજ સાર્થક છે અર્થાત્ ધર્મયુકત જીવનજ સફળ છે, જેટલો વખત નિર્દોષ ધર્મ સેવનમાં ગાળ્યો તેજ લેખે થાય છે. ૪૭૯

આજ મેં કયા કયા જ્ઞાનાદિક ગુણો પેદા કર્યા ? અને

કયા કયા મિથ્યાત્વાદિક દોષોથી હું બચ્યો ? એ સંબંધી મેળ જે દિનરાત મેળવતો નથી તે શી રીતે આત્મહિત કરી શકે ! આત્મનિરીક્ષણ કરનાર અવશ્ય સ્વહિત સાધી શકે છે પણ તેમાં ઉપેક્ષા કરનાર સ્વહિત સાધી શકતો નથી. ૪૮૦

આ શાસ્ત્રમાંજ અનેક સ્થળે અનેક પ્રકારે સદનુષ્ઠાન સેવવા સંબંધી રૂષભદેવ, અવંતિસુકુમાળ, આર્ય મહાગિરિ પ્રમુખના દૃષ્ટાંત દઇ સમજાવ્યું છે તેમજ વિષયકષાયનો નિરોધ કરવા પણ ઉપદિશ્યું છે છતાં જો જીવ પ્રતિબોધ પામે નહિ તો તે ભારે કર્મી અને દીર્ઘસંસારી છે એમ સમજી લેવું. હલવાકર્મી તો તેથી પ્રતિબોધ પામે જ છે. ફક્ત ભારેકર્મી ભવાભિનંદી જીવને જ હિતોપદેશ રૂચતો નથી. ૪૮૧

વળી જે દીક્ષા આદરી સંયમમાં શિથિળતા કરે છે, તેની શિથિળતા દિનદિન વધતી જાય છે. પછીતે બહુ કષ્ટે તજી શકાય છે. ૪૮૨.

જો પૂર્વોક્ત સર્વ વાત સારી રીતે સમજાણી હોય અને ઉપશમ ભાવથી આત્માને ભાવ્યો હોય અર્થાત્ જો સમતારસને ચાખ્યો હોય તો હે વિવેકી જનો ! તમારા મન વચન અને કાયાને પ્રમાદ આચરણથી અવળે રસ્તે જવા દેશો નહિ. ૪૮૩

પ્રયોજન વિના તમારા હાથ પગને પ્રસારશો નહિ જ્ઞાનાદિક ગુણના અભ્યાસ અર્થે ગુરૂસેવા નિમિતે અથવા એવાજ કોઇ અનિવાર્ય કારણાર્થે કાયાને પ્રવર્તાવવી પડે તોપણ પોતાના શરીરને અંગોપાંગોને કાચબાની પેરે ગોપવી રાખજો. ૪૮૪.

વિકથારૂપ ભાષણ, વિનોદ નિમિત્તે ભાષણ, ગુરૂ બોલતા

હોય તેની વચમાં બોલવું, અવાચ્ય–નહિ બોલવા યોગ્ય બોલવું યાવત્ જે કંઇ કથન કોઇને અનિષ્ટ લાગે એવું તેમજ પ્રયોજન વિનાનું કથન તમે કરશો નહિ. ૪૮૫

જેનું મન અનવસ્થિત છે, જે ઘણું આહટ્ટ દોહટ્ટ ચિંતવ્યા કરે છે અને ઇચ્છિત વસ્તુ જે મેળવતો નથી તે ઘણાં પાપકર્મ બાંધે છે. ૪૮૬.

જેમ જેમ શાસ્ત્રરહસ્ય જાણે અને ચિરકાળ પર્યંત સાધુની સંગતિમાં રહે તેમ તેમ ભારેકર્મી જીવ સંયમ માર્ગથી વિમુખ થતો જાય. ૪૮૭.

જેમ જેમ સુવૈદ્ય વાતુલને વાતહરણ ઔષધ પાય તેમ તેમ તેનું પેટ વાતવિકારથી વધારે આકીર્ણ થાય એ અસાધ્ય રોગનું લક્ષણ છે, તેમ સર્વજ્ઞ વીતરાગનાં અમૃત વચનનું પાન કરતા છતાં જેનું ચિત્ત પાપવિકારથી વધારે પૂરાય તે જીવ ભારે કર્મી જ હોવો જોઇયે. અન્યથા એકાંત હિતકારી એવાં જીન વચનથી કદાપિ વિકારની વૃદ્ધિ થાય જ નહિ. અસાધ્ય રોગી જેવા ભારે કર્મી જીવને તો તેમ થવું સંભવે છે. ૪૮૮

જેમ બાળેલી લાખ નકામી થઇ જાય છે. ભાગી ગયેલો શંખ ફરી સાંધી શકાતો નથી અને લોહ મિશ્ર કરેલું તાંબુ પરિકર્મણ યોગ્ય રહેતું નથી એવી રીતે ભારે કર્મીજીવનું પણ હિત થવું અશકય છે. ૪૮૯.

જાણતા છતાં સંયમમાં આળસ કરનાર દુર્વિદગ્ધ સાધુને ઉપદેશ દેવો નકામો છે. ઇંદ્રને દેવલોકનું સ્વરૂપ સમજાવવું શું કામનું. ૪૯૦

જન્મ, જરા અને મરણથી સર્વથા મુક્ત થયેલા શ્રીજીનવરોએ મોક્ષના મુખ્ય બે માર્ગ કહ્યા છે. સુસાધુધર્મ અને સુશ્રાવકધર્મ. ત્રીજો સંવિજ્ઞપક્ષી ધર્મ છે તે ઉપલા બંને ધર્મમાં [1]અંતર્ભાવ પામે છે. ૪૯૧.

જીનેશ્વર પ્રભુની આજ્ઞા પ્રમાણે અહિંસાદિક મહાવ્રતોને અખંડ પાળતા છતાં પ્રતિબંધરહિત વિચરવું તે ભાવપૂજારૂપ મુનિમાર્ગ છે અને સુશ્રદ્ધા સહિત સ્થૂલ હિંસાદિકના ત્યાગ પ્રમુખ અણુવ્રતાદિકને પાળવા રૂપ અને જળ, ચંદન, પુષ્પાદિક વડે જીનેશ્વર પ્રભુની દ્રવ્ય પૂજા કરવી એ સુશ્રાવક માર્ગ છે. જે મુનિમાર્ગ પાળવાને અસમર્થ હોય તેને શ્રાવકનો માર્ગ આદરપૂર્વક સેવવો શ્રેયકારી છે. ૪૯૨.

પરંતુ જે સુખશીલપણાથી ઉભયભ્રષ્ટ રહે છે અર્થાત સંયમ પાળવા અશક્ત છતો શ્રાવક માર્ગને પણ કપટરહિત અંગીકાર કરી પાળતો નથી તેને મોક્ષની કે સ્વર્ગની પ્રાપ્તિ થતીજ નથી ૪૯૩

કંચન મણિના પગથિયાવાળું સહસ્ર ગમે સ્થંભવાળું વિશાળ અને સોનાના તળિયાવાળું જીનમંદિર કરાવવા કરતાં પણ પ્રભુઆજ્ઞા મુજબ તપ જપ સંયમનું સેવન કરવું અધિક લાભકારી છે ૪૯૪.

જેમ કોઇ રાજાએ બીજા દ્વીપમાંથી અન્ન( બીજ )લાવીને અન્નનિર્બીજ થયેલા દુર્ભિક્ષ કાળમાં ખેડુ લોકને વાવવા માટે આપ્યું ૪૯૫.

---

૧ સમાવેશ.

તેમાંથી કેટલાક ખેડુતોએ તે સર્વ બીજનું ભક્ષણ કર્યું, કેટલાકે અર્ધ ખાધું અને અર્ધ વાવ્યું, કેટલાકે સર્વ બીજ વાવ્યું અને કેટલાકે તો ક્ષેત્રમાં ઉગેલું ધાન્ય કુટી નાંખ્યું. ૪૯૬

એવી રીતે રાજા તો જીનવરચંદ્ર છે. ધર્મ વિરહિત કાળ એનિર્બિજકાળ છે કર્મ ભૂમિરૂપ ક્ષેત્ર છે અને નીચે મુજબ ચાર પ્રકારના ખેડુલોક છે. ૪૯૭

અસંયત (સર્વથા વ્રત નિયમ રહિત) લોકો, દેશવિરતિવંત (થોડા ઘણા વ્રત યુક્ત) લોકો, સુસાધુ (મહા વ્રતાદિક યુક્ત) લોકો અને પાસથ્થાદિક (શિથિલાચારી સ્વેચ્છાચારી) લોકો એવા ચાર પ્રકારના લોકોને જીનવર દેવે કેવલાલોક (સર્વ પ્રત્યક્ષ જ્ઞાનથી ધર્મ બીજ મોક્ષપ્રાપ્તિ અર્થે આપ્યું. તેમાંથી અસંયત લોકોએ તો સર્વ ધર્મ બીજનું સમૂળગું ભક્ષણ કર્યું. દેશ વિરતિ વંત લોકો એ તો અર્ધ બીજનોજ સદુપયોગ કર્યો, સુસાધુજનોએ સર્વ ધર્મ બીજનો સર્વથા સદુપયોગ કર્યો અને સ્વેચ્છાચારી સાધુઓએ ઉગેલાં ધર્મરૂપ ધાન્યનો સર્વથા લોપ કરી નાંખ્યો. ૪૯૮-૯૯

પૂર્વોક્ત ઉભય માર્ગનું આપમતિથી ઉલ્લંઘન કરનાર જીવ સર્વ જીનવરોની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે અને એવી રીતે સ્વેચ્છાથી જીન આજ્ઞાનો ભંગ કરનાર ભયંકર ભવ અટવીમાં ભમ્યા કરે છે. ૫૦૦

જે ઉત્તમ ગુણ સમેત પંચ મહાવ્રતાદિકરૂપ મૂળગુણને ધારી રાખવા સાધુ સમર્થ ન હોય તો સાધુવેશને તજી સુશ્રાવકની મર્યાદા આદરી તેને પ્રયત્નથી પાળવી હિતકારી છે. દંભ

સુક્ત સાધુ મુદ્રાને જાળવી રાખવા કરતાં કપટરહિત શ્રાવકનાં વ્રત પાળવાં શ્રેષ્ટ છે. ૫૦૧

અરિહંત ભગવાનની મુદ્રા અને સુસાધુજનોની પૂજા કરવામાં રકત અને વ્રત નિયમમાં દઢ એવા શ્રાવક થવું શ્રેયકારી છે; પણ ધર્મભ્રષ્ટ થઇ સાધુ વેશ રાખવો તો હિતકારી નથીજ. ૫૦૨

હિંસાદિક સર્વ પાપ વ્યાપારનો સર્વથા ત્યાગ કરૂં છું એવી મોટી પ્રતિજ્ઞા કર્યા છતાં જે લેશમાત્ર પણ પાપથી પાછો નિવર્તતો નથી તે ઉભય માર્ગથી ચૂકી સર્વથા ધર્મભ્રષ્ટ થાય છે. ૫૦૩.

જે પોતે પ્રતિજ્ઞા કરી તે મુજબ વર્તતો નથી તેનાથી બીજો મિથ્યાદ્રષ્ટિ કોણ છે? કેમકે પરને ગેરવિશ્વાસ ઉત્પન્ન કરતો તે મિથ્યાત્વની વૃદ્ધિ કરે છે. ૫૦૪

સર્વજ્ઞ પ્રભુની આજ્ઞાએ વર્તતાંજ ચારિત્ર પ્રમાણ છે. આજ્ઞા ભંગ કર્યે છતે બાકી શું રહ્યું! આજ્ઞા ભંગ કરનાર કોની આજ્ઞાથી શેષ અનુષ્ઠાન કરે છે? અર્થાત્ તેની સર્વ કરણી નિષ્ફળ છે. મોક્ષદાયી નથી. ૫૦૫

જેણે પાંચ મહાવ્રત રૂપ ઉંચો કિલ્લો તોડી નાંખ્યો છે તેવા ચારિત્રભ્રષ્ટ વેશધારી અનંતકાળ પર્યંત સંસારઅટવીમાં અટે છે. ૫૦૬

હું કંઇ પણ પાપ નહિં કરૂ, નહિ કરાવું તેમજ કરનારને ઠીક નહિ માનું. એમ પ્રગટ પ્રતિજ્ઞા કરી તેવાંજ પાપને પુનઃ પુનઃ સેવેછે તે પ્રત્યક્ષ મૃષાવાદી છતો માયા કપટને સેવે છે. ૫૦૭

લોકમાં પણ જે પાપભીરૂ છે તે એકાએક કંઇપણ જુઠ બોલતો નથી અને દીક્ષિત છતાં જો જુઠ બોલે તો તે દીક્ષાજ નિષ્ફળ છે. ૫૦૮

જે મૂર્ખ મહાવ્રતને અથવા અણુવ્રતને તજી દઈ અજ્ઞાન તપ કરે છે તે લોઢાના ખીલા માટે નાવને ભાંગવા જેવું કરે છે. ૫૦૯

જે અનેક પ્રકારના પાસથ્થા (શિથિલાચારી સાધુ) ને જોઇ મૌન ધારતા નથી અને તેમને શિખામણ દેવા જાય છે તે ઉલટું પોતાનું બગાડે છે અને સામાનું કંઇ સુધરતું નથી. કેમકે મિથ્યાભિમાનથી કલેશ કરી જે સ્વદોષને ગોપવી ઉલટું પોતાનામાં સાધુપણું સિદ્ધ કરવા વ્યર્થ પ્રયત્ન કરે છે તે સદુપદેશને યોગ્યજ નથી. ૫૧૦

સારી રીતે વિચારી જોતાં જો મહાવ્રતનો ભાર વહી શકાશ નહિં એમજ જણાય તો લોકરંજન માટે સાધુવેશ રાખવો હિતકારી નથી. ૫૧૧

નિશ્ચય નયનો અભિપ્રાય એવો છે કે ચારિત્રનો લોપ થાય તો જ્ઞાનદર્શનનો પણ લોપ થાયજ છે. અને વ્યવહારનયનો એવો અભિપ્રાય છે કે ચારિત્રનો લોપ થાય તોપણ જ્ઞાનદર્શનનો લોપ ન થાય. જ્ઞાનદર્શન સાબેત હોય તો ચારિત્ર પણ પ્રાપ્ત થઇ શકે છે. જ્ઞાન દર્શન વિના ચારિત્ર ગુણ સંભવતોજ નથી. ૫૧૨

શુદ્ધ ચારિત્રપાત્ર સાધુ આત્મહિત કરી શકે છે, શુદ્ધ શ્રદ્ધાદિક ગુણ યુકત શ્રાવક પણ આત્મહિત કરી શકે છે. અને

ચારિત્રમાં શિથિલ છતાં સંવિજ્ઞ [1]પક્ષી સાધુપણુ સ્વહિત સાધી શકે છે. ૫૧૩

ચારિત્રમાં શિથિલ છતાં જે વડે કર્મની નિર્જરા થાય છે તે સંવિજ્ઞ પક્ષી સાધુનાં લક્ષણુ સંક્ષેપથી આવી રીતે કહેલાં છે. ૫૧૪

શુદ્ધ સંયમ માર્ગનાં વખાણુ કરે, પોતાના શિથિલાચારની નિંદા કરે અને સુસાધુ સમીપે સર્વથી લઘુ થઈ રહે. ૫૧૫

સકળ સુસાધુઓને પોતે વંદન કરે પણુ વંદાવે નહિં, પદસ્થોને દ્વાદશાવર્ત વંદન કરે પણુ કરાવે નહિં. સ્વાર્થને માટે કોઇને દીક્ષા આપે નહિં પણુ સામાને પ્રતિબોધ કરીને સુસાધુ પ્રત્યે સમર્પણુ કરે. ૫૧૬

શિથિલાચારી સાધુ સ્વાર્થને માટે બીજાને દીક્ષા દે તો સ્વપરનું બગાડે છે, સામાને દુર્ગતિમાં નાંખે છે અને પોતે પણુ ભવસાગરમાં ડુબે છે. ૫૧૭

જેમ શરણાગત જીવનું કોઇ મસ્તક કાપી નાંખે તેમ આચાર્ય પણુ ઉત્સૂત્ર-શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરતો છતો પાપ બાંધે છે. ૫૧૮.

પાપ વ્યાપારનો સર્વથા ત્યાગ કરવા રૂપ મુનિમાર્ગ સર્વોત્તમ છે. બીજો સમકિત મૂળ શ્રાવક ધર્મ છે અને ત્રીજો સંવિજ્ઞ પક્ષી માર્ગ છે. ૫૧૯

તે સિવાય બાકીના ગૃહસ્થલિંગ, કુલિંગ અને દ્રવ્ય વડે, મિથ્યા દ્રષ્ટિ સમજવા. અર્થાત્ જેમ ત્રણ પ્રકારના મોક્ષ માર્ગ

---

૧ શુદ્ધ મુનિ-ગુણુનો રાગી.

કહ્યા છે તેમ આ ઉપર કહેલા ત્રણ પ્રકારના સંસારભ્રમણના માર્ગ છે. પ૨૦

આ સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં સર્વ જીવોએ અનંત વખત રજોહરણાદિક દ્રવ્ય લિંગ આદર્યું અને તજ્યું છે. ૫૨૧

સંયમમાં શિથિલતાદિક કારણથી પ્રમાદશીલ સાધુને આચાર્ય પ્રમુખે બહુ રીતે સમજાવ્યા છતાં જેને લિંગમાં ગાઢ અનુરાગ છે અર્થાત્ સાધુવેશ તજવો જેને જરાએ રૂચતો નથી તે પૂર્વોક્ત લક્ષણવાળું સંવિજ્ઞ પક્ષીપણું આદરે છે અને તે વડે પણ અનુક્રમે મોક્ષમાર્ગને પામે છે. ૫૨૨

મહા અટવી, શત્રુ સૈન્ય વડે નગર નિરોધ, માર્ગ ગમન, દુર્ભિક્ષાદિક કાળ અને મંદગી પ્રમુખ કારણે સર્વ પ્રયત્ને સાધુ યોગ્ય કરણીમાં સાવધાનપણે આગમોકત યતના પૂર્વક તે વર્તે અર્થાત્ તેવા અનિષ્ટ પ્રસંગે પણ સંવિજ્ઞપક્ષી સાધુ સુસાધુ જનોની ઉચિત સેવા સાવધાનપણે કર્યા કરે. ૫૨૩.

જેમાં સુસાધુ જનોની અત્યંત આદરપૂર્વક સેવાભકિત કરવાની છે એવુ સંવિજ્ઞ પક્ષીપણું આ અભિમાનથી ભરેલા લોક મધ્યે શિથિલાચારી સાધુએ પ્રગટ રીતે પાળવું બહુ જ દુષ્કર છે. માનગ્રસ્ત લોકમાં સ્વમાનનું મર્દન કરી અત્યંત નમ્રતા અને સરલતાથી સુસાધુ જનોની સેવા કરવાથી જ તે પળે છે. ૫૨૪

સારણા વારણા ચોયણાદિકને સહન નહિ કરી શકવાથી જે ગચ્છનો ત્યાગ કરી આચાર વિચાર તજી સ્વચ્છંદપણે વિચરે છે તેવા સ્વેચ્છાચારી સાધુ જૈનસાસનમાં પ્રમાણ કરવા લાયક નથી ૫૨૫

સંયમ માર્ગમાં શિથિલ છતાં શુદ્ધ પ્રરૂપણાકારક સંવિગ્ન પક્ષી સાધુ ચારિત્ર પાળવામાં જેટલી જેટલી જતના કરે તેટલા પ્રમાણમાં તે કર્મનો ક્ષય કરી શકે તો સંયમ માર્ગમાં વિશેષે સાવધાન થઈ શુદ્ધ પ્રરૂપણા કરે તેવા ઉત્તમ મુનિવરનું કહેવું જ શું! એ તો સોનું ને વળી સુગંધ જેવું જાણવું. પર૬

ખરાજાત કાઢતાં જેમાં ચોખ્ખો થોડો ઘણો પણ લાભ મળતો હોય તે વ્યાપાર જેમ વાણીયો કરે છે તેમ સૂત્રાર્થના જાણ એવા ગીતાર્થો પણ લાભાલાભ વિચારી કરવા યોગ્ય કાર્ય કરે છે પર૭

સંયમ વ્યાપારમાં શિથિલ પરિણામી એવા ભવભીરૂ સાધુના મનમાં પણ થોડી ઘણી દયા તો બનીજ રહે છે તેથી જ સંવિગ્ન પક્ષી સાધુની સમયોચિતજ જયણા પણ સુખદાયીજ કહી છે. પ૨૮.

## " योग्या योग्य विचार "

ઉંદરને અર્થ (ધન) નું શું પ્રયોજન છે? અને કાગડાને કનક (સુવર્ણ) માળાનું શું પ્રયોજન છે? તેમ મોહ મિથ્યાત્વથી ખરડાયેલા મંદભાગ્ય જીવોને પણ આ ઉપદેશમાળાનું શું પ્રયોજન છે? મહા મલીન આત્મા આ ઉપદેશમાળાનો અધિકારી નથી. હલુકર્મી જીવનેજ તે અત્યંત હિતકારી થઈ શકે છે. પર૯

[1]ચરણ કરણમાં આળસુ અને અત્યંત અવિનીત જીવ આ ઉપદેશમાળા પ્રકરણને માટે કદાપિ યોગ્ય નથી. લક્ષ મૂલ્યનું મણિ કાગડાની કોટે બાંધવાને યોગ્ય છે, શું? કદાપિ નહિ. પ૩

હથેળીમાં રહેલા આંબળાની પેરે સર્વ સુખદાયી માર્ગને

૧ વ્રત નિયમ પાળવામાં.

સારી રીતે જાણતાં છતાં જે પ્રમાદને વશ થઇ ધર્મકાર્યમાં સીદાય છે તે ભારે કર્મીપણાનું લક્ષણ સમજવું. હળવાકર્મી જીવને ધર્મકાર્યમાં સ્વભાવિક રીતે રૂચિ પ્રીતિવિશેષે પ્રવર્તે છે. ૪૩૧

ધર્મ અર્થ કામ અને મોક્ષનું સ્વરૂપ સાંભળતાં જેનો ભાવ પુદ્‌ગલિક બાબતમાં પ્રસંગવશાત્ ઢળી જાય છે તે જીવને એકાંત શાંત રસ વૈરાગ્ય રસથી ભરપૂર આ સકળ પ્રકરણ સોહાશે નહિ; કેવળશાંત રસના અર્થી એવા આત્માથિ જીવનેજ આ સમસ્ત પ્રકરણ ઉત્તમ પ્રકારના વૈરાગ્યનું પોષણ કરી સુખદાયી થશે. ૫૩૨

સંયમ અને તપ સેવનમાં મંદ પરિણામી એવા જીવોને આ ઉપદેશમાળારૂપ વૈરાગ્ય કથા કાને સાંભળતાં પણ રૂચતી નથી. પરંતુ પૂર્વોકત સંવિજ્ઞપક્ષી સાધુઓને તો તે સમ્યગ્ જ્ઞાન ક્રિયાના રાગથી રૂચિકર થઇ શકે છે. ૫૩૩

વૈરાગ્યરસથી ભરપૂર આ ઉપદેશમાળા પ્રકરણ સાંભળીને જેને ધર્મ સાધવાનો ઉલ્લાસ જાગે નહિ તેમજ વૈરાગ્ય આવે નહિ, તેને અનંત સંસાર ભ્રમણ કરવાનું બાકી છે એમ સમજી લેવું. ૫૩૪

મિથ્યાત્વ આદિ ઘણાં કર્મોનો ક્ષયોપશમ જેને થયો છે તેને આ ઉપદેશમાળા પ્રકરણથી ઘણો સારો બોધ થઇ શકે છે અને મિથ્યાત્વ આદિ મળથી મલીન થયેલા જીવોને તેનું રહસ્ય ગળે ઉતરતું નથી. અર્થાત્ ભારે કર્મી જીવને તેનો પરમાર્થ સમજી શકાતો નથી તો તે મુજબ વર્તવાનું તો કહેવું જ શું ૪૩૫

## " उपदेशमाळानुं फळ "

આ **ઉપદેશમાળા** જે ભણે–ગણે છે અને હૃદયમાં ધારે છે. તે તેનો પરમાર્થ સમજી આત્મહિત જાણે છે, એટલે આ લોક અને પરલોક સંબંધી હિતમાર્ગને તે સમજી શકે છે અને સ્વહિત માર્ગને સમજી નિર્ધારી સુખે તે આદરી શકે છે. અર્થાત્ સુખકારી માર્ગે સ્વાભાવિક રીતે ચાલીને તે સુખી થઈ શકે છે. ૫૩૬

**ધંત મણિ દામ સશી** ગજ અને ણિધિ (નિધિ) એ છ પદોના આદિ અક્ષરોથી જેનું નામ બનેલું છે. એવા ધમ્મદાસ ગણિ–ધર્મદાસ ગણીએ સ્વપરહિત અર્થે આ **ઉપદેશમાળા** પ્રકરણ રચ્યું છે. ૫૩૭.

અનેક શાસ્ત્રાર્થરૂપ શાખાઓ વડે વિશાળ, તપ નિયમરૂપ પુષ્પના ગુચ્છાવાળો અને સ્વર્ગ તથા મોક્ષરૂપ ઉત્તમ ફળને આપનારો જીનવચનરૂપ કલ્પવૃક્ષ સદા જયવંતો વર્તે છે. ૫૩૮.

આ **ઉપદેશમાળા** વૈરાગ્યવંત મુનિઓને, સુશ્રદ્ધાવંત શ્રાવકોને અને આત્મહિતકાંક્ષી સંવિજ્ઞ પક્ષી સાધુઓને તથા વિવેકશાલી એવા બહુશ્રુત જનોને પઠન પાઠન માટે અત્યંત ઉપયોગી ઉપગારી જાણીને સમર્પણ કરવી યોગ્ય છે, કેમકે આત્મહિત કરવા ઉજમાળ થયેલા ભવ્ય સત્વોજ આ ઉત્તમ ગ્રંથના અધિકારી છે. ૫૩૯.

## "उपसंहार" अथवा छेला बे बोल.

ચરમતીર્થંકર શ્રી મહાવીર પ્રભુના અંતેવાસી શિષ્ય શ્રી **ધર્મદાસગણિ** મહારાજે અવધિજ્ઞાન પ્રાપ્ત કરી કલિકાલથી

કદર્થના પામતા પણ પાપભીરૂ એવા ભવ્ય જનોના અનુગ્રહાર્થે તથા મોક્ષફળ પ્રાપ્ત કરવા નિમિત્તે આ અત્યંત ઉપગારી અને ગંભીર આશયવાળું ઉપદેશમાળા પ્રકરણ રચ્યું છે; તેની સરલ વ્યાખ્યા ભવ્ય જીવોને વિશેષે ઉપગારી થાય એવી સદ્બુદ્ધિથી પ્રેરાઇ શ્રીમદ્ સિદ્ધર્ષિકૃત ટીકા ઉપર બનતું લક્ષ રાખી સ્વબુદ્ધિ અનુસારે લખવા પ્રયત્ન કર્યો છે તેમાં મૂળ ગ્રંથકાર અને ટીકાકારના પવિત્ર આશયથી કંઇપણ વિરૂદ્ધ મતિમંદતાથી સમજાયું અને લખાયું હોય તે બુદ્ધિશાળી શાસ્ત્રવિશારદ સજ્જનો સુધારી સદ્વિવેક ચંચુવડે રાજહંસવત્ સાર-સત્વ-ગુણ ખેંચી લેવા અનુગ્રહ કરશે. સુજ્ઞેષુ કિં બહુના

ઇતિશમ.

॥ ॐ अर्हंनमस्तत्त्वज्ञाय ॥

અથ મતિશ્રુત અવધિ ( ત્રણ ) જ્ઞાનધારક શ્રીમદ્-
વીર પ્રભુના શીષ્ય શ્રીમદ્ ધર્મદાસ ગણીજી કૃત
ઉપદેશમાળા તદંતર્ગત સર્વ કથાગાથાનુવાદ
છપ્પયછંદ પદ્યબંધ રચનાર.

# श्री रत्नसिंह सूरि शिष्य.

## गाथा १ नमिऊण इत्यादि

છપ્પય છંદ.

વિજય નરિંદ જિણિંદ વીર હથ્થિહિં વય લેવિણુ,
ધમ્મદાસ ગણિ નામિ ગામિ નયરિહિં વિહરઈ પુણું;
નિય પુત્તહ રણસીહરાય પડિબોહણ સારિહિં,
કરઇ એસ ઉવ એસમાલ જિણ વયણ વિયારિહિં;
સયપંચ ચ્યાલ ગાહા રયણ, મણિ કરંડ મહિયલિ મુણઉ;
સુહભાવિ સુદ્ધ સિદ્ધંત સમ સવિ સુસાહુ સાવય સુણઉ. ૧

## मूल—गाथा ३ संवछ्छर०

રિસહનાહ નિરહાર વરિસ વિહરિઉ અપમત્તઉ,
વદ્ધમાણ છમ્માસ કરઇ તપ ગુણહિં નિરૂત્તઉ;

અવર વિજિણવર દિખ્ખ લેવિ તવ તવઇ સુ નિમ્મલ,
તિણિ કારણિ ઉપદેશમાલ ધુરિ તપ કિય બહુફલ;
નિય સત્તિ સારિ અણુસારિ ઇણિ તપ આદર અહનિસિ કરઉ;
ભો ભવિય ભાવિ જમ્મણ મરણ દુહ સમુદ્દ દુત્તર તરઉ. ૨

## मूल गाथा ४ जइता०

સવ્વ સાહુ તુમ્હિ સુણઉ ગણઉ જગ અપ્પ સમાણઉ,
કોહ કહવિ પરિહરઉ ધરઉ સમરસ સપરાણઉ;
તિહુયણ ગુરૂ સિરિ વીરધીર પણ ધમ્મ ધુરંધર,
દાસ પેસ દુવ્વયણ સહઇ ઘણ દુસહ નિરંતર;
નરતિરિય દેવ ઉવસગ્ગ બહુ જહ જગગુરૂ જિણવર ખમઇ;
તિમ ખમઉ ખંતિ અગ્ગલિ કરી જેમ્મ રિઉદલબલ નમઇ. ૩

## मूल गाथा ६ ठी—मद्दो०

સવ્વ સુણઇ જિણ વયણ નયણ ઉલ્હાસિહિં ગોયમ,
જાણઇ જઇ વિસુયથ્થ તહવિ પુછ્છઇ પહુ કહુ કિમ;
ભદ્દક ચિત્ત પવિત્ત પઢમ ગણહર સુયનાણી,
ન કરઇ ગવ્વ અપુવ્વ કરવિ મનિ મન્નઇ વાણી;
છંડીઇ માન જ્ઞાનહ તણઉ વિણઉ અંગિ ઇમ આણીઇ;
ગુરૂભત્તિ કહવિ નવિ મિલ્હીઇ ગ્રંથ કોડિ જઇ જાણીઇ. ૪

## मूल गाथा १३ मी—१४—दिणदि० अणुग०

દહિવાહણ નિવધુય વીરજિણ પઢમ પવત્તણિ,
ચંદનબાલ વિસાલ ગુણિહિં ગજ્જઈ ગુહિ રખણિ;
અહનિસિરાય કુંયારિ સહસ સેવઇ પય ભત્તિહિં,

જાણુઇ નાણુ નિહાણુ માણુ પુણુ નાણુઇ ચિત્તિહિં;
દિણુ દિખ્ખિય દેખ્ખિય આવતુ દ્રમક સાધુ સા ઉઠિ કરી,
અભિગમણુ નમણુ વંદણુ વિણુય સુણુઇવયણુ આણુંદ ભરી ૫

## मूल गाथा १७–१८ संवाह० तहवि०

આણુારસિ નયરી નરિંદ નામિહિં સંવાહણુ,
પુર અંતેઉર પવર અવર હય ગય બહુ સાહણુ;
કન્ના સહસ સુરૂવ અછઇ પુણુ પુત્ત ન ઈક્કય,
રાયપત્ત પંચત્ત લચ્છિ લિવઇ રિઉ ઢુક્કય,
નેમિત્તિ વયણિ રાણી ઉયરિ કુંયર જાણિ પટ્ટિહિં ચવિઉ,
તિણિ અંગવીરિ અરિ ત્રાસુવી રજ્જબંધ સહુ રાહ વિઉ. ૬.

## गाथा २० किंपर० ॥

કિય સિંગાર ઉદાર અંગ આરીસઇ પિખ્ખઇ,
ચાણી પડી મુંદ્રડી સયલ તણુ તિણિપરિ દિખ્ખઇ;
અંતેઉર આવાસિ પાસિ ભવ વાસિ વિરત્તઉ,
ભરહેસરવર ઝાણુ નાણુ કેવલ સંપત્તઉ;
એઉ ચક્કવટ્ટિ વિસયા રસિહિં, રમઇ રંગિજાણુ ઈમ ગણુઈ;
તસુ અપ્પકજ્જ અપ્પિહિં સરિઉં કિંપરજણુ જાણુ વણુઇ. ૭
સેણિય કરઇ પસંસ દુમુહ દુવ્વયણિ નિવારઈ,
રાય રિક્ષિ કાસગ્ગિ રહિઉ રણિ અરિઅણુ મારઈ;
સિરક કજ્જિ સિરિહથ્થ ઘલ્લિ સંજમ સંભાલઇ,
મનિહિં બદ્ધ બહુ પાપ આપ આપિહિ પખ્ખાલઈ;
ગતિ કહઇ વીર સત્તમ નરય મગહ રાય અચરિજ ભયઉ,
તિણિ સમઇ દેવ જય જય ભણુઇં પ્રસનચંદ કેવલિ જયઉ. ૮

## गाथा २५ धम्मोम०

ભરહ સરિસુ બલ ઝુઝિ બુઝ સંજમ અણુસરયુ,
કુણ વંદઇ લહુ ભાય ઠાય તિણિ કાસગ્ગ કરયુ;
ઇહ ઊપાનં નાણ માણ ધરિ વચ્છિર રહિયુ,
સહઇ ભુખ્ખ બહુ દુખ્ખ તહવિ નહુ કેવલ લહિયુ;
નિયબહિનિ બંભિ સુંદરિ વયણિ મય મયગલ જવ પરિહરઇ,
રિસહેસર નંદણ બાહુબલિ સયલ કજ્જ તતખ્ખણિ સરઇ. ૯

## गाथा २८ थोवेण०

કહિય ઇંદિ અતિ રૂપ સુણિય સુર બંભણ વેસિહિં,
પુહવિપત્ત મજ્જણઇ રૂપ પિખ્ખઇ સુવિસેસિહિં;
કીય સિણગાર સણંકુમાર નરનાહ નિરંતરૂ,
હક્કારઇ અથ્થાણિ જાણિ આવિ દેસંતર;
ખણિ દેહિ હાણિ ઈમ વયણ સુણિ રજ્જ છંડિ સંજમ ગહિઉ;
સયસત્ત વરિસ ચારિત્ત ધર સહઇ રોગ લદ્ધિહિં સહિઉ. ૧૦

## गाथा ३१ उवएस०

કરઇ રજ્જ કંપિલ્લ નયરિ છખ્ખંડ નરેસર,
જાઇસમરણિ જાણિ પુવ્વ ભવ બંધવ મુણિવર;
બોહઇ બહુ ઉવએસ સહસિ પુણ તોઇ ન બુજ્ઝઇ,
ભોગ ભવંતરિ બદ્ધ તિણ વિસયારસ મુઝ્ઝઇ;
સો બંભદત્ત બંભણિકીઉ અંધ અધિક પાતગ કરી,
સંપત્તઉ સત્તઉ સત્તમ નરગિ સુજિ સાધુ પત્ત સિદ્ધહંપુરી. ૧૧
સેણિય કુલિ કોણિય નરિંદ સુય નિવઇ ઉદાઇય,

પાડલિપુરિ ગુરૂ ભત્ત રત્ત પોસહ સામાઈય;
ખત્તિય પુત્ત જાણિ તિણિ દેસહ કઢિઉ,
ઉજ્જેણિં પુજ્જોય રાય ઓલગઈ અણિઢ્ઢિઉ;
ઈણિ વયરિ અવર અલહંત છલ વરિસ બાર વ્રત ધારયું;
તિણિ દુઠ્ઠિ તહવિ અવસર લહવિ નિવ ઉદાઈ નિસિ મારયુ. ૧૨

## गाथा ३३ वुत्तूणवि०

ચંપાપુરિ સુંનાર નારિ સય પંચહ સામી,
સાસિમત્ત અડુરત્તિ ગેહ નવિ છંડઈ કામી;
તિણિ મારી ઈક નારિ અવર નારિહિં સો મારીઉ,
પઢમ ભજ્જ નર રૂપિ વિપ્પકુલિ સો પુણ નારીઉ;
સયપંચ ભજ્જ જે ચોર તસ ઘરણિ ઇકુસા નારિ હૂય,
પહુવીર પાસિ પુછ્છિઈ સુનર જા સા સા સા વિપ્પધૂય. ૧૩

## गाथा ३४ पडिव०

કોસંબી સસિ સૂર વીર વંદઇ સવિમાણુય,
મિગ્ગવઇ મહાસત્તિ જંત ચંદણ નવિ જાણુઇ;
નિસિ એકલ્લી જાઈ પાઇ લગ્ગેવિ ખમાવઇ,
પડિવજ્જઇ નિયદોસ રોસ મિલ્હઇ મિલ્હાવઈ;
સુહ ભાવિ શુદ્ધ કેવલ ભયુ ભુજગ વિનાણિહિ જાણિયઉ,
જિમ પવત્તણીસ ભવપાર ગય વિનય અંગિ તિમ આણિયઉ. ૧૪

## गाथा ३७ संतेविको०

જંબૂકુમર વિલાસ ભવણિ પડિબોહઇ ભજ્જહ,
પ્રભવ પંચસય જુત્ત પત્તતહિં પરધણ કજ્જહ;

કણય નવાણું કોડિ છોડિ વ્રત વંછઈ સુહમણિ,
તંપિખ્ખવિ તસુ વયણિ સયલ પડિ બુઝ્ઝઇ તખ્ખણિ;
સગવીસ અધિક સય પંચસિઉં રાયગ્ગિહિ સંજમ લયઉ,
સો દૂસમિ પંચમ ગણહરહસીસ ચરિમ કેવલિ ભયઉ. ૧૫

## गाथा ३८ दीसंति०

સુંસુમ રાગિહિં રત્ત પત્ત રાયગ્ગિહિ નયરિહિં,
દાસ ચિલાઇ પુત્ત જુત્ત ધણ ઘરિ બહુ ચોરિહિં;
કુંયરિ કરીય કરિ નઠ્ઠ દુઠ્ઠ અડવિહિં અણુસરિઉ,
વાહર પત્તઉ પુઠ્ઠિ સિઠ્ઠિ પુત્તિહિં પરિવરિઉ;
સો રિખ્ખિ દિક્ષિ ત્રિહુ અક્ષરિહિં ખગ્ગસીસ છંડઇ કરમ;
કીડિયહં કઠ્ઠિ અઢઈ દિવસિ સહરસારિ દીસઈ પરમ. ૧૬

## गाथा ३९ पुप्फिय०

જાયવ પુત્ત જિણિંદ સીસ ઢંઢણ ગુણ જુગ્ગહ,
અંતરાય જાણિઈ લેઇ નિય લદ્ધિ અભિગ્ગહ;
આરવઈ છમ્માસ ભમઈ ગુણિ રમઇ સમિદ્ધઉ,
ભુખ્ખ દુખ્ખ બહુ સહઇ લહઇ આહાર ન સુદ્ધઉ;
મોદક્ક સીહ કેસર સહિય કર્મ કૂદિ કેવલ કલિઉ,
સંપત્ત સિદ્ધિ સંપત્તિ સુહ તપ તરૂ ઇમ પુપ્ફિય ફલિઉ. ૧૭

## गाथा ४२ जंतेहिं०

હુંતિજી પિંડિય પત્તર અવર દુવ્વયણિ ન કુપ્પઇ,
ખંદગ સૂરિ સુસીસ જેમ આયાર ન લુપ્પઇ;
પાલય કય ઉવસગ્ગ લગ્ગ મણુતીહં સજ્ઝાણિહિં,

જંત્રિહિં જીવિય ચત્ત પત્ત સવિ સિદ્ધહ ઠાણિહિં;
સો અગ્ગિદદ્ધ નરગિહિં ગયઉ વાડત્રભવ ભમિસિઇ ઘણઉ;
ભો ભવિય ભાવિ ઇમ કોહ અરિ ખંતિ ખગ્ગિ હેલાં હણઉ. ૧૮

## ગાથા ૪૪ नकुलं०

પુજ્જઇ સુરવર પાય રાય નિતુ નમઈ નિરગ્ગલ,
તપિસિજ્જઇ નવનિદ્ધિ સિદ્ધિ સવિ સરઇ સમગ્ગલ;
તપહલેસ હરિએસબલહ જિમ જગિ જસ હોવઇ,
ન કુલક્કમ ન રૂપસિદ્ધિ રિદ્ધિ નવિ તસુ કુઇ જોવઇ;
તિંદુકક જખ્ખ પયતલિ લુલઇ બહુ બંભણુ બોહિય બલિહિં;
કોસલિય ધુય પરિણીતિ જીય સુદ્ધિ અછિપ કુલિહિં. ૧૯

## ગાથા ૪૮ कोडीस०

સુસાહુ આચાર સાર જઇ લોભિ ન ડુલ્લઇ,
વયર સામિ સંપત નયરિ પાડલ સમ તુલ્લઇ;
સુણવિ તાસુ ગુણ વત્ત રત્ત ધણ સિઠ્ઠિ કુમારી,
કણયકોડિ સંજુત્ત પત્ત સાસઈ વરનારી;
ગુરૂ રયણ વયણ પડિબોહ સુણિ સુદ્ધ સીલ સંજમિ રહિ,
જિમ તેણિ મુક્ક તિમ મુક્કીઇ રમણિ રયણ કોડિહિં સહી. ૨૦

## ગાથા ૫૩ किंआसि० ૫૪ विज्झाह०

નંદિસેણ દોહગ્ગ નડિઉ નિદ્ધણ બંભણ સુય,
ભવવિરત્ત ચારિત્ત ગહવિ તત્ર તવઇ અચબ્ભુય;
વેયાવચ્ચ પસંસ ઇંદકિયકસિહિં પહુત્તઉ,
બંધિય અંતિ નિયાણ સગ્ગિ સત્તમિ સોપત્તઉ;

દસ ચઉર સાર નર ખયર ધ્રુય સહસ બહુત્તરિ રમણિવર;
સોહગ્ગસાર વસુદેવહૂય હરિકુલવંસ પયાસકર. ૨૧

## गाथा ५५ सपर०

પત્તદિવસી ચારિત્ત કન્હ લહુ બંધવ રયણિહિં,
ગયસુકુમાલ મસાણિ રહિઉ કાઉસગિ જિણ વયણિહિં;
બંભણિ બંધવિ પાલિ સીસિ વઈસાનર દિદ્ધઉ,
સિરહસરિ સદ્દુક્કમ્મ દહવિ મુણિ તખ્ખણિ સિદ્ધઉ;
તસ દુઠ્ઠ દુરિય ભાર ભૂરિય ઉયર કુટ્ટ નરય ગ્ગમહ,
જિમ સહિઉં તેણિ તિમ સંસહુ લહુલચ્છિ સુપરક્કમહ. ૨૨.

## गाथा ५९ तेधन्ना०

થુલભદ્દ ગુરૂ વયણિ કોસ વેસાહરિ પત્તઉ,
ચિત્તસાલિ ચઉમાસિ રહિઉ રસ વિગઇ નિરત્તઉ;
પુવ્વવેર સંભારિ સમર સમરંગણિ જિત્તઉ,
જિણ સાસણિ જયવંત સુહડ સુપરિહિં સુવિદિત્તઉ;
ખરખગ્ગધાર સિરિ સંચરિઉ સરિઉ સીહ જિમ ઇક્ક મન,
જે સીલ ભાવ દુદ્ધર ધરઇં તે સુસાહુ તે ધન્ન ધન. ૨૩

## गाथा ६१ जोक्रुण०

તવસી ઈક્ક ઉપકોસ ગેહિ ગિઉ ગુરૂ અવમન્નિય,
થુલભદ્દ મુણિ સરિસુ કરિસુ તવ ઇમ મનિ મન્નિય;
અથ્થલાભ સુણિ વયણ રયણ કંબલ ભણિ ચલ્લઇ,
સહવિ અવથ્થ સુવથ્થ આણિ વેસા કરિ મિલ્હઇ;

ચંપેવિ ખાલિ પડિબોહિઉ સુગુરૂ પાસિ પત્તઊ ભણઈ,
નિંદીઇ લોકિ સો ગુરૂ વયણુ અપ્પમાણુ ઇહજો કુણઈ. ૨૪

## ગાથા ૬૬ जइदु०

ગુણિ અણુ સરિસઉં ગવ્વ મકરિ મૂરખ મચ્છરિ વસિ,
નહુનિવ્વડઇ સમથ્થ જઇવિ ગદ્દહ ગય મરકસિ,
સુહડભણી સંભૂતવિજય દુક્કરતિ પસંસિય,
તસુસીસિહિં પુણુ થુલભદ્દ મુણિવર ગુણુ ખિંસિય;
તિણિકમ્મિ કોસા વસિહિં નડિઊ ચડિઉ હથ્થ દુજ્જણુ તણુઇ
અપકિત્તિ અલિય અજ્જવિ અજસ મહિમંડલ માહિરૂણુ ઝણઈ. ૨૫

## ગાથા ૬૮ अइसु०

મકરઉ મચ્છર માણુ જાણુ સરિસઉજગિ કોઈ,
પૂરઉ પુણ્ય પ્રભાવિ પાવિ પુણુ હીણુઉ હોઈ;
બાહુસુબાહુ સુસાહુ સુણુવિ ગુણુકિઉ મનિચ્છર,
તિણિહીણુત્તણુ પત્ત પીઢ મહ પીઢિહિં દુહકર;
પરજમ્મિ બંભિસુંદરિ સુધૂય મહિલા મહિલા મહિયલિ મુણુઉ,
સિરિરિસહ ભરહ બાહુબલિહિં ત્રિહું પ્રભાવ પુન્નહ તણુઉ. ૨૬

## ગાથા ૮૧ साठिं०

અણુગલ નીર વિપાર સુહમ જીવાઇ અરખ્ખણુ,
ઇણુ કારણિ બહુ કટ્ઠ અપ્પફલ કહઇં વિયખ્ખણુ;
છટ્ઠિહિં સટ્ઠિ સહસ્સ વરિસ તપ તપઇ અન્નાનિહિં,
પારણુ પુણુ ઇકવીસવાર જલ ધોઇય ધાનિહિં;
સો તામલિ રિસિ એરિસ તપી માસ દુન્નિ અણુસણિ સરિઉ,

ઉપાન્નઈઈ ઈસાણિ તિણિ સુખ્ખ મગ્ગ નહુ અણુસરિઉ. ૨૭

## गाथा ८५ मणिक० ८७ सुंदर०

કંબલ રયણ વિનાણિ જાણિ જગ ઉત્તમ ચંગિમ,
નરવર પિખ્ખણિ જાઇ માઇ પુત્તહ પભણઇમ;
આવિઈકક ખણુ પુત્ત પત્ત સેણિયતુહ મંદિર,
લેઉ કિયાણુ૩ંમાઇ ઠાઇ ઠાવઉ જિણિ તિણિ પરિ;
ન કયાણુઉં કુઇ એઉ સામિ તુમ્હ સાલિભદ્દય વયણુ સુણિ,
ભવવાસ વિરત્ત ચરિત્ત લિઇ છંડિ સુખ્ખ સહુ કણુયમણિ. ૨૦

## गाथा ८८ दुक्कर०

અયવંતી સુકુમાલ નયરિ ઉજ્જેણિ પસિદ્ધઉ,
નલિણી ગુલમ વિચાર સુણુવ તખ્ખણિ પડિબુદ્ધઉ;
અજ્જ સુહથિથ મુણિંદ હથિથ વયલેવિ મસાણિહિં,
કાસગિ રહિઉ સીયાલિ ખદ્ધમણ લગ્ગુ વિમાણિહિં;
સુહઝાણિ ઠાણિ તિણિ સુર હૂઓ રમણિ બત્તિસે વ્રત લીઉ,
તસુનંદણિ તિણિ થાનકિ પછઇ મહાકાલ ઉલકીઉ. ૨૯

## गाथा ९१ सीसावे०

રાયગિગહિ મેયજ્જ ભજ્જ નવ વર વિવહારિઉ,
પુન્વમિત્ત સુરિ બોહિ દિખ્ખ દુખ્ખિહિં લેવારિઉ;
વિહરંતઉ તિહિં પત્ત દુકુ સોનારહ મંદિરિ,
કૌંચિ કણુય જવ ખદ્ધ વદ્ધ બદ્ધઉ તિણિ તસસિરિ,
દ૬ ઘાઇ દિઠિ દુઇ નીકલીય ઢલિય ધરણિ નિચ્ચલુ ભયઉ;
તસપંખિ પ્રાણુ રક્ષા કરી ધરી ધ્યાન સિદ્ધિહિ ગયઉ. ૩૦

## गाथा ९३ साहगिरि०

ધણુગિરિ ઘરણિ સુનંદ ઉયરિ જાયુ જાઈસર,
છમ્માસિઉ પિઉ પાસિ વયર સંપત્તઉ વયરધર;
તસ સમીવિ મુણિ કજિજ ગુરિહિં વાયણુ અણુજાણીય,
ધન્નસીહગિરિ સીસ જેહિં મન્નિય ઇય વાણીય,
જે માણ ગણમનિ પરિહરી સુગુરૂ વયણુ ઇમ કરઇ;
તે સુદ્ધ સાધુ સુકુલીણ સવિગુણ નિહાણ ગુરૂયડિ હુઇં. ૩૧

## गाथा ९९ बुद्धावा०

સંગમ સૂરિ ગિલાણ વાસિ સંજમ વિહિ રખ્ખઇ,
ધમ્મછુલિ તસ સીસ દતગુરૂ દોસ નિરિખ્ખઇ;
ખિત્ત વિહાર સવિજ્જ પિંડ અંગુલિ દિપ્પંતિય,
નિત્યવાસ નિતુ સરસુઅ સુણ દીવય ભણિ ચિંતિય;
મન્નંતઉ મુનિ અપ્પંઉ સગુણ નિગુણ ભણવિ ગુરૂ પરિભવઇ;
ઘોરંધયાર ઘણ સટ્ટકરિ સમ્મદ્દિટ્ઠિ સુર સિખ્ખવઇ, ૩૨

## गाथा १०० आयरिय०

વદ્ધમાણ વિહરંત નયરિ સાવત્થિહિં આવઇ,
ગોસાલઉ વઉસાલ આપ તિથ્થયર ભણાવઇ;
મંખલિ પુત્ત સરૂવ કહઇ પહુ પુછિઉ સીસિહિં,
જિણવર સંમુહ મુકક તેઉ લેસા તિણિ રીસિહિં;
તં પિખ્ખિ સુગુરૂ પરિભવ અસહ સુનખ્ખત્ત મુનિ વિચિ થયઉ;
તિણિ તેજિ દઢ આરાધના કરવિ સગ્ગિ અચ્ચુતિ ગયઉ. ૩૩.

## गाथा १०२ बहुसुक्ख० १०३ नरयग०

નાહિયવાદિ નરિંદ નયરિ સેતંવી પએસી,

आचार्य महाराज श्री
महोपाध्याय श्रीसुमति

પાસસીસ વિહરંત પત્ત તહિં ગણુહર કેસી;
નરય ગમણિ ઇક ચિત્ત સુગુરૂ વયણિહિં પડિબોહિઉ,
સાવય ધમ્મ સુરમ્મ કરવિ તિણિ અપ્પઉં સોહિઉ;
બહુ કાલિકાલ કરિસુ જિસ રિઉ સૂરિઆભ સુવિમાણિ સુર,
ઇમ દુરિય દુખ દૂરિહિં હણી સયલ સુખ્ખ સાધઇ સુગુરૂ. ૩૪.

## ગાથા ૧૦૫ जीयं०

તુરમિણિ પુરી નરિંદ દત્ત બંભણુ કુલિ બહુ બલ,
માઉલ કાલિગસૂરિ પાસિ પુચ્છિઇ જન્નહ ફલ;
અંગ પીડ અંગમિય સુગુરૂ સઓંચિય જંપઇ,
જાગિ જીવ વધિ નરય સુણવિ સુજિ કોપઇ કંપઇ;
સહિ નાણુ જાણુ સત્તમ દિવસિ મલ પ્રવેશ મુહિ તુઝ તણુઇ,
દખ્ખિન્ન દુટ્ઠ ભય પરિહરિય ધમ્મ વયણુ મુણિ ઇમ ભણુઇ.૩૫

## ગાથા ૧૦૬ फुडपा०

આસિમરીઇ મુણિંદ ભરહ સુય નિય વય છંડઇ,
કિય પરિવાયગ વેસ રિસહ પહુ સરિસઉ હિંડઇ;
પડિબોહઇ બહુલોય દિખ્ખ જિણુ પાસિ લિવારઇ,
અન્ન દિવસિ અતિકુટિલ કપિલ તસુ વયણુ વિચારઇ;
તસુ શિષ્ય કાજે કુડં નવિ કહઇ ઇત્થ ઉત્થિ બહુ ધમ્મ છઇ;
ભવ કોડિ સાગર ભમિઉ હુઉ વીર જિણુ તઉ પછઇ. ૩૬

## ગાથા ૧૦૮ अप्पाहियं०

કન્હ મરણિ બલભદ્દ તવઇ તવ તું ગિય ગિરિસિરિ,
જાઇ સરણુ ઇક હરિણુ રહઇ અહનિસિરિષ પરિસરિ;

કઠ્ઠુ કજ્જ રહકાર પત્તવનિ સંખ કપાવઇ,
જિમણુ વેલ જાણેવિ લેવિ મુણિ મૃગ તહિં આવઇ;
એ હિયઇ દાનઉ મુદ્ધ તપએ બિહુ ગુણ મનિ ચિંતવઇ;
સિરિ પડઇ ડાલ સમકાલ ત્રિહું બંભલોય સુર ગતિ હવઇ. ૩૭.

## गाथा १०९ जंतकयं०

પૂરણુ સિદ્ધિ બિભેલ ગામિલિઈ તાપસ દિખ્ખા,
દીણુ ખયર જલચરહ અપ્પ ચિહુ ભાગિહિં ભિખ્ખા;
બાર વરિસ બહુ કઠ્ઠ છઠ્ઠ તપ કરઈ દયાવિણ,
પાયાલિહિં ચમરિંદ ચમર ચંચાહિ વહુય તિણુ;
અભિમાણિ સગ્ગિ સોહમ્મિ ગયઉ વજ્જદંડ પિખ્ખવિ પુલિઉ;
સિરિવીર નાહ પયતલિ રહિએ તઉ સયલ વિથંથ લુટલિઉ ૩૮

## गाथा ११० कारणनि० थोवावि० ११३

સુસુમાર પુર રોહિ કહઇ નિવસઉણુ સમીહએ,
વારત્ત ધરિષિ ભીય બાલ પ્રતિ ભણુઇ મ બીહઉ;
ઇય વયણહ બલિ ધંધ મારિ પુજ્જોય સુજિત્તઉ,
નેમિત્તિઉ ભણુ હસઈ રાઉરિસિ પાસિ પહુત્તઉ;
દંમગિહિ પસંગ સુઠ્ઠય મુણિહ થોડઉ અઈ માલિન્ન કર,
પરિહરઈ દુરિ ઈણુ કારણિહિં સવ્વ સંગ ચારિત્તધર. ૩૯

## गाथा ११८ जोनिछ.

ચંદવડિંસ નરિંદ નયરિ સાકેઇ સુસાવય,
નિશ્ચિઈ નિય આવાસિ સુઠ્ઠ સામાઈય ઠાવય;
દીવ અવધિ કાસગ્ગ કરિય નિચ્ચલ હુઈ પાલઇ.

દાસી પુણ દીવેલ ઘલ્લિ ચઉ પહરઉ જાલઇ;
પૂરિય પ્રતિજ્ઞ પ્રહ ઉગમણિ પરમ પ્રીતિ પામિઉ પવર,
સુકુમાલ અંગ સુહઝાણ મણ સગ્ગ લોઈ સંપ્પન્ન સુર. ૪૦

## गाथा १२० धम्मामिणं०

સાવય સાગરચંદ રહિઉ કાસગ્ગિ મહાવનિ,
કમલામેલા હરણ વૈર નભસેન ધરઇ મનિ;
ઘલ્લઈ સિરિ અંગાર તહવિસો ઝાણ નિરત્તઉ,
પોસહ વય દૃઢ પાલિટાલિ દુહસગ્ગિ પહુત્તઉ;
જઇ હુંતિ દુસહ ઉવસગ્ગ સહઇ મગિ હથ્થ સુકુમાલ તણ,
તા અઇ દુદ્ધર ચારિત્તધર સાહુ કે મન સહંતિ પુણ. ૪૧

## गाथा १२१ देवेहिं०

ચંપાપુર અઢાર કોડિ ધણવઇ કોડુંબિય,
પોસહ કરિ કાસગ્ગિ રહિઉ નિસિ ભુજ આલંબિય;
ઇંદ્ર પ્રસંસ અસદ્દહંત અમરેહિં પરખિખય,
મત્ત ગઇંદ ભુયંગ ઘોર રખખસ ભય દખિખય;
નહુ ચલિઉ મેરૂ ચૂલા અચલ કામદેવ ગિહવઈ સુથિર;
પહુવીર પયાસિઉ પ્રહસમઇ સીસ વગ્ગ અગ્ગલિ સુવિર. ૪૨

## गाथा १२२ भोगेअ०

રાયગિહિ ઇકરંક અછઇ અઇ દુખિખઉ અગ્ગઇ,
ઉજ્જાણી જણ જત્ત પત્ત તહિં ભિખ્ખ સુમગ્ગઇ,
અલહંતઉ અઇરોસિ દોસિનિય કમ્મિહિં નડિઉ,
ચૂરિસુ લોગ સમગ્ગ એમ ચિંતિય ગિરિ ચડિઉ;

ઢોલેઇટોલ પરબત તણા ગડઘડાટ સુણિ નઠુ સહુ;
પાષાણિ તેણિ સો ચંપિઉ નરયદુખ્ખ પામિઉ દુસહુ. ૪૩

## गाथा १३० माणा०

વદ્ધમાણ વય લિદ્ધ જાવ બીજઉ વરસાલઉ,
મુંડ તુંડ મંડેવિ પુંઠિ વિલગઉ ગોસલઉ;
જિણ વયણિહિં વિધિજાણી તેજ લેશ્યા તપિ સાધી,
યા તહ અઠુંગ નિમિત્ત કહવિ વિજ્જાતિણ લાધી;
થાઉમ્મગ્ગચારિ અનરથ ભરિઉ ગુરૂદ્રોહી ગરવિહિં નડિઉ,
મંખલિસુય મોઘ કિલેસ કરિ દુહ સાયરિ દુત્તરિ પડિઉ. ૪૪

## गाथा १३६ अक्कोसण०

દઢ પહારિ વડચોર જાઈ કુસથલિસિઉં ચોરિહિં,
ખીરકજ્જિ ધાવંત વિખ મારિઉ તિણિ ઘોરિહિં;
બંભણ ભજ્જ સગબ્ભ હણિય બાલક કુરકંતઉ,
પિખ્ખવિ ભવવેરગ્ગિ લેઈ સંજમ દિપ્પંતઉ;
સંભરણ અવધિ છંડિય અસણ તિણિજ ગામિ છમ્માસ રહિ,
અક્કોસ બંધ વહ દુસહ સહ સિદ્ધિ પત્ત દુક્કમ દહિ. ૪૫.

## गाथा १४० अहमा०

વીરસેણ સેવક્ક સહસમલ્લંતિ પસિદ્ધઉ,
કાલસેન રિઉ જેણ બિહુ બાંહિહિં બદ્ધઉ;
તિણિ ગુણિ સંખ નરિંદિ કિદ્ધ સામંત વિદિત્તઉ,
વેરગ્ગિહિં વ્રત લેવિ તીણ અરિ દેસિ પહુત્તઉ;
પચ્ચારિય પૂરવ બાહુબલ કાલસેનિ કુટ્ટાવિઉ,
સવ્વટ્ઠ સિદ્ધિ સુરવર સરિઉ કોહ કહવિ તસ નાવિઉ. ૪૬

## गाथा १४१ अणुरा०

સાવથ્થી નિવ કણુય કેતુ સુય ખંદગ નામિહિં,
દિખ્ખ લેવિ જિણુ કપ્પ કરઇ વિહરઇ પુર ગામિહિં;
વ્રતલિદ્ધઇ તસ તાય નેહિ સિરિ છત્ત ધરાવઇ,
તહવિ અબદ્ધઉ બંધુ પાસિ કંતી પુરિ આવઇ;
તસ બહિન સુનંદા રાયઘરિ, મગ્ગિ જંતુ તિણ્ણિ દિઠુ મુણ્ણિ,
નરવરિ અલીક શંકા ધરિય, હરિય પ્રાણુ તસ તિણ્ણિ રયણ્ણિ. ૪૭

## गाथा १४५ मायानि०

દીરગસિઉં કઇ રત્ત ચિત્ત ચુલુણી મયણા તુરિ,
બંભદત્ત નિયપુત્ત દહણુ દખ્ખઇ લખ્ખાહરિ;
વરધન મંત્રિ સુરંગ સંગિ રખ્ખિઉ પરપંચિહિં,
ફિરિય ફિરિય મહિ મઝ્ઝિ રજ્જ પુણુ લહઇ સુસંચિહિં;
ઇહ કસ્સ કોઇ નહુ વલ્લહઉ ભવ સરૂપ નડ પિખ્ખણુઉં,
સુહિયાંજિ મૂઢ મોહિયા ભણુઇ હણુઇ કજ્જ પર તહતણુઉ. ૪૮

## गाथा १४५ सव्वगो०

તેયલિપુરિ નિવ કણુયકેતુ પઉમાવઇ રાણી,
મંત્રી તેયલિપુત્ત ભજ્જ તસ પુટ્ટિલ નાણી;
જાય મત્ત સવિ પુત્તરાય નિય લોભિ મરાવઇ,
રાણી મંત્રિ કહેવિ એક સુય છન્નર હોવઇ;
નરનાહ પત્ત પંચત્ત સુજિ કુંયર રાય મહતઇ કિયઉ,
મહતઉ પુણુ પુટ્ટિલ સુર વયણ્ણિ પડિબુદ્ધઉ કેવલિ થિયઉ. ૪૯

## गाथा १४६ विसय०

રજ્જલોભ મનિ ધરવિ ભરહ ત્તઉ સમરંગણ્ણિ, પહુ

બાહુબલિહિં તહિં દિટ્ઠિ મુટ્ઠિ ઝુઝ્ઝિહિં જિત્તઉ ખણિ;
રોસિ ચડિઉં રણિ ચક્ક ભરહ ભાઇ સિરિ મિલ્હઇ,
ધિગ વિસયા રસિ લુદ્ધ મુદ્ધ સાસય સુહ ઠિલ્લઇ;
ઈમચિત્તિ ચિંતિ સંજમ સબલ બાહુબ્બલિ કાસગિ રહિઉ,
ભરહેસર પત્ત અવર્ઝ્ઝુપુરિ ભાય નેહ કિત્તિમ કહિઉ, ૫૦

## गाथा १४७ भज्जावि०

ભજ્જા વિસય વિકારિ ભારિ પઇ મારણિ ચલ્લઇ,
સૂરિયકંત કલત્ત ભત્ત ભીતરિ વિસ ઘલ્લઇ;
રાય પએસિ સુધમ્મ રમ્મ પોસહ વય પારિય,
કરઇ પારણઉં જાવ તાવ તખ્ખણિ વિસિ ધારિય;
સુહ ઝાણિ ઠાણિ નિઅ આણિ મણ સગ્ગ લોઇ સંપન્ન સુર,
દુક્કમ્મ ચારિસાનારિ પુણ ભમઈ ભૂરિ ભવ ભીડભર. ૫૧

## गाथा १४८ सासय०

વીરવયણિ જાણેવિ નરય સેણિય ચિંતઈ મનિ,
કોણિય રજ્જ ઠવેસુ લેસુ સંજમ જાઇ વનિ;
હલ્લ વિહલ્લ હંહાર ગુરૂય ગય વરસિઉ દિદ્ધઉ,
કૂડ કરી કોણિક્કિ રાય સેણિય તવ બદ્ધઉં;
નિય તાય કટ્ઠ પંજરિ ધરી ખાણ પાણ ઓરાહવઇ,
સય પંચ ઘાય દિણિ દિણિ દિયઇ પુત્તનેહ એરિસ હવઇ. ૫૩

## गाथा १४९ लुद्धासक०

વણિય પુત્ત ચાણિક્ક કવડ બહુ બુદ્ધિ વિયાણઇ,
ચંદગુત્ત સહિજજ કજ્જિ પરજય નિવ આણઇ;
તસ સરિસી અતિ પ્રીતિ કરીય અરિ કંટય ટાલિય,

નંદ નરિંદહ રજ્જ નયરિ પાડલિ ઉદ્દાલિય;
વિસકન્ન જાણિ પરિણાવિઉ સોવિ મિત્ત જમ પુરિ લયઉ,
નિય કજ્જ કરવિ વિહડિઉ પચ્છઇ મિત્ત નેહ એરિસ ભયઉ. ૫૩

## ગાથા ૧૫૦ નિયયાપ૰

ફરસુરામ જમદગ્ગિ પુત્ત રેણુય અંગુબ્ભમ,
કત્ત વિરિય નરનાહ હણઇ માસી સુય દુદ્દમ;
અપ્પણ પઇ તસ રજ્જ લેવિ હત્થિણ પુરિ રહિયઉ,
ખત્તિય વંસ અસેસ ફરસુ ઝલિહિં તિણિં દહિયઉ;
નિવ ઘરણિ નઠ્ઠ પછ્છન્ન ઠિય તસ સુભૂમ સુય ચક્કવઇ,
નિદ્દલઇ વંસ બંભણ તણઉ નિયય નેહ એરિસ હવઇ ૫૪

## ગાથા ૧૫૧ કુલઘ૰

અજ્જમહાગિરિ સૂરિ ભૂરિ ભવ પાવ નિવારણ,
ગિઇ જિણ કપ્પિ કરંતિ તસ્સ તુલણા અઇ દારૂણ;
કુલઘર નિય સુહ સયણ સંગ નિસ્સા સવિ છંડિય,
અપ્પડિબદ્ધ વિહાર સાર સંજમ ગુણ મંડિય;
સાવય ઘરિ અજ્જ સુહત્થિ ગુરિ ગુણ પસંહર પિહિં કરિય,
અઇ આદર દિખ્ખિ સુકારણિ હિં પાડલ પુરતિણિ પરિહરિય ૫૫

## ગાથા ૧૫૨ ઉત્તમ૰

સેણિય ધારણિ પુત્ત મેહ ભજ્જઠ્ઠ વિમુક્કિય,
વીર પાસિ વય લિદ્ધ નિસિ સંજમ ચુક્કિય;
પુવ્વ જમ્મ પરિ કહિય પુણવિ થિર કિદ્ધઉ વીરિહિં,
બહુ જઇ જણ સંઘટ્ટ સહઇં અઇ દુસહ સરીરિહિં;
સો રાયવંસ અવયંસ મણિ મણિન અપ્પ તૃણ સમ ગણઇ,
ચાપરઇ વિજય વેમાણિ સુહરહિઉ સિદ્ધિ ઘર અંગણઇ. ૫૬

## गाथा १५३ सम्मदि०

ચેડય ધૂય સુજિટ્ઠ સુદ્ધ મહાસઇ અંગુપ્ભમ,
વિજ્જાહર પેઢાલ ચુત્તુ વિજ્જાબલ દુદ્દમ;
ખાયગ સમ્મદિટ્ઠિ અંગ દંગ્યા રઇ જાણુઈ,
તહવિ વિસય રસરંગિ અંગિ અતિ દૂષણુ આણુઇ;
ઉજ્જેણિ ઉમાવેસા વસિહિ કરવિ કૂડ હેલા હણિઉ,
સો સચ્ચઇ સચ્ચઇ નરય ગય વિસય દોસ એરિસ ભણિઉ. ૫૭

## गाथा १६४ सुत०

બારવઇ પુરિ પત્ત નેમિ પહુ કેવલ નાણી,
દસ દસાર નરનાહુ કન્હુ નિસુણઇ જિણવાણી;
સહસ અઢાર મુણિંદ ચંદ વિધિ વંદણિ વંદઇ,
નરય ભૂમિ ચિહુ દુખ્ખ રૂખ્ખ નિમ્મૂલ નિકંદઇ;
તિથ્થયર ગુત્ત બંધઇ સુદઢ અસુહ કમ્મ હેલા હરઇ,
પૂજા પ્રણામ વંદણ વિણય સગુણ સાહુ સંગતિ કરઇ. ૫૮

## गाथा १६६ केइसु०

ચંડરૂદ્દ ગુરૂરૂદ રોસિ રીસાલ વિદિત્તઉ,
ઉજ્જેણિ ઉજ્જાણિ સગુણ સીસિહિંસિઉં પત્તઉ;
નવપરણીત કુમારહસિય પભણઇ દિઉ દિખ્ખા,
સૂરિ સીસ તસ ચંપિ કેસ લુંચિય દિય સિખ્ખા.
સો સીસ ભાવિ સંજમ લિયઇ મગ્ગિ લગ્ગિ ગુરૂ સિરધરી;
તિમ સહઇ ઘાય દુવ્વયણ જિમલહઇ બેઉ કેવલ સિરિ. ૫૯

## गाथा १६७ अंगार० १६८ सोउगा०

ગય કલભે પરિવરિઉ સૂયર સુમિણઇ મુણિ દિટ્ઠઉ,

તિણિ સહિનાણિ સુસીસ સહિય પુણ કુગુરૂ અણિટ્ઠઉ;
નિસિ ચંપઇ અંગાર સૂગ વિણુ મન્નઇ પ્રાણિઉ,
તવ અંગારયમદ્દસૂરિ અભવિય ઇમ જાણિઉ.
તે સીસ સવે નિવપુત્ત હૂય સૂરિ કરહ વખ્ખર ભરિઉ,
તિહિં દેખિ સયંવરિ આવતે પુવ્વજમ્મ તખ્ખણિ સરિઉ. ૬૦

## गाथा १६९ संसार० जोअवि०

પુપ્ફવઇ સુય પુપ્ફચૂલ ભઇણી તહ ભજ્જા,
સુમિણિ નરયદુહ દેખી પુપ્પચુલા વય સજ્જા;
અન્નિયસુય ગુરૂકજ્જિ ખીણજંઘા બલ જાણી,
આણંતી સા ભત્તપાણ હૂય કેવલ નાણી.
પૂછેઇ સૂરિમહનાણ કહિંસુ પણ ગંગભીતરિ કહઇ;
તવ દુટ્ઠદેવિ ઉવસગ્ગ સહિ સુગુરૂતથ્થ કેવલ લહઇ. ૬૧

## गाथा १७३ देहोपिपी० १७४ पाणच्चए०

## गाथा १७८ केइ०

સિદ્ધિપત્ત મરૂદેવિ તપિહિં વિણુઇણિ આલંબણિ,
કેવિ કરંતિ પમાયતિપણિ અચ્છેરય સમગિણિ;
જિણિ કારણિ પુવ્વંમિજમ્મિ થાવર તરૂભીતરિ,
ઓ રિ સંગિ બહુ અંગિ સહિય દુહ કમ્મવિનિજ્જરિ;
સુહભાવિ પાવિ પરિમુક્કમણ સરલ સાર સંતોસમય,
જિણુણિ નાભિકુલગર ઘરણિ રિસહ ઝાણિ નિવ્વાણિ ગય. ૬૨

## गाथा १७९ किंपिक० १८० निहिसं०

લદ્ધિ પત્ત પત્તેય બુદ્ધ સુહ સિદ્ધિ સમાણુઇ,

અચ્છેરય સમતુલ્લ ખુલ્લ કિવિ તે મનિ આણઇ;
નિહિ સંપત્તિ સચિત્તિ ધરવિ વિવસાયતિ છંડઇ,
સામગ્ગી પરિહરિય કરિય પાતગ નિય દંડ ઇં.
કરકંડુ દુમુહ નમિનગ્ગઇ ચિહુ ચરિત્ત ચિંતિય સુપરિ,
ધરિ ધમ્મ રમ્મ ઉજ્જમ સહિય સુક્કમાય અપમાય કરિ. ૬૩.

## ગાથા ૧૮૧ સોઊણ૦

સસગ ભસગ નિવ પુત્ત બહિણિ સુકુમાલિય કુમરી,
ચંપાપુરિ ચારિત્ત લેઇ રૂપિહિં કિર અમરી;
ફિરઇ તરૂણ તસ પાસિ રાગિ રત્તા ગય ગમણી.
રખ્ખઇ બંધવ બેઉ લેઇ તિણિ અણુસણ સમણી.
બહુદિવસિ તાપિ તપિતપિ મૂરછા મુઇયજાણિ વનિ પરઠવી,
ઓસહ વિસેસિ સુજિ સજ્જકરિ સથ્થવાહિ ગેહિણિ ઠવી. ૬૪

## ગાથા ૧૯૧ પુરાનિ૦

સુબહુ સસી પરિવાર સાર સિદ્ધંત વિદિત્તઉ,
મહુરાપુરિ સિરિમંગુસૂરિ રસણિંદિઇં જિત્તઉ;
નરય ખાલિ ઉપ્પન્ન જખ્ખ બહુ દુખ્ખ નિહાલઇ,
સુવિહિય જણ પડિબોહકજ્જિ નિય જીહ દિખાલઈ.
જિપ્પહ મુણિંદ રસણિંદિ યહ અણુ જિત્તઇ એરિસુ હૂઉ,
જગ્ગહુજિ જોગ જુગતિહિંસદા મમ મમોહ નિદ્રાંસુઉ. ૬૫.

## ગાથા ૨૨૭ ગિરિસુ૦

ગિરિસુય અહિઉ પુલિંદિ પુફ્ફ સુય તવ સીસેવઇ,
સુયડા અડવી મજ્ઝિ અછઇ પક્કોદર બેવઈ;
ઇક્ક ભણઇ લિઉ મારિ અવર પુણ વિણય પયસાઈ,

અંતર સંગવિસેસિ દોસ ગુણ નર નઇ પાસઇ.
ઇમજાણિ નિગુણ સંગતિ તિજઉ સગુણ સંગ અણુદિણુકરઉ,
ઝગમગઇ જેમ જગમઝ્ઝિ જસ ભવ સમુદ્દ તખ્ખણિ તરઉ. ૬૬

## ગાથા ૨૪૭ सीएज्ज०

સિરિથાવચ્ચાપુત્ત સૂરિસુક સૂરિ અણુક્કમિ,
સેલગ સૂરિ પમાય પંકિ પડિયઉ અઇ દુદ્દમિ;
ગયા સીસ સવિછંડિ એક્ક પંથગ મુણિ રહિઉ,
ખામંતઈ પગિલાગિ પર્વ્વ વાસરિ તિણિ કહિયઉ;
મિયમહુર વયણિ સુનિપુણ પણઇ ઠવિઉ સુદ્ધ સંજમિ ગુરૂ,
સો સૂરિ પુણવિ ચારિત્ત વરિ સિત્તુંજય સિદ્ધઉ સધર. ૬૭

## ગાથા ૨૪૮ दसदस०

સેણિય નંદણ નંદિસેણ બારસ સંવચ્છર,
વીરસીસવય છંડિ વેસધરિ વસઇ સમચ્છિર;
દસ પ્રતિબોધ્યાવિણુન લેઇ આહાર નિરંતર,
ઇક્ક ન બુઝ્ઝઇ ભણઇ વેસ દસમા તુમ્હિ સુંદર;
ઇણ વેસ વયણિ પુણ વેસ ધર ચરણ વરવિ સુર સંપજઈ,
ઇય જસ્સ સત્તિ દેસણ તણી અહહ સોવિ સંજમ તિજઈ. ૬૮

## ગાથા ૨૫૧ वाससः ૨૫૨ अप्पेण०

વરસ સહસ તવ કઠ્ઠ કરિય કંડરિય ન સુદ્ધઉ,
અંતિ દુઠ્ઠ પરિણામ કામ વશ નરય નિબદ્ધઉ;
અચિરકાલિ પરિપલિ સુદ્ધ સંજમ સંપત્તઉ,
પુંડરીક સત્તઠ્ઠ સિદ્ધિ સુહ બુદ્ધિ નિરૂત્તઉ;
બહુ દુખ્ખ સહવિ નવિલદ્ધ સુહ અપ્પ દુખ્ખિ બહુ સુખ લહિઉ,

બિહુ બંધવ એવડ અંતરઉ ભાવ ભેદિ ભગવનિ કહિઉ.. ૬૯

## गाथा २५८ नरय० कोतेणपा० जावाउप०

નયરિ કુસુમ પુરિશય ભાય દુઈ સસિ સૂરપ્પહ,
સસી નમન્નઇ ધમ્મ રમ્મ મન્નઇ વિસયા સુહ,
તપ જપ વિણુ સો પત્ત નરગિત્રીજઇ દુહ તત્તઉ,
કરવિ સૂર દુહ ચૂર સગ્ગિ સત્તમઇ સપત્તઉ;
સસિરડઇ સૂર સુર અગ્ગલિહિં તણુ તછ્છિય દુહ દિખ્ખવઉ;
સો ભણઇ જીવ વિણુ તણુ દહિહિં નરય દુખ્ખ કિમ રખ્ખિવઉ. ૭૦

## गाथा २६५ सुग्गइ०

સુગ્ગઈ મગ્ગ પઇત્ર નાણુ જે દિયઇં નિરૂપ્પમ,
તિહં ગુરૂ કિંપિ અદેય નત્થિ જગમજ્જિં જગુત્તમ;
દિદ્ધઉ જેમ પુલિંદિ સિવગ જખ્ખહ નિય લોયણુ,
તિણુ સરિસઉં સુરવત્ત કરઇ ભત્તહ દિઇ ચોયણુ;
કેવલઇં દાણિ તૂસઇ ન ગુરૂ અંતરંગ ભત્તિહિં વરઇ,
તિણિ કારણિ બિહુ પરિ કરિ વિણય જિમ બાહિરિ તિમ અંતરઇ. ૭૧

## गाथा २६६ साहास०

અંબચોર ચંડાલ ચડિઉ અભય ડકરિ કંપઇ,
દયનામિણી સુવિજ્જ મઝુંઇમ સેણિઉ જંપઇ;
વિણુય વિવજ્જિય વિજ્જ કજ્જ કરિવઇ નવિ જંગ્ગઇ,
સિંહાસણિ બઈસારિ ભારિગુરૂ કરિ સોમગ્ગઇ;
ઓકહઇ વિજ્જઓ લહઇ ફલ બિહુહકજ્જ તખ્ખણિ સરિઉ,
ઇણ કારણિ જિણુ સાસણિ વિણય સુગુરૂસીસ અણુ ક્રમિ કરિઉ. ૭૨

## गाथा २६७ विज्जाए०

દગ સૂયરઉ તિદંડિ તામલિત્તી પુરિ અચ્છિઇ,
નાપિત પાસિ સુવિજ્જ લેવિ દેસંતરિ ગચ્છિઇ;
મહિમા મોહિમ પત્ત દંડ ગયણં ગણિ રહિયઉ,
પુચ્છિઉ નરવરિ જામ તામ સચ્ચઉ નવિ કહિયઉ;
ગુરૂલોપિ કોપિ વિજ્જા ગઇ ગયણ દંડ ગડયડિ પડિઉ,
લજ્જિયઉ લોકિ હસિઉ સયલિ ઇમ સુનાણ નિન્હવિ નડિઉ. ૭૩

## गाथा ३८६ जोविय०

બંભણ એક અનેક કૂડ કવડાઇ નિરૂત્તઉ,
ઉજ્જેણિ હિં કટ્ટિ યઉ દેસિ ચમ્મારિ સપત્તઉ;
ત્રિહું ગામ હું વિચ્ચાલિ કરઇ તપ વેસિ ત્રિદંડી,
ભગત લોક ઘરસાર મુસઈ નિસિ સુજિ પાખંડી;
અહુવડિઉ હત્થિ નરવર તણુઈ નયણ કટ્ટિ નડિયો ઘણુઉ,
બહુ ઝુરઇ અતિ સોચઇ સુચિર નિંદઇ નિય કુડખણુઉ. ૭૪

## गाथा ४३१ केसिंच॰

દુદ્દરંગ વરદેવ કુટ્ઠિ રૂપિહિં પહુ વંદઈ,
છીંક કરઇ જવ વીર તામ મરિ કહિ અભિણંદઈ,
સેણિય પ્રતિ ચિર જીવ અભય પ્રતિ જાવચડ બિહુપરિ;
કાલસૂર પ્રતિકહઇ મમરિ મમજીવિય અણુસરિ,
મગહેસર પુચ્છઇ એકવણ કવણ એસ પરમત્થ પુણ,
જિણભણઇ વિપ્પ સેડય ચરિય ચિહુ પ્રકારિનર આચરણ. ૭૫

## गाथा ४४५ अविइच्छं०

વરિ અંગમીઇ મરણ સરણુ જિણુ ધમ્મ ધરિજ્જઇ,
જિયહિંસા પુણુ ઘોર ઘોર દુહ હેઉ ન કિજ્જઇ;
કાલ સૂરિયહ પુત સુલસ જિમ પાવ નિવારઉ,
પર પીડા પરિહરહ તરહ સંસાર અસારઉ,
કુલ કારણુ કિંપિમલિખ્ખ વચઉ ગુણુહ રૂપ ગુરૂયડિ ધરઉ,
પરલોગ મગ્ગ જાણુઉ સુપરિ કુપરિ કુકમ્મ મ આયરઉ. ૭૬

## गाथा ४४८ अरिहं० ४४९ उव एसं० वरम०

## ४५२ सुरवइ०

હે જિઇહિત અરિહંત કહવિ નવિ પ્રાણિ કરાવઇ;
તં પુણુ દિઇઉપદેસ જેણુ કિદ્ધઇ સુખ આવઇ,
જં સુરવઇ સુરવગ્ગિ સગ્ગિ એરાવણુ વાહણુ,
જં ભરહાહિવ રજ્જ સજ્જ ભુંજઇ સુહ સાહણુ;
જં જં અવરવિ સુર અસુર નર મુખ્ખ સુખ્ખ માણુઇ ઘણુઉ,
તિહુયણુ હમંઝું તં સયલ ફલ જિણુવર ઉવએસહ તણુઉં ૭૭

## गाथा ४५९ आजीवग०

ખત્તિય કુંડિ જમાલિ વીર જામાઇ ખત્તિઉ,
સુદંસણુ ભત્તાર સાર વયભાર પવત્તિઉ;
નવિમન્નઇ કિજ્જંત કિદ્ધ ઇય આગમ વાણી,
નિન્હવિ તેણુ કુદિટ્ઠિ દુટ્ઠિ કિય બહુ ગુણુહાણી;
નિય કિત્તિ મુસિય સુર કિબ્બિસિય મિલિઉ મિછ્છમઇ મોહિયઉ,
સયપંચ સાહુ સાહુણિ સહસ ઢંક સદ્ધિ પુણુ બોહિયઉ. ૭૮

## गाथा ४७१ साहंति० वग्घ मुहं०

જિમ માસાહસ પંખિ મુખિહિં માસાહસ જંપઈ,
વગ્ઘ વયણિ પઇસેવિ મંસ લિતઉ નવિ કંપઇ;
તિમ અવરહ ઉવએસ દિંતિ કિત્તિ કુડ વયણુખરિ,
પણિ અપ્પણિ નકરંતિ ક્રમ્મ જિણ ધમ્મતણી પરિ.
વેરગ્ગ વાણિ નડ ઉચ્ચરઇ જલહિ જાલિ પાણી ગલઇ,
ઇમ કમ્મ ભારિ ભારિય ભણી જાઇ ભૂર ભવજલ તલઇ. ૭૯

## गाथा४९५निच्छीए० ४९६ केहिवि० राया०४९८अस्सं०

ધમ્મખીય જિણ રાઇ આણિ દીવંતર દિદ્ધઉ,
અવિરતિ સપલ વિખદ્ધ દેસ વિરતે અંધ ખદ્ધઉ;
પાસથ્થે પુણ ખુટ્ટિ ખિત્તિ ખાઈવ સહુ હારિઉ,
સંજમિ એસુભખિત્તિ સવ્વવાવીય વદ્ધારિઉ;
ત્રિહુ ભેદિ જીવ તે કરસણી રાજદંડિ અપ્પઉં દહઇ,
સુવિહિય મુણિ રાય પસાય વસિ સુખ સુગાલિ લચ્છીલહઇ.૮૦

## गाथा ५४० इथ्थस०

ઇણિપરિ સિરિ ઉવએસમાલ કહાણુય,
તવ સંજમ સંતોસ વિણય વિજ્જાઇ પહાણુય;
સાવય સંભરણથ્થ અથ્થ પય છપ્પય છંદિહિં,
રયણ સીંહ સૂરીસ સીસ પભણઈ આણંદિહિં.
અરિહંત આણ અણુદિણ ઉદય ધમ્મ મૂલ મથ્થઈ હઉ.
ભો ભવિય ભત્તિ સત્તિહિં સહલ સયલ લચ્છી લીલા લહઉ. ૮૧

ઇતિશ્રી ઉપદેશમાલા સર્વ કથાનક છપ્પયા.

## ॥ ॐ नमः सिद्धं ॥

### सकल गणि शिरोमणि पंडित श्री मानविजयगणि गुरुभ्यो नमः ॥

અથ **શ્રીમાનવિજયજી** ગણિકૃત "**ગુરૂ તત્વ પ્રકાશ,**" ચોપાઈ.

પ્રણમું શ્રી સોહમ ગણધાર, ચઉવિહ શ્રમણ સંઘ આધાર;
જસ સંતતિ[1] **દુપસ્સહ** ગુરૂ લગેં, ભરહખિત્ત[2] ચાલે સંલગેં.[3] ૧.
પરંપરાગમ આજ પ્રમાણ, તેહથી હોયે અર્થ વિન્નાણ;
તાસ ઉથ્થાપક[4] જાયે વહ્યા, સૂયગડાંગ નિર્યુક્તે કહ્યો. ૨.
ગુરૂ પરંપરા નવિ મૂકીયે, તેહ મુકે મારગ ચૂકીયે;
ગુરૂવિણ કોઈ ન લહે ધર્મ, ગુરૂવિણ કોણ લહે શુભ કર્મ. ૩
ધર્માચારય દુપ્પડિઆપર, ઠાણાંગેં બોલ્યો નિરધાર;
ગુરૂ આણાએં રહેવું સદા, જેહથી ધર્મ લહ્યો છે મુદા. ૪
મૂળભૂત સઘળા ગુણ તણો, **આચારાંગ** તણે ધુરિ સુણો;
ગુરૂ કુલવાસ કહ્યો યતિ પ્રતિ, ઉત્તરાધ્યયનની પણ સંમતિ. ૫
**માષતુષાદિકનેં જે ચરિત્ર,** તેહ પણ ગુરૂ પરતંત્રેં પવિત્ર;
અંધ અનંધ સહાયેં યથા, થાનક લહે સાથેં સર્વથા. ૬
ભાવ સાધુતણું એ લિંગ, ગુરૂ આણાએ રહેવું [6]ટંગ;
**ધર્મરત્ન પ્રકરણ ઉપદેશ,–પદ** માહેં એહનો આદેશ. ૭
ગુરૂ આણા ખંડે નિઅમેણ, જિનવર આણા ખંડી તેણ;
હોય સચ્છંદ વિહારી તેહ, ગ્રંથ **પંચાશક** વાણી એહ. ૮

---

૧ જેનો પરિવાર. ૨ આ ભરતક્ષેત્રમાં. ૩ અવિચ્છિન્ન. ૪ તેનો લોપક. ૫ દુષ્પ્રતિ કાર્ય. (જેનો બદલો કદાપિ વાળી ન શકાય તેવા). ૬ અટંગ, અડગ, અચળ.

કુલ વધુ દૃષ્ટાંતે ગુરૂ સેવ, ન તજે સાધુતણી એ ટેવ;
બાહ્ય અભાવેં પણ સંવેગ, ઉપદેશાદિકથી લહે વેગ. ૯
[1]ચઉહાદિક તપ કરતા જેહ, બાલ તપસ્વીનેં પણ છેહ;
ગુરૂ આણાએં હોય નિસ્તાર, કૌડિન્યાદિક પરેં લહે પાર. ૧૦
છઠ અઠમાદિક બહુ તપ કરે, કઠિન કષ્ટ કિરિયા આચરે;
અણકરતો ગુરૂ ભાષિત જેહ, અનંત સંસારી હોયે તેહ. ૧૧
ખંત્યાદિક ગુણની હોય સિદ્ધિ, ગુરૂ કુલવાસેં જ્ઞાન સમૃદ્ધિ;
એક વિહારી હોયે ભ્રષ્ટ, ઓઘ નિર્યુક્તિં ભાષ્યું[2] સ્પષ્ટ. ૧૨
એકલવિહાર કહ્યો અતિ દુષ્ટ, આચારાંગેં ગુરૂ કુલ પુષ્ટ;
આચાર્યાદિકનો પ્રત્યનીક, સૂત્રેં કહ્યો દુરબોધિ ઠીક. ૧૩
ગીતારથ ગીતારથ સાથ, હોય વિહાર કહ્યા જગ નાથ;
સ્ત્રી શ્વાનાદિક બહુલા દોષ, એકાકી વિચરે બહુ રોસ. ૧૪
અનેષણાદિક દોષે દુષ્ટ, સંભાવ્યા ગુરૂ કુલ પણ પુષ્ટ;
કિરીયા કષ્ટ કરે ગણ[3] વિના, પ્રવચન મલિનકરા કહે જિના. ૧૫
પ્રાયેં અભિન્ન ગ્રંથા[4] તે કહ્યા, દુક્કર કરતા પણ મદ વહ્યા;
કાક દૃષ્ટાંતેં પંચાશકેં, તેહ ન વંદવા શુભ શ્રાવકેં. ૧૬
તે માટે ગુરૂ કુલમાં રહે, તેહ ધન્ય જિનવર એમ કહે;
ગુરૂ આણાએં ધરે બહુ માન, તેહ સાધુને પ્રણમે [5]માન. ૧૭

## ઢાળ બીજી. કાયાપુર પાટણ મોકલું. એ દેશી.

શિષ્ય કહે પ્રભુ તુમે કહ્યો, ગુરૂ કુલ વાસ ઉત્કૃષ્ટ રે;
નામ માત્રેં તેહ સર્વનેં, એહથી કેમ હોય ઇષ્ટ રે? ૧૮

---

૧ ચઉહાદિક ચતુર્થ ભક્તાદિક. ૨ ઓઘ નિર્યુક્તિ સૂત્રમાં ભાખ્યું છે. ૩ ગચ્છ, ગુરૂકુળ. ૪ જેને ગ્રંથિભેદ થયો નથી એવા મિથ્યાત્વ યુક્ત. ૫ માન વિજયજી ઉપાધ્યાય.

ગુણવિણુ ગુરૂ કેમ શેવીયે, વાસના વિણુ તિમ ફુલરે;
સદ્ગુરૂ દુર્લભ કલિયુગેં, કહો કિસી કીજે સૂલ[1] રે. ગુ. ૧૯
ભાવ આચારય જિનસમા, નામ થાપના દ્રવ્ય સૂરિ રે;
છંડવા છે **મહાનિસીથ**માં, આજતો એહવા ભૂરિરે[2]. ગુ. ૨૦
આર પંચાસ વરસેં ગયે, મુજથકી કહે જિન વીર રે;
કુગુરૂ બહુલા હોશ્યે ભરતમાં, તેહથી નહીં ભવતીર રે. ગુ. ૨૧
ઉપજે એહવા સૂરિને, નામ લીધે પ્રાયશ્ચિત્ત[3] રે;
**મહાનિસીથ**થાદિક ગ્રંથમાં, દેખી રીઝે કેમ ચિત્તરે? ગુ. ૨૨
ગુરૂ ગુણ સહિતનેં થાપવા, અન્યથા આજ્ઞા ભંગરે;
આજતો ગુણ રહ્યા સૂત્રમાં, પદ[4] દિએ નિજ નિજ રંગરે. ગુ. ૨૩
ભ્રષ્ટ આચાર સૂરિ કહ્યો, માર્ગ લોપિ **ગચ્છાચાર** રે;
યતિ એક વિણુ શિષ્ય પંચસેં, ત્યજી ગયા **સેલગચાર** રે. ગુ.૨૪
ગુરૂગુણ રહિત ગુરૂ છંડીએ, ઇમ કહે **સુરિભદ્ર**[5] રે;
એ જિન આણુ લોપી કરી, કિમ કુગુરૂ આણુ મંદ રે. ગુ. ૨૫
એક વ્યવહાર નવિ પામીયે, વિવિધ પરંપરા દીઠ રે;
કહો કુણુ શ્રેણિ અવલંબીએ, સહુ કહે નિજ નિજ ઇઠ્ઠ રે. ગુ. ૨૬
નિજ મતિકલ્પના જે કરે, તે કહીએ અહાછંદ[6] રે;
**કલ્પ ભાષ્યે** ત્યજયા વાંદવા, પંક્તિ બાહ્ય કહ્યા મંદ રે. ગુ. ૨૭
પાસથ્થાદિકને ન વાંદવા, સૂત્ર બહુમાં એહ વાણિ રે;
દાન આદાનને વાચના, પ્રમુખપણ નહી જિન આણ રે. ગુ. ૨૮
સાધુ પણ એહની સંગતેં, ચંપકમાલા દૃષ્ટાંતેં રે;
નહીં વંદનીક આવશ્યકેં, તો કેમ હોય વિજાતિ રે. ગુ૦ ૨૯
તેણે તાદૃશ્ય સખાઇ વિના, એક ચર્યા[7] પણ સાર રે;

---

૧ ભાંજગડ, ( તોલ–નિર્ણય. ) ૨ ઘણા. ૩ પાપ. ૪ આચાર્યાદિક પદ્દી ૫ ભદ્રબાહુ સૂરિ. ૬ યથાછંદ. ૭ એકાકી વિહાર.

શ્રી **દશકાલિકમાં** કહ્યું, એમ યત્નેં શુદ્ધ વ્યવહાર રે. ગુ૦ ૩૦
ગચ્છ નિશ્રાએં રહેવું કહ્યું, તે પણ સાધુ સમુદાય રે;
શિથિલનો ગચ્છ પણ છોડવો, શ્રી **ગચ્છાચારે** કહાય રે. ગુ. ૩૧
થૂલભદ્રાદિકની પરેં, ધીરનેં શ્યું કરે દોષ રે;
એક પ્રતિબંધ[1] જિન આણશ્યું, એમ પામે મન તોષરે. ગુ. ૩૨

**ઢાળ ૩ જી સુણ બ્હેની પીઉડો પરદેશી એ દેશી.**

ગુરૂ કહે શિષ્ય સંદેહે ન પડો, નામસૂરી બહુ નિરખી રે;
ભાવસૂરિ પણ દૂષમ કાળેં, પામે જે લ્યે પરખી રે. ૩૩
શ્રી સદ્ગુરૂ શેવો ભવિ પ્રાણી, સદ્ગુરૂ પુન્યે લહીયે રે. ટેક.
કુગુરૂ બહુલ કાલેં પણ સુગુરૂની, અછતિ[2] ન ભરતમાં કહીયેરે ૩૪
પંચાવન્ન લખ સહુસ સયાંની, હોશ્યે પ્રત્યેકેં કોટી રે;
વીર વચનેં સુવિહિત સૂરીની, કલિયુગેં પણ કેમ ખોટિરે*શ્રી. ૩૫
કાલોચિત ગુણ યુગતાને, ગુરૂ પદવી દેવી યુક્ત રે.
શ્રુત ભાષિત કોઇક ગુણ હીણે, પણ વ્યવહારે ઉક્ત રે. શ્રી. ૩૬
**નવમેં પૂર્વે** શોધિનો કર્તા, હુતો **આચાર પ્રકલ્પ** રે;
હવડાં તસ ઉદ્ધાર નહી શ્યું, આચારાંગેં અલ્પ રે. શ્રી ૩૭
પૂર્વે પુષ્કરણી જે હુંતી, તેહવી ન દીસે આજ રે;
તોહે પુષ્કરણીઓ હોએ, કીજે તેણે કાજ રે. શ્રી ૩૭
અવસ્વાપિની[3] તાલોદ્ઘાટિની[4], વિદ્યા સિદ્ધ હતા ચોર રે,
આજ તો તે વિદ્યાઓ ન દીશે, તો શ્યું નહિ ધન ચોર રે. શ્રી ૩૮
પૂર્વે શ્રુત કેવલી ગીતારથ, આજ તો મધ્યમ જઘન્ય રે;
કલ્પ પ્રકલ્પ ધારી તે નહી શ્યું, ગીતારથ જગ ધન્ય રે. શ્રી ૩૯
પૂર્વે શાસ્ત્ર પરિતા અર્થે, જાણે ઉઠામણ થાતી રે.

---

* તોટો. ૧ આગ્રહ (ટેક). ૨ નાસ્તિ. ૩ જેથી લોક નિદ્રાવશ થઇ જાય એવી જાતની વિદ્યા. ૪ જેથી તાળા સ્વતઃ ઉઘડી જાય એવી વિદ્યા.

આ યુગે છજ્જીવણિયા અધ્યયને,[1] હોયે અપ્રતિપાતીરે શ્રી. ૪૦
લોક વિજય પંચમ ઉપદેશે, આગમથી સૂત્ર સમઝેરે;
પૂર્વેથી તો પિંડ કલ્પી હવડાં, પિંડેષણાએ રીઝેરે. શ્રી. ૪૧
પૂર્વે આચારાંગને ઉપર, હુંતા ઉત્તરાધ્યયનરે;
દશ વકાલિક ઉપરેં હવડાં, તો તે શ્યું નહી સયનરે. શ્રી. ૪૨
મત્તંગાદિક[2]તરૂ હવડાં નહીં, તો શું નહિ સવિ વૃક્ષરે;
પૂર્વે મહા યૂથાધિપ વૃષભા, કિહાં તે હવડાં ગો શિક્ષરે. શ્રી. ૪૩
નંદ ગોપાદિકને ગો ટોળાં, કોટિબંધ કહેવાતાંરે;
આજ દશાદિક ગાય મિલાવે, યૂથ નથી શું થાતાંરે. શ્રી. ૪૪
સહસ્રમલ્લ યોધ્ધા બહુ બળિયા, પૂર્વે હુંતા અનેકરે;
તાદૃશ આજ નથી તોહે શ્યું, ન ધરે યોધની ટેકરે શ્રી. ૪૫
ષટમાસે પર્યાયે પૂર્વે, શોધિ થતી શ્રુત શાખિરે;
આજ તો તે વિણું નીવી પ્રમુખે, શોધ થતી સહુ ભાખિરે શ્રી. ૪૬
પહેલી પુષ્કરણીએ થાતાં, જિમ વસ્ત્રાદિક સુદ્ધરે,
તેમ હવડા વાવિ પણ હોયે, એમ પ્રાયશ્ચિત સુદ્ધરે શ્રી. ૪૭
એમ પૂર્વે શ્રુતકેવળી પ્રમુખા, આચાર્યાદિક થાતારે;
હવડાં આ યુગને અનુસારે, આચારય વિખ્યાતારે શ્રી. ૪૮

## ઢાળ ૪ થી તુંગીયાગિરી શિખરેં સોહે એ દેશી.

એહ તેર દૃષ્ટાંત નિસુણી, આજના ગુરૂ આસિરી;
સૂત્ર ભાવિત ગુણ એકાદિક, ન્યૂન પણ ગુરૂતા ધરી. ૪૯
પરખીયે ગુરૂજ્ઞાન દષ્ટેં, ન ત્યજીયે તસ સેવના (ટેક.)
જેહ ધારક મૂલ ગુણના, રક્ત જિનવર વચનના પર. ૫૦
કહ્યા જે દૃષ્ટાંત તે પણ, મૂલ ગુણ સંયુક્તને;

---

૧ દશ વૈકાલિક સૂત્રનું ચોથું અધ્યયન. ૨ દશ પ્રકારના કલ્પવૃક્ષો.

જલધિ ઓપમ હોય તટાકેં, નહીંથલ જલરિક્તને  પર. ૫૧
જેહ પાસથ્થા અહાછંદા, ત્રિગારવ લંપટા;
તેને એ દૃષ્ટાંત ન ઘટે, નામ માત્રેં ગુરૂ નટા  પર. ૫૨
સૂરિ ભ્રષ્ટાચાર ભાખ્યો, તેહ મૂલ ગુણેં વિના;
મૂલ ગુણયુત સૂરિ સેલગ, ધર્મ રતનેં યોજના  પર. ૫૩
એહિજ કારણ તસ શય્યાત્તર, પિંડ ભોજન આદિઆ;
પાસથ્થાદિક દોષ જ્ઞાતા,-વૃત્તિમાં ઉપચાદિઆ  પર. ૫૪
એહજ હેતેં સૂરિ સેલગ, ત્યજી પ્રતિબંધ વિહરિયા;
મૂલભંગેં તો કહેવાઅત, વ્રત ઉચાર ફિરી કીયા  પર. ૫૫
ઉત્તર ગુણની વિરાધનાએં, હીલનીયપણુ કહે;
યથા ઇશાનોપયોતાની, સમણી[1] સુકુમાળા વહે  પર. ૫૬
શિષ્યવૃંદે ગુરૂ ન છંડયો, ગુરૂનેં પુછી વિહરતા;
વેયાવચ્ચેં ઠવી પંથગ, ધર્મ વિનય આરાધતા  પર. ૫૭
પંથગો પણ ધર્મ વિનયી, કલ્પ ભાષ્યથી સદ્દહ્યું;
ગુણ વિના ગુરૂ કહ્યો ત્યજવો, બીજ તિહાં એહજ લહ્યું. પર. ૫૮
એહ પંચાશકેં ભાખ્યું, દૃષ્ટાંતેં ચંડ રૂદ્રનેં;
અન્યથા સર્વથા ત્યજવો, ગણાંતર સંક્રમ છતેં  પર. ૫૯
શુદ્ધ જિનાગમનો પ્રકાશક, તીવ્ર રૂચિ જિન વચનનો;
તેહ તીર્થંકર સમાણો, પાઠ ગચ્છાચારનો  પર. ૬૦
યદપિ સંપ્રતિ સ્વમાત કલ્પિત, પ્રત્યક્ષ બહુ વ્યવહાર છે;
તહવિ સૂત્રેં શીલની શુદ્ધેં, ક્રિયા સદ્ગુરૂ ઉપદિશે.  પર. ૬૧
જેહ અશઠાચીર્ણ નિર્વદ્ય, ગીતારથ વારી નહી;
તેહ આચરણાજ આણા, પરંપરા સુધી સહી  પર. ૬૨

---

૧ સાધ્વી.

એકે પણ સંવેગી યતિએં, જેહ જીત[1] સમાચર્યો;
શોધિકારક તેણે જીતે, સદા વ્યવહારહ ઠર્યો	પર. ૬૩
જેહ પાસથ્થ પ્રમત્ત યતીએં, આદર્યો તે અશોધકો;
મહાજને આચર્યો યદ્યપિ, તેણે નહી વ્યવહારકો	પર. ૬૪
એહ કહ્યું વ્યવહાર ભાષ્યે, બીજ સઘળે જીતનેં;
પાસથ્થાદિક પંક્તિ બાહિર, તેહ પણ નહી સરવને	પર. ૬૫
ઉત્તર અંગે કલ્પ ભાષ્યે, વંદનીકા પણ કહ્યા;
સાલંબન પડિસેવી દુવિધા, પુલાકાદિક પરિ રહ્યા	પર. ૬૬
પાસથ્થા પણ સાનુયાયી, સાલંબન સેવી વ્રતી;
એહ કારણ ભાવવંદન, કલ્પ ભાષ્યે કહ્યું રતી	પર. ૬૭
કારણે[2] તો નામ માત્રે, પણ યથા યોગે નમે;
નિષેધ્યો સહવાસ તેનો, સંવેગી બહુલે ઇમે	પર. ૬૮
આજ તો સંકિલષ્ટ કાલે, સંવેગી પણ સંયતિ;
વસે પાસથ્થાદિ ભેળો, ન મિળે તાદશ યતિ	પર. ૬૯
અસિવ પ્રમુખે આહાર પણ તસ, આપવો લેવો હોયે;
તથા દાન વસ્ત્રાદિકતણુ પણ જિન કહે	પર. ૭૦
વસત્યાદિક તણી પણ તસ, જીત વૃત્તિ આગના;
કારણે તેમ નિસીથ ચુર્ણિએં, કહી દેવી વાચના	પર. ૭૧
એક ચર્ચા કહીતેતો, ગીતારથ સંબંધિની;
તેહને પણ કોઈકિ કારણે, અન્યથા તો નિષેધની. પર. ૭૨
કલ્પ જાત અજાત દુગવિધ, દોયભેદ એકેકનેં;
પૂર્ણ અપૂરણ તિહાં ગીતારથ, જાત અન્ય અજાતને.	પર. ૭૩
શેષકાલેં પૂરણ પંચક, ન્યૂનનેં અપૂરણ કહે;

૧ આચાર—કલ્પ. ૨ કારણ વિના.

વરસ કાલે પૂરણ સમક, અપૂરણ તેહમાં રહે. પ. ૭૪
ઉત્સર્ગે અપૂરણ અજાતક, ન હુઆ ભવ્ય એહને;
તે માટે એકાકી ચર્યા, ગીતારથ પણ કોઇકને. પ. ૭૫
ગચ્છ ત્યજવો કહ્યો તેહ પણ, ગીતારથ ત્રાયક વિણા;
સાધુ મેલો પણ નિરર્થક, વિના તાદૃશ ગુરૂજના. પ. ૭૬
થુલભદ્રાદિક દૃષ્ટાંતે, આપ સાહસ દાખવે;
તદયણિ[1] તસ તુલ્ય ન મિલ્યો, આજ શ્યું માને લવે. પ. ૭૭
એક શ્રી જિન આણુ ઉપર, ધરે પ્રતિબંધ આદરો;
આણ ગુરૂની તો સરો[2] હો, જિમ અનોપમ સુખ વરો. પ. ૭૮

**ઢાળ પાંચમી. મયગલમાતો રે વન માંહે વસે. એ દેશી.**

એમ જાણી સદ્ગુરૂ ન મૂકવો, ઇહ પરભવ હિતકાર;
સુવ્યવહારી વિમલ ગુણ યોગથી, જ્ઞાન ક્રિયાનો ભંડાર. ૭૯
પુન્યે લહીયેરે સદ્ગુરૂ સેવના, કલિયુગે દુર્લભ એહ; (ટેક.)
કુગુરૂ બહુમાંરે પરખી લીજીયે, કુગુરૂથી નહિ ભવ છેહ. પુ. ૮૦
જે ભદ્રક પણ વસ્ત્રાદિક દેતો, શીષ્યને સારણાહીન;
તે ગુરૂ ત્યજવોરે વ્યવહારે કહ્યો, તો સવિશેષે અધીન. પુ. ૮૧
શરણાગતને રે જિમ કોઇક જનો, જીવિત નાશ કરેય;
તેમ આચારય શિષ્યાદિક પ્રતે, સારણા રહિત તજેય. પુ. ૮૨
તે માટે નિજ ગચ્છે સારણા, અણ હુંતે પરગચ્છ;
ગુરૂને પુછીરે જ્ઞાનાદિક અર્થે, ઉપસંપજીએ[3] રે વચ્છ. પુ. ૮૩
સંક્રમણે ચઉભંગી જિન કહી, કલ્પગ્રંથે વિસ્તાર;

---

૧ તદાનીં–તેવે વખતે પણ. ૨ અનુસરો. ૩ આદરીએ.

જો ઉત્તર ધર્મ વિનય લહે મુદા, સંભોગ અર્થે રે સાર. પુ. ૮૪
સવિ પ્રાયશ્ચિત કીજે એકઠું, તેહથી ચોગણું હોય;
ગચ્છ પતિને રે સ્વ પ્રમાદે કરી, મહા નિસીથમાં જોય. પુ. ૮૫
અપ્રમત્તને રે પણ એમ ઉપજે, પારંચિત પ્રાયશ્ચિત;
જો ગછ કેરી રે ન કરે સારણા, સૂત્રે રાખોરે ચિત્ત. પુ. ૮૬
દુષ્ટ શિષ્યને રે જેહ તજે નહીં, તે કરવો સંત્યાજ્ય;
સૂત્રની રીતીરે વિનયી પણ કરે, તેહવા કુગુરૂને ત્યાજ્ય પુ. ૮૭
ગુરૂ દીધી પણ દિસિ શ્રુત થિવિરને, અણુમાને હોયે છાશ;
ગુરૂ અણુ દિધી રે પણ શ્રુત થિવીરની, અનુમતિ હોયે પ્રકાશ. ૮૮
ગીતારથ હાથે ગચ્છની મર્યાદા, કલ્પ વ્યવહારને ભાષ્ય;
ગીતારથ વિણું ગતિ નહી ધર્મીને, કલ્પાદિક સૂત્ર સાખ્ય. ૮૯
ભાવથકી વ્યવહારી એ કહ્યો, જેહ કલ્પ વ્યવહાર;
સૂત્ર અરથથી રે સમ્યગ્પરે જાણે, શ્રુતધર અન્ય અસાર. ૯૦
એહજ હેતે નિષેધ્યો વ્યવહારે, ગચ્છ અનુજ્ઞા વિચાર;
દ્રવ્ય ભાવથી રે અપરિછિદ પ્રતે, ધરતે દોષ પ્રકાર. પુ ૯૧
અલ્પ શ્રુતને રે કારણે પદ દીએ, જો ગીતારથ સંગ;
ભણવું ઇચ્છે રે શેષ શ્રુત પ્રતે, જીની વિણુ નહી ટંગ. પુ. ૯૨
જ્ઞાની પણ જેહ માયી મુસાવાઈ, તે વ્યવહારી ન જાણ;
આચાર્યાદિક પદ તસ નવિ ઘટે, ઇતિ વ્યવહાર પ્રમાણ. પુ. ૯૩
જિમ જિમ શિષ્ય ગણે[1] હોયે પરિવર્યો, બહુ શ્રુત લોકમાં ઠીક;
સમયતણી તાત્પર્ય[2] અજાણકો, તિમ તિમ શ્રુત પ્રત્યનીક[3]. ૯૪

૧ સમુદાય વડે. ૨ ગૂઢી વાત. ૩ શત્રુ.

જ્ઞાન છતે વ્યવહારીપણું કહ્યું, તેહ શિથિલે ન મનાય;
ચરણ કરણ ત્યજતે વ્યવહારિતા, નિદ્ધંધસને[1] તજાય. પુ. ૯૫
... ... ... ... ... ... ... ... ... ... ... ...
... ... કાંખ નહીં તસ કિહાં, પરદુઃખે દુઃખ થાય. પુ. ૯૬
તે નિર્દયને રે કિહાંથી અનુકંપા; જે કહે માર્ગ અવંક;
આપ આચારી રે પરને કહી સકે, શુદ્ધ આચાર નિસ્સંક. ૯૭
ભ્રષ્ટ ચરણ પણ શુદ્ધ પ્રરૂપણા, સંવેગ પક્ષી કરેય;
**આચારાંગે રે ઠાણાંગે** કહ્યું, તેહ પણ ગુરૂ આદેય. પુ. ૯૮
ધરવાને અસમર્થ ચરણ ગુણા, શુદ્ધ પ્રરૂપક જેહ;
તેણે ગુણે ગુરૂ ગચ્છાચારમાં, ત્યજવો ન કહ્યો રે તેહ. ૯૯
ચરણ કરણને રે નિત્ય અનુમોદતો, શુદ્ધ પ્રરૂપતો જેહ;
તેહ ઉસંન્ન[2] વિહારી સુલભ બોધિ, દુષ્ટ કરમને હણેય પુ. ૧૦૦
સાહાય દેતો રે સંવેગી પ્રતે; દેવરાવે અન્ય પાસ;
તીર્થ પ્રભાવન કારણે એહવા, અનુમોદનીય ઉલ્લાસ. પુ. ૧૦૧
ઇચ્છાયોગે રે સાધુ ક્રિયા કરે; યોગ દ્રષ્ટિમાં રે એહ;
**ધર્મદાસ ગણિના ઉપદેશથી**, સાધુ વર્ગમાં રે તેહ. પુ. ૧૦૨
શુદ્ધ પ્રરૂપક હીન ચરણપણે, સાધુને સેવવા યોગ;
તે માટે સુપરૂપક[3] ગુરૂલહી, ત્યજીએ નહીં ભવિ લોગ. પુ. ૧૦૩
એ અવગુણ તો રે ઉત્તરાધ્યયનમાં, પાપ શ્રમણ કહ્યો ધીઠ;
તે માટે સદ્દગુરૂને આરાધતાં, શુદ્ધ ચરણ......વીઠ. પુ. ૧૦૪
ગુરૂ જ્ઞાની ગુરૂદાની જ્ઞાનનો, ગુણ ગુરૂભકિત આધીન;
ગુરૂની ભકિત રે મુકિત આકર્ષીએ, જિમ ગૌતમ ગુરૂ લીન. ૧૦૫

---

૧ નિઃશંક પરિણામી. ૨ શિથિલ. ૩ પ્રરૂપક.

સોહમ[1] પાટ પરંપર આવીયો, વિજયાણંદ સૂરિરાય;
શાંતિ વિજય બુધ વિનયી સુગુરૂના, માન વિજય ગુણગાય. ૧૦૬
એ ગુરૂતત્ત્વ પ્રકાશ પ્રકાશીયો, વિજય રાજ ગુરૂરાજ;
ગ્રંથ અનેકની સાખેં મુનિ માને, ભવિજન બોધન કાજ.
પુણ્યે લહીયે રે સદ્‌ગુરૂ સેવના. ૧૦૭

ઇતિ પંડિત શ્રી માનવિજય ગણિકૃત ગુરૂતત્ત્વ પ્રકાશરાસ સંપૂર્ણ. સં. ૧૭૮૪ વર્ષનો ઉતારો.

————

૧ સુધર્મા સ્વામી ( શ્રી વીર પ્રભુના પટોધર )

ઉ. ધર્મદાસ ... મુકામ.

# अथ निश्चय व्यवहार गर्भित श्री सीमंधर जिनस्तवनम्.

## ઢાળ ૧ લી. રાગ મારૂણી.

શ્રી સીમંધર સાહિબ આગે વિનતીરે, મન ધરી નિર્મલ ભાવ,
કીજેરે, કીજેરે લીજે લ્હાવો ભવતણો રે. ૧
બહુસુખ ખાણી તુજ વાણી પરિણમે રે, જેહ એક નય પક્ષ;
ભૂલારે, ભૂલારે તે પ્રાણી ભવ રડવડે રે. ૨
મેં મતિમોહે એકજ નિશ્ચયનય આદર્યોરે, કે એકજ વ્યવહાર;
ભેળારે, ભેળારે તુજ કરૂણાએં ઓળખ્યા રે. ૩
શિબિકા વાહક પુરૂષ તણી પરેં તે કહ્યારે, નિશ્ચય નય વ્યવહાર;
મિલિયારે, મિલિયારે ઉપકારી નવિ જુજુઆ રે. ૪
બહુલાં પણ રત્ન કહ્યાં જે એકલાં રે, તે માળા ન કહાય;
માળારે, માળારે એક સૂત્રેં તે સાંકળ્યાં રે, ૫
તિમ એકાકિ નય સઘળા મિથ્યામતિ રે, મળિયાં સમકિત રૂપ;
કહિયેરે, કહિયેરે લહીયે સંમતિ[1] સમ્મતિ રે. ૬
દોયપંખ વિણ પંખી જિમનવિ ચલી શકેરે, જિમ રથવિણ દોય ચક્ર;
ન ચલેરે, ન ચલેરે તિમ શાસન નય બિહું વિના રે. ૭
શુદ્ધ અશુદ્ધપણું સરખું છે બેહુનેરે, નિજ નિજ વિષે શુદ્ધ;
જાણોરે, જાણોરે પરવિષે અવિશુદ્ધતા રે. ૮
નિશ્ચય નય પરિણામ પ્રણામેં છે વડો રે, તેહવો નહિ વ્યવહાર;
ભાખેરે, ભાખેરે કોઇક ઇમ તે નવિ ઘટે રે. ૯

---

૧ સંમતિ તર્ક ગ્રંથ.

જે કારણ નિશ્ચય નય તે વ્યવહાર છે રે, કારણ છે વ્યવહાર;
સાચોરે, સાચોરે કારજ સાચો તે સહીરે. ૧૦
નિશ્ચય નયમતિ ગુરૂ શિષ્યાદિક કો નહીં રે, કરે ન ભૂંજે કોય;
તેહથી રે, તેહથી રે ઉન્મારગ તે દેશના રે. ૧૧
નય વ્યવહારે ગુરૂ શિષ્યાદિક સંભવે રે, સાચો તે ઉપદેશ;
ભાષ્યોરે, ભાષ્યોરે [૧]ભાષ્યે સૂત્ર વ્યવહારને રે. ૧૨

## ઢાળ બીજી. શિવ વસિયા. એ દેશી.

કોઇક વિધિ જોતાં થકાંરે, છાંડે સવિ વ્યવહારરે મનવસિયા;
ન લહે તુજ વચને કહ્યું રે, દ્રવ્યાદિક અનુંસારરે ગુણ રસિયા. ૧૩
પાઠ ગીત નૃત્યની કળારે, જિમ હોય પ્રથમ અશુદ્ધ રે. મન૦
પણ અભ્યાસે તે ખરીરે, તિમ કિરિયા અવિરૂદ્ધ રે. ગુ. ૧૪
મણિ શોધક શત ખારનારે, જિમ પુટ[૨] સકલ પ્રમાણરે મન૦
સર્વક્રિયા તિમ યોગનેરે, **પંચવસ્તુ** અહિનાણરે. ગુણ. ૧૫
પ્રીતિભક્તિ યોગે કરીરે, ઇચ્છાદિક વ્યવહારરે. મન૦
હીણો પણ શીઘ્ર હેતુ છે રે, જેહને ગુરૂઆધાર રે. ગુણ. ૧૬
વિષ ગરલ[૩] અનુષ્ટાન છે રે, હેતુ અમૃત જિમ પંચરે. મન૦
કિરિયા તિંહાં વિષ ગર કહીરે, ઇહ પરલોક પ્રપંચરે, ગુ. ૧૭
અનુષ્ટાન હૃદય વિનારે, સમુર્છિમ પરે હોયરે. મન૦
હેતુ ક્રિયા વિધિ રાગથીરે, ગુણ વિનયીને જોયરે. ગુ. ૧૮
અમૃત ક્રિયામાંહિ જાણીયેરે, દોષ નહીં લવલેશરે. મન૦
ત્રિક ત્યજવાં દોય શેવવાંરે, યોગબિંદુ ઉપદેશરે. ગુણ. ૧૯

---

૧ વ્યવહાર સૂત્રની ભાષ્યમાં. ૨ ખારના સો પુટ. ૩ ગતાનુગતિક ક્રિયા.

ક્રિયા ભક્તિ છેદિયેરે, અવિધિદોષ અનુબંધરે. મન૦
તિણેં તે શિવકારણ કહેરેં, ધર્મ સંગ્રહણી પ્રબંધરે. ગુ. ૨૦
નિશ્ચય ફલ કેવલ લગેરે, નવિ ત્યજીયે વ્યવહારરે. મન૦
ચક્રિભોગ[1] પામ્યા વિનારે, જિમ નિજ ભોજન સારરે ગુ. ૨૧
પુન્ય અગનિ પાતિક દહેરે, જ્ઞાન સહેજે ઓલાયરે. મન૦
પુન્ય હેતુ વ્યવહાર છે રે, તિણે નિરવાણ ઉપાય રે. ગુ. ૨૨
ભવ્ય એક આવર્ત્તમાંરે, કિરિયાવાદિ સુસિદ્ધ રે. મન૦
હોવે તિમ બીજો નહીં રે, દશાચુર્ણી સુપ્રસિદ્ધ રે. ગુ. ૨૩
ઇમ જાણીને મન ધરે રે, તુજ શાસનનો રાગ રે. મન૦
નિશ્ચય પરિણતિ મુનિ રહે રે, વ્યવહારે વડલાગ રે. ગુ. ૨૪

**ઢાળ ૩ જી ભોળિડા રે હંસારે વિષય ન રાચિએ–એ દેશી.**

સમકિત પક્ષજ કોઇક આદરે, કિરિયા મંદ અણજાણ;
શ્રેણિક પ્રમુખ ચરિત્ર આગળ કરે, નવિ માને ગુરૂ આણ. ૨૫

અંતર જામીરે તું જાણે સવે ( એ આંકણી. )

કહે તે શ્રેણીક નવિ નાણી હુઓ, નવિ ચારિત્ર પ્રધાન;
સમકિત ગુણથી રે જિનપદ પામશ્યે,તેહજ સિદ્ધિ નિદાન. અં. ૨૬
નવિ તે જાણે રે કિરિયા ખપ વિના, સમકિત ગુણ પણ તાસ;
નરક તણી ગતિ નવિ છેદી શકે, એ આવશ્યકેં ભાષ્ય. અં. ૨૭
ઉજવળ તાંણે રે વાંણે મેલડે, સોહે પટ ન વિશાળ;
તિમ નવિ સોહેરે સમકિત અવિરતેં, બોલે ઉપદેશમાળ. અં. ૨૮
વિરતિ વિઘન પણ સમકિત ગુણ વર્યો, છેદે પલિય પુહુત્ત;
આણંદાદિક વ્રત ધરતા કહ્યો, સમકિત સાથે રે સૂત્ર. અં. ૨૯

૧ ક્ષીર. ૨ પલ્યોપમ પૃથકત્વ ( બેથી માંડી નવ. )

શ્રેણીક સરિખા રે અવિરતિ થોડલા; જેહ નિકાચિત કર્મ;
તાંણી આણે રે સમકિત વિરતિને, એ જિનશાસનમર્મ. અં. ૩૦
બ્રહ્મ પ્રતિજ્ઞા વિણ લવ સત્તમા[1] બ્રહ્મવતી નહીં આપ;
અણ કીધાં પણ લાગે અવિરતેં,સહજે સઘળાં રે પાપ. અં. ૩૧
એહવું જાણી રે વ્રત આદર કરે, જતનેં સમકિતવંત;
પંડિત પ્રીછે રે થોડે જિમ ભણે, નાવે બોલ અનંત. અં. ૩૨
અંધા આગેંરે દરપણ દાખવો, બહિરા આગળ ગીત;
મૂરખ આગળ પરમારથ કથા, ત્રણેં એકજ રીત. અં. ૩૩
એહવું જાણી રે હું તુજ વીનવું, કિરિયા સમકિત જોડિ,
દીજે કીજેરે કરૂણા અતિ ઘણી, મોહ સુભટ મદ મોડિ. અં. ૩૪

## ઢાળ ૪ થી. ગિરૂઆરે ગુણ તુમતણા--એ દેશી.

ઇણિપેરેં મેં પ્રભુ વીનવ્યો, સીમંધર ભગવંતો રે;
જાણું હું ધ્યાને પ્રગટ હું તો; કેવલ કમલાકંતોરે.
જયો જયો જગગુરૂ જગધણી. ( એ આંકણી ). ૩૫
તું પ્રભુ હું તુજ સેવકો, એ વ્યવહાર વિવેકો રે;
નિશ્ચય નય નહીં આંતરો, શુદ્ધાતમ ગુણ એકો રે. જયો. ૩૬
જિમ જલ સકલ નદીતણો, જલનિધિ જલ હોયે ભેળો રે;
બ્રહ્મ અખંડ સખંડનો, તિમ ધ્યાને એક મેળો રે. જયો. ૩૭
જિણેં આરાધન તુજ કર્યું, તસ સાધન કુણ લેખે રે;
દૂર દેશાંતર કુણ ભમે, જે સુરમણિ ઘરે દેખે રે. જયો. ૩૮
અગમ અગોચર નય કથા, પાર કુંણે[2] નવિ લહિયે રે;
તિણેં તજ શાસન ઈમ કહ્યું,બહુશ્રુત વયણડેં રહીયે રે. જયો. ૩૯

---

૧ અનુત્તર વિમાનવાસી દેવો. ૨ કોઇ વડે અંત–છેડો.

તું મુજ એક હૃદય વશ્યો, તુંહિજ પર ઉપકારી રે;
ભરતભવિક હિત અવસરેં, મુજ મત મેલ્હો વિસારી રે. જયો. ૪૦

## કળશ.—હરિગીત વૃત્ત.

ઇમ વિમલ કેવલ જ્ઞાન દિનકર, સકલ ગુણ રયણાયરો;
અકલંક અકલ નિરીહ નિરમમ, વીનવ્યો સીમંધરો;
શ્રી વિજયપ્રભ સૂરિ રાજ્યેં, વિકટ સંકટ ભય હરો,
શ્રી નયવિજય બુધશિષ્ય વાચક, જસ વિજય જય જય કરો. ૪૧

ઇતિ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીવિરચિત નિશ્ચયવ્યવહાર ગર્ભિત શ્રી સીમંધર જિન વિનતિરૂપ સ્તવનં સંપૂર્ણં.

## ભવ્ય—ચેતવણી—કવિત.

એક શ્વાસોશ્વાસ મત ખોઓ પ્રભુ નામ બિન,
કીચડ કલંક અંગ ધોઇ લે તું ધોઇલે;
ઉર અંધિયારી રેન કછુ અ ન સૂજત,
જ્ઞાનકી ચિરાકે ચિત્ત જોઇ લે તું જોઇ લે.
માનુષ્ય જનમ ઐસો ફેર ન મિલેગો મૂઢ,
પરમ પ્રભુસેં પ્યારો હોઇ લે તું હોઈ લે;
ક્ષણ ભંગ દેહ તામે જનમ સુધારવો હે,
વીજકે ઝબુકે મોતી પોઇલે તું પોઇ લે. ૧

ઇતિ.

# શુદ્ધિ પત્રિકા.

| પૃષ્ઠ. | લીંટી | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૬ | ૬ | ૨ | ૨૦ |
| ૨૨ | ૧૭ | એના | એવા |
| ૨૨ | ૧૯ | જસવાદ | યશવાદ |
| ૨૫ | ૬ | કહે તો | કહેતો |
| ૨૬ | ૨૦ | ૯ | ૦ |
| ૪૭ | ૨ | સંબંધ | સંબલ |
| ૪૭ | ૧૯ | લક્ષ | ૮૪ લક્ષ |
| ૫૧ | ૧૪ | જે | જો |
| ૫૩ | ૧૦ | ચાકરી | ચાકરીપૂર્વક |
| ૫૮ | ૧૦ | જે | જો |
| ૬૦ | ૨૩ | લેચન | લોચન |
| ૬૩ | ૩ | વાળથી | વાણુાથી |
| ૬૪ | ૬ | વતરણી | વૈતરણી |
| ૬૯ | ૯ | માનસિક | ૦ |
| ૭૮ | ૧૯ | ગૃહસ્થના | ગૃહસ્થની |
| ૮૮ | ૧૬ | જનમાર્ગને | જૈનમાર્ગને |
| ૯૧ | ૨૧ | શૂન્ય | શૂન્યપણે |
| ૯૭ | ૧૪ | શક | શકે |
| ૧૦૬ | ૨૧ | જે | જો |
| ૧૦૭ | ૩ | મુદ્રા | મુદ્રાની |
| ૧૦૭ | ૫ | તો | તે તો |

| | | | |
|---|---|---|---|
| ૧૦૯ | ૨૧ | દ્રવ્ય | દ્રવ્યલિંગ |
| ૧૧૬ | ૨૧ | ગુહિરખણિ | ગુહિરપણિ |
| ૧૧૭ | ૨૨ | નીર | વીર |
| ૧૧૯ | ૧૧ | ઈકુસા | ઈકુ સા |
| ૧૨૦ | ૧૭ | કૂદ્દિ | કૂટિ |
| ૧૨૧ | ૧૦ | જીયસુદ્ધિ | જીય ભજીય સુદ્ધિ |
| ૧૨૧ | ૧૨ | સુ સાહુ | એસુ સાહુ |
| ૧૨૨ | ૫ | કાઉસગિ | કાસગિ |
| ૧૨૪ | ૧૫ | ઉલકિઉ | દેઉલ કિઉ |
| ૧૨૪ | ૨૦ | કૈછિ | ક્રૌંચિ |
| ૧૨૫ | ૬ | માણ ગણમનિ | માણગણ મનિ |
| ૧૨૫ | ૧૦ | દત | દત્ત |
| ૧૨૫ | ૨૧ | દઢ | દઢ્ઢ |
| ૧૨૬ | ૪ | બહુકાલિકાલ કરિસુજિસરિઉ | લહુકાલિ કાલકરિ સુજિ સરિઉ |
| ,, | ૯ | સંચ્ચિય | સચ્ચંચિય |
| ,, | ૨૧ | બલભટ્ર | બલભદ્દ |
| ,, | ,, | તું ગિય | તુંગિય |
| ,, | ,, | અહનિસિરિષ | અહનિસિ રિષિ |
| ૧૨૭ | ૧ | કજજ | કજ્જિ |
| ,, | ૯ | ચંચાહિ વહુય | ચંચાહિવ હૂય |
| ,, | ૧૧ | વિથંથ લુટલિહુ | વિથંથલુ ટલિઉ |
| ,, | ૧૪ | વારત્ત ધરિષિ | વારત્તાય રિષિ |
| ,, | ૧૫ | પુજજોય | પજ્જોય |

| | | | |
|---|---|---|---|
| ૧૨૯ | ૫ | ગોસલઉ | ગોસાલઉ |
| ,, | ૭ | થા | ૦ |
| ,, | ૮ | થા | ૦ |
| ,, | ૧૮ | સહસમલ્લંતિ | સહસમલ્લન્તિ |
| ,, | ૧૯ | રિઉ | રિઉ રાઉ |
| ૧૩૦ | ૮ | દીરગસિઉ કઇ | દીરઘસિઉં રઇ |
| ,, | ૧૯ | છન્નર હાવઇ | છન્ન રહાવઇ |
| ,, | ૨૩ | ત્તઉ | પહુત્તઉ |
| ૧૩૧ | ૧૨ | દુક્કમ્મ ચારિસા નારિ. | દુક્કમ્મચારિ સા નારિ. |
| ૧૩૨ | ૨૦ | લિદ્ધ | લિદ્ધ બુદ્ધિ |
| ૧૩૩ | ૩ | ચુત્તુ | પુત્તુ |
| ૧૩૫ | ૧૩ | સસી | સીસ |
| ,, | ૧૫ | નરય | નયર |
| ,, | ૧૯ | મમ મમોહ | મ મમમોહ |
| ,, | ૨૧ | પુર્ક્કે સુય તત્ર સીસેવઇ. | પુર્ક્કે સુય તવસી સેવઇ. |
| ,, | ૨૩ | પયસાઇ | પયાસઇ |
| ૧૩૬ | ૯ | ગુરૂ | સગુરૂ |
| ,, | ૨૧ | પરિપલિ | પરિપાલિ |
| ૧૩૮ | ૪ | મોદિમ | મોટ્ટિમ |
| ,, | ૧૮ | જાવચડ | જા ચડ |
| ,, | ૨૦ | એકવણુ | એ કવણુ |
| ,, | ૨૧ | સે ડય | સે ડુય |
| ૧૩૯ | ૪ | કાલ સૂરિયહ પુત્ત. | કાલસૂરિ યહ પુત્ત. |
| ,, | ૬ | કિંપિ મલિખ્ખ વચઉ. | કિંપિ મલિખ્ખવઉ |

| | | | |
|---|---|---|---|
| ૧૩૯ | ૧૦ | હે જિઇહિત | હેજિઇં હિત |
| ,, | ૧૫ | તિહુયણુ હુમજ્ઝિ | તિહુયણુહ મજ્ઝિ |
| ૧૪૦ | ૩ | લિતઉ | લિંતઉ |
| ,, | ૯ | સપલ | સયલ |
| ,, | ,, | અંધ | અધ |
| ૧૪૧ | ૧૭ | લિગ | લિંગ |
| ૧૪૪ | ૧૪ | શ્રત | શ્રુત |
| પ્રસ્તાવના. | ૪ | સમૂહને | સમુદ્રને |
| ૭ | ૩ | પણ | પણ પ્રાયઃ |
| ૯ | ૧૪ | કૂટીને | કૂટીને |
| ૯ | ૨૦ | આવન | વન |
| ૧૦ | ૧૪ | તુષ્ટામાન | તુષ્ટમાન |
| ૧૬ | ૨૧ | યોગ્યાયોગ્યા | યોગ્યાયોગ્ય |